Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવપદ ધરીએ ધ્યાન

પૂ.આ.શ્રીમદ્ વિજય કુંદકુંદસૂરીશ્વરજી મ.




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવપદ ધરીએ ધ્યાન

-: ચિંતક :-

પૂ. આ. મ. શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ.

-: પ્રેરક :-

પૂ. મુનિરાજ શ્રી મહાસેન વિજયજી મ.

-: સંપાદક :-

મુનિશ્રી વજ્રસેન વિજયજી

-: પ્રકાશક :-

સ્મૃતિ ગ્રંથ સમિતિ

મુંબઇ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કિંમત રૂા. ૩૦–૦૦

–: પત્ર વ્યવહારનું સરનામું :–

**પી. બી. જૈન**
૭–ખરીદીયા એપાર્ટમેન્ટ
વાસણા બસ સ્ટેન્ડ પાછળ
અમદાવાદ–૭

:– પ્રાપ્તિસ્થાન :–

૧ **સોમચંદ ડી. શાહ**
પાલીતાણા

૨ **જશવંતલાલ ગીરધરલાલ**
દોશીવાડાનીપોળ અમદાવાદ–૧

૩ **સરસ્વતી પુસ્તક ભંડાર**
રતનપોળ, હાથીખાના, અમદાવાદ–૧

૪ **સેવન્તીલાલ વી. જૈન**
૨૦, મહાજનગલી ઝવેરીબજાર મુંબઈ–૨

૫ **પાર્શ્વનાથ પુસ્તક ભંડાર**
તળેટી રોડ પાલીતાણા

: મુદ્રક :

નયન મફતલાલ પંડિત, જગત ટ્રેડર્સ, નગરશેઠના વંડામાં,
શાંતી કો. સેન્ટર, અમદાવાદ. ઘર ફોન : ૪૧૬૪૩૪

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : સંપાદકની કલમે :—

નવપદ એના નવનિધિ આપે,
ભવોભવના દુઃખ કાપે,
વીરવચનથી હૃદય સ્થાપે;
પરમાતમ પદ આપે.

૧ શ્રી અરિહંત પરમાત્મા
૨ શ્રી સિદ્ધ ભગવંત
૩ શ્રી આચાર્ય ભગવંત
૪ શ્રી ઉપાધ્યાય ભગવંત
૫ શ્રી સાધુ ભગવંત
૬ શ્રી દર્શન
૭ શ્રી જ્ઞાન
૮ શ્રી ચારિત્ર
૯ શ્રી તપ

આ નવપદની આરાધનાથી મોક્ષની પ્રાપ્તિ સુલભ છે. આ નવપદમાંના એકપણ પદની આરાધના વિના મોક્ષમાં જવાશે નહિ. અને સિદ્ધાવસ્થા પ્રાપ્ત થાય એટલે આત્મા નવપદમય બની સાદિ અનન્ત સ્થિતિ પામનાર બને છે.

આવા સમર્થ સામર્થ્યનાં સ્થાનભૂત આ નવપદજીની આરાધના દર વર્ષે બે વાર શાશ્વતી ઓળીનાં આરાધનાના દિવસોમાં વિધિપૂર્વક આજે પણ દેશ વિદેશોમાં અનેક આરાધકો આરાધી રહ્યા છે. ક્રમસર દરેક દિવસે—દરેકપદની વિધિપૂર્વક કરેલી આરાધના અનંતભવોને કાપી ટુંકવેળામાં પરમપદને પમાડનારી થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીપાળ અને મયણાને જે નવપદ–સિદ્ધચક્રયંત્ર મળેલ તે જ નવપદ–સિદ્ધચક્ર તથા નવકાર મહામંત્ર આપણને પણ મળેલ છે. પણ જેવી શ્રદ્ધા એ બન્ને મહાપુરૂષોને હતી તેવી શ્રદ્ધા આપણામાં નથી, તેથી સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. નવપદજીમાં પ્રથમપદની પરમશ્રદ્ધા અને ભક્તિપૂર્વક કરેલી આરાધના દેવપાળને રાજર્ષિ દેવપાળબનાવી અરિહંતપદમાં સ્થાન અપાવી ગઈ. બીજાપદની આરાધના કરતાં હસ્તિપાળ રાજાએ તીર્થંકર નામકર્મ બાંધ્યું. ત્રીજાપદની આરાધના રાજા પ્રદેશીએ કરી અને સૂર્યાભ દેવ થયા અને મુક્તિગામી બનશે. ચોથાપદની આરાધના કરતાં વજ્રસ્વામીજીએ આત્મકલ્યાણ સાધ્યું. પાંચમા પદની આરાધના કરતાં ચરમકેવળી શ્રી જંબુસ્વામીજીએ સર્વ કર્મોનો ક્ષય કર્યો છે. એમ એકેક પદની આરાધના આત્મકલ્યાણ કરાવી અનુપમ સ્થાન અપાવે છે.

ખરેખર જેના મનમાં નવપદ નહીં તેનો આ ભવથી પાર નહિં—એ વાત ઉપકારીઓએ સાચે જ કહી છે.

પરમપૂજ્ય, સંઘસ્થવિર ગચ્છાધિપતિ આચાર્ય દેવેશ શ્રીમદ્‌વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પરમ પૂજ્ય કરૂણાનિધિ અજાતશત્રુ અણગાર પંન્યાસ પ્રવરશ્રી **ભદ્રંકરવિજયજી** ગણિવર્યશ્રીએ જીવનપર્યંત નવકાર મહામંત્રનું તથા નવપદનું ચિંતન મનન નિદિધ્યાસન કરી અને અપ્રમત્ત-પણે આરાધના કરી અને અમારા જેવા અનેકોના જીવનમાં નવકાર અને નવપદને રમતો કરી ગયા છે, તથા મારા ઉપકારી ગુરૂદેવ પરમપૂજ્ય પ્રશાન્તમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કુંદકુંદસૂરીશ્વરજી** મહારાજાએ પણ પૂજ્ય પરમ ગુરૂદેવનું સતત સાન્નિધ્યસેવીને નવપદ ઉપર અચિન્ત્ય શ્રદ્ધા પ્રગટ કરી અને એનાં ફળ સ્વરૂપે આ પુસ્તકનો એક એક શબ્દ એક એક પંક્તિ અનેરા નવપદના સામર્થ્યને પૂરવાર કરે છે. નવપદ એ જ જિનશાસનનો સાર છે.

આ પુનિતપ્રકાશનમાં પરમપૂજ્ય, અણનમઅણગાર, શાસન શણગાર ગચ્છાધિપતિ શ્રી **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજા તથા પરમપૂજ્ય, સરળસ્વભાવી આચાર્યદેવ શ્રીમદ્‌વિજય **પ્રદ્યોતનસૂરીશ્વરજી** મહારાજાના પરમ આશિર્વાદ તથા કૃપાદષ્ટિ તથા પરમપૂજ્ય પરમગુરૂદેવ પંન્યાસ પ્રવર શ્રી **ભદ્રંકરવિજયજી** ગણિવર્યશ્રી તથા ઉપકારી ગુરૂદેવ આચાર્યદેવશ્રી **કુંદકુંદસૂરીશ્વરજી** મહારાજાની અદશ્ય કૃપાદષ્ટિથી તથા પૂજ્યગુરૂદેવશ્રીએ પોતાના અંતિમ સમયે સાહિત્યનો ખજાનો પરમપૂજ્ય પિતા મુનિશ્રી **મહાસેનવિજયજી** મ. ને સોંપ્યો. તેમના દ્વારા સતત પ્રેરણા પ્રોત્સાહન વિ. મળતા એ ખજાનામાંથી આ સાહિત્ય પ્રકાશનમાં હું વેગવંતો બન્યો છું. તથા મુનિશ્રી **રત્નસેનવિજયજી** અને મારા લઘુગુરૂબંધુ શ્રી **હેમપ્રભવિજયજી**ના સહયોગ સહકારથી હું આ કાર્ય કરી શકું છું. આ રીતે શાસનદેવ વિ. ની અચૂક સહાયથી આ કાર્ય નિર્વિઘ્ને પાર પામ્યું છે. આ કાર્યમાં શ્રી **મફતલાલ સંઘવી**નો પણ અમૂલ્ય ફાળો છે.

સુજ્ઞવાચકજનો આ પુસ્તકના વાંચન મનન વિ. દ્વારા **નવપદને આત્મસાત્ કરી મુક્તિની મંગળવરમાળા પરિધાન** કરે **એ જ મંગલકામના....**

**—મુનિશ્રી વજ્રસેન વિજય**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકાશકીય

અરિહંતનમો વળી સિદ્ધિ નમો,
આચારજ વાચક સાહુ નમો ।
દર્શન જ્ઞાન ચારિત્ર નમો;
તપ એ સિદ્ધચક્ર સદા પ્રણમો ॥

આ નવપદજીના મહિમાને વર્ણવવા માટે હૃદયમાં કેવળજ્ઞાન અને મુખમાં હજારો જીભ દ્વારા એનું વર્ણન કરે તો પણ એ નવપદોનું યથાર્થ વર્ણન થઈ શકે નહિ. અનંતાનંત ગુણોના ભંડાર સ્વરૂપ આ નવપદો છે.

એવા નવપદની આરાધના આપણને પૂજ્ય ઉપકારી દેવ–ગુરૂની પરમ કૃપાથી પ્રાપ્ત થઈ છે. તેમાં પરમપૂજ્ય પંન્યાસ પ્રવર ગુરૂદેવશ્રી અધ્યાત્મયોગી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીના સાન્નિધ્યમાં રહી સતત ગુરૂસેવા કરી, ગુરૂકૃપાથી નવકારમહામંત્રની પ્રસાદી પામી, નવપદ ઉપર ચિંતનની જ્યોત પ્રગટાવીને, પૂ. ગુરૂદેવે તે જ્યોતના પ્રકાશરૂપે આ નવપદજીનું વિવરણ કર્યું છે, જે આજે આપણને નવકારમહામંત્રના–નવપદજીના અચિન્ત્ય માહાત્મ્યને ઓળખવા માટે પૂરક બની રહ્યું છે.

અરિહંતપદથી તપપદ સુધીમાં પૂ. આચાર્યશ્રીએ ભક્તિપૂર્વકની શબ્દસુધાને આત્મઅનુભવની કલમથી આલેખી છે.

ધર્મમાં પ્રવેશ પામતા બાળ જીવો માટે આ નવપદજીનું વિવરણ કથાનુયોગથી પુષ્ટ કરવામાં આવ્યું છે. તત્વપ્રેમીઓની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીજ્ઞાસાને ટકાવી રાખવા સાથે બાળજીવોને પણ ઉપકાર થાય તે રીતે આ નવપદજીનું વિવરણ કરતાં પૂજ્ય આચાર્યશ્રીએ ખરેખર અનુપમ ઉપકાર કરેલ છે. દરેક પદમાં વર્ણન પછી સંક્ષિપ્ત વિધિ પણ મુકી છે.

તેમના આ મહાન્ પુરુષાર્થને આપણે સફળ કરવા માટે આ નવપદજીના દરેક પદનું મનનપૂર્વક ચિંતન કરી અને હૃદયસ્થ કરી નવપદને આત્મસાત્ કરી અને સર્વકલ્યાણપદના ભોક્તા બનીએ.

પરમપૂજ્ય મુનિરાજશ્રી **મહાસેનવિજયજી** મહારાજ સાહેબ પૂજ્ય ઉપકારી પંન્યાસજી ભગવંત તથા પરમપૂજ્ય આચાર્યદેવશ્રીના હસ્તે આલેખાયેલ અમૂલ્ય સાહિત્યનો ખજાનો પ્રગટ થાય તે માટે સતત પ્રયત્નશીલ છે અને તેઓએ મુનિરાજશ્રી વજ્રસેનવિજયજી મહારાજને આ કાર્ય સોંપ્યું. જેથી આ પુસ્તકનાં સંપાદનમાં પૂ. મુનિશ્રી **વજ્રસેનવિજયજી**એ કરેલી ખંતપૂર્વકની ગુરૂભક્તિને શત-શત વંદના કરીએ છીએ.

ટાઇટલ ચિત્રમાં વચ્ચે સાધક છે અને નવેપદોનું આ પુસ્તકમાં આવેલાં વર્ણનનું ક્રમશઃ ચિંતન કરી રહ્યો છે—એ ભાવને બતાવવા નવપદો ક્રમશઃ લીધા છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા

| | |
|---|---|
| પીઠીકા.... | ૨ |
| શ્રી અરિહંતપદ.... | ૧૦ |
| શ્રી સિદ્ધિપદ.... | ૪૦ |
| શ્રી આચાર્યપદ.... | ૭૨ |
| શ્રી ઉપાધ્યાયપદ.... | ૧૦૪ |
| શ્રી સાધુપદ.... | ૧૩૧ |
| શ્રી દર્શનપદ.... | ૧૬૬ |
| શ્રી જ્ઞાનપદ.... | ૧૯૪ |
| શ્રી ચારિત્રપદ.... | ૨૨૩ |
| શ્રી તપપદ.... | ૨૫૩ |
| ઉપસંહાર.... | ૨૯૪ |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવપદ ધરીએ ધ્યાન...

પૂ. આ. મ. શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પીઠીકા

અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવના શાસનમાં શ્રી નવપદનો મહિમા અપરંપાર છે.

મહિમા ગાતાં શાસ્ત્રકાર ભગવંત ફરમાવે છે કે,

इय नवपयसिद्धं लद्धिविज्जासमिद्धं,
पयडिय–सरवग्गं ह्रीं–तिरेहा–समग्गं ।
दिसिवइ–सुरसारं खोणिपीढावयारं
तिजयविजयचक्कं सिद्धचक्कं नमामि ।।

અર્થાત્ આ નવપદો લબ્ધિઓ અને વિદ્યાદેવીઓથી સમૃદ્ધ છે, જેમાં પ્રગટપણે સ્વર અને વ્યંજનના વર્ગો છે, હ્રીँકારની ત્રણ રેખાઓ જેની આસપાસ છે, જે દસ દિગ્પાલ અને શાસનદેવીઓના નામોથી સારભૂત છે, પૃથ્વીતલ પર જેનું આલેખન થઈ શકે છે, તે ત્રણ જગતનો વિજય કરવામાં ચક્રરત્ન સમાન શ્રી સિદ્ધચક્રને હું ભાવથી નમસ્કાર કરું છું.

શ્રી નવપદ અને શ્રી સિદ્ધચક્ર વચ્ચે અનાદિસિદ્ધ સંબંધ છે.

**સિદ્ધચક્ર એટલે સંસારચક્રને ભેદવાનું શાશ્વતચક્ર**

સંસાર અનાદિનો છે તેમ આ સિદ્ધચક્ર પણ અનાદિનું છે. નવપદો પણ અનાદિનાં છે.

દર વર્ષે ચૈત્ર અને આસો માસમાં જે ઓળીઓ આવે તે પણ શાશ્વત છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઓળી નવ દિવસની હોય છે.

આ નવ દિવસોમાં નવ પદની ક્રમશઃ આરાધના કરવાની હોય છે.

આ આરાધના અનાદિ કાળથી ચાલી આવે છે. તેના પ્રભાવે અનંત આત્માઓ સર્વ કર્મોનો ક્ષય કરીને સિદ્ધપદને વર્યા છે.

આ અવસર્પિણી કાળમાં વીસમા તીર્થપતિ શ્રી મુનિસુવ્રત સ્વામીના શાસનમાં થઈ ગયેલા શ્રી મુનિચંદ્રસૂરિજી મહારાજના સદુપદેશથી પ્રભાવિત થઈને સત્ત્વમૂર્તિ શ્રીપાળ મહારાજ અને મહાસતી મયણાસુંદરી શ્રી નવપદની એવી તો અપૂર્વ આરાધના કરી ગયાં કે આજે લગભગ ૧૨ લાખ વર્ષ વીતી જવા છતાં તેમની પુણ્યસ્મૃતિ એવી ને એવી તાજી છે.

આ નવ પદ નીચે પ્રમાણે છે.

(૧) **અરિહંત પદ**—સ્વ બળે આત્માના સર્વ શત્રુઓને હણનારા શ્રી અરિહંત તીર્થંકર પરમાત્મા કહેવાય. તેમના મુખ્ય ગુણો બાર છે. આ પદ ત્રિભુવનમાં અજોડ છે.

(૨) **સિદ્ધ પદ**—શ્રી અરિહંત પરમાત્માએ પ્રકાશેલા ધર્મની ત્રિવિધે-ત્રિકરણયોગે આરાધના કરી આઠે કર્મો ખપાવીને જેઓ મોક્ષે ગયા છે, તે સિદ્ધ કહેવાય. તેમનું જે પદ તે સિદ્ધ પદ. તેમના આઠ ગુણો છે.

(૩) **આચાર્ય પદ**—પાંચ આચારના પાલનમાં પ્રવીણ, શાસ્ત્રના અર્થ અને રહસ્યના જ્ઞાતા, ગચ્છના નાયક શ્રી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરિહંતોપદિષ્ટ ધર્મના પાલક તથા ઉપદેશક–તે આચાર્ય કહેવાય અને તેમનું પદ તે 'આચાર્ય પદ' કહેવાય. તેમના ૩૬ ગુણો છે.

(૪) **ઉપાધ્યાય પદ**—શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞા મુજબ સર્વવિરતિપણું અંગીકાર કરીને જેઓ અંગ-ઉપાંગાદિના અધ્યયનમાં નિપુણ બને છે. તેમજ બીજા યોગ્ય આત્માઓને તેનો અભ્યાસ કરાવે છે–તે ઉપાધ્યાય કહેવાય. તેમનું જે પદ તે ઉપાધ્યાય પદ કહેવાય. તેમના ગુણો ૨૫ છે.

(૫) **સાધુ પદ**—શ્રી અરિહંતની આજ્ઞા મુજબ પાંચ મહાવ્રતો ઉચ્ચરીને તેનું યથાર્થપણે પાલન કરવા દ્વારા સ્વ–પરને સહાય કરનારા તે સાધુ કહેવાય અને તેમનું પદ તે સાધુ પદ કહેવાય. તેમના ૨૭ ગુણો છે.

(૬) **દર્શન પદ**—શ્રી અરિહંત–તીર્થંકર પરમાત્માના વચનો ઉપર સંપૂર્ણ શ્રદ્ધા કરાવનાર આત્મગુણ તે દર્શન કહેવાય. તેનું જે પદ તે દર્શનપદ કહેવાય. તેના ૬૭ ભેદ છે.

(૭) **જ્ઞાનપદ**—હેય, જ્ઞેય, અને ઉપાદેયાત્મક પદાર્થોનો તથા-પ્રકારનો બોધ જેના વડે થાય તે જ્ઞાન. તે આત્માનો ગુણ છે. અને તેનું જે પદ તે જ્ઞાન પદ કહેવાય. તેના ૫૧ ભેદ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૮) **ચારિત્રપદ**—આત્મામાં સમ્યક્ પ્રકારે ચરવું-રમવું તે ચારિત્ર કહેવાય. તેનું જે પદ તે ચારિત્રપદ તેના ૭૦ ભેદ છે.

(૯) **તપપદ**—બાહ્ય અને અભ્યંતર તપમાં નિપુણતા સાધીને ઇચ્છા નિવૃત્તિ જેના વડે થાય તે તપ કહેવાય છે. તેનું જે પદ તે તપપદ કહેવાય. તેના ૫૦ ભેદ છે.

આ નવ પદમાં દેવ, ગુરૂ અને ધર્મરૂપ તત્ત્વત્રયીનો સમાવેશ થયેલો છે.

તેમાં શ્રી અરિહંત અને શ્રી સિદ્ધ એ દેવતત્ત્વ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ગુરુ તત્ત્વ છે. અને દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ એ ધર્મતત્ત્વ છે.

આ નવપદની ભાવપૂર્વક આરાધના કરીને આજ સુધીમાં અનંત આત્માઓ સર્વ કર્મનો ક્ષય કરીને દુઃખરૂપ આ સંસારમાંથી મુક્ત થયા છે-અનંત-અવ્યાબાધ સુખરૂપ મોક્ષપદ-ને વર્યા છે.

માનવ ભવનું મુખ્ય સાધ્ય આત્મશુદ્ધિ છે. કોણ કેટલું જીવ્યો અને કેટલું કમાયો તેના ઉપરથી તેના જીવનની સફળતાનું માપ નીકળતું નથી પણ તેણે શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞા મુજબ ધર્મની આરાધના કરીને કેટલી આત્મશુદ્ધ સાધી તેના ઉપરથી તેના જીવનની યથાર્થ સફળતાનું માપ નીકળે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞા સર્વ અપેક્ષાએ હિતકારી છે, આત્મકલ્યાણકારી છે.

પોતાના સેનાપતિની આજ્ઞા થતાંની સાથે સૈનિક તેનો અમલ કરે છે. અને તે સિવાય બીજો કોઈ વિચાર કરવા થોભતો નથી. તેમ મુમુક્ષુ આત્માઓ પણ શ્રી જિનાજ્ઞાના પાલનમાં સૈનિક જેવી જાગૃતિ દાખવે છે.

શ્રી અરિહંત પરમાત્મા ત્રિભુવનપતિ છે. માટે તેમની આજ્ઞાનું બહુમાનપૂર્વક પાલન કરવું તે **કલ્યાણકારી** ધર્મ છે.

ઉચ્ચ પ્રકારની યોગ્યતાના આવિષ્કાર વડે શ્રી અરિહંત ત્રિભુવનપતિના પદને પામે છે.

ઉચ્ચ આ યોગ્યતાને જીવમાત્રને સુખી કરવાની ઉચ્ચ ભાવદયા કહે છે.

આવી ઉચ્ચ યોગ્યતા શ્રી અરિહંત પરમાત્માના આત્મામાં જ હોય છે. તેનું કારણ અદ્વિતિય કોટિનું તેમનું આત્મદળ છે. સિંહ જેમ ઘાસ નથી ખાતો તેમ તેમના આત્માને સ્વાર્થ ઘાસ જેવો તુચ્છ લાગે છે. એક માત્ર પરાર્થવ્યસનીપણું તેમના રૂંવાડે-રૂંવાડે હૃદયરૂપે ધબકતું હોય છે.

સર્વ જીવોને પરમાત્મ-શાસનરસિક બનાવવાની ઉત્કૃષ્ટ આ ભાવદયા તેમના આત્મામાં શ્રી તીર્થંકરદેવ તરીકેના ચરમ ભવપૂર્વેના ત્રીજા ભવમાં પૂનમની ચાંદનીની જેમ છવાઈ જાય છે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અચિન્ત્ય શક્તિ સંપન્ન આત્મદ્રવ્ય તુચ્છ સ્વાર્થ પાછળ ખેંચાય. ઐહિક સુખની લાલસામાં લપટાય, વિષય અને કષાયને વશ થવામાં સુખ સમજે—તે તેઓને વિસ્મયકારી લાગે છે.

કોઈ માછલી એમ કહે કે હું તરસી છું તો આપણે તેને મૂર્ખ જ કહીએ ને? અથવા એમ પૂછીએ કે શું તેં જળ સાથેની તારી પ્રીત છોડી દીધી છે?

આવું જ તીવ્ર સંવેદન જગતના જીવોની દુર્દશા જોઈને શ્રી તીર્થંકર પરમાત્માને થતું હોય છે.

શ્રી તીર્થંકર પરમાત્મા આપણને અર્થાત્ આપણા આત્માને પૂર્ણ રૂપે જોયો છે, જાણ્યો છે તેમ જ તે રીતનો સદ્-વ્યવહાર આપણા આત્મા સાથે કર્યો છે (જેને શાસ્ત્રો સચ્ચારિત્રનું પૂર્ણતયા પાલન કહે છે)

બસ તેવી જ રીતે આપણે આપણા આત્માને જોતા થઈએ, જાણતા થઈએ એટલે જગતના બધા જીવો સાથેનું આપણું વર્તન આત્મીયતાપૂર્ણ બની જાય અને આત્મા ઉપર રહેલ સર્વ કર્મોનું શાસન-સ્વામિત્વ નાશ પામે.

આવું ત્યારે બને, જ્યારે આ આત્મા પરમાત્મના શાસનનો રસિક બને.

આ રસિકતાના પ્રભાવે જીવ માત્રમાં રસ લેવાની નિર્મળ વૃત્તિ જાગે છે અને સંસારમાં રસ લેવાની મલિન વૃત્તિનો સમૂળ ઉચ્છેદ થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમાત્મશાસન રસિક બનવા માટે, આપણે શ્રી અરિહંત પરમાત્માને ત્રિવિધે ભજવાના છે, પૂજવાના છે.

આ ભજન-પૂજનને સજીવ બનાવવા માટે પરમ દયાળુ શ્રી અરિહંત પરમાત્માએ જે અસંખ્ય યોગો ફરમાવ્યા છે તેમાં શ્રી નવપદની આરાધના આગવું સ્થાન ધરાવે છે. અને તેનું કારણ, આ આત્મા નવપદમય છે, તે છે.

આ અરિહંત આદિ પંચપરમેષ્ઠિ ભગવંતો તે આત્માના જ શ્રેષ્ઠ પર્યાયો છે અને દર્શન, જ્ઞાન, ચારિત્ર તેમ જ તપ એ આત્માના જ ગુણો છે.

આ નવપદની આરાધના આયંબિલના તપપૂર્વક કરવાની હોય છે.

જીભની અંદર રહેલી છ રસો પ્રત્યેની લોલુપતાને જીતવામાં ઉપવાસ કરતાં આયંબિલ અપેક્ષાએ ચઢી જાય છે, કારણ કે ઉપવાસ જો ચોવિહાર હોય છે, તો તેમાં ચારે પ્રકારના આહારનો ત્યાગ હોય છે અને જો તિવિહાર હોય છે તો અચિત્ત જળ સિવાયના ત્રણે પ્રકારના આહારનો ત્યાગ હોય છે. જ્યારે આયંબિલમાં એક વાર વિધિપૂર્વક છ એ પ્રકારની વિગઈઓ વગરનો આહાર વાપરવાનો હોય છે. આ આહાર વાપરવાથી જીભને ખારા-ખાટા-મીઠા-તીખા વગેરે રસોમાં જે લોલુપતા હોય છે, તેના ઉપર અંકુશ સ્થપાય છે અને તપ સિવાયના દિવસોમાં તેવા આરાધકો, ભાણામાં પીરસાએલા આહારને શરીરને ભાડું આપવાના આશયપૂર્વક વાપરી શકે છે પણ આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાકમાં મીઠું ઓછું કે આ દાળ સ્વાદિષ્ટ ઓછી છે એવી ફરિયાદ નથી કરતા. એટલે આત્માને સ-રસ બનાવવાની ભાવના દઢીભૂત થાય છે.

આયંબિલ ત્રણ પ્રકારના છે. (૧) શ્રેષ્ઠ, (૨) મધ્યમ, (૩) સામાન્ય.

ભર્યા ભાણાનું અર્થાત્ ચાર-પાંચ કે તેથી વિશેષ વાનગીઓવાળું આયંબિલ તે સામાન્ય પ્રકારનું આયંબિલ છે.

પાકા મીઠાવાળું એક ધાનનું આયંબિલ તે મધ્યમ પ્રકારનું આયંબિલ છે.

અને કેવળ એક ધાનનું, મીઠા વગરનું અને તે પણ ૩-૪ આંગળ પાણી નાંખીને એકરસ કરેલ ચોખા યા તે-તે પરમેષ્ઠિ ભગવંતના વર્ણવાળા ધાનનું આયંબિલ તે ઉત્તમ પ્રકારનું આયંબિલ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીઅરિહંતપદ

तत्थ अरिहंतेऽट्ठारसदोसविमुक्के विसुद्ध-नाणमए ।
पयडियतत्ते नयसुरराए झाएह निच्चं पि ॥

**અર્થ** :–અઢાર દોષોથી રહિત, વિશુદ્ધ નિર્મલ જ્ઞાનવાળા, તત્ત્વોને પ્રગટ કરનારા અને ઈન્દ્રોથી વંદિત એવા અરિહંત પરમાત્માનું તમો નિત્ય ધ્યાન કરો.

શ્રી અરિહંત પરમાત્માનો વર્ણ શરદ પૂનમની ચાંદની જેવો શ્વેત છે, એટલે ઓળીના પહેલા દિવસે શ્વેત વર્ણના ધાન –ચોખાનું આયંબિલ કરવામાં આવે છે, તો તેનો અધિક લાભ આરાધક આત્માઓને મળે છે.

આળસ, બેચેની, સુસ્તી, પ્રમાદ વગેરેને વધારવામાં વિગઇવાળા પદાર્થો અગત્યનો ભાગ ભજવે છે. ઈન્દ્રિયોના લાલન-પાલન માટે માનવભવ નથી પણ આત્માની શુદ્ધિ કરવા માટે છે, એ સત્ય જેમના હૃદયમાં સ્થિર થાય છે તે ભાગ્યશાળીઓ શ્રેષ્ઠ પ્રકારના આયંબિલના તપપૂર્વક આરાધનામાં ઉજમાળ બને છે.

પેટ જરા પણ ભારે હોય છે તો જપની ક્રિયામાં વિક્ષેપ આવે છે અને જપમાં વિક્ષેપ આવે છે. એટલે બધા પ્રાણોનો નવપદમાં ક્ષેપ–ન્યાસ થઈ શકતો નથી. એટલે આત્મા ઠેરનો ઠેર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે છે. કર્મનો ક્ષય કરનારા વીર્યોલ્લાસથી વંચિત રહે છે, રાગ દ્વેષાત્મક સંસારમાં જકડાયેલો રહે છે.

જેને આરાધના વહાલી છે, આત્મશુદ્ધિ પ્યારી છે, મુક્તિની ખેવના છે તેને આહાર લેવામાં પૂરેપૂરી સભાનતા રાખવી જ પડે છે.

આંખે પાટો બાંધીને ચાલવું તે હજીયે સુગમ છે પણ વિગઈપૂર્ણ આહાર વાપરીને આત્માને આરાધવાનું કાર્ય અશકય છે.

જે પ્રકારનો આહાર લેવાય છે તે પ્રકારની ધાતુઓ ઘડાય છે, તેમ જ તેવું જ દ્રવ્ય–મન બને છે.

એટલે આહારરસિક આત્મા, ધર્મ રસિકતા નથી કેળવી શકતો.

આત્માથી બેધ્યાન બનાવનારા આહારનો સદંતર ત્યાગ કરીને સાદા, શુદ્ધ, સાત્વિક તેમ જ નીતિની કમાણીના દ્રવ્યનો આહાર એ ધર્મારાધક માટે જીવનને ટકાવનારા શ્વાસોચ્છવાસ જેટલો જરૂરી છે.

પહેલા શ્રી અરિહંતપદની આરાધનાની વિધિ નીચે મુજબ છે.

ત્રણ બાજોઠ અથવા સિંહાસનને સારી રીતે પ્રામાર્જીને તેના ઉપર શ્રી સિદ્ધચક્રજીની વિધિ બહુમાનપૂર્વક સ્થાપના કરવી, પછી પૂજા કરીને સ્તુતિ તથા ચૈત્યવંદન કરવું. તે તે પદના ગુણની સંખ્યા જેટલા સાથિયા કરવા.

એટલે શ્રી અરિહંતપદની આરાધના કરતાં અખંડ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અક્ષતના ૧૨ સાથિયા કરવા તથા શ્રી અરિહંતપદની ૨૦ નવકારવાળી ગણવાની.

પહેલા શ્રી અરિહંતપદની આરાધના કરતાં નીચે મુજબ દુહો બોલવાનો હોય છે.

**અરિહંતપદ ધ્યાતો, થકો, દ્રવ્વહ, ગુણ, પજ્જાય રે,**
**ભેદ-છેદ કરી આતમા અરિહંત રૂપી થાય રે.**

આ દુહો માર્મિક છે. તેનો સાર એ છે કે આ આત્માને શ્રી અરિહંત પરમાત્માના આત્મદ્રવ્ય, ગુણ અને પર્યાય વડે સતત વાસિત કરો, એટલું જ નહીં પણ શ્રી અરિહંત પરમાત્માના આત્મા અને આપણા આત્મા વચ્ચે આ જે કર્મકૃત જે ભેદ છે તેનો છેદ કરવા માટે આ આત્માને શ્રી અરિહંત પરમાત્માના ધ્યાનમાં એકાકાર બનાવી દો.

આત્મામાં પરમાત્મા બનવાની જે યોગ્યતા છે. તેનો પરિપૂર્ણ ઉઘાડ, શ્રી અરિહંત પરમાત્માના સ્મરણ-મનન-પૂજન-સ્તવન અને ધ્યાન વડે થાય જ છે.

શ્રી અરિહંતપદ એ ત્રિભુવનમાં સર્વોચ્ચ પદ છે, અને તેનું કારણ તેઓશ્રીની સર્વોચ્ચ ભાવદયા છે, જે પરાર્થવ્યસનીપણા રૂપે પ્રકાશી રહી છે.

તાત્પર્ય શ્રી અરિહંતપદનો આરાધક પરમાર્થમાં શૂરો હોય, ક્ષુદ્ર સ્વાર્થનો શત્રુ હોય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પદના આરાધકે સવાર-સાંજ પ્રતિક્રમણ કરવાનું હોય છે તેમ જ બંને વખત પડિલેહણ પણ કરવું જોઇએ. ગામમાં ગુરૂ મહારાજ બિરાજતા હોય તો તેમની ભક્તિ કરવાનો લાભ લઈને તેમની પાસે આયંબિલનું પચ્ચક્ખાણ લેવું જોઈએ.

પચ્ચક્ખાણ લેવાથી મન ઉપર અંકુશ સ્થપાય છે. પચ્ચક્ખાણની શી જરૂર છે? 'મન ચંગા તો કથરોટમેં ગંગા' એ દલીલ ઠગારી છે. મિથ્યાત્વના ઘરની છે.

આ પદની આરાધનામાં શ્વેત વસ્ત્રો, સુતરના દોરાની શ્વેત માળા, શ્વેત કટાસણું, શ્વેત રંગના પુષ્પો વગેરે ખાસ સહાયક થાય છે. આ રીતે દરેક પદની વિધિ તે તે પદ અનુસારે સમજવી.

જગતનો દરેક જીવ પોતે જે પદે હોય છે તેના કરતાં ઊંચા પદે પહોંચવા માટે તલસતો હોય છે.

પણ ઊંચા પદ વિષેની દરેક જીવની સમજ ભિન્ન-ભિન્ન પ્રકારની હોય છે. કોઇ શ્રીમંતાઈને ઊંચુ પદ સમજે છે, કોઇ રાજવીપદને ઊંચુ પદ સમજે છે અને તે-તે પદને પહોંચવાના પ્રયત્નો કરે છે.

જ્યારે સાચું ઊંચું પદ પરમાત્મપદ છે.

તે પદે પહોંચવા માટે તે પદને પામેલા શ્રી અરિહંત-તીર્થંકર પરમાત્માની ભક્તિ કરવી પડે છે. તે ભક્તિમાં ભવ સંબંધી કોઇ રાગ નથી રહેતો ત્યારે જ તે સાચી ભક્તિનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપ ધારણ કરીને ભક્તને ભગવાન બનવાનો સ્વધર્મ બજાવી શકે છે.

સાચો આરાધકભાવ એટલે સાચી ભક્તિનો ભાવ.

આરાધક ભાવના પ્રતિપક્ષી ભાવને વિરાધક ભાવ કહે છે.

જ્યાં જ્યાં શ્રી જિનાજ્ઞાની વિરાધના, ત્યાં ત્યાં દુર્ગતિદાયક દુષ્ટ ભાવોનું વર્ચસ્વ.

દુષ્ટ ભાવોમાં પૌદ્ગલિક ભાવો, આ લોકના સુખની એષણા, સાંસારિક વસ્તુઓની પ્રાપ્તિની લાલસા, સ્વર્ગના સુખની ખેવના, દેહભાવનું જ જતન, પરભાવમાં રમણતા વગેરેનો સમાવેશ થાય છે.

શ્રી અરિહંત પરમાત્માએ જે ભાવને ભવસ્થિતિનો પરિપાક કરનારો કહ્યો છે, તે ભાવને શાસ્ત્રોએ સામ્યભાવ કહીને બિરદાવ્યો છે.

આ ભાવની આરાધના કરવાથી આરાધક ભાવ પોષાય છે.

કોઇ પણ ભાવના ઉદ્દીપનમાં દ્રવ્ય પૂરતો ભાગ ભજવે છે. કોરો ભાવ પાંખ વગરના પંખી જેવો પાંગળો ગણાય છે.

એટલે તેવા ભાવને જગાડવા માટે, જગાડયા પછી દૃઢ બનાવવા માટે તેમજ તેને જ સ્વભાવભૂત બનાવવા માટે શ્રી જિનાજ્ઞા અનુસાર ધર્મક્રિયા કરવી પડે છે.

એક નિયમ એવો છે કે જે વ્યક્તિને જે પદ યા પદાર્થમાં રૂચિ હોય છે તે જ પદ યા પદાર્થને અનુરૂપ અંતર્-બાહ્ય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભિગમ તે દાખવે છે, તો જ તે પદ યા પદાર્થને પામવાને પાત્ર બને છે. આવો અભિગમ રૂચિ સાચી હોય છે તો જ પ્રગટે છે.

આ રૂચિને જીવંત બનાવવા માટે નવપદના આરાધકને તે–તે પદની ૨૦ નવકારવાળી ગણવાનું વિધાન છે.

જે રીતે સાફ કરેલી દિવાલ પર સુંદર ચિત્ર કરી શકાય છે. તે રીતે તપપૂત કાયામાં તે–તે પદના જાપની ઊંડી અસર થાય છે.

પોતાને ઇષ્ટ પદની મનોહર આકૃતિ મનમાં ઉપસાવવા માટે આયંબિલનો તપ એ એક શ્રેષ્ઠ સાધન છે. જે યથા કાળે વિનય સ્વરૂપ અભ્યંતર તપરૂપે પરિણમીને આરાધકને આરાધ્ય-તુલ્ય બનાવવાની દિશામાં વેગ ધારણ કરાવે છે.

જીવ–જીવ વચ્ચેના સઘળા ભેદભાવ કર્મકૃત છે. જેના વડે તેનો છેદ કરી શકાય છે, તેને વિશુદ્ધ આરાધક ભાવ કહે છે.

આરાધકને અરાધ્ય સાથે જોડાનારા પુલને આરાધના કહે છે.

આરાધના રૂપી પુલ જો કાચો હોય છે, તો આરાધક સામે કાંઠે રહેલા નિજ આરાધ્યને ભેટી શકતો નથી.

આ આરાધનાના પુલને ઉપકારી મહર્ષિઓએ એવો મજબૂત બનાવ્યો છે કે તેના ઉપર ચાલીએ તો જરૂર આત્માને પરમાત્મા બનાવી શકીએ.

એક વૈજ્ઞાનિક જ્યારે એની પ્રયોગશાળામાં દાખલ થઈને પ્રયોગનું કામ શરૂ કરે છે ત્યારે તેનું સમગ્ર મન તે પ્રયોગમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકાકાર કરી દે છે, તે સમયે તે વિચારોના વમળમાં નથી અટવાતો પણ નિજ લક્ષ્યની સાધનામાં જ એકાગ્ર રહે છે. તે જ રીતે શ્રી નવપદના આરાધકે પણ આરાધના સંબંધી નાની–મોટી સઘળી વાતોનો આદરપૂર્વક અંગીકાર કરીને આત્માને પરમાત્મા બનાવનારા યોગરૂપ આરાધનામાં જ ઓતપ્રોત થવું જોઇએ. એટલે તે સમયે કોઇ પણ જાતના વ્યર્થ વિચારોને મનમાં સ્થાન ન જ આપવું જોઈએ.

આવી આરાધના માટે અંતર્મુખ થવું પડે છે. અંતર્મુખ ત્યારે બનાય છે, જ્યારે બહાર સુખ શોધવાની મિથ્યા દૃષ્ટિ નિર્મૂળ થાય છે અને સમ્યગ્ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

જેઓશ્રીના ચ્યવન, જન્મ આદિ સમયે અતિશય દુઃખની આગમાં બળતા નારકીના જીવોને પણ ક્ષણ વાર શાતાનો અનુભવ થાય છે, તેમ જ દેવ–દેવેન્દ્રો જેઓશ્રીની ભક્તિ કરવા માટે પડાપડી કરે છે તે શ્રી અરિહંત તીર્થંકર પરમાત્માની ભક્તિ કરવાનો લાખેણો અવસર બહુ ઓછા માણસોને મળે છે.

આવો ધન્ય અવસર તમને મળ્યો છે, તે તમારા સદ્ભાગ્યની નિશાની છે. જો તેને સંસારની સેવામાં, રાગ–દ્વેષના પોષણમાં, દેહાદિ પર પદાર્થોના જતનમાં એળે ગુમાવશો તો ફરી પાછો તે ક્યારે મળશે, તે કહેવાય નહીં.

શાસ્ત્રો કહે છે કે ૯૬ કરોડ ગામના ધણી એવા ચક્રવર્તીના દ્વારે પહોંચવામાં યાચકને જેટલો સમય લાગે છે તેથી પણ વધુ સમયે માનવને ફરીથી માનવજન્મ મળવો દુર્લભ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં વિચારવાનું એ છે કે ૯૬ કરોડ ગામનાં ઘર કેટલાં? એટલા બધા ઘરે ટહેલ નાંખતાં નાંખતાં ચક્રવર્તીના દ્વારે પહોંચાય ક્યારે?

માટે લાખેણા આ માનવભવને આત્માની આરાધનામાં ઓતપ્રોત કરવાની શાસ્ત્રોની ભલામણ છે.

દુઃખ આવી પડે છે, ત્યારે માનવી મનોમન એમ બોલે છે કે હે પ્રભુ! પરભવમાં એવાં તે શા પાપ મેં કર્યાં છે કે આ ભવમાં મારે આવા દુઃખો ભોગવવા પડે છે.

આવી કોઇ ફરિયાદ તમારે ક્યારેય ન કરવી પડે અને સુખ તમારો કેડો ન છોડે, એવું જીવન શ્રી નવપદની આરાધના વડે જીવી શકાય છે.

સંસારની આરાધના તો આ જીવે ઘણી કરી પણ તેના દુઃખનો અંત ન આવ્યો, તેના જન્મ-મરણ ન ટળ્યાં, તેની પરાધીનતા ન ટળી, તો એવા નગુણા સંસારને મનમાંથી દેશવટો દઈને, ત્યાં શ્રી અરિહંત પરમાત્માને પધરાવો તો જ આત્મા ઊંચો આવશે.

ખાલી કૂવામાં પડી ગયેલી કિંમતી વસ્તુ, તે કૂવામાં જેમ જેમ પાણી ભરાય છે, તેમ તેમ ઊંચે આવે છે અને હાથ વડે લઈ શકાય છે; તેમ બીજા સર્વ ભાવોને મનમાથી દૂર કરીને એક શ્રી અરિહંતભાવ વડે તેને ભરી દેવામાં આવે છે એટલે અચિન્ત્ય શક્તિશાળી આત્મા ઊંચે આવે છે અને હસ્તગત થાય છે.

૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હસ્તગત થવું એટલે આત્મસત્તામય જીવનના મંગળ પ્રભાતનું ઉગવું તે.

આત્માના હીરાને હાથ કરવા માટે જ શ્રી અરિહંતપદની આરાધના છે.

પોતાના નામ—આકૃતિ આદિમાં ગળાબૂડ રહેતો જીવ જ્યારે શ્રી અરિહંતના નામ, પ્રતિમાજી આદિમાં ગળાબૂડ બની જાય છે, ત્યારે તેનો આ સંસાર સમુદ્રથી નિસ્તાર થાય છે. તે હકીકત હૃદયમાં ઉતારવા માટે દેવપાળ નામના ક્ષત્રિયની કથા વિચારવા જેવી છે.

આ ભરતક્ષેત્રમાં અચલપુર નામના નગરમાં સિંહરથ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને કનકમાલા અને લીલાવતી નામની બે રૂપગુણવતી રાણીઓ હતી. સમય જતાં રાજાને ત્યાં એક પુત્રી જન્મી. તેનું નામ મનોરમા પાડ્યું.

શ્રી જિનેશ્વરદેવે કહેલા ધર્મમાં શ્રદ્ધાવાળા રાજાએ મનોરમાને પણ જિન ધર્મનું શિક્ષણ આપ્યું અને સંસ્કારસંપન્ન બનાવી.

આ નગરીમાં જિનદત્ત નામે શેઠ રહેતા હતા. જૈન ધર્મના આરાધક શેઠ રાજાના માનીતા હતા. તેમની દયા અને પરોપકારવૃત્તિ નગરીમાં પંકાતી હતી. દીન—દુઃખિયાને આશરો આપવામાં શેઠ સદા મોખરે રહેતા હતા. શ્રાવકના ઉત્તમ ગુણોનું પાલન કરતા શેઠને ત્યાં પુણ્યપસાયે લક્ષ્મીનો પાર નહોતો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠને ત્યાં મોટી સંખ્યામાં ગાયો હતી. ગાયોની સારસંભાળ રાખવા માટે શેઠે દેવપાળ નામના ક્ષત્રિયને સેવક તરીકે રાખ્યો હતો.

રોજ સવારે તે ગાયોને લઈને વગડે જતો, તેમને સારી રીતે ચારો ચરાવીને સંધ્યા ટાણે પાછો શેઠને ઘેર આવતો હતો. બધી ગાયો તેના ઇશારે ચાલતી હતી.

એક વાર દેવપાળ સીમમાં ગાયો ચરાવવા ગયો હતો. ત્યાં તેને જ્ઞાની મહાત્માનો મેળાપ થયો. દેવપાળે તેમને બે હાથ જોડીને નમસ્કાર કર્યા. જ્ઞાની ભગવંતે તેને 'ધર્મલાભ' આપ્યો.

તે વખતે સરળ સ્વભાવના દેવપાળે કહ્યું કે–હું ધર્મનું સ્વરૂપ જાણતો નથી તો મને તે જણાવવાની કૃપા કરો.

સરળ સ્વભાવના દેવપાળની પાત્રતા પારખીને જ્ઞાની ભગવંતે તેને ટૂંકમાં ધર્મનું સ્વરૂપ જણાવતા કહ્યું, કે જેના મૂળમાં અહિંસા અને સમભાવ છે, તે ધર્મના પ્રકાશક શ્રી અરિહંત પરમાત્માની તું આરાધના કર. તારું કલ્યાણ થશે.

ગુરુ મહારાજનું વચન સાંભળીને દેવપાળે પૂછ્યું, કે અરિહંત કોને કહેવાય? ગુરુ મહારાજે કહ્યું, જીવ જીવનો મિત્ર છે —એ સત્યને જાણનારા તેમજ જીવનારા તેમજ તેની પ્રતિષ્ઠા કરનારા ધર્મ–તીર્થના સ્થાપક, તે શ્રી અરિહંત પરમાત્મા કહેવાય છે.

દેવપાળે બે હાથ જોડીને કહ્યું, કે હે ભગવંત! આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત જરા વિસ્તારથી સમજાવો તો મારા ઉપર મોટો ઉપકાર થશે.

એટલે ગુરુ મહારાજે કહ્યું, જેમની ભક્તિ કરવાથી જીવની મુક્તિ થાય છે, તે શ્રી અરિહંત પરમાત્માના નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ એ ચારે નિક્ષેપા જગતના જીવોને તારે છે.

નામ અરિહંત એટલે શ્રી ઋષભદેવ સ્વામી, શ્રી મહાવીર સ્વામી પ્રભુ વગેરે. તેમની જે પ્રતિમાઓ હોય છે, તે સ્થાપના અરિહંત કહેવાય છે. જેઓનું આત્મદ્રવ્ય અરિહંતનું છે પણ હજી જેઓ સર્વ કર્મ ખપાવી, ધર્મતીર્થની સ્થાપના કરી મોક્ષે સિધાવ્યા નથી, તે શ્રેણિક મહારાજા આદિનાં જીવો દ્રવ્ય અરિહંત કહેવાય છે અને જેઓ ઘાતી કર્મનો ક્ષય કરી કેવળ જ્ઞાન મેળવી, તીથકર નામકર્મના ઉદયથી સમવસરણમાં બિરાજીને ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરીને ધર્મ પ્રકાશે છે, તે ભાવ અરિહંત જાણવા. મહાવિદેહક્ષેત્રમાં વિચરતા ૨૦ તીર્થંકરદેવો તે ભાવ અરિહંત છે. પરંતુ જ્યારે ભાવ અરિહંત વિદ્યમાન ન હોય, ત્યારે તેમની મૂર્તિની વિધિ બહુમાનપૂર્વક આરાધના કરવાથી, સાક્ષાત્ શ્રી તીર્થંકર દેવની ભક્તિ કરવાથી જે ફળ મળે છે, તે જ ફળ મળે છે.

ગુરુ મહારાજે કહેલું શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ જાણીને દેવપાળ રાજી થયો. તેણે ગુરુ મહારાજ પાસેથી શ્રી નવકાર વિધિપૂર્વક ગ્રહણ કરીને પહેલા 'નમો અરિહંતાણં'"

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પદના જાપમાં જીવ પરોવ્યો. ઉઠતાં-બેસતાં તેમ જ ગાયો ચરાવતાં પણ તે નમો અરિહંતાણં પદનો સરળ ભાવે જાપ કરવા લાગ્યો.

એક વાર ચોમાસાના દિવસે તે જિનદત્ત શેઠની ગાયોને લઈને વગડામાં ગયો. ધીમો વરસાદ ચાલુ હતો. પાસે વહેતી નદીમાં પાણી આવ્યું હતું. તે પાણીના મારથી નદી કાંઠાની ભેખડો કપાતી હતી.

હેતભીના હૈયે ગાયોને ચરાવતા દેવપાળની નજર તે ભેખડો પર હતી. તેને તે દૃશ્ય જોવામાં મઝા આવતી હતી એટલે જરા પાસે જઈને જોવા લાગ્યો, તો પાણી વડે કપાએલા એક ખડકના પોલાણનાં તેણે શાન્તભાવ રેલાવતી મનોહર એક મૂર્તિ નિહાળી. મૂર્તિને નિરખીને તેનું મન ઠર્યું, નેત્રો ઠર્યાં, હૈયું ઠર્યું, આત્મા ઠર્યો. તેના રોમે રોમે હર્ષની અપૂર્વ લહેર ફેલાઈ ગઈ. તેને થયું કે આજે મારે આંગણે સોનાનો સૂરજ ઉગ્યો. અકાળે આંબો ફળ્યો.

આજન્મ દરિદ્રીને અણમોલ ખજાનાની ચાવી પ્રાપ્ત થઈ જાય તો તેને જે રીતે સાચવીને રાખે તેવી લાગણીપૂર્વક ભલા દેવપાળે તે પ્રતિમાજીને સાચવીને પોતાના બે હાથમાં લીધા અને ખૂબ સંભાળીને એક વૃક્ષ નીચે મૂકયાં. પછી ત્યાં સરસ ઝૂંપડી બનાવી અને તેમાં શ્રી ઋષભદેવ પ્રભુના તે પ્રતિમાજીને જીવની જેમ સાચવીને બિરાજમાન કર્યાં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિમાજીને સ્થાપન કર્યા પછી તેણે મનમાં નિશ્ચય કર્યો કે હંમેશા આ પ્રતિમાજીના દર્શન કર્યા પછી જ હું ભોજન કરીશ. લળીલળીને પ્રતિમાજીને પગે લાગતો તે પાછા પગે ઝૂંપડી બહાર નીકળ્યો ત્યારે સાંજ થવા આવી હતી.

સાંજે ગાયો લઈને તે શેઠને ઘેર પાછો ફર્યો પણ તેનો જીવ તો પ્રતિમાજીમાં જ હતો.

રોજ સવારે તે ગાયોને લઇને ચરાવવા જતો ત્યારે પહેલું કામ પ્રતિમાજીના દર્શન કરવાનું કરતો અને તે પછી જ સાથે લાવેલું ભાતું જમવા બેસતો.

લીધેલો નિયમ બરાબર પાળવામાં સત્ત્વશાળી પુરુષો સદા અડગ રહે છે. ગમે તેવી આપત્તિ આવે છે તો પણ તેઓ તે નિયમને બરાબર પાળે છે.

રોજ સવારે શ્રી જિન પ્રતિમાના દર્શન કરવાના નિયમનું અડગપણે પાલન કરતા શ્રી અરિહંતભક્ત દેવપાળની કસોટીનો સમય આવ્યો. એકાએક એવો વરસાદ શરૂ થયો કે તે ગાયો ચરાવવા માટે જઈ ન શકયો. એટલે તેણે તે દિવસે અન્ન-જળ ન લીધાં પણ ઉપવાસ કર્યો.

વરસાદ બીજે દિવસે ચાલુ રહ્યો. દેવપાળને ભૂખનું દુઃખ નથી. જે દુઃખ છે તે જિન પ્રતિમાના દર્શન નથી થતાં તેનું છે. તેનું શરીર શેઠને ત્યાં છે, મન પ્રતિમાજીમાં છે. મારા પ્રભુને આજે કોઇએ ન્હવણ નહિ કરાવ્યું હોય, સુગંધી પુષ્પો નહિ ચઢાવ્યાં હોય, એવા વીચાર વડે તે દુઃખી થવા લાગ્યો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનદત્ત શેઠે પૂછયું કે, હમણુંથી તું કેમ કાંઇ ખાતો-પીતો નથી? એટલે તેણે નમ્રતાપૂર્વક પોતે લીધેલા નિયમની વાત કરી. તેની વાત સાંભળીને ધર્માનુરાગી શેઠને અપાર આનંદ થયો. અને તેની અરિહંત-ભક્તિની તેમણે ખૂબ-ખૂબ અનુમોદના કરી.

વરસાદ આઠમા દિવસે બંધ થયો. એટલે દેવપાળ અકથ્ય આનંદપૂર્વક નદીકાંઠે પહોંચ્યો અને ઝૂંપડીમાં દાખલ થઈને પ્રભુ પ્રતિમાના ચરણોમાં ઝૂકી પડયો. બોલવા માટે તેને શબ્દો ન જડયા. એટલે અશ્રુ વડે ભક્તિ કરી. પછી ઊભો થઈને ખૂબ નાચ્યો અને વગર શિક્ષણે પ્રતિમાજી સન્મુખ કાઉસ્સગ્ગ કરીને ઊભો રહ્યો.

આ ઘટના ભક્તામર સ્તોત્રકાર ભગવંતની એ પંક્તિ-
'मत्वेति नाथ तव संस्तवनमयेद मारम्यते तनुधियापि तव प्रभावात्'
અર્થ-" ઓછી બુદ્ધિવાળો એવો હું તમારૂં સ્તવન રચું છું તે તમારો પ્રભાવ છે." નું સચોટ સમર્થન કરે છે.

દેવપાળની ઉચ્ચ કોટિની નિર્મળ ભક્તિથી પ્રસન્ન થઈને શ્રી ઋષભદેવસ્વામીના શાસનદેવી શ્રી ચક્રેશ્વરી દેવી ત્યાં હાજર થયા ને દેવપાળને કહ્યું, ભક્તવર! તમારી જિનભક્તિથી હું પ્રસન્ન થઇ છું, માટે ઇચ્છિત વરદાન માગી લો.

દેવપાળે કહ્યું, હે દેવી! શ્રી અરિહંત પરમાત્મા ઉપર મારી ભક્તિ અખંડ રહે તે સિવાય બીજી કોઇ વસ્તુની મને ઇચ્છા નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજે કોઈ દેવ કે દેવી આપણાં ઉપર પ્રસન્ન થઈને વર-દાન માગવાનું કહે તો શું માંગીએ? દુનિયા અને દેવલોકનાં સુખ કે જિનભક્તિ?

દેવીનો ખૂબ-ખૂબ આગ્રહ છતાં દેવપાળે શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ સિવાય બીજું કાંઈ ન માંગ્યું. ત્યારે દેવીએ તેને કહ્યું કે શ્રી અરિહંત પરમાત્માની ઉચ્ચ પ્રકારની ભક્તિ વડે તમે જે પુણ્ય ઉપાર્જિત કર્યું છે તેના પ્રભાવે તમે થોડા જ દિવસોમાં આ નગરીના રાજા થશો. આ પ્રમાણે કહીને દેવી અદૃશ્ય થઇ ગયા.

આજે દેવપાળના ઉમંગનો પાર નથી. તેના હૈયામાં અરિ-હંત ભક્તિની સરિતા વહી રહી છે. તેના મનમાં સકળ જીવોની મૈત્રીની મીઠાશ છે. અપૂર્વ થનગનાટપૂર્વક તે શેઠને ઘેર પાછો ફર્યો. શેઠે તેને સ્વહસ્તે ખીરના ભોજન વડે પારણું કરાવ્યું. અને તેની ટેકનાં ખૂબ વખાણ કર્યા.

થોડા દિવસ પછી અચલપુરમાં દમસાર નામના કેવળી ભગ-વંત પધાર્યા, રાજા તેમજ પ્રજા તેમનાં દર્શન કરવા ઉમટયાં.

દેવોએ રચેલા સુવર્ણકમળ ઉપર બિરાજીને કેવળી ભગવંતે ધર્મોપદેશ શરૂ કર્યો:

આ સંસાર અસાર છે, પાણી વલોવવાથી માખણ નથી મળતું તેમ આ સંસારની ગમે તેટલી સેવા કરવાથી સાચું સુખ નથી મળતું. શ્રી જિનેશ્વર દેવે પ્રકાશેલા ધર્મની સમ્યક્ પ્રકારે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આરાધના કરવાથી જ સાચું સુખ મળે છે. આ માનવભવની સાર્થકતા તેમાં છે. જો જીવનમાં ધર્મની આરાધના નથી તો આકૃતિએ માનવ એવા સૌ કૃતિએ પશુવત બની રહે છે. માટે પ્રમાદમાં સમય ગુમાવ્યા સિવાય પરાર્થવ્યસની શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ વડે આત્માને ભાવિત કરો. મનને વાસિત કરો. કાલ-કાલ કરતાં કાળ નીકળી જશે અને આરાધના બાકી રહી જશે, માટે બળતા ઘરને છોડી દેના વિવેકી પુરુષની જેમ રાગ-દ્વેષરૂપી સંસારને મનમાંથી દૂર કરીને શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ વડે મનને સમૃદ્ધ બનાવવા તત્પર બનો. આયુષ્યના ભરોસે રહેશો તો પસ્તાશો.

કેવળી ભગવંતના આ ધર્મોપદેશથી રાજા સિંહરથના મનમાં વૈરાગ્ય ભાવનો દિપક પ્રગટયો. તેણે ઊભા થઇ બે હાથ જોડીને કેવળી ભગવંતને પૂછયું, પ્રભો! હવે મારું કેટલું આયુષ્ય બાકી છે?

કેવળી ભગવંતે કહ્યું, હવે તમારું આયુષ્ય ફક્ત ત્રણ દિવસ બાકી રહ્યું છે.

પોતાને ત્રણ જ દિવસ પછી મરી જવું પડશે-એ જાણીને રાજાનું મોં ઉતરી ગયું. જીવનમાં ખાસ સુકૃત ન કર્યાનો પસ્તાવો તેના મનમાં શરૂ થયો. બાકી રહેલા ત્રણ દિવસમાં આ જન્મને સાર્થક કઈ રીતે કરવો તે પ્રશ્ન તેને મૂંઝવવા લાગ્યો.

રાજાની મૂંઝવણ જાણીને કેવળી ભગવંતે કહ્યું, બાકી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેલા સમયમાં પણ તમે તમારા જીવનને સાર્થક કરી શકો છો. તે માટે દુન્યવી સર્વ આળપંપાળ છોડીને મન આત્મામાં જોડી દો, સમક્તિમૂલ શ્રાવકનાં બાર વ્રતો ગ્રહણ કરો. અજ્ઞાની કરોડો વર્ષમાં જે કર્મોને નથી ખપાવી શકતા, તે જ કર્મોને જ્ઞાની શ્રી અરિહંત ભક્તિ વડે એક અંતમુહૂર્તમાં ખપાવી શકે છે.

કેવળી ભગવંતના વચનથી રાજા ઉત્સાહિત થયો. તેણે તેમની પાસે શ્રાવકના વ્રતો અંગીકાર કર્યાં.

વ્રતો અંગીકાર કરવાથી વૃત્તિઓ અંતર્મુખ બને છે, ભવ-રાગ ક્ષીણ થાય છે, આત્મસ્નેહ પુષ્ટ થાય છે. પરમાત્મા શ્રી અરિહંતદેવ સાચે જ આરાધ્ય પ્રતીત થાય છે. તેમની ભક્તિ એ જ એક માત્ર જીવનકાર્ય બની જાય છે.

ભાવપૂર્વક વ્રતો અંગીકાર કરીને રાજા રાજમહેલ પાછા ફર્યા. એટલે તેમને પોતાની પુત્રી મનોરમાના લગ્ન અને ગાદીના વારસનો પ્રશ્ન મૂંઝવવા લાગ્યો.

રાજાની કુળદેવીએ હાજર થઈને કહ્યું, રાજન્! તમારી મૂંઝવણ જાણીને હું આવી છું. તમે આજે જ હાથણીની સૂંઢમાં માળા પરોવીને તેને તમારા નગરમાં ફેરવો. જેના ગળામાં તે માળા પહેરાવે તેને તમારું રાજ્ય સોંપીને મનોરમાના લગ્ન પણ તેની જ સાથે કરજો.

પોતાની કુળદેવીના વચન મુજબ રાજાએ હાથણીને તૈયાર કરાવીને તેની સૂંઢમાં માળા આરોપી અને તેને નગરમાં ફેરવી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આખા નગરમાં કોઇ યોગ્ય વ્યક્તિ ન જણાવાથી હાથણી નદી તરફ ચાલી. ત્યાં તેણે દેવપાળને જોયો એટલે આદરપૂર્વક તેના ગળામાં પુષ્પમાળા આરોપી દીધી.

સૈનિકો દેવપાળને આદરપૂર્વક રાજમહેલે લઇ ગયા. દેવપાળની ભવ્ય મુખાકૃતિ જોઇને રાજા સિંહરથ પ્રસન્ન થયો ને તેણે દેવપાળને પોતાનું રાજ્ય સોંપી દીધું તેમજ પોતાની પુત્રી મનોરમા પણ તેને પરણાવી.

શ્રી અરિહંત ભક્તિ, સ્વાભાવિકરીતે જ તેના અનન્ય આરાધકને આ રીતે ઊંચે ચઢાવે છે. અને યથાકાળે ઊંચામાં ઊંચું મોક્ષપદ આપે છે.

ભવોભવનો ભાર ઉંચકાવનારી ઐહિક ચિંતાનો ભાર ફગાવી દઇને રાજા સિંહરથે બીજે દિવસે કેવળી ભગવંત પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી.

બે દિવસ નિરતિચાર ચારિત્રનું પાલન કરીને સિંહરથ મુનિરાજ ત્રીજા દિવસે કાળ કરીને દેવલોકમાં ગયા.

શુદ્ધ ચારિત્ર્યનો પ્રભાવ અચિન્ત્ય છે. કરોડો વર્ષે પણ નાશ ન પામે તેવાં ચીકણાં કર્મોને તે પાંચ-પચીસ મિનિટમાં બાળીને ખાખ કરી નાંખે છે.

આત્મા જ આત્મભાવમાં વિચરતો રહે ત્યારે માનવું કે શુદ્ધ ચારિત્રનું પરિણામ પ્રાપ્ત થયું છે.

શ્રી અરિહંત-ભક્તિના પ્રભાવે દેવપાળ રાજા તો બન્યો,

For Private and Personal Use Only

પણ મંત્રીઓ વગેરે તેને રાજા તરીકે સ્વીકારીને તેની આજ્ઞા પાળવામાં તત્પર ન બન્યા. આથી તેને દુઃખ થયું.

યોગ્ય રસ્તો જાણવા માટે તે તરત નદી કાંઠે પહોંચ્યો. ત્યાં બાંધેલી ઝૂંપડીમાં બિરાજમાન શ્રી ઋષભદેવપ્રભુની પ્રતિમા સમક્ષ બે હાથ જોડીને બોલ્યો. હે, કૃપા સાગર ! રાજ્યમાં કોઈ મને ગાંઠતુ નથી તો મારે શું કરવું તે બતાવો.

જિનભક્તિમાં ગળાબૂડ દેવપાળની વિનંતી સાંભળીને શ્રી ચક્રેશ્વરદેવી ત્યાં હાજર થયા. અને બોલ્યાં, હે ભક્તશિરોમણિ ! તમે ચિંતા છોડીને નીચેનો ઉપાય કરો. હમણાં જ મહેલે જઈને કદ્દાવર હાથી જેવો જ માટીનો હાથી બનાવરાવો. તે હાથી પર બેસીને તમે નગરમાં ફરવા નીકળો. તમારી અરિહંત-ભક્તિથી આકર્ષાઈને માટીનો તે હાથી જીવતા હાથીની જેમ ચાલશે. એટલે બધા નગરજનો તથા રાજસેવકો તમારી આજ્ઞા માનતા થઈ જશે.

દેવીનાં વચનથી રાજા સંતુષ્ટ થયા. તેમણે ફરીથી શ્રી જિનપ્રતિમાની ભક્તિ કરી. શ્રી જિનેશ્વર દેવના ગુણ ગાયા. તેમના સ્વાભાવિક અચિન્ત્ય સામર્થ્યને વંદન કર્યા.

હૈયામાં અનુપમ ભાવ લઈને રાજા દેવપાળ મહેલે આવ્યા. દેવીના કહ્યા મુજબ માટીનો હાથી તૈયાર કરાવીને તેના ઉપર બેસીને નગરમાં ફરવા નીકળ્યા. માટીના હાથીને સાક્ષાત્ હાથીની જેમ ફરતો જોઈને મંત્રીઓ, સૈનિકો તથા પ્રજાજનો વગેરે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિસ્મય પામ્યા. તેમને ફાળ પડી કે હવે રાજાને જરા પણ અવગણીશું તો માર્યા જઈશું. કારણ કે દેવો પણ તેમને વશ છે. એટલે જ આ માટીનો હાથી આજે જીવતા હાથીની જેમ તેમને નગરમાં ફેરવી રહ્યો છે.

બધાએ એક સાથે એક અવાજે દેવપાળ રાજાનો જય પુકાર્યો. રાજાએ પણ તેમના અપરાધો માફ કરીને તેમને આવકાર આપ્યો.

મતલબ કે આવા અગણિત ચમત્કારો સાચા શ્રી અરિહંત નમસ્કારમાંથી સર્જાય છે. એટલે "જ્યાં નમસ્કાર ત્યાં ચમત્કાર" એ લોકોત્તર સૂત્રમાં આસ્થા રાખીને તમે પણ શ્રી અરિહંત ભક્તિમાં તમારી શક્તિને જોડી દો.

ન્યાયપૂર્વક રાજ્ય ચલાવતા રાજા પોતાના શ્રેષ્ઠ સમયનો સદુપયોગ શ્રી અરિહંત ભક્તિમાં કરવાનો નિર્ધાર કરીને નદી કાંઠે રહેલાં શ્રી જિન-પ્રતિમાજીને વાજતે-ગાજતે નગરમાં લાવે છે અને વિધિપૂર્વક ભક્તિ કરે છે. તે જોઈને પ્રજામાં ધર્મશ્રદ્ધા અને ભક્તિ વધી ગયા.

મનોહર જિનચૈત્ય બંધાવીને રાજાએ તે પ્રતિમાજીને અનેરા મહોત્સવપૂર્વક ગાદીનશીન કર્યા. તે દિવસે આખા નગરમાં અરિહંત ભાવની અપૂર્વ ભરતી આવી.

રાજા-રાણી વ્રતમાં દૃઢ રહીને જીવન ગુજારે છે. પોતાને શ્રી અરિહંતના દાસ તરીકે સ્વીકારીને રાજ ચલાવતા રાજાના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હૈયામાં બધા જીવોના હૈયા ઉપર શ્રી અરિહંતનું શાસન સ્થપાય એવી ભવ્ય ભાવના જાગૃત થઈ. એ ભાવનાને ચરિતાર્થ કરવા માટે રાજાએ દિનરાતની બધી પળો શ્રી જિન શાસનની ભક્તિમાં સાર્થક કરવા માંડી સાતે ક્ષેત્રોમાં દ્રવ્ય વાવવા માંડયું. અનુકંપા દાનની અખંડ સરિતા વહાવવાનું શરૂ કર્યું. જીવોને વધુ શાતા કઈ રીતે ઉપજે, તે જ એક લક્ષ્યપૂર્વક તે રાજ્ય ચલાવવા લાગ્યો.

'નમો અરિહંતાણું' પદની માળા ફેરવતાં તેના મનમાં અરિહંતભાવની અપૂર્વ પરિણતિ થઈ. તેના રૂંવાડે પરમાત્મ-ભાવની પ્રબળ પ્રતિષ્ઠા થઈ. તેન હૈયામાં આંખું વિશ્વ ધબકવા માંડયું. બધા જીવોના પોતે સગા છે એ સાચનો સાક્ષાત્કાર થયો. અને તે પળે તેમણે શ્રી તીર્થંકર નામકર્મની નિકાચના કરી.

ફળ પાકે છે એટલે તેમાં રસ છૂટે છે. અને તેની છાલ એકદમ પાતળી પડી જાય છે. તેમ ભવસ્થિતિનો પરિપાક થતાં શ્રી અરિહંત પરમાત્માના આત્મામાં અન્ય સર્વ આત્માઓ કરતાં અધિક પરમાત્મરસિકતા પ્રગટ થાય છે, અને સ્વાર્થભાવ નામશેષ થઈ જાય છે.

રાણી મનોરમાએ યોગ્ય કાળે એક પુત્રને જન્મ આપ્યો. તેનું નામ દેવસેન પાડયું.

જેમ પંખીને સોનાનું પિંજરું પણ અણગમતું લાગે છે, તેમ રાજાને હવે રાજ્યવૈભવ છોડવાની ભાવના થઈ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવિતવ્યતાના યોગે તેમને ફરી વાર દમસાર કેવળી ભગવંતના દર્શનને જોગ થયો. તેમના ધર્મોપદેશથી રાજાનો આત્મા ચારિત્ર ગ્રહણ કરવા માટે થનગનવા લાગ્યો.

રાણી મનોરમાને પણ સંસાર છોડવા જેવો લાગ્યો.

દેવસેનને રાજ્ય સોંપીને દેવપાળ રાજા તથા રાણી મનોરમાએ સાપ કાંચળી ઉતારે તેમ મનમાંથી સંસારને ઉતારી દઈને, પરમપદદાયિની ભાગવતી દીક્ષા અંગીકાર કરી.

સાંસારિક સુખોને હસતે મોંએ જતાં કરીને આત્માના અક્ષય સુખની સાધના રૂપ આ દીક્ષા—એ શ્રી જિનશાસનની અણમોલ દેન છે.

દીક્ષાનું સમ્યક્ પ્રકારે પાલન કરી રાજર્ષિ દેવપાળે આત્માને વિશ્વસ્નેહમય બનાવી દીધો. તેમના શ્વાસોચ્છ્વાસમાં અરિહંત ભાવની મંગળ મહેંક ઘુંટાવા લાગી. શ્રી અરિહંત ભાવે વિચરતાં વિચરતાં કાળ કરીને રાજર્ષિ દેવપાળ આઠમા દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર થશે.

સાધ્વી મનોરમાશ્રીજી પણ ચારિત્રનું રૂડી રીતે પાલન કરીને તે જ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયાં. ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં જશે અને મહર્ષિ દેવપાળ કે જે તીર્થંકર થશે તેમના તે ગણધર થશે.

આ કથા ભક્તિના પ્રાબલ્યને દર્શાવે છે.

ભક્તિ પણ જ્યારે ત્રિભુવનપતિ શ્રી અરિહંત વિષયક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બને છે, ત્યારે તેની શકિત અચિન્ત્ય બની જાય છે. ભકતને તે અરિહંતતુલ્ય બનાવે છે.

ભક્તિ મુખ્યત્વે બે પ્રકારની છે.

(૧) આભોગ ભક્તિ (૨) અનાભોગ ભક્તિ.

શ્રી અરિહંત પરમાત્માનાં ઉપકારક ગુણોને હૃદયસાત્ કરીને વિધિ તેમજ બહુમાનપૂર્વક સતત ચઢતે પરિણામે તેમની ભક્તિ કરવી તે-અભોગ ભક્તિ છે.

શ્રી અરિહંત પરમાત્માના ગુણોને સામાન્ય પ્રકારે જાણીને પૂજાવિધિ વગેરે જાણ્યા સિવાય તેમની ભક્તિ કરવી તે અનાભોગ ભક્તિ છે.

અનાભોગ ભક્તિએ દેવપાળને તીર્થંકરપદ આપ્યું તો આભોગ ભક્તિ તે પદ આપે તેમાં તો કોઈ શંકા જ નથી.

સંસારના સઘળા ભેગોપભોગ ભોગવતી વખતે જીવને જે આસક્તિ થાય છે તેના કરતાં ચઢિયાતી આસક્તિ જ્યારે શ્રી અરિહંત પરમાત્માની ભક્તિમાં જાગે છે ત્યારે જીવનું ઉર્ધ્વી-કરણ શરૂ થાય છે.

શ્રી નવપદમાં પહેલું પદ શ્રી અરિહંતપદ છે. આ પહેલું પદ પ્રત્યેક સત્કાર્યમાં પહેલ કરવાની શુદ્ધ બુદ્ધિનું પ્રેરક છે.

પુણ્ય યોગે પ્રાપ્ત થયેલા રાજાના પદે રહેલા પુરુષના માથે પોતાની સમગ્ર પ્રજાના હિતનો ભાર હોય છે, તેમ મહાપુણ્યના ઉદયે પ્રાપ્ત થયેલા શ્રી જિનધર્મના આરાધકના સાથે સકળ જીવ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકના હિતની ચિંતાનો ભાર હોય છે. તે ભાર વહન કરવામાં શિરોમણિ શ્રી અરિહંત પરમાત્માનો ભક્ત પણ સર્વ પ્રકારના સ્વાર્થનો ત્યાગ કરીને, પરમાર્થ દાખવવામાં શૂરો હોય છે.

પાંચ ઈન્દ્રિયોના પાંચ વિષયો અને ચાર કષાય—એ નવ પદમાં જીવને વગર પ્રયત્ને રસ રહે છે, જ્યારે શ્રી અરિહંતપદ આદિ નવ પદની ભક્તિમાં જીવને અથાગ પ્રયત્ને રસ જાગે છે —તે એમ બતાવે છે કે, જીવને સંસારરસિકતા કોઠે પડી ગઈ છે. તેને નાબૂદ કરવા માટે મુક્તિ રસિકતા ખીલવવી પડે છે.

મુક્તિ રસિકતા એટલે આત્માને સર્વ કર્મોથી મુક્ત કરવાની ઉત્કટ તાલાવેલી.

કર્મોથી મુક્ત થવા માટે અર્થાત્ આત્માને સર્વ કર્મોથી મુક્ત બનાવવા માટે સ્વાર્થવૃત્તિથી મુક્ત થવું પડે, પાપવૃત્તિથી મુક્ત થવું પડે, ઋણથી મુક્ત થવું પડે.

આવી મુક્તિસાધના શ્રી અરિહંતમય ચિત્ત વડે થઈ શકે છે. રાગદ્વેષરહિત ચિત્ત વડે થઈ શકે છે.

માથે દુઃખના ઝાડ ઉગ્યાં તો પણ મહાસતી મયણાએ પોતાનું ચિત્ત શ્રી અરિહંતમાં રાખ્યું, શ્રી નવપદમાં રાખ્યું, તો તે બધાય ઝાડ સૂકાઈને ખરી પડયાં, અને સાચું સુખ પ્રાપ્ત થયું.

માટે શાશ્વતી ઓળીના પવિત્ર દિવસોમાં સત્ત્વમૂર્તિ શ્રીપાળ અને મહાસતી મયણાની કથા, રાસ વગેરે વાંચવા—સાંભળવા



For Private and Personal Use Only

તેમજ વિચારવાથી આરાધક આત્માને આરાધનામાં અપૂર્વ બળ મળે છે, તે જાણીને ઉપકારી મહર્ષિઓએ શ્રીનવપદમાં પોતાના આત્માને સ્થાપી દેનારા આ બન્ને મહાત્માઓના જીવનચરિત્રને સાંકળી દીધાં છે.

શ્રી નવપદમાં જેમને રસ પડે છે તેમને સંસાર નિરસ લાગે છે.

વિદ્યાર્થીઓને વિદ્યાપ્રાપ્તિમાં રસ હોય, શૂરાને સંગ્રામમાં રસ હોય, તેમ શ્રી જિનાજ્ઞાના આરાધકને શ્રીનવપદમાં રસ હોય. જેને નવપદમાં રસ હોય તેને આત્મામાં રસ હોય જ. કારણ કે આત્મા નવપદમય છે.

ઉક્ત નવે પદોમાંનું એક પણ પદ આત્માની બહાર નથી, પણ બધાં જ પદો આત્મામાં છે.

દૂધમાં રહેલા ઘીની જેમ આ પદો આત્મામાં રહેલાં છે. માટે શ્રી અરિહંત પરમાત્માના આત્માઓ, બધા જીવોને–પછી ભલે તે કીડીરૂપે હોય કે કાદવના કીડારૂપે–સ્વતુલ્ય જોઈ જાણીને સ્વતુલ્ય ચાહે છે.

આત્મા નવપદમય છે, તેની સચોટ પ્રતીતિ શ્રી સિદ્ધચક્ર યંત્રના દર્શન કરવાથી થાય છે.

સિદ્ધચક્રનો અર્થ સમજવા જેવો છે.

સંસારચક્રનુ એક માત્ર પ્રતિપક્ષી તે સિદ્ધચક્ર.

પાંચ ઈન્દ્રિયોના પાંચ વિષયો અને ચાર કષાયોમાં નવમાં રસ અર્પીને જીવ સંસારચક્રમાં ફસાય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારમાં નજર કરીએ તો આ નવમાં રસ ધરાવનારા લાખો જણાશે. શ્રી નવપદમાં રસ ધરાવનાર લાખમાં માંડ એકાદ જણાશે.

કોઈ કહે છે કે મને કેરીમાં રસ પડે છે, કોઇ કહે છે કે મને ગુલાબના અત્તરમાં રસ પડે છે, કોઈ કહે છે કે મને રેશમી વસ્ત્રો ગમે છે, કોઇને કમનીય કાયામાં રસ પડે છે પણ એવું કહેનારા બહુ જ ઓછા મળે છે કે અમને શ્રી અરિહંત પરમાત્મામાં રસ પડે છે, તુચ્છ સ્વાર્થના ત્યાગમાં રસ પડે છે, દાન આપ્યા સિવાય અમને ચેન નથી પડતું, જમતી વખતે અમને શરમ આવે છે, ઊંઘી ઊંઘીને અમે ત્રાસી ગયા છીએ.

શ્રી અરિહંતપદની ભાવપૂર્વકની આરાધના પછી જ આવા ઉદ્‌ગારો હૃદયમાં જાગે છે, તેનું કારણ તે પદનો તેવો પ્રભાવ છે.

શાશ્વતી ઓળીના દિવસો ચૈત્ર સુદ અને આસો સુદમાં જ આવે છે. તેનાં ઘણાં કારણો છે.

(૧) સુદ ૭ થી ૧૫ (પૂનમ) સુધીના આ નવ દિવસોમાં ચન્દ્રમા ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો હોય છે.

(૨) સૂર્યના કિરણો પણ વધુ સીધી લીટીમાં તેજ વહાવતાં હોય છે.

(૩) વનશ્રી વધુ સમૃદ્ધ હોય છે.

(૪) આકાશ પ્રાયઃ વાદળ રહિત હોય છે.

(૫) ધરા તૃપ્ત હોય છે.

(૬) પવન અનુકૂળ હોય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાત્પર્ય એ કે સૂર્ય, ચન્દ્ર, વનસ્પતિ આદિમાંથી આ દિવસોમાં એટલો બધો રસ ઝરતો હોય છે કે રસ-વિગઈવાળા પદાર્થો વાપરવાથી શરીર તેમજ મનનું આરોગ્ય બગડે છે.

જ્યારે છ એ વિગઈઓ વગરનો શુદ્ધ તેમજ સાત્ત્વિક આહાર એક વખત લેવાથી શરીર તેમજ મનનું આરોગ્ય સુધરે છે.

આત્મોપકારક આ ક્રિયાને આયંબિલ કહે છે, કે જેના ભાવપૂર્વકના સેવનથી વધુમાં વધુ આત્મરસિકતા કેળવાય છે.

અનંત આનંદમય આત્માને બહારનો કોઈ રસ કોઈ કામનો નથી—એ સત્યનું સચોટ શિક્ષણ આયંબિલ આપે છે.

આત્માના અપ્રગટ બળને પ્રગટ કરનારું જે સાધન-બળ તે આયંબિલ.

માટે સંસારના કોઈ પણ પદ ઉપર નજર કેન્દ્રિત ન કરશો. ચક્રવર્તી અને ઈન્દ્રના પદની પણ લાલસા ન રાખશો. પણ તમારી નજર સિદ્ધશીલા પર કેન્દ્રિત કરજો. નવપદમાં પરોવજો. નવપદમાં શ્રી સિદ્ધચક્ર મહાયંત્રમાં ઓતપ્રોત કરજો. આત્માના મૂળ સ્વરૂપમાં રાખજો.

દુન્યવી સઘળાં પદો આ જીવ અનંતી વાર ભોગવી ચૂકયો છે, છતાં હજી તેની તે ભોગભૂખ ઘટી નથી. તેનું કારણ એ છે કે, તેણે શ્રી નવપદમાં પોતાનું હૃદય સ્થાપ્યું નથી, શ્રી નવપદને પોતાના હૃદયમાં સ્થાપ્યાં નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડૂબતા માણસને તારવાની જે શક્તિ એક જહાજમાં હોય છે, તેના કરતાં અધિક તારક શક્તિ આ નવેપદોમાં છે.

બચવા માટે ડૂબતો માણસ અનન્યભાવે જહાજનું શરણું લે છે, તેમ આ નવપદનું શરણું લેવું જોઇએ.

કોઈ પણ પદાર્થના ગુણધર્મનો લાભ, તેનું જે વિધિપૂર્વક સેવન કરવાનું વિધાન હોય છે, તે વિધિપૂર્વક તેને સેવીએ તો જ મળે જે.

ગળપણ એ ગોળનો ગુણ-સ્વભાવ છે. પણ તેનો લાભ ત્યારે જ મળે છે, જ્યારે માણસ તેને હાથમાં લઇને જીભ ઉપર મૂકે છે. કેવળ હાથમાં રાખી મૂકે તો તેનો લાભ તેને નથી મળતો.

શ્રી અરિહંતપદ આદિ પદોમાં જીવને તારવાની અચિન્ત્ય શક્તિ છે. તેનો લાભ ત્રિવિધે તે-તે પદોને સમર્પિત થવાથી મળે છે.

માટે મારે તરવું છે એ લક્ષ્ય પહેલાં નક્કી કરવું પડે છે. એટલે ડૂબાડનારા આલંબનો, નિમિત્તો વગેરેથી મનને દૂર રાખવાની જાગૃતિ જીવનમાં સ્થિર થાય છે.

કયા નવ પદો ડૂબાડનારા અને કયા શ્રી નવપદો જીવને સંસાર સાગરથી તારનારાં છે, તે પણ જાણવું

પાણીમાં ડૂબતા માણસના પ્રાણો રૂંધાય છે, તેમ વિષય-કષાયના સેવન સમયે તમારા પ્રાણો ખરેખર રૂંધાવા માંડે તો માનજો કે હવે તમારો નિસ્તાર નજીક છે, સંસાર અલ્પ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીનવપદમાં નિર્મળ આત્મનૂર છે. માટે તેની ભક્તિ સર્વ દેશ અને સર્વ કાળમાં ઉપકારક નીવડે જ છે.

ઇન્દ્ર અને ચક્રવતીનાં પદ, પુણ્ય પરવારતાં જીવને છોડી દેવાં પડે છે, જ્યારે આ નવ પદો આત્મા જેવાં જ શાશ્વત છે એટલે તેના આરાધકને તેનાથી ભ્રષ્ટ થવા વારો આવતો નથી અને તે જ્યારે ભ્રષ્ટ થાય છે, ત્યારે પણ તે પદો તેના આત્માને છોડતાં નથી પણ જીવ પોતે મોહને વશ થઈને તેનાથી વિમુખ બને છે.

આ વિમુખતાને લીધે જ સુખ, દૂર જાય છે. અને દુઃખ જીવનો કેડો છોડતું નથી.

માટે હોંસે-હોંસે અપૂર્વ ઉલ્લાસપૂર્વક પ્રત્યેક ક્ષણનો શ્રી અરિહંતભક્તિમાં સદુપયોગ કરીને તમે પણ દેવપાળની જેમ જ પરમ પદને પ્રાપ્ત કરવાની દિશામાં આગળ વધો એ જ મંગલ કામના.

## પહેલા દિવસની આરાધના

**પદ**—શ્રી અરિહંત.
**કાઉસ્સગ્ગ**—બાર લોગસ્સ
**વર્ણ**—શ્વેત, એક ધાન્યનું આયંબિલ, ચોખાનું કરવું.
**સ્વસ્તિક**—બાર.
**નવકારવાળી**—વીશ.

For Private and Personal Use Only

**જાપ**—ૐ હ્રીં નમો અરિહંતાણં.

**પ્રદક્ષિણા**—બાર.

**ખમાસમણાં**—બાર.

## -: ખમાસમણાનો દુહો :-

અરિહંતપદ ધ્યાતો થકો. દવ્વહ ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે–
વીરજિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે
આતમધ્યાને આતમા ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર૦

## શ્રી અરિહંત પદના બાર ગુણ

૧ અશોકવૃક્ષપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૨ પુષ્પવૃષ્ટિપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૩ દિવ્યધ્વનિપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૪ ચામરયુગ્મપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૫ સ્વર્ણસિંહાસનપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૬ ભામણ્ડલપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૭ દુન્દુભપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૮ છત્રત્રયપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૯ જ્ઞાનાતિશયસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૧૦ પૂજાતિશયસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૧૧ વચનાતિશયસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૧૨ અપાયાપગમાતિશયસંયુતાય શ્રી અરિહંતાય નમઃ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધપદનું સ્વરૂપ

पनरसभेयपसिद्धे, सिद्धे घणकम्मबंधण–विमुक्के,
सिद्धाणंत–चउक्के, झायह तम्मयमणा सययं ॥

**અર્થ** :– પંદર ભેદોથી પ્રસિદ્ધ થયેલા. નિબિડ કર્મ–બંધનોથી મુક્ત થયેલા. જેઓએ અનંત ચતુષ્ટય પ્રાપ્ત કરેલ છે, એવા સિદ્ધ પરમાત્માઓનું નિરંતર એકાગ્ર ચિત્તે ધ્યાન કરો!

શ્રી સિદ્ધચક્રના નવ પદ પૈકી પ્રથમ શ્રી અરિહંતપદની આરાધના કર્યા પછી, શ્રી સિદ્ધપદની આરાધના બીજે દિવસે કરવાની છે.

જે આત્મા, શ્રી અરિહંત પરમાત્માએ પ્રકાશેલા ધર્મની આરાધના દ્વારા આઠેય કર્મોનો સંપૂર્ણ નાશ કરીને સર્વથા શુદ્ધ બને છે તે સિદ્ધ પરમાત્મા કહેવાય છે.

સિદ્ધપદ એ આત્માનું ચરમ પદ છે.

તે પદને પામવા માટેના પુરુષાર્થને મોક્ષ પુરુષાર્થ કહે છે.

કર્મની સેના સામે અણનમપણે ઝઝૂમીને ધર્મશૂરા પુરુષો આખરે આ પદને પામે છે.

એક માનવભવમાં જ આ પદ પામી શકાય છે. માટે માનવભવ દેવદુર્લભ કહ્યો છે.

એવો માનવભવ મળ્યો છે તે સદ્ભાગ્યની નિશાની છે, જો તમે તેનો ઉપયોગ મોક્ષની સાધનામાં કરી શકો તો.

For Private and Personal Use Only

શ્રી અરિહંત પરમાત્મા, સિદ્ધપદનું સ્વરૂપ અને તેની પ્રાપ્તિનો માર્ગ બતાવનારા હોવા છતાં, દીક્ષા લેતી વખતે તેઓ 'નમો સિદ્ધાણં' બોલે છે. તે આ પદ કેટલું આત્મોપકારક છે, તે સૂચવે છે.

મુક્તિ પામવાની ઇચ્છાવાળો કોઈપણ આત્મા શ્રી અરિહંત પરમાત્માએ બતાવેલા ધર્મમાર્ગની આરાધના કરીને સિદ્ધ પદને પામી શકે છે.

સામાન્ય રીતે આત્મા અનંતગુણી કહેવાય છે પરંતુ તેમાં આઠ ગુણો મુખ્ય છે. માટે સિદ્ધપદનું આઠ ભેદે આરાધન થાય છે.

## આ આઠ ગુણો નીચે પ્રમાણે છે

(૧) **અનંતજ્ઞાન ગુણ**— (કેવળ જ્ઞાન) જ્ઞાનાવરણીય કર્મનો સમૂળ ક્ષય થવાથી આ ગુણની પ્રાપ્તિ થાય છે.

(૨) **અનંત દર્શન ગુણ**— (કેવળ દર્શન) દર્શનાવરણીય કર્મનો સમૂળ ક્ષય થવાથી આ ગુણની પ્રાપ્તિ થાય છે.

(૩) **અવ્યાબાધ સુખ**— વેદનીય કર્મનો સમૂળ ક્ષયથવાથી આ ગુણની પ્રાપ્તિ થાય છે.

(૪) **અનંત ચારિત્ર**— સમકિત મોહનીય કર્મના ક્ષયથી ક્ષાયિક સમકિત તથા ચારિત્ર મોહનીય કર્મના ક્ષયથી અનંત ચારિત્ર ગુણ આત્મામાં પ્રગટ થાય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૫) **અક્ષય સ્થિતિ**—આયુષ્ય કર્મના સમૂળ ક્ષયથી, ફરીથી સંસારમાં જન્મ ન લેવો પડે તેવી અક્ષય સ્થિતિ ઉત્પન્ન થાય છે.

(૬) **અમૂર્ત ગુણ**—નામ કર્મના સમૂળ ક્ષયથી આ ગુણ પ્રગટ થાય છે.

(૭) **અગુરુ લઘુ ગુણ**—ગોત્ર કર્મના ક્ષયથી ઊચનીચ રહિત-પણા રૂપ આ ગુણ પ્રગટ થાય છે.

(૮) **અનંતવીર્ય ગુણ**—અંતરાય કર્મના સમૂળ ક્ષયથી આ ગુણ આત્મામાં પ્રગટે છે.

આ બધા ગુણો આપણા આત્મામાં છેજ, પણ જ્ઞાનાવરણ આદિ કર્મો વડે મહદ્ અંશે ઢંકાએલા છે એટલે આપણે છદ્મસ્થ કહેવાઈએ છીએ અને આ આઠ ગુણોને સંપૂર્ણપણે પ્રગટ કરનારા સિદ્ધ કહેવાય છે.

સર્વ સિદ્ધ ભગવંતો ગુણો વડે સમાન હોવાથી સિદ્ધના જીવોમાં કોઈ નાનું મોટું નથી. પરંતુ જે અવસ્થામાં મનુષ્ય-પણામાંથી તેઓ સિદ્ધ થાય છે તેની અપેક્ષાએ તેઓના ૧૫ ભેદો કહેલા છે.

તે ૧૫ ભેદોનું સ્વરૂપ નીચે પ્રમાણે છે—

૧. **જિનસિદ્ધ**—તેઓ તીર્થંકર થઈને મોક્ષે ગયા તે. જેમકે શ્રી ઋષભદેવ સ્વામી, શ્રી મહાવીર સ્વામી વગેરે શ્રી જિનેશ્વર દેવો.

For Private and Personal Use Only

૨. **અજિન સિદ્ધ**—જેઓ સામાન્ય કેવળી થઈને મોક્ષે ગયા તે. જેમકે શ્રી પુંડરીક સ્વામી, શ્રી ગૌતમસ્વામી વગેરે.

૩. **તીર્થ સિદ્ધ**—જેઆ ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના પછી મોક્ષે ગયા તે સઘળા ગણધરો, સાધુ, સાધ્વીજી વગેરે.

૪. **અતીર્થ સિદ્ધ**—જેઓ ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના પૂર્વે મોક્ષે ગયા તે. જેમ કે શ્રી મરુદેવા માતા.

૫. **ગૃહસ્થલિંગ સિદ્ધ**—જેઓ ગૃહસ્થના વેષમાં કેવળજ્ઞાની થઇને મોક્ષ પામ્યા તે ભરત ચક્રવર્તી વગેરે.

૬. **અન્યલિંગ સિદ્ધ**—જેઓ ગૃહસ્થના તેમજ સાધુના વેષ સિવાય તાપસના વેષમાં કેવળજ્ઞાની થઇને મોક્ષ પામ્યા તે વલ્કલચિરિ વગેરે.

૭. **સ્વલિંગ સિદ્ધ**—જેઓ સાધુના વેષમાં કેવળજ્ઞાની થઈને મોક્ષ પામ્યા તે બધા.

૮. **સ્ત્રીલિંગ સિદ્ધ**—જેઓ સ્ત્રીલિંગે કેવળી થઈને સિદ્ધ થયા તે ચંદનબાળા, સીતાજી વગેરે.

૯. **પુરુષલિંગ સિદ્ધ**—જેઓ પુરુષના લિંગે કેવળી થઈને સિદ્ધ થયા તે શ્રી જંબૂસ્વામી વગેરે.

૧૦. **નપુંસકલિંગ સિદ્ધ**—જેઓ કૃત્રિમ નપુંસક લિંગે કેવળી થઇને સિદ્ધ થયા તે ગાંગેય વગેરે (જન્મથી નપુંસક હોય તેને કેવળ જ્ઞાન ન થાય.)

૧૧. **પ્રત્યેક બુદ્ધ સિદ્ધ**—જેઓ બહારના કોઈ પદાર્થને જોઈ કેવળ જ્ઞાની થઈને મોક્ષ પામ્યા તે કરકંડુ વગેરે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૧૨. સ્વયં બુદ્ધ સિદ્ધ**—જેઓ ગુરુના ઉપદેશ વીના આપમેળે બોધ પામીને મોક્ષ ગયા તે કપિલ વગેરે.

**૧૩. બુદ્ધ બોધિત સિદ્ધ**—જેઓ ગુરૂના ઉપદેશથી બોધ પામીને મોક્ષે ગયા સર્વ તે સામાન્યથી સાધુસાધ્વી.

**૧૪. એક સિદ્ધ**—જેઓ એકાકીપણે મોક્ષે ગયા તે બધા.

**૧૫. અનેક સિદ્ધ**—બે થી માંડીને એકસો આઠ સુધીની સંખ્યામાં જેઓ સાથે મોક્ષે ગયા છે તે બધા.

અત્યાર સુધીમાં અનંતા જીવો મોક્ષે ગયા છે અને ભવિષ્યમાં અનંતા મોક્ષે સિધાવશે.

આ સઘળા સિદ્ધ ભગવંતો ૪૫ લાખ યોજન પ્રમાણ સિદ્ધ-શીલાને વિષે રહેલા છે.

સિદ્ધ-શીલાની લંબાઇ-પહોળાઈ ૪૫ લાખ યોજનની છે અને જાડાઇ એક ગાઉના છઠ્ઠા ભાગ જેટલી (૩૩૩⅓ ધનુષ્ય પ્રમાણ) છે. બન્ને છેડે તે માખીની પાંખ જેવી પાતળી છે. ચત્તા છત્ર જેવો તેનો આકાર છે.

મનુષ્ય ક્ષેત્રનો વિસ્તાર પણ ૪૫ લાખ યોજન પ્રમાણ છે.

લોકના મસ્તક ભાગે આ સિદ્ધશીલા આવે છે.

સર્વકર્મ મુક્ત આત્મા ત્યાં સુધી જ જઇ શકે છે. અલોકમાં નથી જતો કારણ કે ત્યાં ગતિમાં સહાયક ધર્માસ્તિકાયનો સર્વથા અભાવ છે.

સર્વ કર્મ મુક્ત આત્મા એક સમયમાં સિદ્ધશીલા પર પહોંચી જાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સિદ્ધની ઉત્કૃષ્ટ અવગાહના એક ગાઉના છઠ્ઠા ભાગ જેટલી હોય છે. કારણ કે ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા જીવો મોક્ષે જાય છે.**

**સિદ્ધોની જઘન્યથી અવગાહના ૧ હાથ અને ૮ આંગળની હોય છે. કારણ કે જઘન્યથી બે હાથની અવગાહનાવાળા જીવો મોક્ષે જાય છે.**

મોક્ષનું સુખ અનુપમ છે, અવાચ્ય છે. પં. શ્રી વીરવિજયજી મહારાજ ફરમાવે છે કે—

**'તુમ સુખ એક પ્રદેશનું રે,**
**નવિ માવે લોકાલોક......'**

અર્થાત્ સિદ્ધ પરમાત્માના એક પ્રદેશમાં રહેલું સુખ લોકાલોકમાં ન સમાય એવું છે.

માટે શાસ્ત્રો ફરમાવે છે કે અનંત કાળના અનંતા દેવોના સુખને અનંતવાર ગુણીએ, તો પણ તે સુખ સિદ્ધ પરમાત્માના એક પ્રદેશના સુખ જેટલું તો ન થાય પણ તેના અનંતમા ભાગ જેટલું પણ ન થાય.

દેવોને પણ રખડવું પડે છે. જ્યારે સિદ્ધ પદ શાશ્વત છે. ત્યાં ગયા પછી જન્મ નથી, મરણ નથી, ઘડપણ નથી, થાક, નિદ્રા કે કંટાળો નથી.

માટે સિદ્ધ ભગવંતો સર્વથા કૃતકૃત્ય ગણાય છે.

સિદ્ધ ભગવંતો લોકને માથે છે—એ હકીકતને ધ્યાનમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઈને ભદ્રિક જીવોપણ કોઈ તરફના અન્યાયના ભોગ બની જાય છે ત્યારે, તને ઉપરવાળો જોશે, એમ કહે છે.

સિદ્ધો લોકને માથે છે માટે લોક ટકી રહેલ છે.

વડા પ્રધાન વગરનું રાજ્ય હોઈ શકે પણ રાજા કે રાષ્ટ્ર-પ્રમુખ વગરનું રાજ્ય નથી હોતું, તેમ લોકના કોઈ એક ભાગમાં વડાપ્રધાનરૂપ શ્રી અરિહંત ન હોય, તે બને પણ રાષ્ટ્રપ્રમુખરૂપ સિદ્ધ પરમાત્મા તો સદાય હોય જ છે.

માટે લોકમાં કયારેય સર્વથા અરાજકતા નથી પ્રવર્તતી.

આપણા ઉપર શ્રી સિદ્ધ પરમાત્માના ઉપકારો અગાપ છે.

તમે એ તો જાણતા જ હશો કે એક આત્મા જ્યારે સર્વ કર્મ અપાવીને મોક્ષે જાય છે ત્યારે નિગોદની અવ્યવહાર-રાશિમાં રહેલા અનંતા જીવોમાંથી એક જીવ વ્યવહાર-રાશિમાં આવે છે.

એટલે કે આપણને ઊંચે લાવનારા શ્રી સિદ્ધ પરમાત્મા છે, તે શંકા વગરની વાત છે.

એક શાળાના વર્ગમાં ભણતાં બધા જ વિદ્યાર્થીઓ જો નાપાસ થાય, તો નીચલા વર્ગમાં ભણતાં વિદ્યાર્થીઓને પ્રવેશ ન મળે તેમ જો આપણે સર્વ કર્મ અપાવીને મુક્તિ ન પામીએ તો બીજા જીવોની મુક્તિ-પરંપરા અટકી પડે.

મુક્તિ શબ્દ સ્વ-પર સાપેક્ષ છે. તેમાં એક પોતાના જ આત્માની મુક્તિની વાત નથી પણ બીજા જીવોની મુક્તિની વાત પણ સમાયેલી છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે જીવ-જીવનો ઉપકારી ગણાય છે.

હું જ જીવું મને પીડા કરનાર બધા મરી જાઓ-આ મિથ્યા-મતિ જીવને વારંવાર દુર્ગતિમાંલઈ જાય છે. અને જ્યારે તે સમ્યક્ બને છે ત્યારે જીવનો મુક્તિપ્રવાસ શરૂ થાય છે. 'परम्परोपग्रहो जीवानाम्' એ સૂત્ર તેનું પ્રમાણ છે.

માટે જીવનો દ્વેષ કરવો-એ જીવનો સ્વભાવ નથી, પરંતુ જીવને સહાય કરવી-એ જીવનો સ્વભાવ છે.

તમે બસ કે ટ્રેઈનમાં પ્રવાસ કરતા હો ત્યારે જો તે બસ કે ટ્રેઈનમા ભીડ હોય ને તમને બેસવા જેટલી જગ્યા ન મળે તો તમે ત્યાં બેઠેલા પ્રવાસીઓ તરફ કેવો ભાવ રાખો ? શુભ કે અશુભ ?

એવું તો ન વિચારોને કે આ બધા સ્વાર્થી છે, ક્ષુદ્ર છે ?

જો આવો ક્ષુદ્ર વિચાર આવે તો માની લેજો કે એ નિગોદા-વસ્થાનો કુસંસ્કાર છે. શ્રી જિનશાસનના આરાધકને એ વિચાર ડંખવો જોઇએ. એવો ડંખ તે મુક્તિપ્રેમી જીવની પ્રાથમિક લાયકાત છે.

આ દુનિયામાં એવો કોઈ જીવ નથી કે બંધનને ચાહતો હોય. સ્થૂલ બંધન તરફના આ અણગમાને સંસારનાં બંધનો ફગાવી દેવા તરફ વાળવો તે આ માનવ ભવમાં શકય છે.

શાસ્ત્રો કહે છે કે જે જીવની ચાર સંજ્ઞાઓ ( આહાર-નિદ્રા-ભય-મૈથુન યા પરિગ્રહ ) પાતળી છે, તે નિકટભવી જીવ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ચાર સંજ્ઞાઓને પોષતાં તમારી આંખમાં આંસુ આવે છે કે નહિ? કે સ્વાદિષ્ટ રસોઈ જમતાં તમારી જીભમાં પાણી છૂટે છે? મશરૂની તળાઈમાં આળોટતાં આનંદ આવે છે? મોતની વાત સાંભળીને ધ્રૂજારી છૂટે છે? પરિગ્રહ સેવવા જેવો લાગે છે? વિષયસુખ વિષપાન જેવું લાગે છે?

આ પ્રશ્નો તમે દરરોજ તમારી જાતને પૂછો છો કે નહિ? કે પછી શ્વાસોશ્વાસ પૂરા કરવાને જ જીવન સમજો છો?

મુક્તિકામી જીવને તો આ પ્રશ્નો સદા સ્મરણમાં રહે છે અને તે દાન-શીલ-તપ-ભાવ વડે આ ચાર સંજ્ઞાઓને નાબૂદ કરવા પ્રયત્નશીલ રહે છે.

જન્મ લીધા પછી મરવાનું છે, તે નક્કી જ છે તો પછી એ પણ નક્કી કરી લેવું જોઈએ કે મરીને જવું છે ક્યાં?

વર્તમાનકાળે આ ભરતક્ષેત્રમાંથી સીધા મોક્ષે જઈ શકાય તેમ નથી એટલે "મોક્ષની આરાધના કરતા નથી" એવું રખે બોલતા.

મોક્ષપદની આરાધના કદી એળે જતી નથી. તે તમને અહીંથી સીધા મહાવિદેહક્ષેત્રમાં લઈ જવાની તાકાત ધરાવે છે. જો તમારી તે આરાધના નિર્જરાલક્ષી હોય તો.

સંસારીઓ ચર્મચક્ષુવાળા હોય છે. સાધુભગવંતો શાસ્ત્રચક્ષુવાળા હોય છે. સિદ્ધ ભગવંતો ઉપયોગ ચક્ષુવાળા હોય છે.

ઉપમિતિ ભવપ્રપંચા કથાના કર્તાએ સિદ્ધ પરમાત્માને સુસ્થિત મહારાજા કહીને તેમના સહજ પ્રભાવનું અદ્ભૂત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ણન કર્યું છે. અવસરે તે ગ્રંથ–મૂળમાં અથવા તેના ગુજરાતી અનુવાદનો અભ્યાસ કરશો તો તમને જરૂર આત્મ–તત્વની સ્પર્શના થશે. વારે વારે સિદ્ધશીલા તરફ તાકવાનું મન થશે.

સિદ્ધત્વની સાધનાથી ચઢીયાતી બીજી સાધના નથી. કારણ કે સિદ્ધપદથી ઊંચુ બીજું કોઈ પદ નથી. આ પદે પહોંચનાર આત્મા કાળની ફાળમાંથી મુક્ત થાય છે.

દેશવિરતિ સામયિક તેમજ સર્વ વિરતિ સામયિક એ સિદ્ધપદની સાધના સ્વરૂપ છે.

તમે જે કટાસણા પર બેસીને ૪૮ મિનિટનું સામયિક કરો છો, તે કટાસણાને હાલતી ચાલતી સિદ્ધશિલાનો નમૂનો સમજીને જો બેસશો, તો તમને અપૂર્વ આનંદ આવશે. અહીં જેઓને કટાસણા ઉપર કાયા ગોઠવતાં આવડે છે, તેઓ કાળક્રમે સિદ્ધપદને પાત્ર બને છે.

નવે પદમાં સિધ્ધપદ અનુસ્યૂત છે.

સિધ્ધપદના ધ્યાન સિવાય સાધુની સાધુતા ડગુમગુ થવા માંડે છે. આ જ નિયમ બાકીના સર્વપદોને પણ લાગુ પડે છે.

શ્રી સિધ્ધ પરમાત્માનો વર્ણ લાલ છે.

આ વર્ણ આત્માની લાલિમાનો સૂચક છે.

ઉષાના કુમકુમ પગલે સૂર્યનું આગમન થાય છે, તેમ આ વર્ણે ધરાતું સિધ્ધ પરમાત્માનું ધ્યાન આત્માને કુંદન જેવો શુધ્ધ બનાવે છે.

૪

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાલ વર્ણ સ્વભાવે દાહક છે.

ધગધગતો લાલ અંગારો કાષ્ઠને બાળી નાંખે છે, તેમ લાલ વર્ણે કરાતુ સિદ્ધનું ધ્યાન કર્મ રૂપી કાષ્ઠને બાળી નાંખે છે.

આરાધનાના આ ઉત્કૃષ્ટ દિવસોમાં આરાધક આત્માએ, વિરાધનાથી બચવાની ખાસ કાળજી રાખવી.

જીવન આરાધના માટે છે, એ સત્યમાં મતિને સ્થિર કરવા માટે સદા સુસ્થિર એવા સિદ્ધ પરમાત્મા સાથેનો સંબંધ સુદૃઢ બનાવવા માટે જીવનનો ઝોક સિદ્ધશિલા તરફ રાખશો, તો જીવને સંસાર તરફ ઝુકાવનારી કર્મની સત્તાને તમે ધર્મના ચરણોમાં ઝૂકાવી શકશો.

ધર્મ સ્થિર છે, કર્મ અસ્થિર છે–એ ન ભૂલશો. માટે સ્થિર એવા ધર્મની આરાધના જીવને શિવ બનાવી શકે છે, સુસ્થિર બનાવી શકે છે, સુસ્થિત મહારાજા બનાવી શકે છે.

ક્રોધ અસ્થિર છે, ક્ષમા સ્થિર છે, માટે ક્રોધ કરનારને આખરે ક્ષમાના આશરે જવું પડે છે.

ગમે તેવો માણસ સળંગ આઠ કલાક ક્રોધ નહિ કરી શકે જ્યારે ક્ષમા ધારણ કરીને સળંગ ૮ કે ૮૦ વર્ષ સુધી સુંદર જીવન જીવી શકે છે.

આ હકીકત એમ સૂચવે છે કે ક્ષમાદિ ગુણો સેવવા જેવા છે. ક્રોધાદિ દોષો જેમ બને તેમ તરત છોડવા જેવા છે. તે માટે આત્માને સેવવો પડે કારણ કે ક્ષમાદિ સર્વ ગુણોનો વાસ આત્મામાં છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માને સેવવા માટે પરમાત્માની સેવા કરવી પડે.

આત્મા જ્યાં સુધી પોતાના પરમ વિશુધ્ધ સ્વરૂપના ધ્યાનને પકડતો નથી, ત્યાં સુધી તે મોહ–અજ્ઞાન–મિથ્યાત્વ આદિની પકડમાંથી છૂટી શકતો નથી.

એટલે જેઓ આઠેય કર્મોનો સમૂળ ઉચ્છેદ કરીને પરમાત્મા બન્યા છે, તે સિધ્ધ ભગવંતોની ભક્તિ કરવી જ પડે.

સાચા ભાવપૂર્વકની એ ભક્તિ અચૂક ફળે છે. મુક્તિ તેનું ફળ છે.

આ બીજા પદની વીધિ બહુમાનપૂર્વક આરાધના કરીને હસ્તિપાળ રાજાએ તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.

## હસ્તિપાળ રાજાની કથા

આ ભરતક્ષેત્રમાં આવેલા સાકેતપુર નગરમાં હસ્તિપાળ નામે પરાક્રમી રાજા રાજ્ય કરતા હતા. પરાક્રમી આ રાજા ન્યાયનિપુણ હતા. તેથી તેની પ્રજા પણ ન્યાયનું પાલન કરીને સુખમાં જીવતી હતી.

આ રાજાને ચૈત્ર નામનો મંત્રી હતો. સુતીક્ષ્ણ બુધ્ધિવાળા આ મંત્રીને એક વાર રાજ્યના કામે ચંપાપુરીમાં જવાનું થયું.

ચંપાપુરીના રાજા ભીમ સાથે અગત્યની વાતચીત કરીને મંત્રી નગરીની શોભા જોવા નીકળ્યા.

નગરીમાં ફરતાં મંત્રીની નજર મનોહર એક જિનાલય પર ઠરી. થનગનતા હૈયે મંત્રી જિનાલયમાં દાખલ થયા. શ્રી વાસુ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્ય સ્વામીની પ્રશમરસ ઝરતી પ્રતિમાનાં દર્શન કરીને મંત્રીએ અપૂર્વ આનંદ અનુભવ્યો.

તમે પણ બહારગામ જાઓ ત્યારે ત્યાંના જિનાલયોને જુહારવાની ટેવ પાડશો, તો તેનાથી તમારા આત્માને મોટો લાભ થશે.

ભાવથી જિન–સ્તવના કરીને મંત્રી જિનાલય બહાર નીકળીને પાસેના ઉપાશ્રયમાં બિરાજતા ધર્મઘોષ નામના મુનિરાજને વાંદવા ગયા.

દેવની ભક્તિની જેમ ગુરુ વંદન પણ એટલું જ ઉપકાર છે.

જ્ઞાનોપયોગથી મંત્રીની પાત્રતા પારખીને મુનિરાજે ઉપદેશ આપતાં ફરમાવ્યું કે–ખારા આ સમુદ્રમાં મીઠા જળની સરવાણી પુણ્યશાળી જ પ્રાપ્ત કરી શકે છે. આ મીઠું જળ તે શ્રી વિતરાગ કથિત ધર્મ છે. ખારું જળ તે મોહમાયાનો વિસ્તાર છે. જીવદયા પાળવાથી ધર્મનું પાલન થાય છે. જીવની વિરાધના એ અધર્મ છે. જીવદયા પાળવાથી આત્માના પરિણામ નિર્મળ થાય છે. તેથી તે કર્મની નિર્જરા કરીને છેવટે સિદ્ધ પદને પામે છે.

મંત્રીએ પૂછયું, હે, કૃપાળુ! સિદ્ધદશા કોને પ્રાપ્ત થાય છે અને ત્યાં કેવું સુખ હોય છે?

જે આત્મા સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધના દ્વારા આઠે કર્મોનો સમૂળ ક્ષય કરે છે, તે સિદ્ધ દશાને પામે છે. ત્યાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે સુખ છે તે વર્ણવી શકાય એવું નથી. કારણ કે વર્ણન કરવા માટે મળેલી જીભ, બુદ્ધિ વગેરેથી તે પર છે.

સમુદ્ર તટે ફરવા ગયેલા બાળકને તેની માતાએ પૂછ્યું, બેટા, સમુદ્ર કેવડો મોટો હતો ? ત્યારે તે બાળક બે હાથ પહોળા કરીને એટલું જ બોલ્યો કે, મા ? ન કહેવાય તેવડો મોટો.

અનંત જ્ઞાનીઓ આ રીતે સિધ્ધ પદના સુખને ઓળખાવે છે પણ વર્ણવી શકતા નથી. લોકોત્તર આસ્વાદનું વર્ણન જો થઈ શકતું હોય. તો માનવું એ પદાર્થ લોકોત્તર નથી પણ લૌકિક છે. આખા શરીરમાં વ્યાપી ગયેલા ઝેરને અમૃતનું એક બિંદુ દૂર કરી નાંખે છે, તેમ સિદ્ધ પરમાત્માનું ધ્યાન કરવાથી જીવોનાં અનેક ભવોના બાંધેલાં કર્મો ભસ્મીભૂત થઈ જાય છે. ધગધગતો અંગારો કાષ્ઠને ભસ્મીભૂત કરી નાંખે છે, તેમ સિદ્ધ પરમાત્માના ઉપયોગમાં રહેનારો આત્મા પણ સર્વકાળનાં સંચિત કર્મોને ભસ્મીભૂત કરીને સિદ્ધ બને છે. માટે તમે પ્રમાદમાં સમય ગુમાવ્યા સિવાય સિધ્ધપદની આરાધનામાં રસ કેળવો.

ગુરુના ઉપદેશથી મંત્રીનું હૃદય પલળ્યું. પરિણામ કૂણા પડયા. આત્મા સમજાયો એટલે તેમણે ગુરુ પાસે શ્રાવકનાં ૧૨ વ્રતો અંગીકાર કર્યાં અને પુનઃ ગુરુને વંદન કરીને પોતાના સ્થાને ગયા.

સાકેતપુર પાટણમાં પાછા ફરીને મંત્રીએ ભીમ રાજા સાથે થયેલી વાતચીતથી હસ્તિપાળ રાજાને વાકેફ કર્યા. મંત્રીની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામગીરીથી સંતુષ્ટ થઈને રાજાએ પૂછયું, રાજકાજ સિવાય બીજું કોઈ કામ તમે ત્યાં કર્યું હોય તો તે જણાવો.

આમેય મંત્રી પોતાને અનુભવ વર્ણવવા માટે ઉત્સુક હતા જ. રાજાની પૃચ્છાએ તે ઉત્સાહને વધારી દીધો. તેથી કોઈ અણમોલ ખજાનાની પોતાને પ્રાપ્તિ થઈ હોય તેવા હાવભાવ સાથે મંત્રીએ રાજાને જણાવ્યું. હે, નરદેવ ! ચંપાપુરી તો ચંપાપુરી જ છે. ત્યાં ત્રૈલોકયપ્રસાદ નામનું ગગનચુંબી જે જિનાલય છે, તેની શોભાનો પાર નથી. ગગનમાં ઉડતી તેની ધજા, જીવોને ફેરા થઈને ઊંચે ઉડવાની પ્રેરણા આપે છે. તેમાં મૂળનાયકજી તરીકે શ્રી વાસુપૂજ્ય સ્વામીની પદ્મવર્ણી પ્રતિમા પ્રતિષ્ઠિત છે. તે પ્રતિમાના દર્શન કરવાથી મને અપાર આનંદ થયો છે. તેમજ મારું પુણ્ય એટલું બધું વધી ગયું કે જિનાલયની બહાર નીકળતાં જ મને સુગુરુના દર્શનનો જોગ થયો. તેમણે મને અમૃત સમા મીઠા આત્માનો નેહ લગાડયો. જીવદયા પાળવાનો ઉપદેશ આપ્યો. અને તેનાથી પ્રભાવિત થઈને મેં શ્રાવકના ૧૨ વ્રતો અપૂર્વ ઉત્સાહથી અંગીકાર કરી લીધાં. હે, રાજાધિરાજ ! ચંપાપુરીના ફેરાએ મારા ભવોના ઘણા ફેરાને ટૂંકા કરી નાંખ્યા છે, એમ મને લાગે છે.

મંત્રીના ભક્તિભીના શબ્દો સાંભળીને રાજા ઘણા ખુશ થયા. પ્રમોદભાવ વ્યક્ત કરવાં તેમણે કહ્યું, જે મુનિવરના ઉપદેશ વડે તમે કૃતાર્થ થયા, તે શ્રી ધર્મઘોષ મુનિવર મને કયારે દર્શન દેશે ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંત્રીએ કહ્યું, સાચાહ્રદયની ભાવના જરૂર ફળે છે, તે નિયમાનુસાર આપને પણ શાસનપ્રભાવક તે મુનિરાજના દર્શનનો જોગ જરૂર થશે–એમ મારું અંતઃકરણ કહે છે.

રાજવૈભવ વચ્ચે પણ રાજાના હૈયામાં મુનિદર્શનની તાલાવેલી વાદળ વચ્ચે પ્રકાશતા સૂર્યની જેમ તગતગતી હતી-

પ્રશસ્ત તે તમન્નાના પ્રભાવે કહો કે ધર્મના પ્રભાવે કહો પણ અલ્પ કાસમાં શ્રી ધર્મઘોષ મુનિવર પોતાના શિષ્યો સાથે સાકેતપુરનાં ઉદ્યાનમાં પધાર્યા.

દેવ અને ગુરુના દર્શન-વંદનની આવી તાલાવેલી તમને રહ્યા કરે છે ખરી કે પાસે છે માટે સસ્તા લાગે છે? પાસે છે તે તમારું પુણ્ય છે માટે તેનો લાભ તમારે બેવડા ઉત્સાહથી લેવો જોઈએ અને દેવગુરુ રહિત નરકાદિના જીવો જેવી સ્થિતિની પુનઃ પ્રાપ્તિથી બચવું જોઈએ.

પ્રભુપદના સાધક મુનિરાજની પધરામણીના શુભ સમાચાર મળતાંની સાથે સઘળાં રાજકાજ પડતાં મૂકીને રાજા પોતાના મંત્રીની સાથે મુનિરાજને વાંદવા ગયા.

અનેક રાજાઓને પોતાના ચરણોમાં ઝૂકાવનારા હસ્તિપાળ રાજાએ ધર્મઘોષ મુનિરાજના ચરણોમાં પોતાનું મસ્તક ઝુકાવ્યું અને વિધિપૂર્વક વંદન કર્યા.

ગુરુવંદન કરીને રાજા અને મંત્રી પોતપોતાના સ્થાને બેઠા એટલે મુનિરાજે પોતાનો ધર્મ સમજીને તેમને તથા ત્યાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપસ્થિત જનોને ઉદ્દેશીને કહ્યું, ભારોભાર પાપ અને પરવશતાથી ખદબદતા આ સંસારમાં સબડવું એ કાયરતા છે. છૂટી જનારી કાય સાથે વળગેલી માયાને કાયમ રહેનારા આત્મા તરફ વાળવી તેમાં વિવેક તેમજ વીરતા છે. નજર કરો ઉપર સિધ્ધશિલા તરફ! ત્યાં અનંતા આત્માઓ અક્ષય અવ્યાબાધ સુખનો સહજ અનુભવ કરી રહ્યા છે. તે સુખના ભોગવટામાં કોઈ પણ જીવને સહેજ પણ દુઃખ પહોંચતું નથી. માટે તેને સાચું સુખ કહ્યું છે.

સંસારના કહેવાતા સુખો કાચાં છે. પરાધીનતાને પોષનારાં છે. બીજા જીવોને દુઃખી કરનારા છે. માટે તેવાં સુખોના શિખરે મહાલતા ચક્રવર્તીને પણ તેનો ત્યાગ કરીને દીક્ષા લેવાનું મન થાય છે.

જો સંસાર ખરેખર સુખરૂપ હોત, તો શ્રી તીર્થંકર દેવોએ તેનો ત્યાગ કરીને સિધ્ધપદની સાધનાનો ઉપદેશ ન આપ્યો હોત.

આત્મા માટે જે ખરેખર સુખરૂપ નથી, તે સુખ નથી પણ સુખાભાસ છે. છાયાને પકડવાથી પુરુષ યા પદાર્થ ન પકડાય તેમ આવાં સુખોથી આત્મા સુખી ન થાય.

આત્માનું સુખ આત્મામાં છે, આત્માની બહાર નથી. એટલે સાચા સુખની શોધ ત્યાં કરવાની છે પણ બહાર કરવાની નથી. જો સ્થૂલ સુખો આત્માને સુખી કરી શકતાં હોય, તો આત્મા કદી ઉપાસ્ય ન ઠરે પણ આત્મા જ ઉપાસ્ય છે, એમ સર્વ સત્‌શાસ્ત્રો એકી અવાજે કહે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે તમે પણ આત્માની ઉપાસના શરૂ કરો એવી શાસ્ત્રની ભલામણ છે. આત્માની ઉપાસના પરમાત્માની ભક્તિ કરવાથી થાય છે. તેથી જ આત્મા પોતામા શુધ્ધ સ્વરૂપને પામવાને લાયક બને છે.

હું જન્મી-જન્મીને થાકયો-એવી લાગણી તમને થાય છે ખરી ?

થતી હોય તો તમે ભાગ્યશાળી, ન થતી હોય તો આત્માના સ્વરૂપનો વિવેકપૂર્વક વિચાર કરશો, તો તે લાગણી જરૂર જાગશે. કારણ કે આત્મા સ્વ-સ્વભાવે અજન્મા છે-તે વાતને વિચારમાં સ્થિર કરવાથી તેના તે સ્વભાવનો પ્રભાવ તમારા વિચારો ઉપર પડશે અને તે તમને સિધ્ધપદની આરાધનાની લગની લગાડશે.

'नमो सिद्धाणं' પદથી સિધ્ધ પદની આરાધના થાય છે.

સિધ્ધપદ એ આત્માનું ઊંચામાં ઊંચુ પદ છે. લૌકિક ઉચ્ચ પદે પહોંચનારાને પણ આખરે તે પદ છોડીને મૃત્યુને આધીન થવું પડે છે, તેમજ વિવિધ યોનિઓમાં ભટકવું પડે છે. જ્યારે આ લોકોત્તર સર્વોચ્ચ પદે પહોંચનારને કાળ પણ કંઇ કરી શકતો નથી, કારણ કે કાળને કંઈ કરવાની કારી ફાવે એવું એક પણ કર્મ મુક્તાત્મામાં અવશેષ હોતું નથી.

આ સાંભળીને હસ્તિપાળ રાજાએ વિનયપૂર્વક પૂછ્યું; હે ગુરુ મહારાજ ! આ મનુષ્ય ક્ષેત્રમાં કયે સ્થળેથી ઘણા જીવો સર્વ કર્મ ખપાવીને મોક્ષે ગયા છે ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરુ મહારાજે કહ્યું, શ્રી અષ્ટાપદજી, શ્રી સમેત શિખર, શ્રી ગિરનારજી, શ્રી શત્રુંજય ગિરિરાજ વગેરે સ્થળેથી અનેક જીવો મોક્ષે ગયા છે, અને તેમાંય શ્રી શત્રુંજય તીર્થાધિરાજની સ્પર્શનાના યોગે ઘણા-ઘણા જીવો મોક્ષે ગયા છે, માટે તેને સિધ્ધક્ષેત્ર એવું યથાર્થ નામ પણ આપ્યું છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે શ્રેષ્ઠ સામગ્રીયુક્ત માનવભવ મળ્યો છે, તો તેનો ઉપયોગ સર્વશ્રેષ્ઠ સિધ્ધપદની આરાધના માટે કરો. સિધ્ધપદની આરાધનામાં શ્રી તીર્થંકર પરમાત્માની (સવિ જીવ કરું શાસનરસીની ઉત્કૃષ્ઠ ભાવનાની) આરાધના છે.

જડ કર્મોના સંગે આત્મા નીચે પડે છે. તે જ આત્મા કર્મમુક્ત થઈને સર્વોચ્ચ શ્રેષ્ઠતા પામે છે.

કોઇ પોતાને નીચ કહે તે કોઈ માણસને નથી, ગમતું તો નીચ કર્મોનો સંગે છોડી દઇને સાચી ઉચ્ચતા બતાવવાનો પુરુષાર્થ શરૂ કરવો જોઈએ.

આ પુરુષાર્થને મોક્ષ-પુરુષાર્થ કહે છે. હું સિધ્ધ પદનો ઉમેદવાર છું-એ સંસ્કારને સતત અભ્યાસથી દઢ બનાવતા રહેશો તો સંસાર તમને નહીં સાંખી શકે.

બળબળતા રણમાં મીઠા જળની વીરડી સમાન આ ઉપદેશ સાંભળીને હસ્તિપાળનો આત્મા સિધ્ધ પદની આરાધના કરવા માટે થનગની ઊઠયો. પોતાના મંત્રી તથા પ્રજાજનોની હાજરીમાં ઉભા થઈને તેમણે ગુરુ મહારાજ પાસે બીજા પદની વિધિપૂર્વકની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આરાધના કરવાનો નિયમ અંગીકાર કર્યો. નિયમ અંગીકાર કરતી વખતે તેમનું આખું શરીર હર્ષથી પ્રફુલ્લિત બની ગયું.

જ્ઞાનગર્ભિત વૈરાગ્યનું આ પ્રધાન લક્ષણ છે. માટે ત્રણે પ્રકારના વૈરાગ્યમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય શ્રેષ્ઠ ગણાયો છે અને આવો વૈરાગ્ય તેને ધારણ કરનારા આત્માના શ્રેષ્ઠત્વને સૂચવે છે.

એક ચંદ્ર જેમ ઘણા અંધકારના સમૂહનો નાશ કરે છે તેમ શ્રી જિનેશ્વર દેવનો એક સાધુ આ જગતમાં ચન્દ્રથીયે ચઢીયાતો છે. તેની હાજરી માત્રથી ઘણાં પાપ અટકી પડે છે, તેમજ ઘણા જીવોને સાક્ષાત્ તેમજ પરંપરાએ ઘણો મોટો આત્મ-લાભ થાય છે.

માટે મોહની સેના સામે જંગે નીકળેલા સિદ્ધમાર્ગના સાધુની નિશ્રાનો લાભ લેવામાં પ્રમાદ ન કરવાની ભલા-મણ છે.

ગુરુના સદુપદેશથી આત્માને પોતાનો દેશ માનીને તેમાં વિચરતા રાજા હસ્તિપાળને શ્રી શત્રુંજય મહાતીર્થ વગેરે તારક તીર્થોની યાત્રા કરવાની ભાવના થઇ.

ચૈત્ર મંત્રીને સાથે લઇને રાજાતીર્થ યાત્રાએ નીકળ્યા. ખૂબ ભાવપૂર્વક યાત્રાઓ કરી. શ્રી સિદ્ધાચલ તીર્થની સ્પર્શનાથી તેમના હૃદયની કળીએ કળી વિકસીત બની ગઈ. શરીર અને તેને વળ-ગેલી માયા તેમને ધૂમાડાના ગોટા જેવી લાગી. આત્મા તેમને પૂર્ણચન્દ્ર જેવો પ્રત્યક્ષ થયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ધન્ય પળે તેમણે પોતાના મંત્રીને કહ્યું. આ ગિરિરાજની સ્પર્શના પછી મારો આત્મા ઊંચે જવા માટે થનગની રહ્યો છે. ધન્ય છે તે આત્માઓને કે જેઓ આ મહાતીર્થની યાત્રા કરવાને બડભાગી બન્યા છે.

ત્રણ લોકમાં જેનો જોટો નથી એવા અજોડ શ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રા કરતી વખતે તમને કેવા ભાવ સ્પર્શે છે? ઊંચે જવાના કે નીચે પડવાના ?

શ્રી આદિશ્વર દાદા ઊંચે બેઠા છે. એટલે ઊંચે જનારને તેમનાં દર્શન થાય છે. ઊંચે ચઢવામાં શ્રમ તો પડવાનો જ પણ એ લેખે છે. તો એવું કયું સાંસારિક કાર્ય છે કે જે શ્રમ વગર તમે કરી શકતા હો? પણ તમારો એ શ્રમ વ્યર્થ છે. એટલું જ નહિં પણ આત્માનું અહિત કરનારો છે. તમને આત્મભાવથી વધુ દૂર ધકેલનારો છે.

તીર્થયાત્રાથી હળવા બનેલા હસ્તિપાળ રાજાના આત્માને રાજવૈભવ બોજારૂપ લાગવા માંડયો.

એટલે રાજ્યનો ભાર ઉત્તરાધિકારીને સોંપીને તેમણે ગુરૂ પાસે સિદ્ધપદદાયિની ભાગવતી દીક્ષા અપૂર્વ ઉમંગપૂર્વક અંગીકાર કરી. ચૈત્ર મંત્રીએ પણ તેમની સાથે દીક્ષા લીધી.

હવે વિચારો કે સાચા એક સાધુના સમાગમથી જીવને કેટલો મોટો લાભ થાય છે!

માટે જ સત્સંગનો મહિમા અપરંપાર છે એમ કહેવાયું છે. આત્માને આત્માના ઘરની દિશા આત્મવિહારી મહાત્મા જ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચીંધી શકે છે અને તે દિશા–ચીંધણું એટલું સચોટ હોય છે કે તે પછી તે જીવને સંસાર પોતાનો કેદી બનાવવામાં સફળ થતો નથી.

દીક્ષાનું નિરતિચારપણે પાલન કરતા હસ્તિપાળ રાજર્ષિ નિશ્ચયથી આત્મા જેવો છે, તેવો ભાવ પોતાના આત્માને આપવા લાગ્યા. જેને ભૂખ લાગે તે આત્મા નહીં, જેને ઊંઘ આવે તે આત્મા નહીં, જેને થાક લાગે તે આત્મા નહીં—આ પ્રકારની સમ્યગ્ વિચારણામાં તેઓ દિનરાત રમણતા કરવા લાગ્યા, એટલે ગોચરી–પાણી, અલ્પકાળની પણ નિદ્રા વગેરેમાં તેમને મુદ્દલ રસ ન રહ્યો. પરંતુ તેમાં તેમને પ્રગટ પરાધીનતાનો દુઃખદ અનુભવ થવા લાગ્યો.

પણ એક વાત યાદ રાખજો કે તથાપ્રકારના વ્યવહાર વગરનું કેવળ નિશ્ચયનું તત્ત્વજ્ઞાન તારકન થી નીવડતું પણ ઉઘાડા અગ્નિની જેમ દાહક–મારક નીવડે છે.

આત્મા નિશ્ચયથી જેવો છે, તેવો નિશ્ચય જેનો હોય છે, તે વ્યવહારમાં પણ એ જ રીતે વર્તતો હોય છે. જેનાં વર્તનમાં દાન –શીલ–તપ અને ભાવરૂપ ધર્મ ખરેખર ઓતપ્રોત હોય. આત્મા નથી ખાતો માટે તપ બિનજરૂરી છે એવી સમજ મિથ્યાત્વના ઘરની છે. આત્માનો સ્વભાવ અનાહારી છે, માટે જ બાહ્ય તેમજ અભ્યંતર તપ જરૂરી છે.

પાંચ મહાવ્રતોનું જીવની જેમ જતન કરતા હસ્તિપાળ મુનિ, ગુરૂની આજ્ઞા લઈને સિદ્ધ પરમાત્માની મૂર્તિના દર્શન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા માટે શ્રી સમેતશિખર તીર્થ તરફ ચાલ્યા. તેમની દર્શનાતુરતા એટલી બધી વધી ગઈ હતી કે તેમણે વિહારમાં જ અભિગ્રહ કર્યો કે સિદ્ધ પરમાત્માની મૂર્તિના દર્શન કર્યા પછી જ મારે આહાર વાપરવો.

લીધેલા અભિગ્રહને યથાર્થપણે પાળવા માટે ઉચ્ચ આત્મ-બળની જરૂર પડે છે, ત્યાં દેહમૂર્છાને નામશેષ કરી નાંખવી પડે છે.

અભિગ્રહ લઈને શ્રી સમેતશિખર મહાતીર્થ તરફ આગળ વધતા હસ્તિપાળ મુનિના આત્મબળની દેવેંદ્રે દેવસભામાં પ્રશંસા કરી. દેવપદના અભિમાનમાં રાચતા એક દેવને આ પ્રશંસા અતિશયોક્તિભરી લાગી.

એટલે તે મુનિરાજની પરીક્ષા કરવા માટે ત્યાં આવી પહોંચ્યો. તેણે મુનિરાજને આહાર વાપરવાની વૃત્તિ થાય તેવા અનેક ઉપસર્ગો કર્યા, છતાં આત્માના પક્ષકાર મુનિને તે ચલાયમાન ન કરી શકયો.

આત્માના મૂળ ગુણોમાં રમણતા કરવારૂપ ધર્મની આરા-ધના જ્યારે આત્માને સ્પર્શે છે ત્યારે આવી અચળ સ્થિતિ આરાધક પ્રાપ્ત કરી શકે છે. પછી તેને પ્રલયનાં તોફાન પણ આત્મભ્રષ્ટ નથી કરી શકતાં. તેને જ આત્માની સમ્યગ્ ઉપલબ્ધિ કહે છે એટલે શ્રી માનતુંગસૂરિએ શ્રી ભક્તામર સ્તોત્રમાં ગાયું છે કે 'त्वामेंव सम्यगुपलभ्य जयन्ति मृत्युं....'

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે જ આત્મબલી હસ્તિપાળ મુનિરાજને ડગાવવામાં દેવનું દૈવત નિષ્ફળ નીવડયું.

એટલે તે હવે વિનીત ભાવે મુનિરાજના ચરણોમાં ઝૂકીને ક્ષમાની યાચના કરી.

ક્ષમાવંત મુનિરાજને તો અગાઉ પણ દેવ તરફ ક્રોધ હતો નહિ અને અત્યારે પણ શુદ્ધ સ્નેહ હોઈને તેમણે તેને સમશાવે ક્ષમા બક્ષી પછી દેવ સ્વર્ગમાં પાછો ફર્યો.

કોઈ દેવ પૌષધ યા સામયિકમાં યા તમે શ્રી નવકારની માળા જપતા હો તો ત્યારે સર્પ યા વીંછીનું રૂપ ધારણ કરીને તમારી કસોટી કરવા આવે તો તમે તે સમયે તે પ્રકારની આરાધનામાં અડગ રહો કે બેબાકળા બનીને આરાધનાને છોડી દો ?

પ્રતિક્રમણમાં કયારેક કોઈ આરાધકના શરીર પર એકાદ ભમરી બેસી જાય છે તો તે ભાઈ હું અત્યારે સામાયિકમાં છું તે ભૂલી જઈને સાવદ્ય વ્યાપારમાં જોડાઈ જાય છે.

આત્માર્થીને આવો ભય ન છાજે.

નિર્ભયતાને પ્રાપ્ત મુનિરાજ અપ્રમત્તપણે વિહાર કરતા આખરે શ્રી સમેતશિખર મહાતીર્થે પહોંચ્યા. ત્યાં રહેલ સિદ્ધ પરમાત્માઓની પ્રતિમાને ખૂબ ભાવપૂર્વક વંદન કર્યા પછી તપનું પારણું કર્યું.

નાનો-મોટો નિયમ લેતાં પહેલાં વિચાર કરવો તે હજી બરાબર છે પણ નિયમ લીધા પછી તેના પાલનમાં શિથિલતા સેવવી તે બરાબર નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિયમના પાલન વડે જ માનવી, મહામાનવ બની શકે છે. નિયમ વગરનું જીવન, આકૃતિએ માનવ જેવા માનવને કૃતિએ પશુ બનાવે છે.

પંચાચારનું રૂડી રીતે પાલન કરતા હસ્તિપાળ મુનિરાજ, આયુષ્ય પૂરું થતાં કાળ કરીને બારમા અચ્યુત નામના દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

ચૈત્રમંત્રી પણ સાધુપણાનું શ્રેષ્ઠ રીતે પાલન કરતા કરતા આયુષ્યનો ક્ષય થતાં કાળ પામીને તે જ દેવલોકમાં ઉત્પન્ન થયાં, પણ હસ્તિપાળ મુનિરાજનો આત્મા અધિક યોગ્ય હોઈને તેમણે કરેલી સિદ્ધપદની ઉત્કૃષ્ટ પ્રકારની આરાધનાના પ્રભાવે તેમણે તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું એટલે દેવલોકનું આયુષ્ય પૂરુ થયે મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર થઈને મોક્ષે સિધાવશે અને મંત્રીનો આત્મા તેમના ગણધર થઇને કેવળજ્ઞાન પામીને મોક્ષને વરશે.

તાત્પર્ય કે આરાધનાનું પદ ઉત્કૃષ્ટ હોય અને એવા જ ઉત્કૃષ્ટ ભાવે તે પદની આરાધના થાય, તો તે આરાધના આરાધકને ઉત્કૃષ્ટ પદ આપે જ આપે.

શ્રીપાળ અને મયણસુંદરીના આત્મામાં નવપદ કેવાં ઓતપ્રોત હતાં તેનો રાસ તથા કથા ચૈત્ર અને આસો માસની શાશ્વતી ઓળીના દિવસોમાં તમે સાંભળો છો તેમજ તે વાંચવા-વંચાવવાનો આપણે ત્યાં સુસંસ્કાર છે, તે ઘણો લાભદાયી છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનો સાર પણ એજ છે કે નવપદમાં નિજ આત્માને જાણો તેમજ માણો. તેમજ નિજ આત્મામાં નવપદને જાણો તેમજ માણો.

શ્રી નવકાર પણ નવપદમય છે.

શ્રી સિધ્ધચક્ર પણ નવપદમય છે.

એક મંત્રરૂપ છે.

બીજો યંત્રરૂપ છે.

માટે શ્રી નવકારના જાપ જેટલુ ઉપકારક શ્રી સિધ્ધચક્રનું ધ્યાન નીવડે છે.

અર્ધ મિલિત નયને હૃદય ઉપર કે નાભિકમળ ઉપર નજર કરવાની ટેવ પાડવાથી આત્મા નજરમાં આવે છે. એટલે તે-તે પ્રદેશમાં શ્રીનવકારના અક્ષરોને યા સિદ્ધચક્ર યંત્રને સ્થાપન કરવાની શાસ્ત્રની ભલામણ છે.

મહાસતી મયણાનું સમ્યકૃત્વ મધ્યાહ્નના સૂર્ય સમું ઝગારા મારતું હતું, તે હકીકત સાંભળીને આપણને હર્ષ થાય છે.

શાસ્ત્રો કહે છે કે સુદેવ-સુગુરુ અને સુધર્મની સાચા ભાવથી ભક્તિ કરનાર આત્મા એવા જ્વલંત સમ્યકૃત્વને પામી શકે છે.

મને સુખની જે કાંઈ સામગ્રી મળી છે, તે ધર્મના પ્રભાવે મળી છે. પણ આવી અચલ ધર્મનિષ્ઠા વ્યક્ત કરતાં કદાચ કોઈ મોટું કષ્ટ આવી પડે, તો મયણાસુંદરી જેવી અડગતા તે સમયે રાખી શકો, તો જ કહી શકાય કે તમે પાકા ધર્મનિષ્ઠ છો.

૫

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મ સંજોગે દુઃખ આવે ત્યારે રોવા બેસે, તે શ્રેષ્ઠ કોટિનો આરાધક ન ગણાય. શ્રેષ્ઠ કોટિનો આરાધક આત્મા તો સુખ-દુઃખ વચ્ચે સમતોલ રહે, એક સરખા પરિણામવાળો રહે, તો જ માની શકાય કે ધર્મનો આરાધક છે. આત્માના શુદ્ધ સ્વભાવનો સાચો ચાહક છે.

ક્રોધે ભરાયેલા રાજવીપિતાએ પુત્રી મયણાને કોઢીઆ કુંવર સાથે પરણાવીને વળાવી દીધી, તો પણ એ મહાસતીના મનના કોઈ ભાગમાં પિતા પ્રત્યે દુર્ભાવ ન જાગ્યો, દ્વેષભાવ ન જાગ્યો, તુચ્છ પ્રકાર નો કોઈ ભાવ ન જાગ્યો, તે શું સૂચવે છે?

એ જ કે મહાસતી ધર્મનાં સાચાં રાગી હતાં. ધર્મની અચિન્ત્ય શક્તિમાં સંપૂર્ણ નિષ્ઠાવાળા હતાં. ધર્મ આગળ કર્મ બિચારું છે—એ સત્યને પચાવી ચૂકેલાં હતાં.

માટે લાખો વર્ષનાં વહાણાં વાવા છતાં શ્રીપાળ અને મયણાસુંદરીના નિષ્કલંક ચારિત્રનું તેજ એવું ને એવું ઝળહળી રહ્યું છે. તેમજ ભવભીરૂ આત્માઓને શ્રીનવપદની આરાધનાનો બોધ આપી રહ્યું છે.

શ્રી સિદ્ધચક્ર યંત્રમાં જે નવપદ પ્રતિષ્ઠિત છે, તે સર્વથા ગુણમય છે, શુદ્ધ ગુણમય છે અને તે જ ગુણો આત્મામાં રહેલા છે, માટે સિદ્ધચક્રનું ધ્યાન કોઈ પણ આરાધક આત્માને માફક આવે છે.

બીજા સિદ્ધપદની આરાધનામાં વેગ લાવવા માટે હંમેશા 'નમો સિદ્ધાણં" પદના જાપપૂર્વક શ્રી સિદ્ધ ભગવંતોના ઉપકારોનું સ્મરણ-મનન કરવું જોઈએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનંતા સિદ્ધોના અનંતા ઉપકારોનું ઋણ આપણા માથે છે– એ ઋણ ચૂકવવાનો એક જ ઉપાય આપણે સર્વ કર્મો ખપાવીને સિદ્ધ બનીએ તે છે.

આ સંસારનું કોઈ પણ સુખ કોઈ પણ જીવને એક સરખું સુખકર પ્રતીત થતું નથી. આજની યુવાનીનું સુખ ઘડપણ આવતા કરમાઈ જાય છે. અને આ નિયમ સંસારના સર્વ સુખોને લાગુ પડે છે માટે અહિંના કોઈ પણ સુખને શ્રી જિનેશ્વર દેવોએ સુખરૂપ નથી કહ્યું પણ સંસારને દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખની પરંપરા સર્જનારો કહીને તેનો ઉચ્છેદ કરી દીધો છે.

જ્ઞાનીઓ કહે છે કે આત્માનું સુખ ચાખ્યું નથી ત્યાં સુધી જ જીવને પુદ્ગલનું સુખ મીઠું લાગે છે.

હાડકું ચાટતા કૂતરાને નિર્જીવ હાડકું કોઈ સુખ આપી શકતું નથી પણ તે હાડકું ચાવતી વખતે તેના મોમાં જે લાળ છૂટે છે, તેને જ તે હાડકું ચાવવાથી મળેલું સુખ માનીને રાજી થાય છે.

વિષય–કષાયજન્ય સર્વ સુખો આ પ્રકારનાં જ છે. હાડકું ચાટવા જેવાં જ છે. જેનામાં જે નથી તે તેની ગમે તેટલી સેવા કરો પણ નહિ જ મળે—એ નક્કી જ છે.

જ્યારે શ્રી અરિહંત, સિદ્ધ આદિ ભગવંતો તો પરમ ગુણ પ્રકર્ષવાન છે એટલે આજે જે ભાવ તમે સંસારને આપો છો, સાંસારિક સુખ આપનારી સામગ્રીને આપો છો, તે જ ભાવને જો શ્રી અરિહંત–સિદ્ધ આદિ ભગવંતોની ભક્તિ તરફ વાળી દો, તો તમારા સુખની દેવેન્દ્રને પણ પ્રશંસા કરવી પડે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવેકી દેવો ચક્રવર્તીના સુખને નથી વખાણતા જ્યારે એક દિવસના દિક્ષિત સાધુના ત્યાગની પ્રશંસા કરે છે.

એટલે સાચું સુખ દુન્યવી સુખની લાલસાના ત્યાગમાં છે.

પાંપણનો પડદો ઉંચકવાથી નજરમાં દુનિયા આવે છે, તેમ ભવરાગનો ત્યાગ કરવાથી આત્માને પરમાત્માના દર્શન થાય છે.

આ પાંચમો આરો કઠણ છે—એ વિધાન ધર્મના આરાધકો માટે તો અધિક ઉત્સાહવર્ધક ગણાય. રોગ આકરો હોય છે, તો જ જલદ ઉપચાર કરવા–કરાવવાનું મન થાય છે, તેમ કાળ કઠણ છે એવું જાણનારા વિવેકી આત્માને તો તેને કૂણો પાડનારા ધર્મની આરાધનામાં અધિક ઉત્સાહ રહે છે. અપૂર્વ વીરતાપૂર્વક તે આત્માને ઉપાસે છે.

તમે એ જાણતા હશો કે આત્મારૂપે આપણે સિદ્ધ ભગવંતોના ઉપયોગમાં છીએ પણ ઉપયોગની બહાર નથી.

આ સત્ય ઉપર જેમ–જેમ ચિંતન વધારશો તેમ–તેમ તમને નવો જ આત્મોલ્લાસ સ્પર્શશે.

એક રાજાની કૃપાદૃષ્ટિ પામનારનું ભાગ્ય પણ સુધરી જાય છે, તેને દુન્યવી સુખની સામગ્રી તરત મળી જાય છે, તો સુસ્થિત મહારાજાના સહજ ઉપયોગમાં રહેલો આત્મા પરમ સૌભાગ્યવંત પદને પામે તેમાં કોઈ શક નથી.

રાજાની કૃપાને પાત્ર ત્યારે બનાય છે જ્યારે સાચી રાજ્યભક્તિ તેમજ પ્રજાભક્તિ જીવનમાં આવે છે. તેમ સિદ્ધ ભગવંતોના ઉપયોગમાં રહેતો આત્મા જ સિદ્ધ સદૃશ બની શકે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધ ભગવંતોના ઉપયોગમાં રહેવું એટલે આત્માનો ઉપયોગ અન્ય તુચ્છ ભાવોને ન કરવો તે.

આત્મા જેવા મહામહિમાશાળી દ્રવ્યનો ઉપયોગ શ્રી અરિહંત અને સિદ્ધ ભગવંતાદિને જ સોંપી દેવામાં શ્રેષ્ઠ માનવ-ભવની સાર્થકતા છે.

જો એક કિંમતી વસ્તુ પણ ગમે તેને ન સોંપતા જવાબદાર માણસને જ સોંપીએ છીએ, તો આત્મા જેવા અણમોલ પદાર્થનો હવાલો-કબજો શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞા અનુસાર સિદ્ધ પરમાત્માને જ સોંપાય-સોંપવો જોઇએ.

શ્રી અરિહંત-સક્ખિયં, શ્રી સિદ્ધ-સક્ખિયં—એ વગેરે પદો ઉક્ત સત્યનું સમર્થન કરે છે.

જો કોઈ પણ જીવને જોતાંવેંત તમને તેનું સિદ્ધ સ્વરૂપ ધ્યાનમાં આવશે, તેમજ સિદ્ધ પરમાત્માના ઉપકારો તમારા સ્મરણમાં વણાઈ જશે એટલે પૌદ્ગલિક સુખ મેળવવા માટે કોઈ પણ જીવને દુઃખ દેવાની અશુભ પ્રવૃત્તિ તેમજ વૃત્તિ તમારા મનમાંથી નાબૂદ થઈ જશે અને જ્યાં જ્યાં નજર કરશો ત્યાં-ત્યાં જીવરૂપ સાધર્મિકો દેખાશે.

આવી આંતરિક જાગૃતિ, પરમ જાગૃત એવા સિદ્ધ પરમાત્માની ભાવપૂર્વકની ભક્તિ વડે જ આવે છે. તે સિવાય પણ આવતી હોય તો આજે આપણે અહીં ન હોત પણ સિદ્ધશિલા પર હોત.

સધર્મિકો ધર્મ જેટલા જ વહાલા લાગવા જોઈએ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધના સગાને સગો માનવાથી સિદ્ધપદની આરાધના પ્રાણવંતી બને છે.

ધન, સત્તા, મહેચ્છા આદિ સાથેનું સગપણ જીવને અલગ પાડે છે. જ્યારે શ્રી જિનેશ્વરદેવે પ્રકાશેલા ધર્મ સાથે સગપણ જીવ-જીવ વચ્ચેના ભેદની કર્મકૃત દિવાલોને તોડીને જીવને સત્કારવાની શક્તિ જગાડે છે. આત્મામાં રહેલ સિધ્ધપદ બતાડે છે.

## બીજા દિવસની આરાધના

**પદ**-શ્રી સિધ્ધપદ

**કાઉસ્સગ્ગ**-આઠ લોગસ્સનો

**વર્ણ**-લાલ. એક ધાન્યનું આયંબિલ, તે ઘઉંનું કરવું.

**સ્વસ્તિક**-આઠ.

**નવકારવાળી**-વીશ.

**જાપ**-ૐ હ્રીં નમો સિધ્ધાણં.

**પ્રદક્ષિણા**-આઠ.

**ખમાસમણાં**-આઠ.

## —: ખમાસમણનો દુહો :—

રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણ-નાણી રે,
તે ધ્યાતા નિજ આતમા, હોવે સિધ્ધ ગુણખાણી રે;
વીર જિનેશ્વર ઉપદિશે, તુમ સાંભળજો ચિત્તલાઇ રે,
આતમધ્યાને આતમા ઋદ્ધિ મળે સવિ આઇ રે, વીર૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સિદ્ધપદના આઠ ગુણ

૧. અનન્તજ્ઞાનસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૨. અનન્તદર્શનસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૩. અવ્યાબાધગુણસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૪. અનન્તચારિત્રગુણસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૫. અક્ષયસ્થિતિગુણસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૬. અરૂપિનિરંજનગુણસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૭. અગુરુલઘુગુણસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૮. અનન્તવીર્યગુણસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આચાર્ય પદનું સ્વરૂપ

पंचाचारपवित्ते, विसुद्ध – सिद्धंत – देसणुज्जुत्ते,
परउवयारिक्कपरे, निच्चं झाएह सूरिपवरे ।

અર્થ:– હે ભવ્ય જીવો ! તમે પંચ અચાર વડે વિશુધ્ધ, સિધ્ધાંતના ઉપદેશમાં ઉધમવંત અને સદા પરના ઉપકારમાં જ તત્પર એવા સૂરિ ભગવંત ( આચાર્ય ) નું નિત્ય ધ્યાન કરો.

આજે શાશ્વતી ઓળીનો ત્રીજો મંગળકારી દિવસ છે.

આ નવ દિવસો કાળના પ્રવાહમાં આગવું સત્ત્વ ધરાવે છે. એટલે આ દિવસોમાં થતી આરાધના અલ્પ કાળમાં અધિક ફળદાયી નીવડે છે.

દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવની જેમ અનંત ઉપકારી ભગવંતોએ કાળનું પણ આગવું જે બળ છે, તે જોયું છે, તેમજ જાણ્યું છે અને જીવોના હિત માટે તેનું આગવું ઉપકારક સ્વરૂપ નિરૂપ્યું છે.

કાંટા વડે જેમ કાંટો નીકળે છે, તેમ કાળ વડે કાળને પકવી શકાય છે.

કાળને પકવવો એટલે ભવસ્થિતિનો પરિપાક કરવો.

ભવસ્થિતિનો પરિપાક કરવામાં ઓળીની જેમ પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વના આઠ દિવસો પણ અત્યંત પ્રભાવશાળી છે.

એટલે આ દિવસોને આરાધનાના દિવસો કહ્યા છે. માટે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવેકી આત્માઓ આરંભ-સમારંભ છોડીને આ દિવસોમાં મન આત્માની સાથે જોડે છે.

જેમના જીવની પળેપળ ધર્મની આરાધનામાં સાર્થક થાય છે, તેમને ધન્ય છે. પણ એવા આરાધક આત્માઓ પણ આ દિવસોને સારી રીતે આરાધીને જ અખંડ આરાધક બની શકે છે.

આ જીવે અનંત સંસારમાં ભ્રમણ કરતાં ધર્મની વિરાધના કરવામાં કોઈ કસર નથી રાખી, માટે હજી તેનો નિસ્તાર નથી થયો. તેમ છતા આછી-પાતળી જે ધર્મારાધના તેણે કોઈકવાર કરી છે, તેના ફળ સ્વરૂપે દેવદુર્લભ માનવભવ તેણે પ્રાપ્ત કર્યો છે.

આવા સુંદર માનવભવ પમ્યા પછી પણ જો જીવના સંસારનો ક્ષય કરવામાં આળસ કરીએ, તો ભવ હારી જઈએ.

પહેલા અને બીજા દિવસના વર્ણનમાં દેવતત્ત્વનો સમાવેશ થયેલો છે.

પહેલા શ્રી અરિહંત અને બીજા શ્રી સિધ્ધ ભગવંત—એ બંનેમાં પરમેશ્વરત્વની પરિપૂર્ણતા છે.

માટે પ્રથમ તેમના વિશ્વોપકારી સ્વરૂપનું આપણે સ્મરણ કર્યું, દર્શન કર્યું.

આજે ત્રીજા આચાર્યપદના ઉપકારક સ્વરૂપ ઉપર વિચારણા કરવાની છે.

આ ત્રીજું પદ ગુરુ તત્ત્વનું છે.

આચર્ય, ઉધ્પાયાય અને સાધુ એ ત્રણેનો સમાવેશ ગુરુ-પદમાં થાય છે પણ તેમાં પ્રથમ સ્થાન આચાર્યપદનું છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો કે ધર્મતીર્થના પ્રવર્તક શ્રી અરિહંત પરમાત્મા હોય છે. પણ તે તીર્થને પરંપરાએ ચાલુ રાખનારા તો આચાર્યદેવો જ છે.

આજે આ ભરતક્ષેત્રમાં શ્રી અરિહંત પરમાત્મા વિદ્યમાન નથી, તેમ છતાં તેમણે સ્થાપેલા તીર્થનું સંચાલન ગીતાર્થ આચાર્યદેવો રૂડી રીતે કરી રહ્યા છે.

સઘળા આચાર્યદેવો આગમશાસ્ત્રોને પોતાની આંખ બનાવીને શાસન ચલાવે છે.

શાસન ચલાવવું એટલે જીવને શિવ બનાવનારી ધાર્મિક તેમજ આધ્યાત્મિક પ્રક્રિયાને આજ્ઞા–સાપેક્ષપણે ગતિશીલ રાખવી. જેથી જીવતત્ત્વ ઉપર રહેલ જડતત્ત્વનું શાસન વીલીન થાય છે.

માટે જયવંતા શ્રી જિનશાસનમાં શ્રી જિનેશ્વરદેવ જેટલું જ ઉપકારક સ્થાન તેઓશ્રીની આજ્ઞાનું છે.

“આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ શિવાય ચ ભવાય ચ” આરાધેલી આજ્ઞા શિવપદ આપે છે તે જ આજ્ઞાની વિરાધના ભવપરંપરા સર્જે છે.

કલિકાલ સર્વજ્ઞ ભગવંતનું આ ટંકશાળી વચન જિનાજ્ઞાના અગાધ માહત્મ્યનું સૂચન કરે છે. એટલે મધદરિયે હોડી હંકારતા નાવિકની નજર ધ્રુવના તારા ઉપર રહે છે, તેમ આચાર્યદિ ભગવંતો જિનાજ્ઞાને પોતાની આંખ બનાવીને ભીષણ આ ભવસમુદ્રને પાર કરતા આગળ વધે છે, તેમજ બીજા જીવોને પણ ભવસાગર પાર કરવામાં સહાયક નીવડે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્યદેવ પાંચ આચારના પાલનમાં પૂરા પ્રવીણ હોય છે.

પાંચ આચાર તે–જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર. તપાચાર અને વીર્યાચાર.

આ પાંચ આચારનું અપ્રમત્તપણે પાલન કરવાથી આત્માના અનંત જ્ઞાનગુણ, અનંત દર્શનગુણ અનંત ચારિત્રગુણ, અનંત તપગુણ અને અનંત વીર્યગુણ–ઉત્તરોત્તર અધિક ઉઘડે છે અને તે ગુણોને ઢાંકીને રહેલાં તે તે કર્મો ઉત્તરોત્તર વધુ ને વધુ ક્ષીણ થતા જાય છે.

આચાર્યદેવ પંચાચારના પાલનમાં પ્રવિણ હોય તેમ શુદ્ધ સિધ્ધાંતના ઉપદેશમાં પણ નિપુણ હોય.

શુદ્ધ સિદ્ધાંત એટલે કર્મગ્રસ્ત આત્માને સર્વથા કર્મમુક્ત કરીને શુદ્ધ બનાવનારા શ્રી જિનોપદિષ્ટ ધર્મના આંતર–બાહ્ય સ્વરૂપના સર્વ અંગોનો બોધ કરાવનારુ સિદ્ધાંત.

**જેને સિદ્ધ કરવાથી જીવના સંસારનો અંત થાય તે સિધ્ધાંત.**

શુદ્ધ સિદ્ધાંતનો યથાર્થ બોધ પરિણત ત્યારે થયો કહેવાય જ્યારે તેમાં ઉત્સર્ગ–અપવાદ, ન્યાય–તર્ક, નય–નિક્ષેપામય સ્યાદ્‌વાદનું અખંડપણે પાલન કરવાનો ક્ષયોપશય પ્રાપ્ત થાય.

પૂ. શ્રી હરિભદ્રસૂરિશ્વરજી ફરમાવે છે, કે સ્વાદ્‌વાદમાં જેની મતિ છે, તે પ્રાજ્ઞ પુરુષ ગમે તેવા તર્કના જંગલમાં અટવાતો નથી, તેમજ રાગ–દ્વેષના કીચડમાં ફસાતો નથી પણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષ્યને વીંધતા તીરની જેમ સડસડાટ આત્માના શુદ્ધ સ્વભાવની સાધના તરફ આગેકૂચ કરે છે.

આવા સ્વાદ્‌વાદમતિવાન આચાર્ય શુદ્ધ સિદ્ધાંતનું નિરૂપણ કરીને અનેક જીવોને આત્મનિષ્ઠાવાન બનાવવાનું ઉપકારક કાર્ય કરે છે.

વળી પાંચચારમગ્ન આચાર્યદેવ પરને ઉપકાર કરવામાં સદા તત્પર રહે છે.

જેનાથી પોતાને ઉપકાર થયો છે તેમજ થાય છે તે શ્રી જિનશાસન અને શ્રી જિનેશ્વરદેવની ભક્તિ તરફ જીવોને વાળવા તે, તે ઉપકારનું યત્કિંચિત્ પણ ઋણ અદા કરવાનો રાજમાર્ગ છે.

પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર ફરમાવે છે કે,

નિત્ય અપ્રમત્ત ધર્મ–ઉપદેશે
નહિં વિકથા ન કષાય ।
જેહને તે આચારજ નમીએ,
અકલુષ, અમલ, અમાય રે ॥

આ ગાથામાં આચાર્ય કેવા હોય તેનું વર્ણન છે.

જે અભિમાની ન હોય, માયા સેવતા ન હોય, જે કષાયને વશ કરવામાં શૂરવીર હોય, પ્રમાદ જેમના રૂંવાડાને સ્પર્શતો ન હોય, અને જે સદા વિકથાથી દૂર રહેતા હોય–તે આચાર્ય જ નમસ્કારને પાત્ર છે.

વિકથા એટલે સંસાર–કથા. આત્માને વિકૃત કરનારી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કથાઓમાં સ્ત્રી કથા, ભોજનકથા, રાજકથા દેશકથા વગેરેનો સમાવેશ થાય છે.

જેનાથી જીવનું એકાંતે હિત થાય તેવી કથાને શાસ્ત્રે સુ-કથા કહી છે.

ભાવ-આચાર્યના પદે બિરાજતા આચાર્યદેવ હંમેશા ભવ્ય જીવોને સુકથા સંભળાવીને ઉપકાર કરતા રહે છે.

પરોપકારમાં રત રહેવું તે તેમનો અસાધારણ ગુણ છે. મોહવશ જીવને પરોપકારની વાત સાંભળતા પણ ઝોકાં આવતાં હોય છે. અને જો તેની આગળ સ્વાર્થની વાત કરવામાં આવે છે, તો તેને તે વાત સાંભળતા આખી રાત નીકળી જાય તો પણ કંટાળો નથી આવતો.

જીવના આ વિપરીત વલણને આત્મા તરફી કરવામાં આચાર્યદેવના આચારનો પ્રભાવ પાયાનો ભાગ ભજવે છે.

માટે આચારને પ્રથમ ધર્મ કહ્યો છે.

અને તેથી જ પંચાચારમગ્ન આચાર્યદેવો શ્રી જિનશાસનની પ્રભાવનાનાં મહાન કાર્યો કરી શક્યા છે.

આ પાંચ આચારમાં વિશ્વના સઘળા સદાચારોનો સમાવેશ થઈ જાય છે.

ભાવાચાર્યના વિચાર-વાણી-વર્તનમાં પાંચ આચારની સુવાસ મહેંકતી હોય છે. આ સુવાસ ગમે તેવા જીવને પણ ક્ષણભરને માટે તો શાતાપ્રદ નીવડે જ છે, જેમ બળ્યાઝળ્યા પ્રવાસીને વડલાની છાયા શાતાપ્રદ નીવડે છે.

આ શાસનમાં અંગત વિચારને કોઈ સ્થાન નથી. અહીં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રધાનતા આજ્ઞાની આરાધનાની છે. અને તેનું કારણ એ છે કે શ્રી તીર્થંકર પરમાત્માએ સર્વ જીવોના ઉત્કૃષ્ટ હિતનો વિચાર ઉત્કૃષ્ટપણે કરીને જ આ શાસન પ્રવર્તાવ્યું છે. એટલે તેમનાથી વધુ ચઢીઆતો વિચાર કોઈ પણ કરી શકે તેમ નથી.

માટે જ કેવળી ભગવંતો પણ શ્રી જિનાજ્ઞાની આરાધનાને જીવન બનાવીને મુક્તિને વરે છે.

શ્રી જિનેશ્વર દેવને સૂર્યની ઉપમા, કેવળી ભગવંતોને ચન્દ્રની ઉપમા છે, તો આચાર્યદેવોને દીપકની ઉપમા છે.

ગાઢ અંધકારમાં એક દીપક જે કામ કરે છે, તે જ રીતે ભાવ–દીપક તુલ્ય આચાર્યદેવો પણ સૂર્ય સમ શ્રી જિનેશ્વર દેવ અને ચન્દ્ર સમ કેવળી ભગવંતોની અનુપસ્થિતિમાં જીવોના અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરીને આત્મતત્ત્વના જ્ઞાનનો પ્રકાશ પાથરવાનું મહાન કાર્ય કરે છે

શ્રી અરિહંત પરમાત્માના મુખ્ય ગુણ ૧૨ છે. શ્રી સિદ્ધ પરમાત્માના મુખ્ય ગુણ આઠ છે, તેમ શ્રી આચાર્યદેવના મુખ્ય ગુણ ૩૬ છે. જેનું વર્ણન શ્રી પંચંદિય સૂત્રમાં છે.

તેનો સાર એ છે કે આચાર્યદેવ ક્ષમાવંત હોય, દયાવંત, કરુણાવંત હોય, વિશ્વહિતચિંતાને વરેલા હોય, પરમાર્થ રસિક હોય, કષાયની કાલિમાને હણનારા હોય, શીલના પાલનમાં શીલા જેવા સખ્ત હોય, દયાના પાલનમાં પુષ્પથીયે વધુ મૃદુ હોય, પરપરિણામના ત્યાગી હોય, અમલ જ્ઞાનાનંદમાં મગ્ન હોય, શાસનના બંધારણના સ્વરૂપના જ્ઞાતા હોય, દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–અને ભાવના પ્રવાહોને પારખવાની સૂક્ષ્મ પ્રજ્ઞાના ધારક હોય,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજ્ઞા-શાસનને વરેલા હોય, અંગત મહેચ્છાથી મુક્ત હોય, રાગ અને દ્વેષથી મુક્ત હોય. સૂર્યમાં અંધકાર ન હોય તેમ તેમનામાં પ્રમાદ ન હોય, સૂક્ષ્મ જે પ્રમાદ હોય તેનો પણ આત્મબળ વડે નાશ કરવામાં ઉપયોગવંત હોય. તેમની વાણી કઠોરતારહિત હોય, જીવો પ્રત્યે તેમને અગાધ વાત્સલ્ય હોય, પાસે આવનારના સંશય દૂર કરવામાં તેઓ કુશળ હોય, કોઈ પ્રશ્નકારને તર્ક વડે નિરૂત્તર બનાવવામાં તેઓ શક્તિ ન વેડફે.

એક રાજ્ય ચલાવનારા રાજાને માથે જે જવાબદારી હોય છે, તેનાથી વધુ જવાબદારી શાસનના મહાસામ્રાજ્યને ચલાવવાની તેમના માથે હોય છે. **એટલે તેઓ લોકપ્રવાહમાં ન તણાંતા લોકનું મંગળ કરનારા ધર્મમાં અડગ રહીને ભવ્ય જીવોને ધર્મ માર્ગમાં સ્થિર કરવાનું પરોપકારી કાર્ય કરે છે.**

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામી પ્રભુના નિર્વાણ પછી શાસનના ધુરા સંભાળનારા સમર્થ જે આચાર્ય ભગવંતો થઈ ગયા છે તેમાં શ્રી વજ્રસ્વામીજી, શ્રી પાદલિપ્તસૂરિજી, શ્રી વૃદ્ધ-વાદી સૂરિજીશ્રી સિદ્ધસેનદિવાકર સૂરિજી, શ્રી હરિભદ્રસૂરિજી, શ્રી માનતુંગસૂરિજી, કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રી હેમચંદ્રસૂરિજી, શ્રી જગચ્ચન્દ્રસૂરિજી, શ્રી હીરવિજયસૂરિજી, વગેરેનાં શુભ નામ શ્રી જિનશાસનના ગગનમાં મધ્યાહ્નના સૂર્યની જેમ આજેય ઝળહળી રહ્યાં છે.

શાસનપ્રભાવક આ મહાપુરુષોનાં જીવનચરિત્રો જરૂર વાંચવ જેવા છે. જો વાંચ્યાં હોય તો તેના ઉપર ચિંતન કરવા જેવું છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ એક-એક મહાપુરુષની પુણ્ય-છાયામાં કેવા કેવા નર રત્નો પાકયા અને તેમણે વિશ્વહિતનાં કેવાં કેવાં કાર્યો કર્યાં તેનો ઇતિહાસ જગજાહેર છે.

આ ત્રીજું પદ ગુરુપદમાં શિરમોર છે. અને તેથી જ ગુરુપદમાં સમાવેશ પામતા ઉપાધ્યાય અને સાધુ ભગવંતની જવાબદારી કરતાં વિશેષ જવાબદારી શાસનપતિએ આચાર્ય દેવના શિરે મૂકી છે.

પદ જેટલું ઊંચું એટલી જ વિશેષ જવાબદારી એ નિયમ છે.

ઊંચું પદ, ઊંચા પુણ્યના પ્રભાવે મળે છે તે સાચું પણ જો તે પુણ્યનો ઉપયોગ શ્રી જિનાજ્ઞા અનુસાર જગતના જીવોને ધર્મ પમાડવાની ઊંચી જવાબદારીના પાલનમાં જ થાય છે, તો તે પદ દીપી ઉઠે છે. અને અનાચારમય વાતાવરણ ઉપર તેનો પ્રભાવ પડે છે.

આ જવાબદારીનું અપ્રત્તપણે પાલન કરતા આચાર્યનું શ્રી જિનેશ્વરદેવ જેટલું જ બહુમાન કરવાનું ફરમાન છે. એમનું બહુમાન કરવાથી પ્રભાવના શ્રી જિનશાસનની થાય છે.

શ્રી જિનશાસન એ જરા પણ સંકુચિત શાસન નથી. પણ વિશ્વ હિતની વિશાળ ભાવનાવાળું છે. વિશ્વના બધા જીવોના પરમ કલ્યાણની ભાવનાવાળું છે.

માટે આ શાસનમાં કોઈ જીવને બાદ કરવાની વાત નથી. પણ જીવનમાંથી અવગુણને બાદ કરવાની વાત છે. અને ગુણને ગ્રહણ કરવાની વાત છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંચાચરના પાલનમાં શૂરા આચાર્યદેવોને નમવાથી, જીવનમાં સદાચારની ચાંદની પ્રગટે છે. અને દુરાચારની મલિનતા જીવન-માંથી દૂર થાય છે.

માત-પિતાને પોતાના અબુઝ સંતાન તરફ વાત્સલ્ય હોય છે, તેમ આચાર્યદેવને પણ બાળ તેમજ અજ્ઞાન જીવો તરફ વાત્સલ્ય હોય છે. માતા-પિતા પોતાના ઉદ્દંડ સંતાનને ક્યારેક ધોલધપાટ કરે છે, ત્યારે પણ તેમના હૈયામાં સંતાનનું હિત જ હોય છે. તેમ આચાર્ય-મહારાજ પણ કોઈ ઉન્માર્ગગામી જીવને ક્યારેક કડવા બે શબ્દો કહે છે, ત્યારે પણ તેમના હૈયામાં તેના કલ્યાણની ભાવના હોય છે.

એક અપેક્ષાએ એમ પણ કહી શકાય કે શ્રી આચાર્યદેવ એટલે શ્રી જિનેશ્વર દેવની લઘુ આવૃત્તિ.

તેમના પગલે ધર્મનો જયજયકાર થાય. અધર્મનો નાશ થાય.

ચતુર્વિધ શ્રી સંઘનું નેતૃત્વ સંભાળનારા આચાર્યદેવનું આ શાસનમાં અસાધારણ મહત્ત્વ છે. તીર્થંકર-દેવના વિરહ કાળમાં પણ દાન-શીલ-તપ અને ભાવરૂપ ધર્મની આરાધના અવિચ્છિન્નપણે ચાલી રહી છે. તેમાં આચાર્યદેવનો પ્રભાવ ઘણો મોટો છે.

મહાપ્રતાપી સમ્રાટ વિક્રમાદિત્ય પણ જેમના નમ્ર અને પ્રભાવને નમસ્કાર કરીને કૃતકૃત્ય બન્યા, તે શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિજી પણ શાસનપ્રભાવક એક આચાર્યદેવ હતા,



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી તીર્થંકરદેવે બતાવેલા ધર્મના માર્ગ પર સ્વયં ચાલીને, બીજા જીવોને તે માર્ગ પર ચાલવાનો ઉપદેશ આપવાની જવાબદારી પાળનારા આચાર્યો જ આ શાસનમાં સુવિહિત આચાર્યદેવો તરીકે સ્થાન પામ્યા છે, પામે છે તેમ જ પામવાના છે.

ઉત્સર્ગ અને અપવાદ માર્ગના નિયમોનું યોગ્યરીતે અર્થઘટન કરીને જીવોને સન્માર્ગે લઈ જનારા આચાર્યોને શાસ્ત્રે જહાજ જેવા કહ્યા છે. જે સ્વયં પણ ભવસાગરને તરે છે અને પોતાને અનુસરનારને પણ તારે છે.

કોઈ આચાર્યદેવ કોઈ જીવને કદી તુચ્છકારતા નથી. ભલે પછી તે ગમે તેવો પાપી હોય. શ્રી તીર્થંકરદેવે સ્થાપેલી આ શ્રેષ્ઠ પ્રણાલિકાનું પાલન કરવામાં તેઓ સદા સજાગ રહે છે.

દર્દી દાક્તર પાસે જાય છે, તેમ કર્મના રોગથી પીડાતા જીવો ભાવવૈદરૂપી આચાર્યદેવ પાસે જાય છે.

શ્રી જિનાજ્ઞાને વરેલા આચાર્યદેવની સિંહવૃત્તિ સમક્ષ સમર્થ સમ્રાટો પણ મસ્તક ઝૂકાવે છે, તેમ છતાં તેનું લેશ પણ અભિમાન તેમને સ્પર્શતું નથી, પણ તેને તેઓ શ્રી જિનશાસનનો પ્રભાવ સમજે છે.

દેવાધિદેવના ભવ્યાતિભવ્ય દરબારમાં જે સહજ રીતે ગરીબ તેમજ તવંગર શ્રાવકો જઈ શકે છે, એવી સહજ રીતે આચાર્યદેવના સાંનિધ્યમાં પણ સર્વ સ્થિતિના ખપી આત્માઓને સ્થાન મળે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવનાર તવંગર છે, માટે તેને ખાસ આવકાર અને ગરીબ છે, માટે ખાસ આવકાર નહિ એવી તુચ્છવૃત્તિ પંચાચારમગ્ન આચાર્યદેવના ચિત્તને કદી સ્પર્શતી નથી. જો સ્પર્શતી હોય તો તેનાથી તેમની પ્રભાવકતા ઘટી જાય છે અને સાંસારિક પ્રલોભનોનું બળ ત્યાં ફાવી જાય છે.

કુમારપાળ મહારાજાના શુભાશયપૂર્વકના અત્યંત આગ્રહથી પ્રેરાઇને કલિકાલ સર્વજ્ઞ ભગવંતે જ્યારે તેમના ગુરુ શ્રી દેવવાદીસૂરિજી સમક્ષ સુવર્ણસિદ્ધિની વિદ્યા જાણવાની વાત રજૂ કરી, ત્યારે દેશકાળના સૂક્ષ્મ સ્વરૂપના જ્ઞાતા એ આચાર્યદેવે એવા સમર્થ શ્રુતધરને પણ સખ્ત શબ્દોમાં સમજાવીને પાછા વાળ્યા હતા. પણ તેમને પોતાની પાસેની તે વિદ્યા નહોતી આપી.

શાસનના પ્રશ્નો ઉકેલવામાં નિપુણ આચાર્ય દેવ શાસન ઉપર જ્યારે આપત્તિ આવે છે, ત્યારે પણ પહેલ કરીને તેનો સામનો કરે છે. એવા અનેક આચાર્યદેવો જયવંતા આ શાસનમાં થઈ ગયા છે.

આ જગતમાં આજે જેટલા પ્રમાણમાં પણ સદાચાર પળાય છે, તેના મૂળમાં શ્રી જિનેશ્વરદેવે પ્રકાશેલા ધર્મનું રૂડી રીતે પાલન કરતા આચાર્યદેવો આગવું સ્થાન ધરાવે છે, જો કે સદાચારની ગંગાના જનક શ્રી જિનેશ્વરદેવ છે, પણ તે ગંગાના પ્રવાહને વ્યવસ્થિત રીતે ફેલાવીને વિષય-કષાયની આગને બુઝાવનારા આચાર્યદેવો હોય છે.

માટે શાશ્વત મંત્ર શ્રી નવકારમાં તેમનું સ્થાન છે અને શ્રી સિદ્ધચક્ર યંત્રમાં પણ તેમને સ્થાન છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમો આયરિયાણં પદ વડે આ ત્રીજા પદની આરાધના થાય છે.

આચાર્યનો વર્ણ દીપકની શિખા જેવો અથવા સોના જેવો પીળો કહ્યો છે. માટે તેમની આરાધના પીળા વર્ણે કરાય છે. તેમજ આયંબિલ પણ પીળા વર્ણના ધાન્ય (ચણાની દાળ)નું કરવાનું વિધાન છે. તેમજ માળા પણ પીળા રંગના મણકાની હોય તો ઉત્તમ ગણાય છે.

શાસ્ત્રોક્ત વિધાન મુજબ જ આરાધના થાય છે; તો તેનું શાસ્ત્ર-નિર્દિષ્ટ ફળ યથાકાળે અચૂક મળે છે.

એટલે આ શાસનમાં જેટલું ક્રિયા અને ભાવનું મહત્ત્વ છે, તેટલું જ વિધિનું મહત્ત્વ છે.

વિધિ શબ્દ વિધાયકતાનો પરિચાયક છે.

અવિધિ શબ્દ અવિધાયકતાનો પરિચાયક છે.

સોયમાં દોરો પણ અવિધિએ નથી પરોવી શકાતો તો મનને આત્મામાં અવિધિએ શી રીતે પરોવી શકાય? અને જ્યાં સુધી મન સ્વ-વશ ન થાય, ત્યાં સુધી જીવની પરવશતાનો અંત ન આવે, તે સ્વભાવિક છે.

કેસરીઓ રંગ આમેય શૂરાતન પ્રેરક છે.

પ્રત્યેક રંગની આગવી અસર માનવ-પ્રાણીઓ ઉપર થાય છે. તેમાં શ્વેત, લાલ, પીળા, નીલા અને કૃષ્ણ વર્ણનું આરાધના-માર્ગમાં અપાર મહત્ત્વ છે. તેનું વિસ્તૃત સ્વરૂપ ગુરુગમથી જાણવું જોઇએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંક્ષિપ્ત સ્વરૂપ નીચે મુજબ છે. સંપૂર્ણ મંડલ શશાંક કલા કલાપ.......એ પદમાં શુભ્ર વર્ણનું શ્રેષ્ઠ ચિત્રણ છે. અને તેનું પણ મૂળ મંત્રાધિરાજ શ્રી નવકારનું પહેલું પદ 'નમો અરિહંતાણું' છે.

અગાધ જળરાશિમાંથી સ્વભાવિકપણે સાકાર બનતી વરાળની જેમ આ પદના સાત અક્ષરોમાંથી સહજપણે શુભ્ર વર્ણના તરંગો પ્રગટે છે. અને આત્મનિષ્ઠ આરાધકને તેનો સ્પષ્ટ અનુભવ થાય છે.

શુભ્ર વર્ણમાં શુકલ લેશ્યાનું બીજ છે. જે સ-બીજ આત્માના શુદ્ધ સ્વભાવને આવિસ્કૃત કરે છે.

સ-બીજ આત્મા એટલે મુક્તિગનનની યોગ્યતાવાળો આત્મા.

વળી શુભ્ર વર્ણની પ્રીતિ નિર્જરાલક્ષી ધર્મની આરાધનામાં વેગ આણે છે.

ગાયના દૂધની ધારા જેવા શુભ્ર વર્ણે શ્રી અરિહંતની ભક્તિ, ધ્યાન વગેરે કરવાથી શુદ્ધ જ્ઞાનાનંદમાં મગ્નતા આવે છે.

કુંદાવદાત–ચલ–ચામર–ચારૂ–શોભં.....વાળી શ્રી ભક્તામર સ્તોત્રની ૩૦ મી ગાથામાં રમણતા કરનારને પણ ઉક્ત ભાવ સ્પર્શે છે.

શ્વેત વર્ણની માળા, કટાસણું, વસ્ત્રો વગેરે પણ શુભ્રતામાં રૂચિ જન્માવવામાં સહાયક છે.

સર્વથી શુભ્ર પરમાત્મા છે, પરમ ઉજ્જવળ શ્રી અરિહંત છે. જીવમાં પણ તે પરમોજ્જવલતા છુપાએલી છે. એટલે શ્રી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરિહંતની શુભ્ર વર્ણે ભક્તિ કરવાની સાથોસાથ જીવોના હિતની ચિંતારૂપ શુભ મૈત્રી-ભાવ પણ સત્ત્વવંત આરાધકને પ્રિયતર લાગે છે.

સાત્ત્વિક આત્માને સદા પરહિતમાં સ્વનું હિત વંચાય છે.

આમ શ્રી અરિહંતની શ્વેતવર્ણે આરાધના કરતાં આત્મા અરિહંતનો રાગી બની શકે છે.

શ્રી સિદ્ધોનો રક્તવર્ણ કર્મકાષ્ઠદાહક અગ્નિનું કામ કરે છે.

રંગવિજ્ઞાન એમ કહે છે કે શિયાળામાં સખ્ત ઠંડી લાગતી હોય ત્યારે જો લાલ રંગના વસ્ત્રો પહેરવામાં આવે, તો તે ઠંડીની અસર ઓછી થઈ જાય.

ક્રોધને વશ માનવીની આંખ લાલ થાય છે, તેમ કર્મવશ આત્મા રક્તવર્ણે શ્રી સિદ્ધની આરાધના કરે છે, તો કર્મો સામે તેની પ્રકૃતિ ગરમ બની જાય છે. ગરમ લોઢાનો રંગ લાલ હોય છે, તેમ આવા આરાધકો પણ કર્મો સામે ગરીબડા નથી બનતા પણ પુણ્ય પ્રકોપવંત બને છે.

ઉષાની લાલી સૂર્યના આગમનને સૂચવે છે, તેમ કર્મદાહક લાલિમા આત્મ-પદાર્થના શુભાગમનને સૂચવે છે.

એટલે મનમાં રમતા સંસારને સ્થાને આત્મા આવીને બિરાજે તે આત્માનું આગમન છે.

એટલે આત્મવીર્યવંત આરાધકો અલ્પકાળમાં ઘણા ચીકણાં કર્મોને ભસ્મીભૂત કરી શકે છે. અને પ્રમાદી દીર્ઘકાળે પણ નથી કરી શકતો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી પદ્મપ્રભુ અને શ્રી વાસુપૂજ્ય સ્વામીજીના વર્ણ પદ્મ જેવા લાલ છે એટલે સિદ્ધપદની આરાધનામાં તેમનું આલંબન અચૂક બળપ્રદ પુરવાર થાય છે.**

આત્માને અશુદ્ધ બનાવનારા કર્મો સામે જેઓ લાલ આંખ રાખી શકે છે, યા આંખ લાલ કરી શકે છે, તેમની આત્મશુદ્ધિ અપૂર્વ વેગ ધારણ કરે છે. જીવ જડનો મિત્ર નથી–એ સત્યની જગતમાં પ્રતિષ્ઠા કરી શકે છે.

લાલ રંગની માળા, ઉપકરણો, પુષ્પો વગેરેનું પણ બીજા પદની આરાલનામાં આગવું પ્રદાન છે.

કેસરવર્ણો શ્રી આચાર્યદેવનો પીળો રંગ, સંસારના સમરાંગણમાં મોહની એના સામે જંગે ચઢેલા આરાધકના અપૂર્વ ત્યાગનો સૂચક છે.

કેસરનું જે તિલક લલાટમાં કરીએ છીએ, તે પણ–મને જિનનો રાગ મંજૂર છે—એ સત્યનું દ્યોતક છે.

એક કાળે આ તિલકની અદ્ભુત પ્રતિષ્ઠા આ દેશમાં હતી.

દીપશિખા સમ સોહતા કેસરના તિલકવાળા ભાગ્યશાળીને જોઇને લોકો માની લેતા કે એ દયાળુ સજ્જન છે, પરોપકારી મહાજન છે, સર્વ જીવહિતચિંતક જૈન છે.

પૂ. આચાર્યદેવો ઉપદેશમાં આજ પ્રકારના જીવનની વાત ઉપર ભાર મૂકે છે. કારણ કે તેઓ જાણતા હોય છે કે વિશ્વોપકારી શ્રી જિનેશ્વરદેવના શાસનની પ્રભાવના અપૂર્વ ત્યાગ માગી જ લે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ ત્યાગને જીવંત રાખવા માટે અનંત જ્ઞાનીઓએ 'धर्मस्य आदि पदं दानम्' કહ્યું છે.

એટલે જો દાન આપ્યા સિવાયનો દિવસ ગોઝારો ન લાગતો હોય તો માની લેવું કે આચાર્યપદની આરાધના હજી કાચી છે.

દેવાધિદેવના નવ અંગે તિલક કરનારાનાં બધા અંગોમાં ત્યાગનો રાગ ઉછાળો મારવો જોઈએ. દાનરૂચિ પ્રગટવી જોઈએ.

કેસર-ચંદનનો ધર્મ ઘસાઈને સુવાસ આપવી તે છે.

એટલે જ્ઞાનીઓએ સૂત્ર આપ્યું કે જે જાતે ઘસાય તે ધર્મી.

આચાર્યદેવના ગુણો ૩૬ છે. માટે આચાર્યપદની આરાધનામાં ૩૬ લોગસ્સનો કાઉસગ્ગ કરવો, ૩૬ સાથિયા કરવા, ૩૬ ખમાસમણાં દેવા, ૩૬ પ્રદક્ષિણા કરવી.

આ ત્રીજું પદ એ ગુરુપદ છે, માટે લઘુતાભાવ ધારણ કરીને આ પદની આરાધના કરવી. 'લઘુતામેં ગુરુતા વસે, ગુરુતાસે ગુરુ દૂર' એ સૂત્રની ઉપેક્ષા કદી ન કરવી.

આ ત્રીજા પદની આરાધના કરીને પ્રદેશી રાજા આત્મ-કલ્યાણ સાધી ગયાં.

શ્વેતાંબી નગરીમાં પ્રદેશી નામનો નાસ્તિક રાજા રાજ્ય કરતો હતો. આત્મા, પાપ, પુણ્ય, નર્ક સ્વર્ગ, વગેરેને આ રાજા માનતો નહોતો.

આ રાજાને ચિત્ર નામનો મંત્રી હતો. આ મંત્રી આસ્તિક હતો. શ્રી જિનેશ્વરદેવે કહેલા ધર્મમાં પૂરી શ્રદ્ધાવાળો હતો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં પોતાના રાજાને આસ્તિક બનાવવામાં પોતે સફળ નહોતો થયો, તેનું તેને ભારે દુઃખ હતું. દિન-રાત તેને એ વ્યથા સાલતી હતી કે, હું જેનું લૂણ ખાઉં છું, તે રાજાને જો હું ધર્મમાં શ્રદ્ધાવાળો ન બનાવી શકું તો હું સાચો મંત્રી શેનો?

આ મંત્રીને રાજના કામ માટે શ્રાવસ્તી નગરીએ જવાનું થયું. નગરીમાં પહોંચી, રાજનું કામ પતાવીને તે નગર શોભા જોવા નીકળ્યો. તે પ્રસંગે તેણે અનેક સ્ત્રી-પુરુષોને નગરના ઉદ્યાન તરફ જતા જોયા એટલે કુતુહલથી તે પણ તેમની પાછળ ઉદ્યાન તરફ ગયો.

ઉદ્યાનમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની શિષ્ય પરંપરામાં ચાર જ્ઞાનના ધારક શ્રી કેશી ગણધર ભગવંત ધર્મોપદેશ આપી રહ્યા હતા. મંત્રી પણ એક સ્થાને બેસીને વ્યાખ્યાન સાંભળવા લાગ્યા. તે સમયે ગણધર ભગવંતે મનઃપર્યવ જ્ઞાનના પ્રભાવે મંત્રીના મનમાં ચાલતા વિચારોને વાંચીને તેના ઉપર મનનીય વિવેચન કર્યું.

તે સાંભળીને મંત્રીને ગણધર ભગવંત પ્રત્યે અપાર ભક્તિભાવ પ્રગટ્યો. તેને થયું કે મારા નાસ્તિક રાજાને આ મહાપુરુષ જરૂર આસ્તિક બનાવીને અનંત સંસારમાં રઝળતો અટકાવી શકશે.

તે વારે ગણધર ભગવંતે પણ આસ્તિકતાની જડ મજબૂત કરનારું વ્યાખ્યાન આપ્યું. તેમાં તેમણે આત્મપદાર્થના સ્વરૂપનું જીવંત નિરૂપણ કર્યું. તેમજ પુણ્ય-પાપ આદિ તત્ત્વોના સ્વરૂપને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ સચોટ રીતે સમજાવ્યું. તેનાથી મંત્રીની ધર્મશ્રદ્ધા વધુ દૃઢ બની.

ધર્મશ્રદ્ધા એટલે આત્માના શુદ્ધ સ્વભાવમાં શ્રદ્ધા, આત્માના અનંત દર્શન, જ્ઞાન, ચારિત્ર અને વીર્યગુણમાં શ્રદ્ધા, તેના પરમ સામર્થ્યમાં શ્રદ્ધા.

વ્યાખ્યાન પૂરું થયું એટલે ચિત્ર મંત્રી ગણધર ભગવંતને પુનઃ વંદન કરવા ગયો. ખૂબ ભાવથી વંદન કરીને તેણે વિનંતી કરી કે આપ એક વાર શ્વેતાંબી નગરીમાં પગલાં કરવાની કૃપા કરો. આપ જ એવા સમર્થ જ્ઞાની ભગવંત છો કે, જે અમારા નાસ્તિક રાજાને આસ્તિક બનાવી શકે. માટે આપ અમારે ત્યાં પધારો એવી મારી અરજ છે.

આચાર્ય ભગવંતે જેવી ક્ષેત્ર-સ્પર્શના કહીને મંત્રીને 'ધર્મલાભ' આપ્યો.

ગુરુ-દત્ત ધર્મલાભથી પુલકિત થઈને મંત્રી શ્વેતાંબી નગરીમાં પાછા ફર્યા. અને પોતાના રાજાને આસ્તિક બનાવવાની યુક્તિઓ વિચારવા લાગ્યા.

આવા ખાનદાન મંત્રી, મિત્ર યા સલાહકાર પણ પુણ્ય હોય તો મળે છે. આવી વ્યક્તિઓને શાસ્ત્રે 'કલ્યાણ મિત્ર' કહી છે. કે જે પોતાના રાજા, મિત્ર યા સ્નેહી આદિના આ લોક તથા પરલોક ઉભયને સુધારવામાં સતત સચિંત તથા સક્રિય રહે છે.

ભવિતવ્યતાના યોગે ગણધર ભગવંતે સપરિવાર શ્વેતાંબી તરફ વિહાર આદર્યો. મંત્રીને આ સમાચાર તરત મળી ગયા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે રાજાને તેની ખબર ન પડી જાય તેવો બંદોબસ્ત કર્યો. કારણ કે નસ્તિક રાજાને બધા આસ્તિક મહાત્માઓ તરફ ભારોભાર અણગમો હતો.

એટલે ગણધર ભગવંત શ્વેતાંબીના ઉદ્યાનમાં પ્રવેશ્યા તેની જાણ તેણે રાજાને ના થવા દીધી. છતાં રાજાને આસ્તિક બનાવવા માટે ગણધર ભગવંત પાસે લઈ જવાની વાત તે જાણતો હતો. પણ એમ કહીને લઈ જવા નહોતો ઈચ્છતો કે નગરીમાં એક મહાત્મા પધાર્યા છે, ચાલો તેમને વંદન કરવા જઈએ. જો આવી વાત પોતે કરી દે તો રાજા ગુસ્સે થઈને તે મહાત્માને નગરી બહાર ચાલ્યા જવાની આજ્ઞા કરે—એવો નાસ્તિક હતો.

એટલે ફરવાને બહાને તે રાજાને લઈને વનમાં ચાલ્યો. રાજા અને મંત્રી બંને અશ્વ પર અસ્વાર થઈને વનમાં ફરે છે. વનશ્રીની શોભા નિહાળે છે. તેવામાં રાજાએ ઘણા માણસોને ઉદ્યાનમાં જતા જોયા એટલે મંત્રીએ પૂછયું કે. આટલા બધા માણસો ઉદ્યાનમાં જઈ રહ્યા છે, તો ત્યાં શું છે ?

મંત્રીએ કહ્યું, ચાલો આપણે ત્યાં જઈને તપાસ કરીએ. બંને તે દિશામાં વળ્યા એટલે તેમના કાને ગણધર ભગવંતનો અવાજ અથડાયો. મંત્રીને તે અવાજ માતાના અવાજ જેવો મીઠો લાગ્યો, રાજાને તે કર્કશ લાગ્યો. તે એકદમ ચીડાઈ ગયો. અને મંત્રીને કહ્યું કે, આવા ધૂતારાને અહિં કોણે પેસવા દીધો. તરત નગરી બહાર કાઢો.

શાણા મંત્રીએ કહ્યું, તેમ કરીશું તો બીજા રાજ્યમાં આપણી અપકીર્તિ થશે. માટે આપ જ તેમની સાથે વાદવિવાદ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરો. નાસ્તિકતા જ સાચી છે એ વિષયમાં આપ નિષ્ણાત છો, તો એ વિષય ઉપર ચર્ચા કરીને આપ તેમને હરાવી દો. એટલે તે આપમેળે નગરીમાંથી જતા રહેશે.

મંત્રીની સલાહ રાજાના ગળે ઊતરી. તેણે ઘોડો ઉદ્યાન તરફ હંકાર્યો અને ગણધર ભગવંત દેશના દેતા હતા ત્યાં જઈને ઊભો રહ્યો અને તાડૂક્યો. આત્મા અને પરમાત્માની વાત કરનારા તમે આત્મા ક્યાં છે? એ તો બતાવો. આવી પગ-માથા વગરની વાતો વહેતી મૂકીને લોકોને શા માટે છેતરો છો? રંગરાગ માણતા શા માટે અટકાવો છો?

ગણધર ભગવંતે કહ્યું, મહાનુભાવ! જો આત્મા નથી તો તેનું નામ તમારી જીભ ઉપર શી રીતે આવ્યું? જગતમાં જે પદાર્થનું અસ્તિત્વ હોય છે, તેનું જ નામ હોય છે. માટે આત્મા ન હોવાનો તમારો ભ્રમ છોડવામાં તમારું હિત છે.

રાજાએ કહ્યું, એમ તો લોકો શશશૃંગ-વંધ્યાપુત્ર અને એવા અનેક શબ્દ-પ્રયોગો કરે છે. પણ વાસ્તવમાં સસલાને શિંગડું નથી હોતું. વંધ્યાસ્ત્રીને પુત્ર કે પુત્રી રૂપ સંતાન નથી હોતું—તે કોણ નથી જાણતું? એટલે મેં 'આત્મા' શબ્દ વાપર્યો એટલા માત્રથી એ પુરવાર નથી થતું કે આત્મા નામનો પદાર્થ જગતમાં અસ્તિત્વ ધરાવે છે.

જવાબમાં ગણધર ભગવંતે કહ્યું, સસલું અને શિંગડું, વંધ્યા અને પુત્ર એ પદાર્થો જગતમાં ખરા કે નહિ?

રાજાએ કહ્યું, ખરા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ આત્મા નામનો પદાર્થ પણ જગતમાં છે જ—એમ તમારી આત્મા વિષેની અશ્રદ્ધા જ પુરવાર કરે છે.

જો આત્મા છે તો દેખાતો કેમ નથી ?

રાજાના આ પ્રશ્નના જવાબમાં ગણધર ભગવંતે કહ્યું કે, આત્મા અરૂપી છે એટલે ચર્મચક્ષુના વિષયથી પર છે. શ્રી તીર્થંકર દેવો અને કેવળી ભગવંતોને તે પ્રત્યક્ષ છે.

ભૂખ, તરસ, ઊંઘ વગેરે નજરે નથી દેખાતા, છતાં છે અને તેનું સંવેદન માનવ-પ્રાણીઓને થાય છે, તેમ અરૂપી આત્મા પણ છે જ અને તેનું બે પ્રકારે સંવેદન થાય છે.

એક પ્રકાર નકારાત્મક છે, જે તમે ધરાવો છો. બીજો પ્રકાર હકારાત્મક છે, જે આત્માના આરાધકો ધરાવે છે.

જો આ બે પૈકીનો એક પણ પ્રકાર તમે જીવ વગરના પદાર્થમાં શોધશો તો તમને પણ આત્માના અસ્તિત્વ વિષે અશ્રદ્ધા છે, તે શ્રદ્ધામાં બદલાઈ જશે.

એ આત્માના શુદ્ધ સ્વભાવની સહજ શક્તિના જ પ્રભાવે આ વિશ્વ વ્યવસ્થિત છે, સૂર્ય-ચન્દ્રના ઉદયાસ્ત નિયમબદ્ધ છે, ધરા સ્થિર છે, સાગર મર્યાદામાં છે, સ્થૂલ પદાર્થોની સઘળી શક્તિઓ ભેગી કરવામાં આવે, તો પણ આ નિયમ સ્થાપવામાં સફળ ન થાય.

સૂર્યના પ્રકાશ જેવો પદાર્થ આ વિશ્વના બધા દીવાઓ એક સાથે ઝગમગી ઊઠે, તો પણ ન જ આપી શકે, તેમાં તમને કોઈ શંકા ખરી ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના, પણ એ તો સ્થૂલ પદાર્થનું સ્થૂલ કાર્ય થયું ગણાય.

સૂર્ય એ નિર્જીવ પદાર્થ હોત તો જીવસૃષ્ટિમાં તેની જે અસર પડે છે, તે ન પડતી હોત.

ગણધર ભગવંતના આ બધા ખુલાસા સાંભળીને પ્રદેશી રાજાએ આત્માના અસ્તિત્વનો પ્રશ્ન છોડીને પુનર્જન્મ, સદ્ગતિ, દુર્ગતિ આદિ વિશે પ્રશ્નો કર્યા.

તે બધા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપીને પ્રદેશી રાજાનું મન જીતી લીધું. તે મનમાં જામીને રહેલા મિથ્યા વિચારોને નિર્મૂળ કરી દીધા અને રાજા સાચી સમજ ધરાવતો થયો.

અત્યાર સુધી ઘોડા ઉપર બેઠાં બેઠાં જ પ્રશ્નો કરનારો તે તરત ઘોડા ઉપરથી નીચે ઉતરીને ગણધર ભગવંતના ચરણોમાં ઝૂકી પડયો.

તે સમયે પણ ગણધરદેવના મનમાં એ જ સદ્ભાવ તેના તરફ હતો જે પૂર્વે હતો. કારણ કે ગમે તેવા પણ જીવને ન ધૂત્કારવાની જિનાજ્ઞા તેમને આત્મસાત્ થઈ ગઈ હતી.

ગણધર ભગવંતના આવા ઉદાર વર્તનથી રાજાને તેમના તરફ પૂજ્યભાવ પેદા થયો અને આવા સુંદર જીવનના ઘડતર માટે જરૂરી નિયમો આપવાની તેણે તેમને વિનંતી કરી.

રાજાની પાછળ ઊભેલો મંત્રી રાજાના જીવનમાં થયેલા પરિવર્તનને જોઈને ખૂબ ખુશ થયો. તેને થયું કે આજે હું રાજાનું ઋણ અદા કરી શકયો છું અને તે ઉપકાર આ ગણધર ભગવંતનો જ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજાની વિવેકપૂર્વકની માગણીથી ગણધરદેવે તેમને સમ્યક્ત્વનું સ્વરૂપ સમજાવીને શ્રાવકનાં બાર વ્રતો આપ્યાં તેમજ મંગલમય જીવનના ઘડતર માટે આચાર્યપદની આરાધના કરવા ઉપદેશ આપ્યો.

તે સમયે રાજાએ પૂછયું કે, આચાર્યદેવ ખરેખર કેવા હોય ?

ગણધરદેવે કહ્યું, પાંચ ઇન્દ્રિયોના ૨૩ વિષયોને રોકનારા, નવ પ્રકારે બ્રહ્મચર્યનું પાલન કરનારા, ચાર પ્રકારના કષાયને જીતનારા, પાંચ મહાવ્રતનું અખંડપણે પાલન કરનારા, પાંચ આચારનું અપ્રમત્તપણે સેવન કરનારા તથા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું જીવની જેમ જતન કરનારા–તે આચાર્ય કહેવાય છે.

ગણધર ભગવંતના વચનામૃતોનું પાન કરીને રાજા કૃતકૃત્ય થયો. તેણે શ્રેષ્ઠ આરાધક તરીકેનું જીવન જીવવાનો દૃઢ સંકલ્પ કર્યો અને તેનો પણ નિયમ લીધો.

પ્રભુની પાટ–પરંપરાને દીપાવનારા આચાર્યદેવોનો આવો અનુપમ પ્રભાવ છે માટે સમય કાઢીને પણ તેમની નિશ્રા સેવવાનો લહાવો લેવો જોઈએ.

પછી રાજા તથા મંત્રી મહેલે પાછા ફર્યા. રાજાએ મંત્રીને કહ્યું, 'મંત્રી હો તો તમારા જેવા હજો.' તે સાંભળીને મંત્રીની આંખમાં અશ્રુ આવી ગયાં. જાતે સુધરવાની કે બીજાને સુધારવાની પણ સાચી ભાવના આ શાસનમાં કેવી શીઘ્ર ફળે છે, તે વિચારે તેમની આંખ અશ્રુભીની થઈ ગઈ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ શાસનને જયવંતુ કહેવાય છે, તે કોઈ ઔપચારિક વાત નથી પણ એકને એક બે જેવી સિદ્ધ હકીકત છે. તમે શુભ કાર્ય કરવાનો નિયમ લઈને શુભના પક્ષે રહો એટલે તમને પણ આ શાસન જયવંતુ છે, એ સત્ય હૃદયમાં પ્રતિષ્ઠિત થઈ જશે.

આચાર્યપદની આરાધના લાગુ પડતાં જ રાજાના જીવન-વ્યવહારમાં મોટા ફેરફાર થઈ ગયા. ગઈકાલ સુધી જિન પ્રતિમાને પત્થરનું પૂતળું કહેનારો તે, હવે પહેલો જિન-મંદિરમાં જઈને જિન પ્રતિમાને ભાવથી મસ્તક ઝૂકાવે છે. ભક્તિભર્યા હૈયે જિનગુણ ગાય છે. પછી ગુરુવંદન કરવા જાય છે. પછી પચ્ચ-ક્ખાણ પારે છે અને છેલ્લે રાજકાજમાં પરોવાય છે. જે કાર્યને તે ગઈકાલ સુધી પહેલું સમજતો હતો તેને હવે છેલ્લા નંબરે ધકેલવાથી તેને સંતોષ થાય છે.

આ રાજાને સૂર્યકાન્તા નામે રાણી હતી. રાજા અગાઉ નાસ્તિક હતો તેમ આ રાણી પણ ભોગપ્રધાન જીવનમાં આસક્ત હતી. ગણધરદેવના સદુપદેશના પ્રભાવે રાજા આત્માને ઓળખતો થયો પણ રાણીનું જીવન તો એનું એ રહ્યું.

પોતાના રાજવી પતિના જીવનમાં થયેલા ફેરફાર જોઈને રાણીના મનમાં ચિંતા પેઠી કે હવે આ રાજા મને અગાઉની જેમ સુખી નહિ કરી શકે. અને જેમ દિવસો વીતવા લાગ્યા, તેમ રાણીની ધારણા સાચી પડવા લાગી. દેહભોગ રાજાને માથાના દુઃખાવા જેવો વસમો લાગવા માંડયો.

શરૂશરૂમાં વિષયાસક્ત રાણીએ રાજાને પુનઃ નાસ્તિક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવવા ઘણી મહેનત કરી પણ તે વ્યર્થ ગઈ. રાજાના હૈયે પોતાના આત્માના હિતની જેમ રાણીના આત્માનું હિત પણ વસ્યુ હતું એટલે તેણે રાણીને પણ દેહભૂખ ઓછી કરીને આત્મ-ભૂખ જગાડવાની સલાહ આપી.

આત્મ ભૂખ એટલે આત્મરસિકતા. આત્માના ગુણોની ભૂખ એટલે આત્માને માણવાની સદ્‌વૃત્તિ.

રાજાની દેહાસક્તિ એકદમ ઘટી જવાથી ભોગસક્ત રાણીને રાજા તરફ નફરત પેદા થઈ. તે મારા પતિદેવ છે, તે હકીકત પણ ભૂલી ગઈ.

આ સંસારમાં મોટે ભાગે આવી સ્વાર્થની જ સગાઈઓ નભે છે.

રાજાએ રાણીને સમજાવવાના ઘણા પ્રયત્નો કર્યા. વિવેકી આત્માનું વર્તન કેવું હોય તે પણ દાખલા દલીલથી સમજાવ્યું. પણ મગશેળીઓ પત્થર પલળે તો રાણીનું હૈયું પીગળે ! તે તો પોતાના વિચારમાં મક્કમ રહી.

પોતાની ધર્મપત્નીને સાચી શ્રાવિકા બનાવવા પોતાના સબળા પ્રયત્નો નિષ્ફળ ગયા, ત્યારે જે જ્ઞાની ભગવંતે દીઠું હશે તે થશે—એ નિયમનો આશરો લઈને વિવેકી રાજાએ પોતાનું મન ધર્મારાધનામાં કેન્દ્રિત કર્યું.

નિરાશ થયેલી રાણીએ બધો વિવેક ખોઈને પોતાના કુંવરને બોલાવીને કહ્યું કે, તારા પિતા હવે રાજ્ય કરવાને લાયક નથી રહ્યા, માટે તેમને ઠેકાણે પાડીને રાજ્ય તું સંભાળી લે.

૭

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્રે કહ્યું, હે માતાજી! તમે આ શું બોલો છો? મારા શિરછત્રનો શિરચ્છેદ કરવાની વાત કરતા આપનું હૃદય કેમ ચાલે છે, તે મને સમજાતું નથી. મારા ઉપકારી પિતાનું સદા મંગલ થાઓ—એજ ભાવના મેં આજ સુધી સેવી છે અને જીવીશ ત્યાં સુધી સેવવાનો છું. માટે હવે ફરીથી આપ મારી આગળ આવી ભયંકર વાત ન કરશો.

પુત્રની પિતાભક્તિ જોઇને પણ રાણીના હૃદયમાં પતિભક્તિ ન જાગી. ત્યાં તો કાળા કામ-ક્રોધ ઉછળી રહ્યા હતા.

હવે તે એ નિશ્ચયે પહોંચી કે જે પતિ મને દેહસુખ આપવામાં સતત સહયોગી ન થાય, તે પતિ મારે મન પતિ નથી, પણ પગમાંનો કાંટો છે. મારે તેને ત્યાંથી ઉખેડીને ફેંકી જ દેવો જોઈએ.

વિષય-કષાય વકરે છે ત્યારે તે જીવના કેવા બૂરા હાલ કરે છે, તે આ પ્રસંગ સ્પષ્ટપણે સમજાવે છે. બળબળતી આગમાં ગમે તેટલું ધાન્ય હોમો તો પણ તે તૃપ્ત નથી થતી, પણ વધુ ઉગ્ર બનીને વધુને વધુ ભોગ માગે છે. તેમ વિષય-કષાય ભોગ વડે કદી તૃપ્ત નથી થતા પણ વધુ વકરે છે. તેને વશ થયેલા માનવીને હરાયા ઢોર કરતાં પણ બદતર કક્ષાએ ધકેલી દે છે. તેના ઉપર તો અંકુશ જ જરૂરી, તેમજ સ્વ-પર ઉપકારક છે.

આ જગતમાં એવો એક પણ જીવ નથી થયો, કે જેણે દેહભોગ વડે તૃપ્તિ અનુભવી હોય. જ્યારે ત્યાગ વડે આત્માને તૃપ્ત કરીને મોક્ષે જનારા અનંત જીવો આ જગતમાં થઈ ગયા છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી તીર્થંકરદેવે ઉપદેશેલા સર્વ સાવદ્યના ત્યાગના માર્ગે ચાલવાથી જ આત્માનું કલ્યાણ થાય છે. ધૂમાડાથી ગોટા જેવા વિષયના વિચારોને વશ થવાથી ચિત્ત કાળું–ભઠ્ઠ બની જાય છે. પછી ત્યાં દિન–રાત ભોગ લાલસાના ભડકા ઉઠે છે. જીવનની શાન્તિ નાશ પામે છે. સદ્‌વિચારનું કિરણ ત્યાં પ્રવેશ કરવામાં પાછું પડી જાય છે. ભૂંડ જેવા ભવ, તે આ દેહાસક્તિ જન્ય કર્મોનું પરિણામ છે.

પતિનું નિકંદન કાઢવાના નિશ્ચયે પહોંચેલી રાણીએ એક દિવસ તે નિશ્ચયનો અમલ પણ કરી દીધો અને પોતાના ધર્મપરાયણ પતિને ભોજનમાં ઝેર આપી દીધું.

આવો છે આ સંસાર! માટે ત્યાં નિરાંત અનુભવવાની ભૂલ ન કરશો. સાચી નિરાંત તો ધર્મરૂપી માતાના ખોળે છે. શુદ્ધ આત્માના ઘરમાં છે. રાગ–દ્વેષ રહિત ચિત્તમાં છે.

ભોજન કરીને ઉઠયા પછી રાજાને ઝેરની અસર થવા લાગી. નાશ પામવાના સ્વભાવવાળા દેહની મમતાને વશ થઈને ધર્મ-શ્રદ્ધાળુ રાજાએ સમતા ન ગુમાવી પણ આત્મભાવમાં રહ્યા.

આ રાજમહેલ કદાચ મમતા પ્રેરક બની પણ જાય—એમ વિચારીને રાજા તરત પૌષધશાળામાં જઈને દર્ભની પથારી–સંથારા ઉપર સૂઈ ગયા.

રાજાનું મન શ્રી અરિહંતમાં છે. શ્રી અરિહંતે પ્રકાશેલા ધર્મના એકનિષ્ઠ આરાધક શ્રી આચાર્યમાં છે.

અહીં તેમને આચારની મહત્તા બરાબર સમજાઈ ગઈ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાળેલો ધર્માચાર જીવને ખરા સમયે કેવી સરસ મદદ કરે છે, તેનો અનુભવ થયો.

એટલે પોતાને ઝેર આપનાર રાણી તરફ તેમને જરા પણ દુર્ભાવ ન જાગ્યો. પણ જગતના સર્વ જીવોને ખમાવવાની સાથે રાણીને પણ ખમાવવા લાગ્યા.

આત્માનો સાચો સગો, આત્મ-સ્વભાવરૂપ ધર્મ છે—એ સત્યમાં મનને સ્થિર કરી ઉપકારી ગુરુ ભગવંતનું સ્મરણ કરતાં સમતા સંપન્ન રાજા સ્વર્ગવાસી થયા. મૃત્યુ પામીને સૂર્યાભ નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

આ કથાનો સાર એ છે કે, દુઃખરૂપ આ સંસારમાં સાચું સુખ આત્માના ઘરમાં છે. આત્માની આરાધનામાં છે, આત્માના ગુણોની પ્રાપ્તિમાં છે. એ આત્માને ઓળખીને અપનાવવા માટે પંચાચારના પાલનમાં શૂરા આચાર્યદેવની પુણ્ય-નિશ્રા આવશ્યક છે.

નાસ્તિક રાજાને સમર્થ સુગુરુનો સુયોગ થયો, તો તે આસ્તિક બનીને આત્માને આરાધવામાં એકમન થઇ શકયા.

નાસ્તિક રાજાને સુગુરુનો સમાગમ કરાવવામાં ખાનદાન મંત્રીએ શો ભાગ ભજવ્યો, તે તમે જાણ્યો. તો મિત્ર રાખો તો આ મંત્રી જેવો કલ્યાણમિત્ર રાખજો.

આમ તો જગતના બધા જીવો, જીવના મિત્ર છે, પણ જે જીવને શ્રી જિનધર્મ સાથે ગાઢ મૈત્રી હોય છે, તેની મૈત્રી ધર્મ પમાડવામાં અચૂક સહાયક થાય છે. માટે એવા જીવ સાથેની દોસ્તી, ખરેખર સ્વ-પર ઉપકારક નીવડે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંચાચારનું યથાર્થપણે પાલન કરવાથી જ આત્મા ખરેખર બળવાન બને છે. મિથ્યાત્વ-મોહનીય નામના અતિ ભયાનક કર્મને પણ નિર્બળ બનાવી શકે છે.

## ત્રીજા દિવસની આરાધના

**પદ**-શ્રી આચાર્ય
**નવકારવાલી**-વીસ
**કાઉસ્સગ્ગ**-૩૬ લોગસ્સનો
**પ્રદક્ષિણા**-૩૬
**ખમાસમણાં**-૩૬
**વર્ણ**-પીળો, એક ધાન્ય, તે ચણાનું આયંબિલ.
**જાપ**-ૐ હ્રીં નમો આયરિયાણં
**સ્વસ્તિક**-૩૬

## ખમાસમણનો દુહો—

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભધ્યાની રે
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે;
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લઈ રે
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર૦ ૧

## શ્રી આચાર્યપદના ૩૬ ગુણ

૧ પ્રતિરૂપગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨ સૂર્યવત્તેજસ્વિગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૩ યુગપ્રધાનાગમસંયુતાય શ્રી આચાર્યાય નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ મધુરવાક્યગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૫ ગામ્ભીર્યગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૬ ધૈર્યગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૭ ઉપદેશગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૮ અપરિશ્રાવિગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૯ સૌમ્યપ્રકૃતિગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૦ શીલગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૧ અવિગ્રહગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૨ અવિકથકગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૩ અચપલગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૪ પ્રસન્નવદનસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૫ ક્ષમાગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૬ ઋજુગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૭ મૃદુગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૮ સર્વાંગમુક્તિગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૯ દ્વાદશવિધતપોગુણસંયુતાય શ્રી આયાર્યાય નમઃ
૨૦ સપ્તદશવિધસંયમગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨૧ સત્યવ્રતગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨૨ શૌચગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨૩ અકિંચનગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨૪ બ્રહ્મચર્યગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨૫ અનિત્યભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ
૨૬ અશરણભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૭ સંસારસ્વરૂપભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૨૮ એકત્વભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૨૯ અન્યત્વભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૩૦ અશુચિભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૩૧ આશ્રવભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૩૨ સંવરભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૩૩ નિર્જરાભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૩૪ લોકસ્વરૂપભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૩૫ બોધિદુર્લભભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૩૬ ધર્મદુર્લભભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ઉપાધ્યાય પદનું સ્વરૂપ

गणतित्तीसु नियुत्ते सुत्तत्थज्झावणंमि उज्जुत्ते ।
सज्झाए लीणमणे सम्मं झाएह उज्झाए ।।

અર્થ:—હે ભવ્ય જીવો ! મુનિ સમુદાયની સારણાં વગેરે કાર્યોના અધિકારી, સૂત્ર અને અર્થના અધ્યયન કાર્યમાં ઉદ્યમવંત અને સ્વાધ્યાયમાં એકાગ્ર મનવાળા શ્રી ઉપાધ્યાય ભગવંતનું તમે સમ્યક્ પ્રકારે ધ્યાન કરો.

આજે શાશ્વતી ઓળીનો ચોથોદિવસ છે.

આ ચોથ દિવસે આપણે ચોથા ઉપાધ્યાય પદના ઉપકારક સ્વરૂપમાં વિચરવાનું છે.

નીલવર્ણા ઉપાધ્યાય ભગવંતનું સ્વરૂપ નીલ ગગન જેવું વ્યાપક છે, નીલ-સાગર જેવું અગાધ છે.

શ્રી તીર્થંકરદેવના વિરહ કાળમાં આચાર્યદેવ રાજાના સ્થાને છે. તો ઉપાધ્યાય ભગવંત મંત્રીના સ્થાને છે.

ઉપ + અધ્યાય = ઉપાધ્યાય.

ઉપ એટલે પાસે, અધ્યાય એટલે અધ્યયન કરવું તે.

ઉપાધ્યાય શબ્દની આ વ્યાખ્યા જેટલી સરળ છે, તેટલી જ ગંભીર છે.

તે કહે છે કે અધ્યયન ઉપાધ્યાય પાસે કરી શકાય, કારણ કે તેઓ સ્વાધ્યાયમગ્ન હોય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાધ્યાય ભગવંત સ્વના અધ્યયનમાં નિપુણ બનવા સતત ઉપયોગવંત રહેતા હોય છે. એટલે તેમની પાસે શાસ્ત્રાધ્યયન કરવાથી શાસ્ત્રના અર્થ અને ભાવાર્થ હૃદયમાં ઉઘડે છે. આત્માના સ્વરૂપને પામવાની લાયકાત આવે છે.

અધ્યાત્મવિદ્યાની શબ્દાવલિમાં તથા ધર્મશસ્ત્રોમાં ‘સ્વ’ એ મુખ્ય છે, માટે જીવનને ધર્મમય બનાવવા માટે સ્વાધ્યાય એ પરમ આવશ્યક સાધન છે.

જે અધ્યયનમાં ‘સ્વ’ નથી તે અધ્યયન—એ અધ્યયન નથી પણ થકવનારી ક્રિયા છે. જ્યારે સ્વાધ્યાયથી સાચી વિશ્રાન્તિ મળે છે. દૂધમાં રહેલા ઘીની જેમ, સર્વ આગમોમાં આત્મા ઓતપ્રોત છે, એટલે આત્મ મંત્રણામાં નિપુણ એવા ઉપાધ્યાય ભગવંતને આ શાસનમાં મંત્રીની ઉપમા છે.

શ્રી ઉપાધ્યાય ભગવંતના મુખ્ય કાર્યો સાધુ સમુદાયની સંભારણા, સૂત્ર અને અર્થનું ભણવું-ભણાવવું અને સ્વાધ્યાયમાં નિમગ્ન રહેવું વગેરે છે.

આ બધો શ્રી જિનશાસનનો આંતરિક વહીવટ છે.

સુયોગ્ય વહીવટ સિવાય ધીકતો ધંધો કરતી મોટી પેઢી પણ જતે દહાડે નુકશાનમાં જાય છે અને ઊઠી જાય છે—તે તમે સારી રીતે જાણો છો. માટે પેઢીનો વહીવટ દક્ષ, પ્રામાણિક અને અનુભવી મુનીમને સોંપો છો.

તેમ આ શાસનના આંતરિક વહીવટનો બોજો પઠન-પાઠનમાં દક્ષ, સૂત્રના અર્થ અને ભાવાર્થ કરવામાં પ્રામાણિક તેમજ ગુરુ મારફત ઘડાયેલા અનુભવી ઉપાધ્યાયજી સંભાળે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી જીવને ધર્મ પમાડીને તેમાં સ્થિર કરવાની મુખ્ય જવાબદારી પણ ઉપાધ્યાય ભગવંત સંભાળે છે. પૂર્વ પાપના ઉદયે દીક્ષા લીધા પછી કોક સાધુને ગોચરી લાવવી, કાપ કાઢવો, તપ કરવો, કાજો કાઢવો વગેરે કાર્યો વેઠયા મજુરી જેવાં લાગે છે અને તેનું મન પુનઃ સંસાર તરફ વળે છે, ત્યારે ધર્મનિપુણ ઉપાધ્યાય ભગવંત તેને તે-તે કાર્ય કરવાથી થતી કર્મનિર્જરાનું ગણિત સમજાવીને તેને પુનઃ વૈરાગ્યમાં સ્થિર બનવાનું મહાન કાર્ય કરે છે.

પ્રભુ શ્રી મહાવીર સ્વામીજીના નિર્વાણ પછી આગમશાસ્ત્રો તેમજ શ્રી જિન વચનાનુસારી બીજાં શાસ્ત્રોનું પઠન-પાઠન આજ સુધી ચાલુ છે, તેમજ આ પાંચમા આરાના છેડા સુધી ચાલુ રહેવાનું છે, તેમાં જેટલો ઉપકાર શ્રી અરિહંતનો છે, તેટલો જ શ્રી ઉપાધ્યાય ભગવંતનો પણ છે.

શ્રુતગંગાના પ્રાણવંતા પ્રવાહને ગતિમાન રાખવામાં શ્રી ઉપાધ્યાયજી ભગવંત મોખરે છે.

જો જિનોક્ત શાસ્ત્રોનું પઠન-પાઠન ચાલુ ન હોય, તો શું થાય ? તેના ઉપર વિચાર કરશો, તો તમને પૂ. ઉપાધ્યાય ભગવંત કેટલા ઉપકારી છે, તે જરૂર સમજાશે.

શાસ્ત્ર એ દીવો છે. જીવોને મોક્ષનો માર્ગ બતાવનારો ભાવ-દીપક છે. સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગની આરાધના આજે પણ તમે-અમે બધા કરી શકીએ છીએ તેમાં ઉપાધ્યાય ભગવંતનો હિસ્સો ઘણો મોટો છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંધારી રાતે હાથમાં દીવો ન હોય, તો માણુસ એક ડગલું પણ ન ભરી શકે. તેમ આગમ શાસ્ત્રરુપી ભાવદીપક ઝળહળતો ન હોય, તો અમારી અને તમારી બધાની દુર્દશા થાય, ભવવાટમાં અટવાઈ જઈએ, ભવ હારી જઈએ. સઘળા સદ્‌વિવેકથી ભ્રષ્ટ થઇને ક્ષુદ્ર જંતુવત્ જીવનને આધીન થઈ જઇએ.

વળી પૂ. ઉપાધ્યાયજી સ્વશાસ્ત્રમાં નિપુણ હોય છે, તેમ પરશાસ્ત્રોમાં પણ પારંગત હોય છે. ઉત્કૃષ્ટ ક્ષયોપશમના બળે તેઓ વસ્તુના ધર્મને પારખવામાં તેમજ તેના સદ્‌અંશોને અપનાવવામાં સદા મોખરે રહે છે.

'ષડ્‌દર્શન જિન અંગી ભણી જે' એ સૂત્ર તેમને અસ્થિમજ્જાવત્ હોય છે. એટલે તેમની પાસે જનારા જીવને તેઓ આત્માના સ્વભાવની ઓળખ કરાવવામાં સફળ નીવડે છે.

સ્યાદ્‌વાદરૂપી રત્નાકરના સહેલાણી ગણાતા પૂ. ઉપાધ્યાયજી જ્યારે જે વાત કાઢે છે, ત્યારે તેની ભીતરમાં શાસન રહસ્ય હોય જ છે. જડને ચેતન ઉપર શાસન ચલાવવાની ફાવટ કયારે આવે છે, તે તત્ત્વજ્ઞાનને સારી રીતે પરિણત કરી ચૂકેલા હોઇને તેમની પાસે જનારને આત્મદ્રવ્યની અચિન્ત્ય શક્તિનો તથા તેમાં અવરોધક મોહનીય આદિ કર્મોનો પાયાનો બોધ પ્રાપ્ત થાય છે.

સત્ પદાર્થમાં ભાવનો અભાવ નથી હોતો, અસત્ પદાર્થમાં ભાવ નથી હોતો, પાયાની આ બે વાતો સમજાવવામાં પૂ. ઉપાધ્યાયજી નિપુણ હોય છે. માટે આત્મ–પદાર્થના સ્વરુપને સમજવાની તમન્નાવાળા જીવો તેમની પાસે જાય છે.

પૂ. આચાર્યદેવની આજ્ઞા નીચે વિચરતા, મુનિગણને જિનોક્ત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધાંતોનું દાન દેનારા શ્રી ઉપાધ્યાય ભગવંતો ચોથા પરમેષ્ઠિપદે પ્રતિષ્ઠિત થયેલા છે. જે કાળમાં જેટલું શ્રુત વિદ્યમાન હોય છે, તેના તેઓ પ્રાયઃ પારગામી હોય છે.

સદ્‌વિદ્યાના દાનમાં શૂરા ઉપાધ્યાય ભગવંત પાસે શાસ્ત્રાભ્યાસ કરવાથી તેનો આફરો નથી ચઢતો, પણ તે પચી જાય છે. એટલે કે તે જ્ઞાન આત્મયોગમાં પરિણમે છે.

શ્રી ઉપાધ્યાય ભગવંતના મુખ્ય ગુણો ૨૫ છે. શાસ્ત્રમાં તેમના ગુણોની ૨૫ પચ્ચીસીઓ વર્ણવેલી છે, અહીં આપણે ૧૧ અંગો તથા ૧૪ પૂર્વરૂપ સૂત્રના પોતે જ્ઞાતા છે, તે સંદર્ભમાં તેમને તે ૨૫ ગુણવાળા તરીકે લઇએ છીએ. કારણ કે અન્ય સર્વ ગુણોની ખાણ આ ૨૫ છે. (૧૧ અંગ અને ૧૪ પૂર્વોનું અખંડ જ્ઞાતૃત્વ છે.)

### ૧૧ અંગોના નામ આ પ્રમાણે છે.

(૧) શ્રી આચારાંગ સૂત્ર, (૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર, (૩) શ્રી સ્થાનાંગ સૂત્ર, (૪) શ્રી સમવાયાંગ સૂત્ર, (૫) શ્રી ભગવતી સૂત્ર, (૬) શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર, (૭) શ્રી ઉપાસકદશા સૂત્ર, (૮) શ્રી અન્તકૃતદશા સૂત્ર, (૯) શ્રી અનુત્તરૌપપાતિક સૂત્ર, (૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર, (૧૧) શ્રી વિપાક સૂત્ર.

### ૧૪ પૂર્વોના નામ નીચે પ્રમાણે છે.

(૧) ઉત્પાદ પૂર્વ, (૨) અગ્રાયણીય પૂર્વ, (૩) વીર્યપ્રવાદ પૂર્વ, (૪) અસ્તિપ્રવાદ પૂર્વ, (૬) સત્યપ્રવાદપૂર્વ, (૭) આત્મ-પ્રવાદ પૂર્વ, (૮) કર્મપ્રવાદ પૂર્વ, (૯) પ્રત્યાખ્યાન પ્રવાદ પૂર્વ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૦) વિદ્યાપ્રવાદપૂર્વ, (૧૧) કલ્યાણપ્રવાદ પૂર્વ, (૧૨) પ્રાણાવાય પૂર્વ, (૧૩) ક્રિયાવિશાલપૂર્વ; (૧૪) લોકબિન્દુસાર પૂર્વ.

પ્રથમ ૧૨ અંગો હતા. તેમાંનું છેલ્લું એટલે કે બારમું દૃષ્ટિવાદ અંગ હાલમાં વિચ્છેદ પામ્યું છે અને ૧૪ પૂર્વો તેની અંદર હતા. હાલમાં તેનો પણ વિચ્છેદ છે.

તેમ છતાં વર્તમાન કાળે જે શ્રુત વિદ્યમાન છે, તે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કોટિના ધર્મારાધકની ઉત્કૃષ્ટ આરાધના ભૂખને સંતોષવા માટે પર્યાપ્ત છે.

તારનાર શ્રી નવકાર અને શ્રી નવપદ આજેય વિદ્યમાન છે. એટલે તરવા બાબત કોઈ ચિંતા કરવાનું કારણ નથી.

અમારે સંસાર સાગર તરવો છે, એટલું નક્કી કરીને તમે શ્રી નવકાર યા શ્રી નવપદજીને પકડી લો, એ તમને જરૂર તારશે. જીવને શિવ બનાવવો—એ તેમનો સ્વભાવ છે. અને જે જીવોએ તેમના પગ પકડયા, તેમને તેમણે શિવ બનાવ્યા છે.

પરમાત્માના પગ શી રીતે પકડાય તેનું શિક્ષણ પૂ. ઉપાધ્યાયજી આપે છે, આપવાની યોગ્યતા ધરાવે છે.

આ કાળમાં જ લગભગ ૩૦૦ વર્ષ પૂર્વે થઈ ગએલા પૂ. ઉપાધ્યાયજી ભગવંત શ્રી યશોવિજયજી ગણિવરનાં સ્તવનોમાં ડૂબકી મારવાથી પણ પરમાત્મા જ્યાં વસે છે, તે આત્માના ઘર તરફ પ્રસ્થાન કરવાના અધ્યવસાય જાગે છે.

જ્ઞાનાર્ણવ સદૃશ પૂ ઉપાધ્યાયજી ભગવંતના શ્રી મુખે શાસ્ત્રનો પાઠ લેવાથી, રાગ-દ્વેષનો નાશ કરનારા આત્માના શુદ્ધ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વભાવનું જે પ્રાકટ્ય થાય છે, તે અન્યથા કેટલા પ્રમાણમાં થાય, તે ગંભીર સવાલ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે ગુરુપદે રહેલા આચાર્ય દેવની જેમ શ્રી ઉપાધ્યાયજીની નિશ્રા પણ સેવવી જોઈએ.

ઉપાધ્યાયજીનો વર્ણ નીલો છે, આ નીલો વર્ણ પરિપકવ જ્ઞાન દશાનું પ્રતીક છે. આ ચોથા પદના આરાધકોને ઉપાધ્યાય ભગવંતનું મંગળકારી સ્મરણ સ્પર્શવું જોઇએ.

આ પદનો જાપ નીલવર્ણની માળા વડે થાય છે.

**ભોજનમાં પડે તેવો રસ ભજનમાં પડે, ત્યારે માનવું કે આ પદની આરાધના લાગુ પડી છે.**

પછી શાસનના એકેએક પદાર્થનો રસ માણવા મળે છે. આત્માના ગુણો સ-રસ લાગે છે. પાપકર્મોમાં રસ ઓછો થઈ જાય છે. જે વિચારના સેવનથી જિનાજ્ઞા સેવાય છે, તે વિચાર સાકર કરતાં મીઠો લાગે છે.

સ્વાધ્યાય રસિકતા સ્વાભાવિક બને છે, એટલે સંસાર-રસિકતા આપોઆપ ક્ષીણ થવા માંડે છે.

સ્વાધ્યાયના વિષયભૂત આત્મા નિત્ય નિરંતર આપણી સાથે છે—એ સત્યની પરિણતિ આ પદની અનન્યભાવે આરાધના કરવાથી થાય છે.

ઉપાધ્યાયજીના ગુણો ૨૫ છે, એટલે ૨૫ લોગસ્સનો, કાઉ-સગ્ગ આ પદની આરાધનામાં કરવો. ૨૫ સાથિયા કરવા, ૨૫

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખમાસણાં દેવાં તથા ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં પદની ૨૦ નવકારવાળી ગણવી.

આ પદની ઉત્કૃષ્ટ પ્રકારની આરાધના માટે લીલા વર્ણના એક જ ધાન્ય (મગ) વડે આયંબિલ કરવાનું ફરમાન છે.

શ્રી જિનેશ્વર દેવના એક વચનનું પણ અનન્ય ભાવે શરણું લેવાય છે, તો તે ભવજલતારક જહાજનું કામ કરે છે—એ શાસ્ત્રવચનમાં નિષ્ઠ પેદા કરવા માટે ઉપાધ્યાય પદની આરાધના નિતાંત આવશ્યક છે.

ખરેખર ભણેલો તે કહેવાય, જે આત્માને ભણી ચૂકયો હોય. જેની નજર આત્મા ભણી હોય. આત્મા જેમ પોતાના ઉપયોગને નથી છોડતો, એવું ભણતર ઉપાધ્યાય પદની આરાધનાથી મળે છે.

**પર પદાર્થોનું ઘણુંયે જ્ઞાન હોય, પણ આત્મ પદાર્થનું જ્ઞાન ન હોય, તો તે એકડા વગરના મીંડા જેવું છે. સહી વગરના ચેક જેવું છે.**

ત્રણ જગતના સઘળા જડ પદાર્થો કરતાં એક આત્મા અધિકાધિક મૂલ્યવાન છે, એ વાત સદા સ્મરણમાં રહેવી જોઇએ.

એટલે કોઈ પણ આત્માને દૂભવીને પુદ્ગલને, કાયાને સુખી કરવાની પ્રવૃત્તિ યા વૃત્તિને જ્ઞાનીઓએ અધર્મ કહેલ છે.

ધર્મ તો જીવની જયણામાં છે. જીવની દયાના પાલનમાં છે. આત્માના ઉપયોગમાં રહેવામાં છે. દાન–શીલ–તપભાવ આદિના સેવનમાં છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ધર્મને આત્મસાત્ કરવામાં જો શૂરવીરના કેળવીએ, તો પર પદાર્થોનો મોહ આપણને પજવવામાં નિષ્ફળ નીવડશે.

આ ઉપાધ્યાયપદનું આરાધન કરીને દશપૂર્વધર શ્રી વજસ્વામીજીએ કેવી રીતે આત્મકલ્યાણ સાધ્યું, તે હવે જોઈએ.

આ ભરતક્ષેત્રના મધ્ય ભાગમાં તુંબવન નામની નગરી હતી.

નગરીનો રાજા ન્યાયી હતો અને પ્રજા પ્રામાણિક હતી.

આજે રાજાના ન્યાયની કસોટીનો દિવસ હતો. એટલે પ્રજાજનો તે જોવા–જાણવા ઝડપથી ન્યાયાલય તરફ જતા હતા.

બહારગામથી આવેલા એક નગરજને પોતાના પરિચિત એક નગરજને પૂછ્યું કે, આ બધા માણસો કઈ તરફ જાય છે?

પરિચિત તેને કહ્યું, શું તમે કશું જાણતા જ નથી? આજે તો ન્યાય થવાનો છે.

પણ શેનો એતો કહો.

બહારગામથી આવેલા નગરજનને સંતોષવા નગરવાસીએ કહ્યું, સાંભળો :

આ નગરીમાં ધન નામના ધનાઢ્ય શેઠ રહેતા હતા. આ ધનવાન શેઠ જૈનધર્મમાં પ્રીતિવાળા હતાં. તેમની જેમ તેમની પત્ની પણ ધર્મમાં નિષ્ઠાવાળી હતી. કાળક્રમે તેમને એક પુત્ર થયો. તેનું તેમણે ધનગિરિ નામ પાડયું.

માત–પિતાના ધર્મપરાયણ પવિત્ર જીવનના સારા સંસ્કારો આ ધનગિરિ ઉપર પડયા. એટલે વય વધતાં તેણે વ્યાવહારિક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિક્ષણની સાથે આત્મહિત કરનારું ધાર્મિક શિક્ષણ પણ સારી રીતે પ્રાપ્ત કર્યું.

ધનગિરિ પરણવાને લાયક વયનો થયો એટલે માતા-પિતા તેને લાયક સુસંસ્કારી કન્યાની શોધ કરવા લાગ્યાં. પણ ધનગિરિનો વિચાર પરણવાનો નહોતો એટલે તે સમાજમાં કહેવા લાગ્યો કે મારો વિચાર દીક્ષા લેવાનો છે, માટે મને કન્યા આપતાં વિચાર કરજો.

પુત્રના દીક્ષા લેવાના મનોરથ જાણીને માતા-પિતાએ તેને કહ્યું, અમે હવે ઘરડાં થયાં છીએ, માટે તું ઘર વ્યવહારનો બોજો સંભાળવા માટે પણ પરણવાની હા પાડ. દીક્ષા લેવાની તારી ભાવના ઉત્તમ છે, પણ હાલ ઉતાવળ ન કર. તેમ છતાં ધનગિરિ પોતાના વિચારમાં મક્કમ રહ્યો.

એટલે માતા-પિતાએ વિચાર્યું કે ગમે તે રીતે પણ તેને પરણાવી દઈશું તો છેવટે બધું ઠેકાણે પડી જશે. પછી સંસારનો રસ તેને કોઠે પડી જશે.

આમ વિચારીને તેમણે તે જ નગરના ધનપાલ નામે શેઠને તેમની સુપુત્રી સુનંદાનું સગપણ પોતાના પુત્ર ધનગિરિ સાથે કરવાની વાત કરી.

સુનંદા પણ શીલ-સંસ્કારવતી આદર્શ કન્યા હતી. લજ્જા એ તેના લાવણ્યનું ઓઢણું હતું. વડીલોની સેવા કરવામાં તે નિપુણ હતી.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી ગુણવાન કન્યા પોતાની પુત્રવધુ બને તો ઘર તેમજ કુળને અજવાળે એમ માનીને ધનશેઠે ધનગિરિનું સગપણ તેની સાથે કરવાનો નિર્ણય કર્યો અને પોતાનો આ નિર્ણય ધનપાલને જણાવ્યો.

સંયમ લેવાને ઉત્સુક ધનગિરિ આ વાત સાંભળીને દુઃખી થયો. તે તરત સિંહસૂરીશ્વરજી પાસે ગયો અને બે હાથ જોડીને બોલ્યો, ગુરુદેવ ! હું સંસારના બંધનથી મુક્ત થવા ઈચ્છું છું. અને મારા માતા-પિતા મને બંધનમાં નાંખવા ઈચ્છે છે, તો કૃપા કરીને આપ મને સ્વ-પર કલ્યાણકારી ભગવતી દીક્ષા આપો.

જ્ઞાની ગુરુ મહારાજે કહ્યું, તમારી વાત ઉત્તમ છે, પણ તમે તમારા માતા-પિતાને સમજાવીને સંયમનો સ્વીકાર કરો.

ધનગિરિની હીલચાલની તેના માતા-પિતાને તેમજ થનારા સસરાને ખબર પડી ગઈ એટલે બંને મુંઝાયા.

ધનગિરિ જાતે ધનપાલ શેઠને કહી આવ્યો કે હું સંયમ લેવાનો છું. માટે તમારી દીકરીના સગપણ મારી સાથે કરશો તો પસ્તાશો.

બારણાની આડમાં ઊભેલી સુનંદાએ આ વાત સાંભળી અને તેણે નિર્ણય કર્યો કે પરણવું તો ધનગિરિ સાથે જ.

આનું નામ તે વૈરાગ્યના સંસ્કાર. સુનંદા જાણે છે કે હું જેમને પરણવાનો નિર્ણય કરું છું, તે દીક્ષા લેનારા છે, છતાં તે નિર્ણયમાં તે ફેરફાર કરતી નથી.

પુત્રીનું મન જાણીને ધનપાલે યોગ્ય મુહૂર્તે ધામધૂમથી તેનાં લગ્ન ધનશેઠના સુસંસ્કારી, સુપુત્ર ધનગિરિ સાથે કર્યાં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરણવું તે પણ ભવરણના ઝેરી વામાં સપડાવા જેવું છે, તેવું જાણતા ધનગિરિ મને કમને પણ ગૃહસ્થી બન્યા. કેટલોક કાળ જતાં સુનંદાને ગર્ભ રહ્યો. ગણધર ભગવંત શ્રી ગૌતમ સ્વામીજીથી પ્રતિબોધિત તિર્યંગ જૃંભક નામના દેવનો જીવ તેમની કુક્ષીમાં આવ્યો.

પોતાની પત્ની ગર્ભવતી થઈ છે, તે જાણ્યા પછી ધનગિરિની સંયમ ભાવના એકદમ વધી ગઈ. સુનંદાને તેણે કહ્યું, હવે મને દીક્ષા લેવાની રજા આપ.

જવાબમાં સુનંદા મૌન રહી.

સઘળી મિથ્યા મમતાને મનમાંથી ફગાવી દઈને ધનગિરિએ ગુરુ મહારાજ પાસે દીક્ષા લઇ લીધી.

સુનંદા સાત્ત્વિક ગુણવાળી સન્નારી હતી. પતિનો વિયોગ તેને સાલતો હતો, છતાં ગર્ભના જતનમાં મન પરોવીને તે દિવસો કાપવા લાગી.

પૂરા માસે સુનંદાએ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. તે સમયે પડોશણ ભેગી થઇને બોલી, જો આજે આના પિતા અહીં હોત તો જરૂર મોટો ઉત્સવ કરત, પણ તેમણે તો દીક્ષા લીધી છે.

એક દિવસના બાળકના કાને દીક્ષા શબ્દ અથડાતાંની સાથે જ તેને જાતિસ્મરણજ્ઞાન થયું. આખો પાછલો ભવ તેને પ્રત્યક્ષ થયો અને તેને પણ દીક્ષા લેવાનો ભાવ જાગ્યો.

આત્માને વય સાથે ઝાઝી નિસ્બત હોતી નથી. કર્મો પાતળાં પડતાં નાનામાં નાની વયનો બાળક પણ મોટામાં મોટી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વયના કર્મગ્રસ્ત માણસોને હેરત થાય તેવો પ્રભાવ બતાવી શકે છે. અને તેવા અનેક દાખલા જગતના ઇતિહાસમાં છે. શ્રી જિનશાસનની પરંપરામાં છે.

પારણામાં રમતા બાળકને થયું કે હું હસતો રમતો રહીશ તો મારી માતાની મમતા ઓછી નહિ થાય. તે મમતાને ઓછી કરવા મારે રડવું જોઇએ. આમ વિચારીને તે જોરથી રડવા લાગ્યો.

હાથમાં લીધેલું કામ પડતું મૂકીને માતા પોતાના વહાલસોયા બાળકને છાનો રાખવા દોડી આવી. રડતા બાળકને ખોળામાં લીધો, તેના માથે હાથ ફેરવ્યો, તેમ છતાં બાળક રડતો બંધ ન થયો.

પુત્રઘેલી માતાએ પુત્રને છાના રાખવાના જેટલા પ્રયત્નો કર્યા, તે બધા નિષ્ફળ ગયા. બાળકનું રૂદન બંધ ન થયું.

બાળક તો રાત-દિવસ રડે છે, એટલે માતા કંટાળી.

જેમતેમ કરીને સુનંદાએ છ મહિના કાઢી નાખ્યા.

રોજ રડતા બાળકને છાનો રાખવાના માતાના પ્રયત્નો ઉપર પાણી ફરી વળતાં એક પડોશણ તેને કહેવા આવી. આ છોકરો તમને સુખ નહિ આપે, માટે તેના પિતા વિચરતા-વિચરતા અહીં આવે ત્યારે તેમને સોંપી દે. એટલે તેમને પણ ખબર પડે કે બાળક કેમ સચવાય છે.

છ-છ મહિનાના ઉજાગરાથી કંટાળેલી તેમજ મનથી થાકેલી સુનંદાને પડોશણની સલાહ ગમી ગઈ અને પુત્ર તેના સંસારીપણાના પિતાને સોંપી દેવાનો દૃઢ નિશ્ચય તેણે કરી લીધો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઈને સંસારની સગાઈ! સ્વાર્થ સરે છે, ત્યાં સુધી અહીં સહુ એક-બીજાનાં સગાં છે, પણ સ્વાર્થ નથી સરતો તો સગી માતા પણ આ રીતે સગા પુત્રને છોડી દેતી હોય છે.

જોગાનુજોગ આચાર્ય શ્રી સિંહગિરિજી પોતાના શિષ્ય પરિવાર સાથે તુંબવન નગરમાં પધાર્યા.

ગોચરીવેળા થતાં ધનગિરિજીએ ગામમાં વહોરવા જવાની આજ્ઞા માંગી. તે સમયે જ્ઞાની ગુરુદેવે કહ્યું, આજે તમને મહાન લાભ થશે, માટે ગોચરીમાં જે મળે તે લઈ લેવું.

ધનગિરિ મુનિ તહત્તિ કહી ગામમાં ગોચરીએ નીકળ્યા. ફરતા ફરતા સુનંદાને ત્યાં પધાર્યા. સુનંદા પોતાના ભૂતકાળના પતિને તરત ઓળખી ગઈ, તેમજ તેમની સાથે રહેલા પોતાના સંસારીપણાના ભાઈ અને વર્તમાનમાં આર્યસમિત મુનિને પણ ઓળખી ગઈ.

તેણે ધનગિરિ મુનિને કહ્યું, આ તમારા પુત્રને લઈ જાઓ. હું તેનાથી કંટાળી ગઇ છું. રડી-રડીને તેણે મને થકવી નાંખી છે.

મુનિએ કહ્યું, તમારે તમારો પુત્ર અમને સોંપવો હોય, તો તેનો સ્વીકાર કરવા અમે તૈયાર છીએ, પણ પછી તેની માગણી કરવા આવશો તો અમે નહિ આપી શકીએ, માટે જે નિર્ણય કરો તે ગંભીરતાથી કરીને અમને જણાવો.

રાત-દિવસ રડીને પજવતું બાળક, હોય તો પણ શું અને ન હોય તો પણ શું? એમ વિચારીને સુનંદાએ મુનિને કહ્યું,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેં જે નિર્ણય લીધો છે, તે પૂરી વિચારણા પછી જ લીધો છે માટે આપ ખુશીથી તેને લઈ જાઓ.

પણ સંસારી જીવો, મોહને વશ થઈને ક્યારે ફરી જાય તે કહેવાય નહિ, માટે બે સાક્ષીઓ રાખીને તમે તમારો પુત્ર અમને આપો.

મુનિનાં આ વચનો સાંભળીને સુનંદાએ પોતાની બે પડોશણોની સાખે પોતાનો પુત્ર મુનિને વહોરાવી દીધો.

ધનગિરિ તેને ઝોળીમાં લઈ ઉપાશ્રયે પાછા ફર્યા. ગુરુ મહારાજે તે ઝોળી લઇ લીધી. વજનદાર ઝોળી જોઈને ગુરુદેવે પૂછયું, વજ્ર વહોરી લાવ્યા છો કે શું! તે દિવસથી બધા તે બાળકને વજ્રકુમાર કહેવા લાગ્યા.

ઉપાશ્રયમાં દાખલ થતાં બાળકે રડવાનું બંધ કરી દીધું. રડીને તેને જે કામ કરવું હતું, તે ઘણા અંશે પાર પડયું હતું.

આવું રૂદન બચપણમાં જે બાળક કરતો હોય તેને ધન્ય છે.

ગુરુ મહારાજે છ માસના વજ્રકુમારને સાચવવાની જવાબદારી શ્રાવિકાઓને સોંપી. શ્રાવિકાઓના ઉપાશ્રયમાં રહેલ સાધ્વીજીઓ જે જે સૂત્રોના પાઠ કરે છે તે, તે એકાગ્ર ચિત્તે સાંભળે છે. સાંભળતા–સાંભળતા અગિયારે અંગ કંઠસ્થ કરી લીધાં.

કહો જ્ઞાનનો કેવો ક્ષયોપશય ? આવો અદ્‌ભુત ક્ષયોપશય ઘણી ધર્મારાધના પછી જ્ઞાનાવરણીઆદિ કર્મો પાતળાં પડે છે, ત્યારે આત્માને પ્રાપ્ત થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક દિવસ સુનંદાએ શ્રાવિકાઓને પૂછયું, કે મારો પુત્ર હજી પહેલાંની જેમ રડે છે, કે હવે તેમાં કાંઇ સુધારો થયો છે?

શ્રાવિકાઓએ કહ્યું, હવે તે બિલકુલ રડતો નથી, પણ શાંતિથી રહે છે, તેમજ શાસ્ત્રપાઠોનું એકાગ્રતાથી શ્રવણ કરે છે.

સુનંદાએ ઉપાશ્રયમાં જઈને જોયું તો શ્રાવિકાઓની વાત સાચી લાગી. પોતાનો પુત્ર હવે આનંદથી રહે છે, તે જોઇને તેને પુત્ર પ્રત્યે પુનઃવાત્સલ્ય પ્રગટ થયું અને તે નિયમિત તેને સ્તનપાન કરાવવા ઉપાશ્રયે જવા માંડી.

આ રીતે તેનો પુત્રપ્રેમ પુનઃ પાંગર્યો અને તે પ્રેમ યા મોહને વશ થઈને તેણે શ્રાવિકાઓ પાસે પોતાના પુત્રની માગણી કરી.

શ્રાવિકાઓએ કહ્યું, આચાર્ય મહારાજે આ બાળક અમને ઉછેરવા માટે સોંપ્યો છે, માટે અમે તેમની આજ્ઞા સિવાય બાળક તમને નહિ આપીએ.

આ અરસામાં આચાર્ય સિંહગિરિજી પણ ધનગિરિમુનિ વગેરે સાથે પુનઃ તુંબવન નગરીમાં પધાર્યા.

સુનંદા તેમની પાસે ગઈ અને પોતાની પુત્રની માગણી કરી.

બહેન, આ તે તમારો કેવો આચાર કે રાજીખુશીથી સાધુને વહોરાવેલી વસ્તુ પાછી માગો છો? ધનગિરિમુનિએ પૂછયું.

સુનંદાએ કહ્યું, મારે મારો પુત્ર પાછો જોઈએ, તે સિવાય બીજું કશું હું સાંભળવા માગતી નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ-સંસ્કારી એક નારીને પણ મોહ કેવો પજવી શકે છે, તેનો આ સચોટ દાખલો છે.

સાધુઓ પાસેથી પુત્ર પાછો મેળવવામાં નિષ્ફળ જતાં સુનંદાએ પોતાનો પુત્ર પાછો મેળવવા માટે રાજાને ફરિયાદ કરી.

રાજા આજે બંને પક્ષને ચકાસીને તેનો ન્યાય કરવાના છે. એ જાણવાને આતુર પ્રજાજનો ન્યાયમંદિરમાં જઈ રહ્યા છે.

પહેલા નાગરિકની વાત સાંભળીને બહારગામથી આવેલા નાગરિકને પણ આશ્ચર્ય થયું. તે પણ ન્યાયમંદિરમાં ન્યાય સાંભળવા ગયો.

ન્યાયસભા ચિક્કાર છે.

એક તરફ સુનંદા બેઠી છે. તે પોતાની સાથે રંગબેરંગી રમકડાં અને સ્વાદિષ્ટ મિઠાઈઓ લઈને આવી છે.

બીજી તરફ ધનગિરિજી વગેરે મુનિઓ પોતાને ઉચિત સ્થાને બેઠા છે.

એવામાં રાજા આવી પહોંચ્યા. ન્યાયાસન પર બેસીને તેમણે બાળકને હાજર કરવાની આજ્ઞા કરી.

રાજસેવકોએ વજ્રકુમારને હાજર કર્યો.

માંડ ત્રણ વર્ષની વયના વજ્રકુમાર ચોમેર જોઈ રહ્યા છે.

ગંભીર વિચાર કરીને રાજા બોલ્યા, બાળકને નવ માસ ગર્ભમાં રાખનાર માતાને હું બાળકને પોતાની પાસે બોલાવવાનો હક પહેલો આપું છું.

આ સાંભળીને સુનંદાએ વજ્રકુમારને પોતાની તરફ આકર્ષવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે વિવિધ પ્રયત્નો કર્યા. તેને મનગમતાં રમકડાં બતાવ્યાં પણ વજ્રકુમાર તે તરફ ન આકર્ષાયા. પોતાના સ્થાને જ રહ્યા.

સુનંદા પોતાના બાળકને આકર્ષવામાં સફળ ન થઈ એટલે રાજાએ ધનગિરિજી વગેરે સાધુઓને કહ્યું કે, હવે આપ બાળકને બોલાવી શકો છો.

એટલે ધનગિરિજી પોતાના હાથમાં નાનકડો ઓઘો લઈને ઊભા થયા. તે ઓઘો વજ્રકુમારને બતાવીને બોલ્યા, અમારી પાસે કોઈ રમકડાં કે મેવા-મિઠાઈ નથી, પણ આ ઓઘો છે. જો તારી ઈચ્છા દીક્ષા લઈને સ્વ-પર કલ્યાણ સાધવાની હોય, તો આ ઓઘો લેવા આગળ આવ.

વજ્રકુમારે તે ઓઘો આનંદથી લઈ લીધો.

ન્યાયસભામાં આનંદનું મોજું ફરી વળ્યું.

વજ્રકુમારના આ વલણને જોઈને ન્યાયી રાજાએ વજ્રકુમારનો કબજો સાધુઓને સોંપી દીધો. તેઓ કુમારને લઈને ઉપાશ્રયે પાછા ફર્યા.

થોડાક સમયની નિરાશા પછી ધર્મ-સંસ્કારી સુનંદાએ દીક્ષા લઈ લીધી અને વિશ્વકુટુંબની ભાવનામાં અંગત મમત્વને ઓગાળી દીધું.

જ્યારે વજ્રકુમાર આઠ વર્ષના થયા ત્યારે પૂ. સિંહગિરિજીએ તેમને ભાગવતી દીક્ષા આપી.

બાળપણમાં શ્રાવિકાઓના ઉપાશ્રયમાં રહીને સાધ્વીજીઓના શ્રીમુખે થતા શાસ્ત્રપાઠ સાંભળીને કંઠસ્થ કરી ચૂકેલા વજ્રમુનિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરુકૃપાથી શાસ્ત્ર પારંગત બન્યા. અને પદાનુસારી લબ્ધિ પણ પ્રાપ્ત કરી.

એક આચાર્યદેવ સિવાયના અન્ય મુનિઓ વજ્રસ્વામીને હજી બાળમુનિ જ સમજે છે. જ્યારે આચાર્ય મહારાજ તેમને શાસનના તેજસ્વી હીરા તરીકે ઓળખે છે.

એક વાર બધા મુનિઓ ગોચરી વગેરે કાર્ય માટે બહાર ગયા હતા. સિંહગિરિજી આચાર્યદેવ સ્થંડિલ ગયા હતા. વજ્ર-સ્વામી ઉપાશ્રયમાં એકલા જ હતા. તે વખતે તેમને ઉપાધ્યાયની જેમ બધા સાધુઓને શાસ્ત્રપાઠ આપવાનો ઉમળકો આવ્યો.

ઉપાશ્રયમાં અત્યારે સાધુઓ હતા નહીં. એટલે તેમણે સાધુઓના સ્થાને તેમની ઉપધિઓ ગોઠવી અને પોતે મોટેથી સૂત્રપાઠ આપવા લાગ્યા.

આ ઉપાધ્યાય ધર્મ બજાવવામાં પોતે એવા લીન બની ગયા કે સ્થંડિલ જઈને પાછા ફરેલા આચાર્યદેવ તેમની આ ઉપદેશ રસિકતા નિહાળી રહ્યા છે, તેનો ખ્યાલ પણ ન આવ્યો. સાધુઓની ઉપધિને ઉદ્દેશીને અંગના તથા પૂર્વના પાઠો બોલતા મુનિના શ્રુતજ્ઞાનથી આચાર્યદેવ પણ નવાઈ પામ્યા.

વજ્રમુનિ ઉપાધ્યાયની અદાથી વાચના પૂરી કરવાની તૈયારીમાં લાગ્યા ત્યારે આચાર્યદેવ નિસીહી બોલીને ઉપાશ્રયમાં પ્રવેશ્યા.

ગુરુ મહારાજનો અવાજ સાંભળીને વજ્રમુનિ તરત ઊભા થયા. બધી ઉપધિઓ જેમ હતી તેમ ગોઠવી દીધી અને ગુરુ-મહારાજના ચરણમાં પડયા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થોડાક દિવસ પછી ગુરુ મહારાજને શાસનના કામે બહારગામ જવાનું થયું. જતાં પહેલાં તેમણે સર્વ સાધુઓને બોલાવીને કહ્યું કે, મારી ગેરહાજરીમાં તમને વજ્રમુનિ વાચના આપશે.

ગુરુના વચનમાં અડગ શ્રદ્ધાવાન સાધુઓએ 'તહત્તિ' કહીને વાત માથે ચઢાવી દીધી.

બીજે દિવસે વજ્રમુનિએ બધા સાધુઓને વાચના આપી. ગહન શાસ્ત્રોના અર્થ અને ભાવાર્થ એવી સરસ રીતે સમજાવ્યા કે સાધુઓને પણ હરરોજ તેમની પાસે વાચના લેવાનો ભાવ જાગ્યો.

સૂત્ર બોલી જવું તે સહેલું છે પણ તેના મર્મને ખોલવાનું કાર્ય અઘરૂં છે. સૂત્રગત ભાવના સ્પર્શ પછી જ તે મર્મ ઉઘડે છે.

આમ કિશોર વયે વજ્રસ્વામીમાં ઉપાધ્યાય પદની યોગ્યતા ખીલી ઉઠી.

જન્મતાવેંત આત્માને અજવાળવાની ઉત્કટ જે ભાવના હતી તે કાળક્રમે આ રીતે મહોરી ઉઠી.

જૈનદીક્ષા, ભાગવતી દીક્ષા યા સંયમગ્રહણ એ નાનીસૂની વસ્તુ નથી. પણ ત્રણ જગતના જીવોના ઉત્કૃષ્ટ હિતમાં અંગત સર્વ સ્વાર્થના સમૂળ ત્યાગને વાચા આપનારી અણમોલ–અદ્વિતિય વસ્તુ છે.

માટે દીક્ષાર્થી તેમજ દીક્ષિત–સર્વની અનુમોદના તથા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભક્તિ કરવાની જે તક જ્યારે મળે ત્યારે તેને તરત વધાવી લેવી.

શાસનનું કાર્ય પતાવીને ગુરુ મહારાજ પાછા ફર્યા. એટલે બધા સાધુઓએ તેમને વિધિવત્ વંદન કરીને કહ્યું, આપે વાચના આપવાની જવાબદારી વજ્રમુનિને સોંપી, તે ખૂબ જ સારું કર્યું. આ ચાર દિવસમાં અમે તેમની પાસેથી ગહન જે શાસ્ત્ર–સત્ય પામ્યા છીએ, તે અમારી મહેનતથી આખા ભવમાં પણ ન પામી શકયા હોત.

એક મુનિરાજે પૂછ્યું, હે ઉપકારી ભગવંત! આપશ્રીને આ વજ્રમુનિની યોગ્યતાની જાણકારી શી રીતે થઈ?

તે સમયે ગુરુ મહારાજે વજ્રમુનિ ઉપધિને વાચના આપી રહ્યા હતા, તે ઘટના જણાવી અને ઉમેર્યું કે તે પળે જ મને ખાત્રી થઈ કે ઉપાધ્યાય પદને માટે આ વજ્રમુનિ યોગ્ય છે.

વાચના આપવાની મહાન જવાબદારી વજ્રમુનિ સંભાળવા લાગ્યા એટલે આચાર્યદેવને શાસનના કાર્યોમાં પૂરતો સમય મળવા લાગ્યો.

નગરમાંથી વિહાર કરીને આચાર્ય મહારાજ સપરિવાર દશપુર (હાલનું મંદસોર) પધાર્યા. તેમને થયું કે મારી પાસે હતું તે જ્ઞાન તો મેં વજ્રમુનિને ભણાવી દીધું. છતાં હજી તેમની પાત્રતા અધિક જ્ઞાનને પચાવવાની છે. એટલે તેમણે વજ્રમુનિને બોલાવીને કહ્યું, વત્સ! ઉજ્જૈનમાં હાલમાં શ્રી ભદ્રગુપ્તાચાર્ય નામના આચાર્યદેવ બિરાજે છે. તેમની પાસે જઈ તમે દશપૂર્વનો અભ્યાસ કરી આવો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી જિનોપદિષ્ટ જ્ઞાન ભણવા-ભણાવવામાં અપ્રમત્ત વજ્ર-મુનિએ તહત્તિ કહી દશપુર નગરથી ઉજ્જૈન તરફ વિહાર શરૂ કર્યો.

નિર્વિઘ્ને ઉજ્જૈન પહોંચીને વજ્રમુનિ ઉપાશ્રયમાં પ્રવેશ્યા. અંગારા મારતા સૂર્ય જેવા તેજસ્વી આચાર્યદેવને તેમણે વિધિપૂર્વક વંદના કર્યા. અને જ્ઞાનામૃતના પાન માટે પોતે આવેલ છે, તે કહ્યું.

આવા કોઈ સુપાત્રના આગમનનો અણસાર આચાર્યદેવને આગલી રાતના સ્વપ્ને આપી દીધો હતો. આગલી રાતે તેમને એવું સ્વપ્નું આવેલું કે, કોઈ તેજસ્વી મુનિ આવીને પોતાના હાથમાં રહેલ પાત્રમાંની બધી ક્ષીરને પી ગયો.

ઉત્તમ આત્માઓને તુચ્છ સ્વપ્નાં આવતાં નથી. અને જ્યારે ઉત્તમ જે સ્વપ્ન આવે છે, તે અલ્પ કાળમાં ફળે છે.

લક્ષણવંતા વજ્રમુનિને જોઈને ભદ્રગુપ્તાચાર્ય અતિ પ્રસન્ન થયા. કારણ કે આજે શાસનના એક પ્રભાવકને ભણાવવાનો સુઅવસર પ્રાપ્ત થયો.

ઉત્તમ ભૂમિમાં વાવેલા બીજની જેમ ઉત્તમ આત્માને આપેલું જ્ઞાન પણ નિયમા ફળે છે. તેમજ વિશ્વોપકારી નીવડે છે.

વાચના આપવામાં કુશળ મુનિ આજે વાચના લેવા બેઠા. અને તે પણ વિનમ્રભાવે. તરસ્યો ખોબો માંડીને પાણી પીએ તે રીતે અનહદ આદરપૂર્વક. શ્રુતજ્ઞાનના દાતારનું તો જેટલું બહુમાન કરીએ તેટલું ઓછું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થોડા દિવસોમાં વજ્રસ્વામી ૧૦ પૂર્વનો અભ્યાસ કરવામાં સફળ થયા. તેનાથી ભદ્રગુપ્તાચાર્યને પણ અધિક આનંદ થયો.

દાન આપતાં આવો આનંદ થાય છે, તો આપનાર અને લેનાર ઉભયના શ્રેયમાં તે પરિણમે છે.

નિર્વિઘ્ને ૧૦ પૂર્વનો અભ્યાસ પૂરો કરી. આચાર્યદેવની આજ્ઞા લઇ શ્રી વજ્રસ્વામી પોતાના ગુરુ મહારાજ શ્રી સિંહગિરિજી પાસે પાછા આવ્યા. સફળતાપૂર્વક અભ્યાસ પૂરો કરવા બદલ ગુરુ મહારાજે તેમની પીઠ થાબડી તથા શ્રી સંઘે પણ બહુમાન કર્યું.

શ્રી વજ્રસ્વામી પુખ્ત વયના થયા તેમજ ગચ્છનો સઘળો ભાર સફળતાપૂર્વક વહન કરવાને યોગ્ય થયા એટલે ગુરુ મહારાજે તેમને આચાર્યપદ આપીને ગચ્છાધિપતિ બનાવ્યા.

વજ્રસ્વામી ગચ્છાધિપતિ થયા એટલું જ નહિ પરંતુ તેઓશ્રી તે યુગમાં પ્રધાન–પુરુષ હોવાથી યુગપ્રધાન તરીકે પંકાયા. શ્રમણ ભગવાનની પાટ–પરંપરામાં તેઓશ્રી ૧૪ મા પટ્ટધર થયા છે.

યુગપ્રભાવક આ આચાર્યદેવે શાસનની પ્રભાવનાનાં અનેક જે કાર્યો કર્યાં છે, તે તેમના જીવન–ચરિત્રમાંથી વાંચવાની ભલામણ છે.

હવે એ કહો, તમે દરરોજ કેટલો સમય શાસ્ત્રાભ્યાસ પાછળ સાર્થક કરો છો ? દરરોજ કેટલી નવી ગાથાઓ કંઠસ્થ કરો છો ? જે ગાથાઓ કંઠસ્થ કરો છો તેના અર્થની વિચારણા પાછળ કેટલો સમય વીતાવો છો ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર પદાર્થોના અભ્યાસમાં ભવોના ભવ નીકળી જશે તો-પણ તે અભ્યાસ જન્મ-મરણ ટાળી નહિ શકે. જીવને શિવ નહિ બનાવી શકે.

જન્મ-મરણનું નિવારણ આત્મ પદાર્થના અભ્યાસ-મનન નિદિધ્યાસન અને ધ્યાનથી થાય છે. તે પછી નહિ મરનારા આત્માની સત્તાનો સમગ્ર જીવન ઉપર સ્પષ્ટ પ્રભાવ અનુભવવા મળે છે. સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રનાં પરિણામ શ્વાસોશ્વાસ જેટલાં સહજ બને છે.

માટે રોજ થોડો પણ સ્વાધ્યાય કરવાની ટેવ પાડો. તેનો નિયમ લો. છેવટે બાંધી એક નવકારવાળી ગણ્યા પછી જ મોંમાં પાણી લેવાનો નિયમ લો.

આ પદ આત્માભ્યાસનું પદ છે.

આત્માભ્યાસ દૃઢ થતાં જ દેહાધ્યાસ ઓછો થવા માંડે છે. દેહાધ્યાસ ઓછો થાય છે, તો જ સમાધિ-મરણની શક્યતા ઊભી થાય છે. સમાધિ મરણથી સદ્ગતિ મળે છે. ધર્મની સામ-ગ્રીવાળો ભવ મળે છે.

નમો ઉવજ્ઝાયાણું પદ પણ આત્મામાં છે. આત્માના પાંચ શ્રેષ્ઠ પર્યાયો પૈકીનો એક શ્રેષ્ઠ પર્યાય ઉપાધ્યાય-પદ છે.

ઉપાધ્યાય પદની આરાધના કરવાથી આત્માના તે પર્યાયમાં રમણતા વધે છે, અને અનાત્મ પદાર્થોનું આત્મા ઉપરનું વર્ચસ્વ નાશ પામે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનંત જ્ઞાનમય આત્માનો નિત્ય નિરંતર સહવાસ અનુભવતા રહેવાનો રાજમાર્ગ, સમ્યગ્ શ્રુતની સતતોપાસના છે.

દેહમાં રહેલ આત્માનો અનુભવ, આત્મસત્તાનો અનુભવ શ્રી જિનોપદિષ્ટ પ્રત્યેક વચનના મનન ચિંતનથી થતો હોય છે. ન થાય તો માનવું કે આરાધના કાચી છે. એ આરાધનાને પકવીને ભવસ્થિતિનો પરિપાક કરવાનો વીર્યોલ્લાસ સહુમાં જાગો !

## ચોથા દિવસની આરાધના

**પદ**–શ્રી ઉપાધ્યાય.
**નવકારવાલી**–વીસ.
**લોગસ્સ, સ્વસ્તિક**–૨૫.
**કાઉસ્સગ્ગ** ૨૫
**પ્રદક્ષિણા** ૨૫
**વર્ણ**–લીલો, એક ધાન્યનું તે મગનું આયંબિલ.
**જાપ**–ૐ હ્રીઁ નમો ઉવજ્ઝાયાણં.
**ખમાસમણાં**–૨૫

## ખમાસમણનો દુહો—

તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે;
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે, ૧
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે
આતમધ્યાને આતમા, ઋષિ મળે સવિ આઈ રે. વીર૦ ૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી ઉપાધ્યાયપદના ૨૫ ગુણ

૧ શ્રી આચારાંગસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૨ શ્રી સૂત્રકૃતાંગસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૩ શ્રી સ્થાનાંગસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૪ શ્રી સમવયાંગસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૫ શ્રી ભગવતીસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૬ શ્રી જ્ઞાતાસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપધ્યાયાય નમઃ
૭ શ્રી ઉપાસકદશાસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપધ્યાયાય નમઃ
૮ શ્રી અન્તકૃદ્દશાસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૯ શ્રી અનુત્તરોપપાતિકસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૧૦ શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૧૧ શ્રી વિપાકસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૧૨ શ્રી ઉત્પાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૧૩ શ્રી અગ્રાયણીયપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૧૪ શ્રી વીર્યપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપધ્યાયાય નમઃ
૧૫ શ્રી અસ્તિપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપધ્યાયાય નમઃ
૧૬ શ્રી જ્ઞાનપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૧૭ સત્યપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૧૮ આત્મપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૯ કમ્મપ્રવાપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યયાય નમઃ
૨૦ પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વપઠનગુણયુક્ત શ્રી ઉપાધ્યાયાય નમઃ
૨૧ વિદ્યાપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૨૨ કલ્યાણપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૨૩ પ્રાણાવાયપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૨૪ ક્રિયાવિશાલપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૨૫ લોકબિન્દુસારપૂર્વપઠનગુણયુક્તાય શ્રી ઉપાધ્યાયાય નમઃ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાધુપદનું સ્વરૂપ

सव्वासु कम्मभूमीसु, विहरंते गुणगणेहिं संजुत्ते ।
गुत्ते मुत्ते झायह, मुणिराए निट्ठियकसाए ॥

**અર્થ**:-હે ભવ્ય જીવો ! સર્વ કર્મભૂમિઓમાં વિચરતા, ગુણગણયુક્ત, ત્રણ ગુપ્તિએ ગુપ્ત, સર્વ પ્રકારના પરિગ્રહથી રહિત અને કષાયોને અંત કરનારા મુનિ ભગવંતોનું સમ્યક્ પ્રકારે ધ્યાન કરો.

શ્રી જિનેશ્વરદેવનું એક વચન પણ એના અનન્ય આરાધકને ભવજળપાર ઉતારે છે.

શાસ્ત્ર-શ્રવણમાં જેટલું બહુમાન તેટલી તેની પરિણતિ. એવો પણ અનુભવીઓનો એક મત છે.

બહુમાનના વિષય તરીકે શ્રીજિનેશ્વરદેવ હોય એટલે મંગળ થાય જ થાય.

આત્માને સાધવાની કળા સિદ્ધ કરવાથી આત્મા પરમાત્મા બને છે. એવી સાધનામાં ત્રિવિધે ત્રિકરણયોગે મગ્ન પુરુષ સાધુ કહેવાય છે.

સાધુ શબ્દ પોતે જ પોતાના સાધનાના સર્વ અર્થો ધરાવે છે,

સર્વ સાધનાઓમાં શ્રેષ્ઠ સાધના પરમપદની છે. પરમપદની સાધનાને સિદ્ધ કરવા માટે અરિહંત ભગવંતની આજ્ઞા મુજબ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ પાપ વ્યાપારના ત્રિવિધ ત્યાગરૂપ સામાયિક ઉચરવું પડે છે અને તે પણ જીવનભર માટે, નહિ કે પાંચ-પંદર દિવસ માટે.

**આજ્ઞા એટલે આજ્ઞા. તેમાં તર્કને સ્થાન નથી. આજ્ઞાની આરાધના શિવપદ આપે છે. અજ્ઞાની વિરાધના જીવને સંસારમાં રખડાવે છે.**

માટે પરમપદના સાધક આત્માઓ શ્રી જિનાજ્ઞાની મર્યાદા બહાર પગ મૂકવાનો વિચાર પણ કરતા નથી.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ ત્યાગરૂપ આ પાંચ મહાવ્રતોનું સ્વરૂપ ખરેખર ગહન છે. તેનો પ્રભાવ અમાપ છે. તેની શક્તિ અજોડ છે.

માટે પ્રભુનો સાધુ આ પાંચ મહાવ્રતોનું જીવની જેમ જતન કરે છે.

પાંચ મહાવ્રતો યથાર્થપણે પાળવાથી પાંચ ઇન્દ્રિયોના વિષયોને જીતી શકાય છે. ચાર કષાયનો નાશ થાય છે. અહં અને મમનું સામ્રાજ્ય નાશ પામે છે. આત્માના અનંત ગુણોની પ્રાપ્તિ થાય છે. સ્વ-સ્વભાવ સ્વભાવભૂત બને છે. પરભાવને વિષે રૂચી જાગતી નથી. સ્વમાં અરૂચિ જાગતી નથી. સ્વ તુલ્ય સર્વ જીવો ઉપર સહજ વાત્સલ્ય જાગે છે.

એટલે સાધુઓ જ્યારે જે ક્ષેત્રમાં વિચરે છે, તેમજ જ્યાં સ્થિરતા કરે છે, ત્યારે ત્યાં પણ પોતાના દ્રવ્ય પ્રાણો કરતાં અધિક ચિંતા આ પાંચ મહાવ્રતોની કરે છે.

**પ્રભુ આજ્ઞાનો આરાધક સાધુ, ઉપાશ્રયના**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**એક ખૂણામાં બેસીને જે વિશ્વોપકાર કરી શકે છે, તે સેંકડો પ્રચારકો પણ કરી શકતા નથી.**

ધર્મના મૂળ ઊંડાં છે–એ વચન પણ એટલું જ ઊંડું છે, માર્મિક છે.

એ ધર્મનું પાલન પાંચ મહાવ્રતો પાળવાથી થાય છે.

આત્માના મૂળ ગુણોમાં સહજ સ્થિરતા આ પાંચ વ્રતોને જીવન સોંપી દેવાથી જ આવે છે.

જીવનભરનું સામાયિક લઈને પરોપકારાર્થે વિચારતા સાધુજી લોકપ્રવાહનાં ક્યારેય તણાતા નથી. તણખલાં પ્રવાહમાં તણાય, તોતિંગ વડલો તો અડગ રહે.

માટે આવા આત્મસ્થ સાધુજીની નિશ્રામાં જીવોને સુખ-શાતાનો અનુભવ થાય છે.

વંદન કરતાં તમે પણ પૂછો છો કે સ્વામી શાતા છે જી!

આ "સ્વામી શાતા" શબ્દ એ જૈનશાસનની અણમોલ મૂડી છે.

સ્વામી શાતામાં હોય ક્યારે? જ્યારે આત્મ સત્તાનો સાક્ષાત્કાર તેમના જીવનમાં હોય.

આવી અનુભૂતિ અષ્ટ પ્રવચન માતાના ખોળે ખેલવાથી થાય છે.

સાધુને અષ્ટપ્રવચનમાતાનો ખોળો પોતાની જનેતાના ખોળા કરતાં પણ વધુ વહાલો લાગે છે, તેથી સાધુતાની સૌરભ જગતમાં ફેલાઈ જાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા સાધુ ભગવંતોને કોઈ પણ પ્રકારનાં પરિગ્રહ ભારરૂપ લાગે છે. પોતાનું નામ પણ વજનદાર લાગે છે. તેમને ગમે છે આંતર-બાહ્ય નિર્ગ્રન્થતા. છતાં શાસ્ત્રે જે વિશેષણો તેમજ ઉપમાઓ વાપરેલ છે, તે સાધુપદ કેવું મહાન ઉપકારી પદ છે, તેનું પ્રતિપાદન કરવા માટે છે.

શ્રી અરિહંત, શ્રી સિદ્ધિ, શ્રી આચાર્ય અને શ્રી ઉપાધ્યાય એ સર્વની સાધનાનો પ્રારંભ સાધુપદથી જ થાય છે.

તેથી સાધુપદનો મહિમા અપાર છે.

જે પદનો મહિમા અપાર હોય, તે પદ સ્વાભાવિકપણે ગુણસમૃદ્ધિ હોય જ.

ગુણની સમૃદ્ધિ આત્મામાં છે. તેની પ્રાપ્તિ સર્વ વિરતિપણું અંગીકાર કરવાથી થતી હોય છે.

સર્વવિરતિપણાને અંગીકાર કર્યું ત્યારે કહેવાય, જ્યારે તે અંગીભૂત બને. આંખ કાનની જેમ તે દેહના એક ભાગરૂપ બને ત્યારે. પછી આંખ કાનની ઇજા તેને એટલી વ્યથા નથી પહોંચાડતી જેટલો સર્વવિરતિનો ભંગ વ્યથાકારક નીવડે છે.

સર્વવિરતિ એટલે સર્વ પાપ-વ્યાપારથી વિરમવું તે. સર્વ ધર્મ વ્યાપારમાં રમવું તે.

**આત્મામાં રતિ પેદા થાય છે એટલે વિરતિનો પરિણામ આવે છે.**

ઐહિક સર્વ વૃત્તિઓથી નિવૃત્ત થવાની યોગ્યતા—એ સર્વ વિરતિપણાનું બીજ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે સર્વ વિરતિવંત સાધુ જીવ માત્રને સગો લાગે છે. કારણ કે તેની કોઈ પ્રવૃત્તિમાં જીવના હિતની વિરાધના હોતી નથી.

જીવની જયણા કરવામાં જાગૃત રહેવા માટે શાસ્ત્રો ફરમાવે છે કે જયણાપૂર્વક ચાલો, જયણાપૂર્વક બોલો જયણાપૂર્વક ઊઠો, જયણાપૂર્વક બેસો, જયણાપૂર્વક પડખું ફેરવો, લોક આખો જીવોથી ભરેલો છે—એ સત્યને સ્વીકારીને જીવો.

જયણા એટલે જતન.

**આંખના રતન (કીકી) ના જતનની જેમ સાધુ ભગવંતો જીવનું જતન કરે છે.**

રત્નત્રયીની આરાધનામાં રત સાધુ ભગવંતને એક આત્મા જ સાધવા જેવો લાગે છે.

સાધુની વ્યાખ્યા કરતાં શાસ્ત્રો કહે છે, કે જેઓ માત્ર જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ રત્નત્રયી વડે મોક્ષમાર્ગને સાધે તે સાધુ કહેવાય છે.

સાધુ ભગવંતો આર્તધ્યાન અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરીને તથા ધર્મ અને શુકલરૂપ શુભ અને શુદ્ધ ધ્યાનનાં લક્ષ્યપૂર્વક ગ્રહણ અને આસેવન શિક્ષાના અભ્યાસમાં સતત પ્રયત્નશીલ રહે છે.

ગ્રહણશિક્ષા એટલે વિશ્વના પદાર્થોનું શાસ્ત્રો દ્વારા મેળવાતું જ્ઞાન.

આસેવન શિક્ષા એટલે ગ્રહણ કરેલા જ્ઞાનને પરિણત કરીને જીવનને પવિત્રતમ બનાવવાના સત્ય પ્રયાસોમાં લીનતા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે સાધુ ભગવંતો પણ ગુરુપદે છે.

પોતાની પાસે આવનારા ખપી આત્માઓને સાધુ ભગવંતો દાન-શીલ-તપ અને ભાવરૂપ ધર્મના ચારેય પ્રકારનો ઉપદેશ આપે છે.

સાધુ ભગવંતો હિત બુદ્ધિએ વાત્સલ્યપૂર્વક ઉપદેશ આપે છે એટલે કર્મના મારથી ત્રાસેલા જીવોને તેમની પાસે જવું પણ ગમે છે અને તેમનો ઉપદેશ સાંભળવો પણ ગમે છે.

સમતા એ સાધુ ભગવંતની સાચી મૂડી છે. કર્મના ગમે તેવા ઉગ્ર હુમલા વચ્ચે પણ તેઓ સમતાભાવમાં રહે છે.

આવા અનુપમ સમતાભાવ સિદ્ધ ભગવંતોના સતત સ્મરણ અને ધ્યાનથી પુષ્ટ થાય છે.

જેને જ્યાં જવું હોય, તેમાં પોતાનું ધ્યાન રાખવું જ પડે છે. એટલે સિદ્ધ ભગવંતનું ધ્યાન ચૂકનારા સાધુની સાધુતા ક્ષીણ થાય છે અને સિદ્ધ ભગવંતનું ધ્યાન રાખનાર સાધુની સાધુતા પુષ્ટ થાય છે.

ગૃહસ્થોને સાધુનું સ્મરણ અને ધ્યાન વિહિત છે, તેમ સાધુઓને સિદ્ધ પરમાત્માનું સ્મરણ અને ધ્યાન વિહિત છે.

સહાય કરે તે સાધુ—એ વ્યાખ્યાને સાધુ ભગવંતો પોતાના ઉત્તમ ગુણો વડે સાર્થક કરે છે. અસહાયને સહાય જે શક્તિમાન હોય તે કરી શકે છે.

આથી આત્મસત્તાવાન સાધુ ભગવંતો સંસારી જીવોને ધર્મ માર્ગ પમાડવામાં સહાયક બને છે. અને ૧૦ પ્રકારના સાધુ ધર્મના પાલન વડે વિશ્વના જીવો ઉપર સહજપણે ઉપકાર કરે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂધમાં રહેલા ઘીની જેમ પાંચે પદોમાં સાધુપણું રહેલું છે.

ભાવ-દયાવંત એવા સાધુ ભગવંતો સ્ત્રી ધનમાલ વગેરે નથી આપતા પણ સદ્‌બુદ્ધિ આપે છે. એ સદ્‌બુદ્ધિના પ્રકાશમાં જીવને આત્માનું હિત શેમાં છે અને અહિત શેમાં છે, તે સ્પષ્ટ પણે દેખાય છે.

એટલે સાધુ ભગવંત પાસે જઈને દુન્યવી કોઈ વસ્તુની માગણી કરવી તે ચક્રવર્તીના દ્વારે જઇને કાણી કોડીની માગણી કરવા બરાબર છે.

પર-વસ્તુ આત્માને સુખ આપી શકતી હોત, તો તેના ત્યાગમાં જ સાચુ સુખ છે—એવું શ્રી જિનેશ્વરદેવે ન ફરમાવ્યું હોત.

માટે શ્રી જિનાજ્ઞાને વરેલા સાધુ ભગવંતો ગૃહસ્થોની એવી કોઈ વાતોમાં રસ નથી લેતા, કે જેનાથી આત્માનું અહિત થાય.

ખારા રણમાં મીઠા જળની વીરડીની જેમ સાધુ ભગવંત વિષય-કષાયથી ખદબદતા મનના રણમાં પરમાત્મ પ્રેમની પવિત્ર અને શીતળ સરવાણી પ્રગટાવવાનું મંગળકારી કાર્ય કરે છે.

સાધુ ભગવંતો અપ્રમત્તપણે, નિઃસ્વાર્થ ભાવે કર્મભૂમિઓમાં વિચરે છે, માટે ધર્મની આરાધના જીવંત રહે છે. સાધુ ભગવંતની હાજરી માત્રથી ઘણાં પાપો અટકી જતાં હોય છે.

સાધુ ભગવંત એ તો ભાવ-દીપક છે.

અંધારી રાત્રે દીપકનું જે મૂલ્ય છે, તે જ મૂલ્ય સ્વાર્થમય આ સંસારમાં સાધુ ભગવંતનું છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાર શરણામાં સાધુ ભગવંતનું શરણું અંગીકાર કરવાની વાત પણ છે—એ તમે જાણો છો. એ હકીકત સાધુપદ કેટલું મહાન છે, તે સૂચવે છે.

નખ-શિખ ભાવ સાધુતાના ઉપયોગ પૂર્વક શ્વાસોચ્છવાસ લેવાના મહા નિયમને સમર્પિત થએલા સાધુ ભગવંતોમાં ધરાની ધીરજ હોય છે. વ્યોમની વિશાળતા હોય છે. **પાણીને ગાંઠ ન પડે તેમ આવા સાધુ-ભગવંતો સર્વ ગ્રંથિરહિત હોય છે.** માન-અપમાનથી પર આત્માના ઘરમાં બિરાજમાન હોય છે.

તેઓ સારી રીતે જાણતા હોય છે, કે હું 'હું'ને વોસિરાવીને પરમાત્માને સમર્પિત થઈ ચૂકયો છું. એટલે મારે પરમાત્માને જ વફાદાર રહેવાનું છે.

મારું શું ? એ પ્રશ્ન જેને પજવતો હોય, તે સુસાધુ નહી.

સુસાધુ તો શ્રી અરિહંતના ઉત્કૃષ્ટ ભાવમાં નિમગ્ન હોય છે. તેના સમગ્ર મનમાં શ્રી અરિહંતની આજ્ઞા ઝળહળતી હોય છે. તેમાં ક્ષુદ્ર અહંને લેશપણ સ્થાન નથી, સ્થાન છે સર્વ જીવોના પરમ હિતને, પરમ હિતની ભાવનાને.

સર્વ પાપ વ્યાપારથી વિરમેલા સાધુ ભગવંતો સર્વ જીવ-હિતકર આ સાધનામાં નિપુણ હોય છે.

પાપ ત્યાં છે જ્યાં પરને પીડા છે.

પરને પીડા તે પહોંચાડે છે, જેને મન પર પરાયો છે પણ સ્વતુલ્ય નથી.

જ્યારે સુસાધુ ભગવંતો તો જગતના જીવોને સ્વતુલ્ય જોવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપ દર્શન ગુણને ધારણ કરનારા હોય છે એટલે સ્વ-પરના કર્મ-કૃત ભેદથી પર હોય છે.

શ્રી મેતારજ મુનિવરે પોતાની કાયાને જતી કરીને પણ ક્રૌંચપક્ષીને બચાવી લીધું, કેમકે તેઓ દયાળુ હતાં.

આત્માનો એક પણ ગુણ જ્યારે અંગભૂત બને છે, ત્યારે તેનો પ્રભાવ દિગંતવ્યાપી બની જાય છે.

માટે ગુણના રાગને આ શાસનમાં અપાર મહત્ત્વ છે. માટે ગુણોને જીવનારા સાધુ ભગવંતને જોઈને અપાર આનંદ થવો જ જોઈએ.

શાસ્ત્રો કહે છે કે જ્યાં સાધુતા છે, ત્યાં મંગળ છે.

મતલબ કે સર્વ અમંગળોને હરવાનું હૈવત સાધુતામાં છે.

સૂર્યનું એક કિરણ પણ જો મોટા અંધકારને દૂર કરી શકતું હોય, તો આત્માના દીવાના કિરણરૂપ એક પણ ગુણ ઘણા મોટા પાપ સામ્રાજ્યને નષ્ટ કરી દે તેમાં કોઇ શક નથી.

માટે શ્રી જિનેશ્વરદેવે આજ્ઞા કરી છે કે, આત્માને જીવજો, આત્મામાં જીવજો, આત્મા તરીકે જીવજો. તો તમને વિશ્વના બધા જીવોના આત્યંતિક હિત માટેનું સાધુપણું આંખની કીકી કરતાં અધિક પ્રિય લાગશે.

બળ્યા-ઝળ્યા પ્રવાસીને જેવો વડલાનો સહારો પ્રિય લાગે છે, તેમ વિષય-કષાયના મારથી થાકેલા જીવોને સાધુ-ભગવંતોનો સહારો પ્રિય લાગે છે.

માટે સાધુ-ભગવંતો સાચા સહાયક છે. તેમની નિશ્રા સેવનારને ઇચ્છાઓની સેવા કરવાની વૃત્તિ સેવતાં શરમ આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધુ ભગવંતના મુખ્ય ગુણો ૨૭ છે. તે નીચે મુજબ છે.

પાંચ મહાવ્રતો (૧) સર્વથા પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત, (૨) સર્વથા મૃષાવાદ વિરમણ મહાવ્રત, (૩) સર્વથા અદત્તાદાત વિરમણ મહાવ્રત, (૪) સર્વથા મૈથુન વિરમણ મહાવ્રત, (૫) સર્વથા પરિગ્રહ વિરમણ મહાવ્રત, તેના પાલનરૂપ પાંચ ગુણો.

છઠ્ઠો ગુણ રાત્રિભોજનના સદંતર ત્યાગનો.

પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય. વનસ્પતિકાય અને ત્રણકાય એમ છ કાયના જીવોની રક્ષા કરનારા હોવાથી તે છ ગુણ તથા સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય. એ પાંચ ઈન્દ્રિયોના વિષયોને વશ કરવારૂપ પાંચ ગુણ અને લોભ નામના કષાયનો નિગ્રહ કરવાનો છઠ્ઠો ગુણ. આમ કુલ ૧૮ ગુણ થયા.

બાકીના ૭ ગુણ તે ક્ષમા ગુણ, શુભ ભાવના ભાવવા રૂપ ગુણ, પડિલેહણાદિ શુભ ક્રિયા કરવાનો ગુણ, સંયમ યોગમાં વર્તવાનો ગુણ, મનોગુપ્તિ ધારણા કરવાનો ગુણ, વચન ગુપ્તિનું પાલન કરવાનો ગુણ, કાયગુપ્તિ સાધવાનો ગુણ, બાવીસ પરિષહને સહન કરવાનો ગુણ અને છેલ્લો મરણાંત ઉપસર્ગને સમભાવે સહન કરવાનો ગુણ.

આવા અદ્ભુત ૨૭ ગુણોવાળા સાધુ ભગવંત એ જંગમ તીર્થ તુલ્ય છે.

શ્રી જિનશાસનમાં સાધુ તેઓ જ ગણાય છે, જેઓને સર્વ જીવો ઉપર સમભાવ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનું અસમતોલપણું ભાવરાગનું સૂચક છે. અને મોક્ષમાર્ગની આરાધનામાં ભવરાગ એ મોટામાં મોટો રોગ છે. તેને તો જડમૂળથી નાબૂદ કરવા માટે ધર્મામૃતનું પાન કરવાનું છે. તેનું પાન કરવા માટે સાધુ ભગવંતો પાસે જવું પડે છે.

વિષય અને કષાય એ દુષ્ટ પરભાવરૂપ હોઇને તેનું સેવન કરવાથી થાક લાગે છે. જ્યારે નિર્વિષયી અને નિષ્કષાયી સાધુ ભગવંતોના સાન્નિધ્યમાં આત્મા નિરાંત અનુભવે છે.

જેઓને ભવનો–ભવભ્રમણનો થાક લાગે છે, તેઓ સંત સ્વરૂપ સુસાધુઓને શોધીને પણ તેઓના ચરણમાં પહોંચી જાય છે. કારણ કે સાધુ ભગવંતો આત્મામાંના કર્મરૂપી કચરાને બહાર કાઢે છે.

માટે પંચમહાવ્રતધારી સાધુ ભગવંતો એવા ક્ષેત્રોમાં વિચરે છે, તેમ જ સ્થિરતા કરે છે, જ્યાં તેઓને પાંચ મહાવ્રતોના પાલનને યોગ્ય વાતાવરણ સુલભ થાય છે.

સાધુ ભગવંતોની વિશ્વોપકારી સાધુતા સદાં સુરક્ષિત રહે, તે દષ્ટિમાં રાખીને તેમની સેવા, ભક્તિ આદિ કરવાનું ફરમાન છે.

શ્રી જિનાજ્ઞા અનુસાર સંયમની આરાધના કરતા પંચ મહાવ્રતધારી સર્વ સાધુ ભગવંતો પ્રત્યેના પૂજ્યભાવમાં અવરોધક દષ્ટિરાગ ન રાખવાની શાસ્ત્રોની ખાસ ભલામણ છે. આ અમારા સાધુ અને પેલા અમારા સાધુ નહિ એવી સમજ મિથ્યાત્વ પોષક છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દૃષ્ટિરાગને દૂર કરીને ભક્તિરાગ ખીલવવા માટે માનવનો ભવ છે.**

શ્રી અરિહંતના ભક્તને શ્રી અરિહંતનો સાધુ—શ્રી અરિહંત જેટલો જ—પૂજ્ય લાગે છે. ન લાગે તો માનવું કે તેની અરિહંત ભક્તિ કાચી છે.

જેમને તમે ક્ષમાશ્રમણ કહીને વંદન કરો છો, તે સાધુ ભગવંતના પગલે સદા મંગળ વર્તે છે. શુભ ભાવમાં સહજ રમણતા કરનારા સાધુ ભગવંતની હાજરીમાં અમંગળકારી દુર્ભાવોનું બળ ક્ષીણ થઈ જાય છે.

શુભભાવ ઘૂંટાઈને શુદ્ધ થાય છે. એટલે શુદ્ધ આત્મ-સ્વભાવની સ્પર્શના થાય છે.

શાતાપૂર્વક સંયમયાત્રા નિર્વહતા સાધુ ભગવંતો—આ શુદ્ધ ભાવના આરાધક હોય છે અને તે જ ધર્મ છે, આત્મ વસ્તુનો સ્વભાવ છે.

સાધુ ભગવંતને અણગાર પણ કહે છે. કારણ કે તેઓએ ઘરનો સર્વથા ત્યાગ કર્યો હોય છે. આવો ત્યાગ અપૂર્વ શૂરાતન જાગે છે, ત્યારે થઈ યકે છે.

૧૭ પ્રકારના સંયમને પાળનારા મુનિરાજો વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એ પાંચ પ્રકારના સ્વાધ્યાય વડે કર્મ નિર્જરા કરે છે.

કસોટી જેવા શ્યામ વર્ણે આ સાધુપદની આરાધના કરવાનું વિધાન છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ શ્યામ વર્ણ ઉદાસીન ભાવનો સૂચક છે.

ઉદાસીન એટલે રાગ અને દ્વેષ બંનેથી ઊંચે આસન માંડીને બેસનારા.

આ શ્યામ વર્ણ આત્મ સાધનાની શરૂઆતમાં સાધુએ સેવવાની અંતર્મુખતાનો પણ સૂચક છે.

શ્યામ વર્ણનું વિજ્ઞાન કહે છે કે, આંખની કીકી કાળી છે માટે માનવ પ્રાણીઓ સારી રીતે જોઇ શકે છે.

શ્યામ વર્ણ વિરાગ દશાનો સૂચક છે. માટે તેને કાળા કાંબળાની ઉપમા છે.

સાધનાનો ગર્ભ સદાય અંધકારમાં પડે છે. ક્યારેય જાહેરમાં નથી પડતો.

અહીં અંધકાર એટલે સાધક અને સાધ્ય સિવાય ત્રીજી કોઇ વ્યક્તિની ગેરહાજરી સમજવાની છે.

માતા પોતા રૂપાળા બાળકોને ગાલ પર જાણી જોઈને કાળું ટપકુ કરે છે, તે કોઈ આંધળો રિવાજ નથી પણ કાળા રંગમાં રહેલી અશુભ મારકશક્તિનો પ્રયોગ છે.

રાગ, દ્વેષ અને મોહને કાળા કહ્યા છે. રૂપાળા આત્માને કાળા કરનારા કહ્યા છે. તેને પાછા પાડવા માટે સાધુ મહારાજે કરવાની સાધના પણ અત્માના અગોચર કોટરમાં પ્રવેશીને કરવાની હોય છે. જ્યાં બીજું કોઈ હોતું નથી.

કાળો દોરો દષ્ટિના અશુભ હુમલાને પાછો પાડવાની શક્તિ ધરાવે છે.

આ કાળો વર્ણ ઉષાકળ પૂર્વેના અંધકાર સમો લેવાનો છે—સમજવાનો છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૃષ્ણ વર્ણનું ધ્યાન સાધકમાં ખાખીપણું લાવે છે. સંસારનો કોઈ રંગ આ ખાખીપણાને લાગતો નથી.

આમ કૃષ્ણવર્ણ અનેક રીતે સાધનાના ગર્ભને પકવે છે. રાગ–દ્વેષ અને મોહનો ક્ષય કરે છે.

એટલે આ પાંચમા પદની આરાધનામાં આયંબિલ કાળા વર્ણના ધાન્ય (અડદ)નું કરવાનું વિધાન છે.

આ પદમાં રહેલા લોએ અને સવ્વ શબ્દ, આ પદ પૂર્વેના ચારે પદોને પણ લાગુ પડે છે.

એટલે લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોની જેમ લોકમાં રહેલા સર્વ અરિહંતાદિ ભગવંતોને પણ ભાવથી નમસ્કાર કરવાનો છે.

આ લોએ–સવ્વ શબ્દ નામ–સ્થાપના દ્રવ્ય અને ભાવ એ ચારે નિક્ષેપે રહેલા શ્રી પાંચ પરમેષ્ઠિ ભગવંતોનું સૂચન કરે છે.

એટલે લોકમાં સર્વ કાળે શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતો વિદ્યમાન રહીને વિશ્વોપકાર કરી રહ્યા હોવાનું શાસ્ત્રવિધાન કોઈ કાળે અયથાર્થ ઠરતું નથી. તેથી લોક કોઇ કાળે અનાથ રહેતો નથી. પણ સર્વકાળે સનાથ હોય છે.

આ શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતો અમારું મંગળ કરી રહ્યા છે—એ સત્યમાં પ્રજ્ઞાને સ્થિર કરવાથી તેમનો નમસ્કાર મંગળકારક નીવડે છે, તેમજ કર્મક્ષયનો અપૂર્વ વીર્યોલ્લાસ જગાડે છે.

એટલે જીવલોકનું મંગળ કરનારા ધર્મની આરાધના કરવી, તે શ્રી નવકારના ધારક, સ્મારક, આરાધક વગેરેનું પ્રધાન કર્તવ્ય ગણાયું છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે જ શ્રી નવકાર તથા શ્રી નવપદના આરાધકો વિશ્વમૈત્રી ભૂમિકાએ રહીને તે–તે પદની આરાધના કરે, તેમ શાસ્ત્રો ફરમાવે છે.

આ સાધુપદની આરાધના કરીને ચરમ કેવળી શ્રી જંબુસ્વામીજીએ કેવી રીતે સર્વ કર્મોનો ક્ષય કર્યો તે કથા હવે સાંભળો.

મગધદેશમાં મહારાજા શ્રેણિક રાજ્ય કરતા હતા. મહારાજાને શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીજી ઉપર અનન્ય ભક્તિ ભાવ હતો.

વિશ્વવંદ્ય પ્રભુ શ્રી મહાવીર સ્વામીજી વિચરતા વિચરતા એક વખત મગધની રાજધાની રાજગૃહી નગરીમાં પધાર્યા.

દેવાધિદેવની પધરામણીના શુભ સમાચાર સાંભળીને હર્ષવિભોર બનેલ શ્રેણિક, અભયકુમાર વગેરેની સાથે દેવાધિદેવના દર્શને ગયા. દર્શનવંદન કરી સહુ પોતપોતાના સ્થાને બેસીને પ્રભુજીની દેશના સાંભળવા લાગ્યા.

તે વખતે ધર્મસભામાં ચાર દેવીઓ સાથે બેઠેલા એક અતિ તેજસ્વી દેવને જોઇને શ્રેણિક રાજાને આશ્ચર્ય થયું. તેમણે ભગવાનને પૂછ્યું, હે નાથ! સઘળા દેવોમાં આ દેવ અધિક કાન્તિવાળા છે, તેનું કારણ શું?

પ્રભુજીએ ફરમાવ્યું, હે મહાનુભાવ! ઘણાં વર્ષો પહેલાં આ મગધ દેશમાં સુગ્રામ નામનું ગામ હતું. ગામમાં એક સુખી ગૃહસ્થ રહેતો હતો. તેને રેવતી નામની પત્ની હતી.

૧૦

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવદત્ત અને ભવદેવ નામના વિનયવંત બે પુત્રો હતા. આખુંય કુટુંબ જૈન ધર્મમાં આસ્થાવાળું હતું.

એક વાર સુસ્થિત નામના આચાર્ય સુગ્રામમાં પધાર્યા. તેમનો ઉપદેશ સાંભળીને ભવદત્તને સંસારની અસારતા સમજાઈ ગઈ. એટલે તેણે તેમની પાસે દીક્ષા લીધી.

ગુરુની આજ્ઞામાં રહીને ભવદત્ત મુનિ ધીમે ધીમે ગીતાર્થ બન્યા.

સપરિવાર વિચરતા સુસ્થિત મહારાજા એક વાર એક ગામમાં રોકાયા. તે વખતે એક મુનિરાજે પોતાના સંસારી પણાના ભાઇને પ્રતિબોધ પમાડવા જવા માટે આચાર્ય મહારાજ પાસે રજા માગી. આચાર્ય મહારાજે રજા આપી.

ગુરુ આજ્ઞા લઇને તે મુનિરાજ પોતાના સંસારીપણાના ભાઇને ત્યાં ગયા. તો ત્યાં લગ્ન પ્રસંગ ચાલતો હતો. તેમાં ઓતપ્રોત ઘરના માણસોએ મુનિરાજ તરફ ધ્યાન પણ ન આપ્યું.

સંસારી જનોની આ મોહાંધતા જોઇને મુનિરાજ પોતાના ગુરુ પાસે પાછા ફર્યા અને સર્વ હકીકત જણાવી.

આ હકીકત સાંભળીને ભવદત્ત મુનિ બોલ્યા, 'તમારા ભાઈ કઠોર હૃદયના ગણાય.'

ભવદત્ત મુનિનું વચન સાંભળીને તે મુનિરાજ બોલ્યા, આપને પણ નાના ભાઈ છે. જો આપ તેને દીક્ષા આપો તો જાણું કે આપના ભાઈ કોમળ હૃદયના છે. આપની વાતને હૃદયમાં સ્થાપન કરનારા છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવાબમાં ભવદત્ત મુનિએ કહ્યું, જ્યારે આપણે ગુરુ મહારાજ સાથે મગધ દેશમાં જઇશું ત્યારે હું આપને બતાવીશ કે મારો ભાઈ કેવો કોમળ છે.

કેટલાક વખત પછી સુસ્થિત આચાર્ય સપરિવાર વિચરતા વિચરતા સુગ્રામ નજીક પધાર્યા. તે વખતે ભવદત્ત મુનિએ પોતાના નાના ભાઈ ભવદેવને ધર્મ પમાડવા માટે સુગ્રામ જવાની આજ્ઞા માગી. યોગ્યતા જોઈને આચાર્ય મહારાજે ભવદત્ત મુનિને રજા આપી.

આજ્ઞા મળતાં જ ભવદત્ત મુનિ સુગ્રામ પહોંચ્યા. ગામમાં પહોંચીને પોતાના સંસારીપણાના પિતાને ત્યાં જઇને 'ધર્મલાભ' કહ્યો.

તે સમયે ભવદેવ પોતાની પત્ની નાગિલાને શણગારવામાં વ્યસ્ત હતો. તાજેતરમાં જ તેનાં લગ્ન નાગદત્તની પુત્રી નાગિલા સાથે થયા હતાં. અને તે, તે સમયના રિવાજ અનુસાર પોતાની પત્નીને શણગારી રહ્યો હતો. પત્નીને શણગારતાં તેના કાને 'ધર્મલાભ' શબ્દ પડયો એટલે શણગાર કાર્ય અધૂરું છોડીને તે મેડી ઉપરથી નીચે ઉતરીને મુનિ- ભાઈ પાસે આવ્યો અને તેમને વંદન કર્યા. મુનિ ભવદેવે 'ધર્મલાભ કહ્યા પછી સુઝતો આહાર વહોરીને મુનિ બહાર નીકળ્યા. કુટુંબીજનો તેમને વળાવવા ગયા. ગામની ભાગોળ સુધી પહોંચ્યા એટલે મુનિએ તેમને માંગલિક સંભળાવ્યું. માંગલિક સાભળીને એક ભવદત્ત સિવાય બીજા બધા પાછા ફર્યા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવદત્તને ભાઇના સ્નેહે પાછો ન ફરવા દીધો. થોડે દૂર ગયા પછી તેને પોતાની પત્ની યાદ આવી. તેના અર્ધા શણગાર બાકી છે, તે યાદ આવ્યું એટલે તેના પગ ઢીલા પડયા.

ભવદત્તનું મન વાંચીને ભવદેવ મુનિએ પોતાના હાથમાં રહેલ ગોચરી પાત્ર તેને પકડવા આપ્યું. શરમમાં તે ના ન પાડી શકયો.

ચાલવાને ખાસ નહિ ટેવાયેલા ભવદત્તે થાક લાગ્યાની ફરિયાદ કરી. તે સાંભળીને ભવદેવ મુનિએ કહ્યું, આત્માને થકાવનારા રાગ–દ્વેષ રૂપી સંસારની સેવા કરતાં થાક નથી લાગતો અને આત્માની સેવાના કાર્યમાં થાક લાગે, તો માનવું કે નસીબ વાંકુ છે.

મુનિના માર્મિક વચનો સાંભળીને ભવદત્ત શરમાઈ ગયો. દાક્ષિણ્ય ગુણવાળો તે ચૂપચાપ ચાલવા માંડયો અને મુનિરાજની પાછળ પાછળ આચાર્ય મહારાજ બિરાજતા હતા ત્યાં પહોંચ્યો.

જેના હાથે મીંઢળ છે, વસ્ત્રોમાં અત્તરની ફોરમ છે, તે ભવદત્તને જોઈને ઉપાશ્રયમાં રહેલા સાધુઓને થયું કે તાજો પરણેલો લાગતો આ યુવાન શું ખરેખર દીક્ષા લેશે ?

સાધુઓ વિચાર કરતા રહ્યા અને ભવદત્ત મુનિએ ગુરુ મહારાજને વંદન કરીને કહ્યું કે, આ મારો નાનો ભાઈ આપની પાસે દીક્ષા લેવા આવ્યો છે.

એટલે ગુરુ મહારાજે ભવદેવને પૂછ્યું, ભાગ્યશાળી તમારે દીક્ષા લેવી છે ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન સાંભળીને ભવદેવ દ્વિધામાં પડયો. જો હા પાડે છે તો નાગિલાના કોડ અધૂરા રહે છે. જો ના પાડે છે તો ભાઈ-મુનિના હૃદયને ઠેસ લાગે છે. ત્યાં પત્નીના રાગ ઉપર ભાઈના રાગે વિજય મેળવ્યો અને તેણે 'હા' કહી દીધી.

ભવદેવની હા સાંભળીને ભવદત્ત મુનિને શાન્તિ થઈ. આચાર્ય મહારાજે તેને વિધિપૂર્વક દીક્ષા આપી અને તરત ત્યાંથી વિહાર કરી દીધો.

સુગ્રામમાં નાગિલા પતિની રાહ જુએ છે. રહી રહીને પોતાથી અધૂરી શણગારેલી કાયા ઉપર નજર નાંખે છે. પતિની પ્રતીક્ષામાં તેણે આખી રાત મટકું માર્યા વિના પસાર કરી.

સંસારી જીવોની રાગદશા કેવી ભયંકર હોય છે, તે જાણતા આચાર્યે મહારાજે એક વિહાર પછી સ્થિરતા કરીને મુનિ ભવદત્તને નવદીક્ષિત મુનિ સાથે આગળ વિહાર કરવાની આજ્ઞા કરી.

બીજે દિવસે ભવદેવના કુટુંબીજનો આચાર્ય મહારાજ પાસે પહોંચ્યા. વંદન કરીને ભવદેવ કયાં છે? તે પૂછયું.

તે ભવદત્ત મુનિની સાથે આગળ ગયેલ છે.

આચાર્ય મહારાજનો આ જબાબ સાંભળીને તેઓ ભવ-દેવની તપાસ કરવા આગળ નીકળ્યા, પણ કયાંય પત્તો ન ખાધો એટલે નિરાશ થઈને ઘરે પાછા ફર્યા.

ભવદેવ મુનિ, પોતાના મોટાભાઈ ભવદત્ત મુનિ તરફના આદર અને દાક્ષિણ્ય ગુણના યોગે ચારિત્રનું પાલન કરે છે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ સાધુની સઘળી ક્રિયાઓ પણ કરે છે, પરંતુ તેમના હૃદયમાં પરમાત્માને બદલે નાગિલા છે. બહારથી સાધુ પણાને આચરે છે અને અંદરથી નાગિલામય બનીને વિચરે છે.

આ રીતના દ્રવ્ય-ચારિત્રના પાલનમાં તેમણે કેટલાંક વર્ષો વીતાવ્યાં, છતાં નાગિલાનો નેહ ન ઘટયો.

આ અરસામાં ભવદત્ત મુનિ માંદા પડયા. પુદ્ગલના સડવા-પડવાના સ્વભાવના જાણકાર મુનિએ આત્મ-સ્વભાવમાં લીન રહીને અંતિમ આરાધના કરી અને કાળ કરીને પહેલા દેવલોકમાં ગયા.

પોતાના ભાઈ-મુનિ સ્વર્ગવાસી થયા, એટલે તેમના પ્રત્યેના આદરભાવના કારણે દીક્ષિત થયેલ ભવદેવ મુનિના હૈયામાં રહેલો નાગિલા પ્રત્યેનો રાગ એકદમ ઉછળી આવ્યો અને તેમણે નાગિલાને મળવા માટે સુગ્રામ તરફ વિહાર કર્યો.

મોહ કેવો પ્રબળ છે, તે આ દાખલામાંથી સમજવાનું છે. વર્ષોના દીક્ષિત મુનિરાજને પણ તે કેવા બેહાલ કરી શકે છે તે જુઓ.

મનમાં નાગિલાનું રટણ કરતા મુનિ સુગ્રામ પહોંચ્યા. ગામમાં દાખલ થતાં તેમને બે સ્ત્રીઓ મળી. મુનિએ તેમને નાગિલાની કુશળતાના સમાચાર પૂછ્યા.

એક મુનિના મોંએ આ વાત સાંભળીને બન્ને સ્ત્રીઓ નવાઈ પામી.

આ બે સ્ત્રીઓમાં એક નાગિલા પોતે જ હતી. વર્ષો વીતતાં તે યુવાનીમાંથી પ્રૌઢાવસ્થામાં આવી હતી. તેમજ લગ્ન પછી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરત જ પતિનો વિરહ થવાથી તેને સંસારનું અસાર સ્વરૂપ સમજાઈ ગયું હતું.

આ મુનિ તે પોતાના એક કાળના પતિ છે—એ સમજી જવામાં નાગિલાને વાર ન લાગી. પણ અત્યારે તે મુનિ અવસ્થામાં છે, તે જોઈને તેણે કહ્યું. મુનિરાજ! નાગિલાની કુશળતાના સમાચાર જાણવા આપ આટલા ઉત્સુક કેમ છો ?

મુનિએ કહ્યું, હું નાગિલાનો પતિ છું.

નાગિલાએ કહ્યું, મુનિને આમ બોલવું છાજે ?

મુનિએ ખુલાસો કરતાં કહ્યું, મેં દીક્ષા અંતઃકરણના ઉમળકાથી નહોતી લીધી, પરંતુ મારા ભાઈ ભવદત્ત મુનિની હાંસી ન થાય તે ખાતર લીધી હતી. હવે ભવદત્ત મુનિરાજ હયાત નથી, એટલે મારે આ દીક્ષા પાળવાનું કોઈ પ્રયોજન નથી.

મુનિનાં જવાબથી નાગિલા નવાઈ પામી. તેનામાં સાચી શ્રાવિકાના ગુણો ખીલ્યા હતા. એટલે તે મુનિરાજને સંયમમાં દૃઢ કરવા માગતી હતી. દેહરાગ તેના મનમાં નાબૂદ થઈ ગયો હતો.

એટલે તેણે ભવદેવ મુનિને કહ્યું, જે ભાગવતી દીક્ષાનું શ્રી તીર્થંકર દેવો પણ અણીશુદ્ધપણે પાલન કરે છે, તે ભાગવતી દીક્ષ અંગીકાર કરવાને ભાગ્યશાળી બનેલા તમે, નાશવંત નારી દેહની લાલસામાં છોડી દેવા તૈયાર થયા છો, તે જાણીને મને અપાર દુઃખ થાય છે.

વમેલું તો કૂતરું ચાટે માણસ નહિ. જ્યારે તમે તો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીક્ષિત છો, શ્રી જિનાજ્ઞાને વરેલા છો, વિશ્વના જીવોના સગા છો. એ સગપણને એક નારીદેહ ખાતર ઠુકરાવતાં તમને શરમ આવવી જોઈએ. એક કાળની દેખાવડી નાગિલા તે હું જ છું. આજે મારો દેહ ગઈકાલ જેવો દેખાવડો નથી અને થોડા દિવસમાં તેને ઘડપણ આવશે અને તે નાશ પણ પામશે. તો આવા સ્વભાવવાળા શરીરમાં હજી તમને રાગ છે, તે ઓછી વિસ્મયકારી ઘટના નથી. માટે વિનવું છું કે મારા પ્રત્યેના રાગને શ્રી જિનેશ્વર દેવની આજ્ઞા તરફ વાળો, પંચ મહાવ્રતોના પાલન તરફ વાળો સામાયિક તરફ વાળો, જગતના જીવોની દયા તરફ વાળો.

નાગિલાની વેધક વાણીએ પરિણામ-પતિત મુનિના હૃદયને ચીરી નાંખ્યું. તેમને પોતાના અકાર્ય તરફ અણગમો પેદા થયો. કાચ જેવી બટકણી કાયા તરફ રાગ કરીને સાચા હીરા જેવા આત્માને અવગણવા બદલ તેમના મનમાં અપાર વ્યથા જન્મી. એ વ્યથાએ તેમને એવો ધક્કો માર્યો કે ત્યાં પળવાર પણ થોભ્યા સિવાય સીધા પોતાના ગુરુ પાસે પહોંચ્યા. આંખમાં આંસુ સાથે તેમણે પોતાના ચારિત્રને પ્રગટ કર્યું અને પ્રાયશ્ચિત માંગ્યું.

ગુરુ મહારાજે તેમને યોગ્ય પ્રાયશ્ચિત આપીને સાધુધર્મની મહત્તા સમજાવી. રૂડી રીતે ચારિત્ર પાળીને ભવદેવ મુનિ દેવલોકમાં ગયા.

દેવલોકનું આયુષ્ય પૂરું કરીને ભવદેવ મુનિ શિવકુમાર નામે રાજપુત્ર થયા. પોતાના એક કાળના ભાઈ ભવદત્ત મુનિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં પણ તેમને મુનિ રૂપે ભેટયા અને દીક્ષા લેવાનો ઉપદેશ આપ્યો. પરંતુ માતા-પિતાએ દીક્ષા લેવાની રજા ન આપી એટલે ઘરમાં બાર વર્ષ સુધી આયંબિલનાં તપ પૂર્વક ભાવ-યતિપણે રહ્યા.

તે શિવકુમાર આયુષ્ય પૂરું કરીને દેવલોકમાં ગયા. પૂર્વ ભવમાં આયંબિલના તપપૂર્વક જે ભાવયતિપણું તેમણે પાળ્યું હતું, તેના પ્રભાવે તે દેવ અત્યારે અધિક કાન્તિવાળા છે.

હે, દેવાધિદેવ! સઘળા દેવોમાં આ દેવ અધિક કાન્તિ-વાળા છે, તેનું કારણ શું? એ પ્રશ્નનો આ જવાબ સાંભળીને શ્રેણિકને સંતોષ થયો. તેમજ એ જાણવાની વૃત્તિ થઈ કે હવે પછી એ કયાં જન્મશે?

એટલે તેમણે શ્રમણ ભગવાનને પૂછયું, હે નાથ! આ દેવ ચ્યવીને કયાં જન્મશે?

ભગવાને ફરમાવ્યું, આ દેવ સાત દિવસ પછી દેવલોક-માંથી ચ્યવીને આ જ રાજગૃહી નગરીમાં ઋષભદત્ત શ્રેષ્ઠીની ધારિણી નામની પત્નીની કુક્ષીએ જન્મશે અને તેનું નામ જંબૂ સ્થપાશે. તે આ ક્ષેત્રમાં આ અવસર્પિણી કાળના છેલ્લા કેવળી થશે.

દેવાધિદેવની દેશનાના અમૃતનું પાન કરીને સહુ પોત-પોતાના સ્થાને ગયા.

શ્રી જિનવચનમાં સંપૂર્ણ શ્રદ્ધાવાળા શ્રેણિક મહારાજાને યોગ્ય સમયે સમાચાર મળ્યા કે પોતાના પાટનગરના શ્રેષ્ઠી ઋષભદત્તને ત્યાં તેજસ્વી પુત્રનો જન્મ થયો છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્રની માતાએ સ્વપ્નમાં કાન્તિમય જમ્બૂ વૃક્ષ જોયેલું, તેના ઉપરથી પુત્રનું નામ જંબૂકુમાર રાખવામાં આવ્યું.

શેઠને ત્યાં સમૃદ્ધિનો સુમાર નથી. એટલે લાડકોડમાં ઉછરતો જંબૂકુમાર પાંચ વર્ષનો થયો.

શુભ સંસ્કાર વિનાની સંપત્તિ દઝાડનારી નીવડે છે. એવું સમજતા શેઠે પુત્રને ઉત્તમ વિદ્યાગુરુ પાસે ભણવા બેસાડયો. માનવ જીવનને અજવાળનારા ઉત્તમ સંસ્કારોનું શિક્ષણ તેણે થોડાંક વર્ષોમાં પ્રાપ્ત કર્યું.

જે શિક્ષણના કેન્દ્રમાં આત્મા હોય છે, તેને જ સુશિક્ષણ સમજવું. આત્માને ભૂલાવનારું સઘળું શિક્ષણ એકડા વગરના મીંડા જેવું છે.

જોતજોતામાં જંબૂકુમાર યુવાન બન્યા. ઋષભદત્ત શેઠે પોતાના સમોવડીયા આઠ શ્રેષ્ઠીઓની આઠ કન્યાઓ સાથે તેનાં સગપણ કર્યાં.

આ અરસામાં શ્રમણ ભગવાનના પાંચમા ગણધર ભગવંત શ્રી સુધર્માસ્વામીજી પૃથ્વીતળને પાવન કરતા રાજગૃહીના ઉદ્યાનમાં પધાર્યા.

હજારો ભાવિકજનો ગણધર ભગવંતની દેશના સાંભળવા ગયા. તેમની સાથે જંબૂકુમાર પણ ગયા. જેઠ માસના ધોમ તાપમાં તપેલી ધરતીને અષાઢ માસની વર્ષાથી જે શાતા સાંપડે છે, તેવી શાતા ગણધર ભગવંતની ધર્મદેશના સાંભળવાથી જંબૂકુમારને થઈ. તેમને થયું કે જ્યાંથી આ વાણી નીકળે છે, એ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા કેવો હોવો જોઈએ. આવી વાણી દુનિયાના બજારમાં સાંભળવા નથી મળતી, માટે મારે પણ આ મહાપુરુષ પાસે આવી અદ્‌ભુત વાણીવાળુ વિશિષ્ટ જીવન જીવવું જોઈએ.

દેશના પૂરી થતાં બધા શ્રોતાઓ વંદનવિધિ પતાવીને વિખરાઇ ગયા, ત્યારે જંબૂકુમારે પોતાના મનના ભાવ ગણધર ભગવંત આગળ રજુ કર્યા.

ગણધર ભગવંતે કહ્યું, તમારા મનોભાવ ઉત્તમ છે. આત્માને તારનારી ભાગવતી દીક્ષા લેવા માટેનો તમારો ઉત્સાહ અનુમોદનીય છે, માટે તમારા માતા–પિતાની રજા લઈને આવો.

હું રજા લઇને તરત પાછો ફરું છું. ત્યાં સુધી અત્રે સ્થિરતા કરવાની આપને મારી વિનંતી છે.

આમ કહીને જંબૂકુમાર નગર તરફ પાછા ફરતા હતા, ત્યાં નગરના દરવાજા પાસે કિલ્લા ઉપરના ભાગમાં ગોઠવેલા શસ્ત્રો તેમની નજરે પડયા. તેમનો જીવ દીક્ષામાં હતો એટલે આ શસ્ત્રો પૈકી કોઇ શસ્ત્ર એકાએક પોતાના ઉપર પડે ને દેહ છૂટી જાય, તો દીક્ષા વગર રહી જવાય—એમ લાગવાથી પોતે તરત ત્યાંથી ગણધરદેવ પાસે પાછા ફર્યા અને વિનંતી કરી કે, આયુષ્ય નાશવંત છે માટે મને આપ હમણાં જ ચોથા વ્રતની જીવનભરની પ્રતિજ્ઞા ઉચ્ચરાવો.

વિચારો, એમનો આત્મા કેવો બળવાન ! એમનો આત્મસ્નેહ કેવો સુદૃઢ ! હું નહિ હોઉં તો સંસારના કાર્યો અટકી જશે એવું કદી ન વિચારશો. આ સંસાર તો પ્રવાહથી અનાદિ–અનંત છે. તેને અનુકૂળ થવું, તે ગુલામીનાં બંધનો વધુ મજબૂત કરવા જેવું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આત્માને પરમાત્માની આજ્ઞાને અનુકૂળ થવામાં માનવભવની યથાર્થ ઇજ્જત છે.

ભરયુવાનીમાં જીવનભરના બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા લઇને જંબુકુમાર ઝડપથી ઘેર પાછા ફર્યા, અને પોતાના માતા-પિતા પાસે દીક્ષા લેવાની રજા માગી.

સાધુપણા તરફ અવિચળ રાગ જાગે છે, ત્યારે આવી સ્થિતિ આવે છે, નહિતર દુન્યવી સઘળાં શ્રેષ્ઠ સુખો સ્વેચ્છાએ છોડવાનુ જે સત્ત્વ જંબૂકુમારમાં પ્રગટયું, તે ન પ્રગટત.

પુત્રની વાત સાંભળીને માતા-પિતા ડઘાઈ ગયાં. જવાબને બદલે તેમની આંખોમાંથી બોર-બોર જેવડાં આંસુ ટપકવા માંડયાં.

તે જોઈને વિરકત જંબુકુમાર બોલ્યા, હે માતુશ્રી! શું આપ એવું ઇચ્છો છો કે હવે મારે બીજી માતા કરવી? હે, પિતાશ્રી! શું આપ એવું ઇચ્છો છો કે હવે મારે બીજા પિતા કરવા?

પુત્રના આ ગંભીર પ્રશ્નનો જવાબ આપવાને બદલે માતા પિતાએ એટલું જ કહ્યું કે, તું એક વાર લગ્ન કરી લે. તે પછી તને સુખ ઉપજે તેમ વર્તવામાં અમે તારી આડે નહિ આવીએ.

આ પ્રસ્તાવ મૂકયા પાછળ તેમનો આશય એ હતો, કે એક વાર તે પરણી જશે એટલે દીક્ષાને તે ભૂલી જશે.

માતા-પિતાના પ્રસ્તાવના જવાબમાં જંબુકુમારે કહ્યું, લગ્ન કરવાની મારી ના નથી. પણ મેં જીવનભરનું ચોથુ વ્રત અંગીકાર કરેલું છે—એ હકીકત આપે તે આઠેય કન્યાઓને તેમજ તેમના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માતા-પિતાને જણાવી દેવી જોઈએ. જેથી પાછળથી તેમને ચોથા વ્રત તરફ દુર્ભાવ ન થાય.

પુત્રના આત્મબળથી અજાણ માતા-પિતાએ પુત્રની વાત માન્ય રાખીને સઘળી હકીકત કન્યાઓના માતા-પિતાને જણાવી. તેમણે તે હકીકત પોતાની પુત્રીઓને કહી.

આઠેય કન્યાઓએ એક જ જવાબ આપ્યો, અમે મનથી જંબુકુમારને અમારા પતિદેવ તરીકે સ્વીકારી લીધા છે. એટલે તેમાં હવે બાંધછોડ શકય નથી. જે તેમનો માર્ગ, તે જ અમારો માર્ગ.

આવી સુશીલ કન્યાઓ ઉત્તમ કુળને અજવાળે છે. માત્ર શરીરસુખની મુખ્યતા મનમાં સ્થાપવી તે પણ મિથ્યાત્વ છે—એ ન ભૂલશો. શરીર આત્માને સુખી નથી કરી શકતું—એ સદા યાદ રાખીને ચાલશો તો ઘણા દુઃખથી ઉગરી જશો.

કન્યાઓનો દૃઢ નિર્ણય જાણ્યા પછી જંબુકુમારનાં લગ્ન લેવાયાં. શુભ મુહૂર્તે ધામધૂમથી આઠે કન્યાઓનાં જંબુકુમાર સાથે લગ્ન થયાં.

કન્યાઓ ઋષભદત્ત શેઠની કુળવધૂઓ બનીને સાસરે આવી.

રાત પડતાં શણગારેલા મોટા શયનખંડમાં આઠ પત્નીઓ વચ્ચે જંબુકુમાર બેઠા છે. ચોમેર ઉત્તેજક વાતાવરણ છે. પાંચે ઇન્દ્રિયોના વિષયોને અનુકૂળ સામગ્રી પથરાએલી છે.

ત્યારે સમુદ્રશ્રી પતિને કહે છે કે, ચારિત્ર પાળવું એ મીણના દાંતે લોઢાના ચણા ચાવવા જેવું દુષ્કર કાર્ય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના જવાબમાં જંબુકુમાર કહે છે કે, તમારી વાત સંસાર રસિક જીવને ગળે ઉતરે તેવી છે, પરંતુ સાધુપણું અંગીકાર કરવાને સજ્જ બનેલા આત્માને તે હાસ્યાસ્પદ લાગે તેમ છે.

આઠ પત્નીઓ અને એક પતિ વચ્ચે તાત્ત્વિક સંવાદ શરૂ થયો, તે જ અરસામાં આખી રાજગૃહીમાં હાહાકાર મચાવનારો પ્રભવ નામનો ચોર મોટી ચોરી કરવાના આશયથી શેઠના વિશાળ મહાલયના એક ભાગમાં પોતાના ૫૦૦ સેવક ચોરો સાથે દાખલ થઈ ગયો.

તાલોદ્ઘાટિની (ગમે તેવાં મજબૂત તાળાં ઉઘાડી નાખનારી) વિદ્યા વડે તેણે ધનભંડારનાં તાળાં ઉઘાડીને કિંમતી અલંકારોના પોટકાં બાંધ્યાં અને અવસ્વાપિની વિદ્યા વડે ચોકીઆતોને નિદ્રાધીન કરીને મહેલની બહાર નીકળવા ગયો, ત્યાં તેના પગ સ્થંભી ગયા. તેની ટોળીના સભ્યોના પગ પણ જમીન સાથે જડાઈ ગયા.

આજ સુધી પોતાની શક્તિ પર મુસ્તાક આજે પહેલીવાર વિમાસણમાં પડયો. એવામાં તેના કાને જંબુકુમાર અને તેમની પત્નીઓ વચ્ચે ચાલતા તાત્ત્વિક સંવાદના શબ્દો અથડાયા. એટલે કાન સરવા કરીને તે, તે સંવાદ સાંભળવા માંડયો. જેમ જેમ તે સંવાદ સાંભળતો ગયો તેમ તેમ તેને સંસાર-સ્વરૂપની ભયાનકતા, નિર્ગુણતા, બરાબર સમજાવા માંડી. પોતાના ધંધા તરફ ધિક્કાર છુટયો. ચોરી કરીને પેટ ભરવું, તે પશુ કરતાંય બદતર કૃત્ય છે—એમ તેને દૃઢપણે સમજાઇ ગયું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પકડાઇ જવાનો ભય છોડીને તે સંવાદ સાંભળતો રહ્યો. સંવાદ પૂરો થયો ત્યારે તે અંદરથી ખરેખર બદલાઈ ગયો અને જંબુકુમાર પાસે જઈને તેમને પ્રણામ કર્યા.

જંબુકુમારની પત્નીઓ આગંતુકને જોઈ રહી. પ્રભવે નિખાલસપણે પોતાનું જીવન જાહેર કરીને કહ્યું, આપ ખરેખર પ્રતાપી પુરુષ છો. આપની વાણીએ મને સાચું જીવન કોને કહે, તે સમજાવ્યું છે, એટલે મેં આજથી ચોરી નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી છે.

પરણ્યાની પહેલી રાતે રૂપમાં રતિ સમી પોતાની પત્નીઓને આત્મરતિવાન બનાવવામાં સફળ થયેલા જંબુકુમારે પ્રભવને કહ્યું, તમે ચોરી છોડી તે સારું કર્યું. તેની સાથોસાથ સ્વાર્થપૂર્ણ સંસારને છોડવાનું શૂરાતન દાખવશો, તો બધા દુઃખોનો અંત આવશે.

પ્રભવની મનની દુનિયામાં આત્માનો ઉજાસ છવાયો હતો એટલે તેણે જંબુકુમારની સાથે દીક્ષા લેવાનો નિર્ણય કર્યો અને પોતાના અનુચરોને તેની જાણ કરી, એટલે તેમણે પણ દીક્ષા લેવાની તત્પરતા બતાવી.

સાધુપણું અંગીકાર કરવાનો સાચો ભાવ કેટલો મોટો પ્રભાવ પાડે છે, તે વિચારજો. તો પછી સાચું સાધુપણું મહા પ્રભાવશાળી નીવડે તેમાં આશ્ચર્ય જેવું કાંઈ નથી.

પ્રભાત થતાં આખી નગરીમાં ઉત્સાહનું મોજુ ફરી વળ્યું. જંબુકુમાર પોતાની આઠ પત્નીઓ સાથે દીક્ષા લે છે, તે સમાચારની સહુ હાર્દિક અનુમોદના કરવા લાગ્યા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જંબુકુમારની સાથે તેમના માતા-પિતા અને સાસુ-સસરાઓ પણ દીક્ષા લેવા તૈયાર થયા.

આમ એક ચારિત્રપરિણામી આત્માએ બીજા ૫૨૬ આત્માઓને ચારિત્ર ગ્રહણ કરવા માટે જાગૃત કર્યાં.

એક જ દિવસે, એક જ સમયે કુલ ૫૨૭ મહાન આત્માઓ રાજગૃહીના રાજમાર્ગ ઉપરથી દીક્ષાના મંડપ તરફ ચાલ્યા ત્યારે મહારાજા શ્રેણિક પ્રમુખ સર્વનાં હૈયાં હર્ષવિભોર બની ગયાં. સહુ પરમપદદાયિની ભાગવતી દીક્ષાની અનુમોદના કરવા લાગ્યા.

ભરયુવાનીમાં આવો અદ્ભૂત ત્યાગ કરનારા જંબૂ કુમારના જયજયકાર વડે વાતાવરણ ગાજી ઉઠયું.

સહુ દીક્ષાર્થીઓ શ્રી સુધર્માસ્વામી પાસે પહોંચ્યા. તેમને વિધિ-બહુમાનપૂર્વક વંદન કર્યાં અને પોતાને દીક્ષા આપવાની અરજ કરી.

શ્રી સુધર્મા સ્વામીએ તે ૫૨૭ ભાગ્યશાળીઓને દીક્ષા આપીને કૃતાર્થ કર્યાં અને જંબૂ કુમારને પોતાના શિષ્ય બનાવીને જંબૂસ્વામી નામ પાડયું. પ્રભવને જંબૂસ્વામીજીના શિષ્ય તરીકે સ્થાપી પ્રભવસ્વામીજી નામ પાડયું.

આ અવસરે દેશના આપતાં ગણધર ભગવંતે સાધુપદનું સ્વરૂપ વર્ણવતાં કહ્યું, આ સાધુપદ અણમોલ છે. ત્રિભુવન હિતકર છે. આત્મસાધનાનો વિજયધ્વજ લહેરાવનારું છે. પર પદાર્થોની સાધનાને જબરજસ્ત લપડાકરૂપ છે. સંસારનો અંત આણનારું છે. આત્માને અનંત સુખ આપનારું છે. તેમાં સર્વ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવના હિતનું જતન સમાએલું છે. ત્યાજ્ય પદાર્થોના ત્યાગની બિરુદાવલી સમાન છે. સર્વવિરતિ અને દેશવિરતિ, એ બે તેના પ્રકાર છે.

સર્વવિરતિપણું એટલે સર્વ પાપ વ્યાપારથી સર્વથા વિરમવું તે. સર્વ ધર્મ વ્યાપારમાં પરિપૂર્ણ રતિ કેળવવી તે. સંપૂર્ણ આત્મરતિવાન બનવું તે. આવી અનુપમ આત્મરતિ પરમાત્મા શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું ત્રિવિધે પાલન કરવાથી જાગે છે.

સર્વ વિરતિ ચારિત્ર અંગીકાર કરવા જેટલું સત્ત્વ અને પુણ્ય એકાએક પ્રગટતું નથી પણ સાધુપદની આરાધનામાં મગ્ન સાધુ ભગવંતોની ભક્તિ કરવાથી પ્રગટે છે.

શ્રી અરિહંત પદ આદિ પાંચે પદોના પાયારૂપ, આ પદની આરાધના કરવાને અશક્ત માનવો દેશવિરતિ ચારિત્રની આરાધના કરીને, આ પદને પામવાની શક્તિ મેળવી શકે છે.

સત્તા, સંપત્તિ, કીર્તિ આદિની પ્રાપ્તિ માટે મનમાં નિત્ય ઈચ્છાઓ સેવવી, તેમજ રાત્રે તે જ વિચારોમાં પડખાં ફેરવવાં, તે નરી પરવશતા છે. તેમ કરવાને બદલે આત્માની સાધનાના મનોરથ કરવા, તે જ વિચારોમાં મનને રાખવું, તેમ જ આત્મા માટે પરાયા પદાર્થોને પોતાના ન સમજવાની સદ્બુદ્ધિ કેળવવામાં સમય અને શક્તિનો સદુપયોગ કરવો, એ આ માનવભવને સર્વથા છાજતું કાર્ય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો કોઈ તમને પૂછે કે તમે સાધુ નથી તો શું છો? તો શો જવાબ આપો? અમે અસાધુ છીએ એમ કહો ખરા? પણ તમે એવું નહિ બોલી શકો, કારણ કે કોઇ પોતાને હલકો કહે તે કોઈને ગમતું નથી હોતું. આ હકીકત આત્માના ગૌરવને છતું કરે છે. તેને જીવન બનાવવા માટે તમે કટિબદ્ધ બનો.

ગણધર ભગવંતની આ દેશનાથી પ્રભાવિત થઇને અનેક આત્માઓએ નાનાં-મોટાં વ્રત લઇને જીવનને અલંકૃત કર્યું.

નાનાં-મોટાં વ્રત-નિયમ એ સાચાં ઘરેણાં છે. હીરા-મોતીના ઘરેણાં આત્માને ભારરૂપ છે. માટે સાધુઓ તેને અડતા પણ નથી. તેમજ તેના વડે જીવનની કિંમત આંકતા નથી.

સ્વ-પરના ભેદથી પર રહીને સર્વને ધર્મ પમાડવામાં તત્પર સાધુ-ભગવંતનું સ્વરૂપ શ્રી સકલતીર્થની નીચેની ગાથામાં સુંદર રીતે વર્ણવવામાં આવ્યું છે.

અઢી દ્વીપમાં જે અણગાર
અઢાર સહસ શીલાંગના ધાર,
પંચ મહાવ્રત સમિતિ સાર
પાળે - પળાવે પંચાચાર,
બાહ્ય-અભ્યંતર તપ ઉજમાળ
તે મુનિ વંદુ ગુણ મણિમાળ.

આ ગાથા એમ કહે છે કે સ્વ ઉપર સંપૂર્ણ સ્વામિત્વ આત્મસત્તા દ્વારા સ્થપાય છે. શીલ તે આત્માનું સત્ છે. તેનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અખંડ પાલન કરવાથી વિશ્વવર્તી વાતાવરણ ઉપર શુભ ભાવનું પ્રભુત્વ સ્થપાય છે.

માટે સાધુ ભગવંતના પગલે સદા મંગળ વર્તે છે, અમંગળકારી ક્ષુદ્ર બળો નાશ પામે છે.

આવા સાધુપણાની સાચી લગની લાગવાથી શ્રી જંબૂસ્વામી કંચન અને કામિનીના રાગનો સમૂળ ત્યાગ કરીને, આ કાળના ચરમ કેવળી ભગવંત બન્યા. તેમજ પ્રભવ જેવો નામચીન ચોર તેમનો પટ્ટધર બન્યો. જેમને આપણે પ્રભવ સ્વામીજી કહીને સ્તવીએ છીએ.

સાચા આ સાધુપદની સાચી લગની મનમાં જગાડવા માટે શ્રી જંબૂસ્વામીના જીવન ચરિત્રના વિવિધ પાસાઓનો અભ્યાસ જરૂરી છે.

પિતાની કરોડોની સંપત્તિમાં તેમનું મન ન મોહ્યું, આઠ પત્નીઓનું લાવણ્ય તેમને આકર્ષણ કરી ન શક્યું, તેનું કારણ શું ? એજ કે તેનાથી આત્માનુ હિત સધાતું નથી—એ જિનવચન વડે તેમનું સમગ્ર મન રંગાઇ ગયું હતું.

તમારે પણ સાધુપણાની ભાવના ભાવતા રહીને સંસાર રસિકતાને ઘટાડવાની છે. આજે નહિ તો કાલે પણ ઘટાડવી પડશે, તો જ સંસારના દુઃખમાંથી છૂટી શકશો. તેમજ બીજા જીવોને અભયદાન આપવાનો ધર્મ પરિપૂર્ણપણે પાળવાને લાયક બનશો.

માટે નાશવંત શરીરને આત્માની સેવામાં જોડવાની શાસ્ત્રોની ભલામણ છે. ઘોડો પાછળ અને રથ આગળ, એ અવળો ઘાટ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખશો તો ભવવનમાં જ અટવાશો. આત્મા એ અશ્વ છે, દેહ એ રથ છે, જિનાજ્ઞાબદ્ધ મન એ સારથી છે.

આ રીતની સુવ્યવસ્થા સ્થાપવામાં તમે શૂરા બનો! પૂરા બનો !

## પાંચમા દિવસની આરાધના

**પદ**–શ્રી સાધુ.
**વર્ણ**–શ્યામ. આયંબિલ એક ધાન્યનું તે અડદનું.
**નવકારવાળી**–વીસ. ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં.
**કાઉસ્સગ્ગ, લોગસ્સ**–૨૭
**સ્વસ્તિક**–૨૭
**ખમાસમણાં તથા પ્રદક્ષિણા**–૨૭

**ખમાસમણનો દુહો—**

અપ્રમત્ત જે નિત રહે, નવિ હરખે નવિ શોચે રે;
સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચે રે,
વીરજિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે
આતમ ધ્યાને આતમા ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર૦

## શ્રી સાધુપદના ૨૭ ગુણ

૧ પ્રાણાતિપાતવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ
૨ મૃષાવાદવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ
૩ અદત્તાદાનવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ
૪ મૈથુનવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ
૫ પરિગ્રહવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ રાત્રિભોજનવિરમણવ્રતયુક્તાય શ્રીસાધવે નમઃ
૭ પૃથ્વીકાયરક્ષકાય શ્રીસાધવે નમઃ
૮ અપકાયરક્ષકાય શ્રીસાધવે નમઃ
૯ તેઉકાયરક્ષકાય શ્રીસાધવે નમઃ
૧૦ વાયુકાયરક્ષકાય શ્રીસાધવે નમઃ
૧૧ વનસ્પતિકાયરક્ષકાય શ્રીસાધવે નમઃ
૧૨ ત્રસકાયરક્ષકાય શ્રીસાધવે નમઃ
૧૩ એકેન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે નમઃ
૧૪ દ્વીન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે નમઃ
૧૫ ત્રીન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે નમઃ
૧૬ ચતુરિન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે નમઃ
૧૭ પંચેન્દ્રિયજીવરક્ષકાય શ્રીસાધવે નમઃ
૧૮ લોભનિગ્રહકારકાય શ્રીસાધવે નમઃ
૧૯ ક્ષમાગુણયુક્તાય શ્રીસાધવે નમઃ
૨૦ શુભભાવનાભાવકાય શ્રીસાધવે નમઃ
૨૧ પ્રતિલેખનાદિક્રિયાશુદ્ધિકારકાય શ્રીસાધવે નમઃ
૨૨ સંયમયોગયુક્તાય શ્રીસાધવે નમઃ
૨૩ મનોગુપ્તિયુક્તાય શ્રીસાધવે નમઃ
૨૪ વચનગુપ્તિયુક્તાય શ્રીસાધવે નમઃ
૨૫ કાયગુપ્તિયુક્તાય શ્રીસાધવે નમઃ
૨૬ શીતાદિદ્વાવિંશતિપરિષહસહનતત્પરાય શ્રીસાધવે નમઃ
૨૭ મરણાંતઉપસર્ગસહનતત્પરાય શ્રીસાધવે નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સમ્યગદર્શન પદનું સ્વરૂપ

सव्वन्नुपणीयागमपयडियतत्तत्थ सद्दहणसरुवं ।
दंसणरयणपईवं, निच्चं धारेह मणभवणे ॥

**અર્થ**:- હે મહાનુભાવો? સર્વજ્ઞ ભગવંતોએ પ્રરૂપેલ આગમમાં પ્રગટ કરાએલ તત્ત્વરૂપ અર્થોની શ્રદ્ધારૂપ સમ્યગ્ દર્શનરૂપ રત્ન-દીપકને તમે મનરૂપી ભવનમાં હંમેશાં ધારણ કરો.

આ પાંચ દિવસ આપણે દેવતત્ત્વ અને ગુરુતત્ત્વ ઉપર યથાશક્તિ વિચારણા કરી.

આજથી ધર્મતત્ત્વ ઉપર વિચારણા શરૂ થાય છે.

દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ—એ ચારનો ધર્મતત્ત્વમાં સમાવેશ થાય છે.

આ ચારમાં સમ્યગ્ દર્શન પહેલું છે. કારણ કે બાકીના ત્રણ ગુણોનો આધાર પણ સમ્યગ્ દર્શન છે. તદુપરાંત સાધુપણા ઉપાધ્યાયપણા, આચાર્યપણા, તેમજ અરિહંતપણાનો આધાર પણ સમ્યગ્ દર્શન છે.

માટે સમ્યગ્ દર્શન સિવાયના જ્ઞાનાદિને નિષ્ફળ કહ્યાં છે.

જેનું સમ્યક્ત્વ યાને સમ્યગ્ દર્શન મધ્યાન્હના સૂર્ય સમું ઝગારા મારતું હોય છે, તે મહાભાગ્યશાળી આત્મા કર્મનાં ગમે તેવા હુમલા સમયે પણ ધર્મમાં અડગ રહે છે.

**મિથ્યામતિનો સંગ ન કીજે.** એ પંક્તિનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાર એ છે, કે મતિને મિથ્યા વિચારોની સોબતથી દૂર રાખો.

મિથ્યા વિચાર એટલે નકામા વિચાર. આત્મા માટે કામના નથી, તે વિચાર નકામા છે.

આત્મા માટે કામના છે, તે વિચાર સમ્યગ્ છે, યથાર્થ છે.

સમ્યગ્ દર્શન એ આત્માનો ગુણ છે. તેને સમકિત પણ કહે છે.

દુનિયામાં ચિંતામણિ–રત્ન કિંમતી ગણાય છે, કારણ કે તેનાથી મનગમતી ઐહિક વસ્તુઓ મેળવી શકાય છે. પણ તેના કરતાં વધુ કિંમતી અર્થાત્ અણમોલ સમ્યક્ત્વરૂપી રત્ન છે. કારણ કે ચિંતામણિ–રત્નમાં જે આપવાની શક્તિ નથી, તે આ સમ્યક્ત્વરૂપી રત્નમાં છે. ચિંતામણિ રત્ન મોક્ષ સુખ ન આપી શકે, સમ્યક્ત્વરૂપી રત્ન તે આપી શકે.

સમ્યગ્ દર્શન એટલે યથાર્થ દર્શન. યથાર્થ દર્શન એટલે જે પદાર્થ ખરેખર જેવો છે, તેવો તેને જોવો તે.

આંખ ચોકખી હોય છે, તો વસ્તુનો જેવો હોય છે, તેવો આકાર બરાબર દેખી શકાય છે, તેમ સમ્યક્ત્વવંત આત્માને વસ્તુ–સ્વરૂપનું યથાર્થ દર્શન થાય છે. માટે સમક્તિને આત્માની આંખ કહી છે.

આંખમાં એક તણખલું દાખલ થઈ જાય છે, તો પણ આંખ તે પર પદાર્થને સાંખી શકતી નથી અને માણસને તે તણખલું દૂર કરવાની ફરજ પાડે છે અને તે બહાર નથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીકળતું ત્યાં સુધી માણસનો જીવ પણ તેમાં રહે છે. તેમ આત્માની આંખરૂપી સમ્યક્ત્વની હાજરીમાં આત્માને દૂષિત કરનારા મિથ્યા વિચારના કણને પણ તે સાંખી શકતું નથી, એવી પ્રચંડ ચેતનામયતા તેના સામાજ્યમાં છવાએલી હોય છે, એટલે તે દૂષિત વિચારનું મોટું પ્રાયશ્ચિત તેવા સમ્યક્ત્વવંત આત્માઓ તરત જ લઇ લે છે.

સંસારી જીવ, ધનમાલ લૂંટાઈ જતાં હાય-બાપરે હું લૂંટાઈ ગયો, મરાઈ ગયો એવી રોકકળ કરે છે, તેમ સમકિતવંત જીવ, નાશવંત પદાર્થોમાં રતિ પેદા થતાંની સાથે 'મારા સમ્યક્ત્વને ડાઘ લાગ્યો, હવે મારૂં શું થશે ?" એવો આર્ત્તનાદ કરે છે.

આ સમ્યક્ત્વ યાને સમ્યગ્ દર્શનનું તાત્ત્વિક સ્વરૂપ નીચે મુજબ છે.

સુદેવ, સુગુરૂ અને સુધર્મ ઉપર સાચો ભાવ પ્રગટ થાય, તે સમ્યગ્ દર્શનની નિશાની છે.

આવું દર્શન પામેલા જીવને શ્રી જિનવાણીમાં સંપૂર્ણ શ્રદ્ધા હોય છે. તેને જિનવાણીમાં જે રૂચિ હોય છે, તે મધુકરની માલતી ઉપરની પ્રીતિને પણ ઝાંખી પાડે તેવી અદ્ભૂત હોય છે.

પાણી શરીરના મેલને સાફ કરે છે, તેમ જિનવાણી આત્માના મળને સાફ કરે છે. રાગ-દ્વેષરૂપી સંસારનો ક્ષય કરવામાં જિનવાણી અજોડ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માના ગુણને ક્ષયરોગ લાગુ પાડનારા રાગ-દ્વેષનો ક્ષય કરીને જિનવાણી આત્માને અક્ષય પદ આપે છે.

જિનવાણીમાં પરમ આત્મ-સ્વરૂપનું જે ગાન હોય છે, તેનું પાન સમકિતને આત્મામાં મસ્તાન બનાવે છે. તે ક્યારે ય સંસારમાં મસ્ત થઈને મહાલતો નથી. માટે તે હંમેશાં—એ સત્યમાં સંપૂર્ણ નિષ્ઠા ધરાવે છે કે—

तमेव सच्चं निःसंकं जं जिणेहिं पवेइयं અર્થાત્ તેજ નિઃશંકપણે સાચું છે, જે શ્રી જિનેશ્વરદેવે પ્રરૂપ્યું છે.

પેલો દાખલો તમે સાંભળ્યો હશે.

સરખી વયની ચાર સાહેલીઓ પાણી ભરીને આવે છે. રસ્તામાં તેમને પાણી ભરવા જતી સાહેલીઓ મળી, એટલે બધી સહેલીઓ વાતે વળગી. પણ જેમના માથે પાણી ભરેલાં બેડાં હતાં, તેમનો જીવ વાતો કરતી વખતે પણ તેમાં હતો.

બરાબર આજ રીતે સમ્યગ્દૃષ્ટિ આત્મા સંસારના વ્યવહાર ચલાવતો હોય છે. દીકરા-દીકરીના લગ્ન વખતે પણ તે આત્માથી અલગ નથી પડતો, એટલે આત્માની વાત સાંભળીને તે મધરાતે પથારીમાં બેઠો થઈ જાય છે અને રાગ-દ્વેષ પોષક વાતો સાંભળવામાં તે બેહોશ જેવો હોય છે.

સંસાર માટે લાયક નહિ રહેનારા જ મોક્ષ માટે લાયક નિવડે છે, તે કોણ નથી જાણતું?

જો શ્રી જિનવાણીમાં સાચી શ્રદ્ધા નહિ, તો ક્યાં? એ વિચારો. દુન્યવી માણસોની વાતોમાં શ્રદ્ધા મૂકી શકો અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનવાણુમાં નહિ? આત્માની પ્રાપ્તિ માટે તો શ્રી જિનવાણીમાં નખ-શિખ રંગાઈ જવું જ પડશે.

બીજા ગુણો ગુરૂ આદિ વડીલોની સેવાથી મળી શકે છે, પણ સમ્યક્ત્વ તો શ્રી જિનરાજ જ આપી શકે છે.

આ વાત ખૂબ જ મહત્ત્વની છે.

સમ્યગ્ દર્શનના દાતાર શ્રી જિનેશ્વરદેવ છે. તેનું કારણ એ છે, કે શ્રી જિનેશ્વરદેવ જ જીવ માત્રના પરમ આપ્ત પુરુષ છે.

પરમ આપ્ત પુરુષ એટલે પરમ આત્મીય પુરુષ.

શ્રી જિનરાજ જે ભાવે જીવને જુએ છે, તે ભાવનો સ્પર્શ થવાથી શ્રી જિનદર્શનની સ્પર્શના થાય છે, સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થાય છે. આત્મા પોતે પોતાને ઓળખતો થાય છે.

આવી ભાવ-સ્પર્શના રાગ-દ્વેષ પાતળા પડે છે, ત્યારે થાય છે.

**રાગ ગયો તુજ મન થકી તેહમાં ચિત્ર ન કોય**

એવા શ્રી વીતરાગ જિનેશ્વરદેવને ભાવ પૂર્વક ભજવાથી ભવ સ્થિતિને અત્યંત ટુંકી કરી નાંખનારૂં સમ્યગ્ દર્શન પ્રાપ્ત થાય છે. જે અત્યારે તો ખોવાએલું છે, રાગ-દ્વેષના ગાઢ અંધકારમાં બેપત્તા છે. એક લાખ મણ રેતીના ઢગલામાં સોનાની એક કણી ખોવાઈ જાય, તો તેને મેળવવા માટે જેટલી મહેનત કરવી પડે, તેના કરતાં વધુ મહેનત રાગ-દ્વેષના ગિરિ સમાણા ઢગલામાં ખોવાઈ ગયેલા સમ્યગ્ દર્શન રૂપી ભાવ-રત્નને પ્રાપ્ત કરવા માટે કરવી પડે છે.

દેહને વિષે આત્મ બુદ્ધિ-તે મિથ્યાત્વ. સમ્યગ્ દર્શનને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બરાબર સમજવા માટે મિથ્યા દર્શન એટલે શું ? તે પણ સમજવું જોઇએ, કે જેથી બંને દર્શનોને સારી રીતે ઓળખી, હેય એવા મિથ્યાદર્શનને છોડી શકાય.

આજે જે શરીરમાં આપણે ફરીએ છીએ, તેવાં કેટલાં શરીરો આ જીવે આજ સુધીમાં કર્યાં તેમજ છોડયા, તેનો વિચાર કરતાં એ સ્પષ્ટ થાય છે, કે આત્માને શરીરનો મોહ નથી પણ મોહનીય કર્મ જ તથા પ્રકારના અવળા-મિથ્યા માર્ગે આપણને ધકેલે છે.

પર્યાય જેનો છે, તે દ્રવ્યને જ ભૂલી જઈએ, તેમાં ન્યાય નથી. આત્મા એ મહા મહિમાશાળી દ્રવ્ય છે. શરીર તેનો એક પર્યાય છે. અલંકારમાં મુખ્ય મહત્વ તેના ઘાટને આપો છો, કે તેના દ્રવ્યરૂપ સોનાને આપો છો ? જો ઘાટને જ મહત્ત્વ આપતા હો તો સુંદર કારીગીરીવાળા લોઢાના અલંકારોને પ્રાધાન્ય આપતા હોત. પણ તમે તે બાબતમાં શાણા છો એટલે જેવા તેવા ઘાટ-વાળા પણ સોનાના દાગીનાને સાચવો છો.

સોનાની કિંમત આંકો છો, તો આત્માની કિંમત નહિ આંકો ? આંકવી જ પડશે. નહિ આંકો ત્યાં સુધી સમ્યગ્ દર્શન દૂર રહેશે. દુઃખરૂપ સંસારમાં સબડવું પડશે. જેને શ્રી જિનેશ્વરદેવે શ્રેષ્ઠ ભાવ આપ્યો છે, શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતો ત્રણેય કાળમાં ભાવ આપે છે, તે આત્માને યથાર્થ ભાવ આપવો જ પડશે, તો જ ભવના ફેરા ટળશે.

એટલે કહ્યું છે કે અનાદિ-અનંત સંસારમાં પરિભ્રમણ કરતા જીવને નિસર્ગથી યા અધિગમથી પણ સમ્યગ્ દર્શનની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિ–અર્ધ પુદ્ગલ પરાવર્તન જેટલો સંસાર બાકી રહે છે, ત્યારે થાય છે.

એટલે ધર્મારાધકો સમ્યક્ત્વનું જતન કરે છે. તેમાં જરા પણ ખામી ન થાય તેવી જાગૃત રીતે જીવે છે. આત્મા અને તેના ગુણોની બહાર મનને જવા દેતા નથી.

તમારી મતિ કઈ દિશામાં ગતિ કરે છે, તે તમે તો જાણો છો ને? તો કહો કે તે કઈ દિશામાં ગતિશીલ છે. નવપદમય આત્મા તરફ કે તે સર્વ પદોથી રહિત રાગ–દ્વેષ તરફ?

શ્રી તીર્થંકર ભગવંતો સમવસરણમાં બિરાજીને સર્વથી પ્રથમ સર્વ વિરતિ ધર્મની પ્રરુપણા કરે છે. છતાં આ નવપદમાં શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતો પછી સર્વ વિરતિ ધર્મરૂપ ચારિત્ર પદને ગ્રહણ નહિં કરતાં દર્શન પદને ગ્રહણ કર્યું, તેનું કારણ એ છે કે સઘળાંય પદો દર્શન ગુણ વડે જ યથાર્થ બને છે. જ્ઞાન ચારિત્ર અને તપને મોક્ષસાધક બનાવનાર સમ્યગ્ દર્શન જ છે.

સમ્યગ્ દર્શનને પામેલા આત્મા—'**સુરનર સુખ જે દુઃખ કરી લેખવે, વાંછે શિવસુખ એક**' અર્થાત્ દુનિયા અને દેવલોકનાં સુખમાં પણ સમ્યગ્દષ્ટિ આત્મા ન લેપાય. મુક્તિસુખની જ તેને ઝંખના હોય.

સમ્યગ્ દર્શન એટલે યથાર્થ દર્શન. સમ્યગ્ દૃષ્ટિ એટલે યથાર્થ દૃષ્ટિ–તત્વ દૃષ્ટિ. તત્ત્વ દૃષ્ટિ એટલે આત્મદૃષ્ટિ, એટલે સમક્તિ તે આત્માની આંખ. આત્માની આંખે નિહાળતાં ત્રિપદી-ગત સત્ય યથાર્થ રીતે જીવાય છે, ભેદદૃષ્ટિ નાબૂદ થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભેદ દૃષ્ટિ ઉઘડે છે. શ્રી જિનશાસનમાં જીવ તત્ત્વની જે બોલબાલા છે, તેનો મર્મ હૃદયગત થાય છે.

આ સમકિતના અનેક ભેદો શાસ્ત્રોમાં નીચે મુજબ કહ્યાં છે.

સમકિતના બે ભેદો ત્રણ રીતે કહ્યાં છે.

(૧) નિસર્ગ સમકિત. (૨) અધિગમ સમકિત.

નિસર્ગ સમકિત એટલે નૈસર્ગિક રીતે પ્રાપ્ત થતું સમકિત, જે ગુરુના ઉપદેશ આદિ સિવાય પ્રાપ્ત છે. પણ એક વાત સમજી રાખવી કે નિસર્ગ સમકિત પણ તેને પામવાની લાયકાત વાળાને થાય છે અને તે લાયકાત ખીલવવામાં ગુરુજનોનો ઉપકારક હિસ્સો હોય છે. પાકેલું ફળ જેમ સહજ રીતે પડી જાય છે, તેમ નિસર્ગ સમકિત પણ સહજ રીતે પ્રાપ્ત થાય છે, પણ તે ફળને પાકવા માટે વૃક્ષ પ્રત્યેની વફાદારીપૂર્વક ઋતુઓના માર વગેરેમાં સ્થિર રહેવું પડે છે, તેમ નિસર્ગ સમકિતની પ્રાપ્તિ પણ આત્માની તથા પ્રકારની યોગ્યતાને આભારી છે.

અધિગમ સમકિત એટલે ગુરુના ઉપદેશથી તેમજ તેવાં બીજા નિમિત્ત–સાધનોથી પ્રાપ્ત થતું સમકિત.

સમકિતના બે ભેદનો આ એક પ્રકાર થયો. બીજો પ્રકાર તે નૈશ્ચયિક સમકિત અને વ્યાવહારિક સમકિત.

જ્ઞાન દર્શનાદિ ગુણમય આત્માના શુદ્ધ પરિણામ, તે નિશ્ચય સમકિત.

સમ્યગ્ દર્શનની પ્રાપ્તિમાં કારણરુપ તીર્થયાત્રા, શ્રી જિનપૂજા વગેરે સત્ કાર્યો આદરપૂર્વક કરવાં તે વ્યવહાર–સમકિત.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમકિતના બે ભેદનો ત્રીજો પ્રકાર તે દ્રવ્ય સમકિત અને ભાવ સમકિત.

શ્રી જિનવચનનાં પરમાર્થમાં શ્રદ્ધા તે ભાવ સમકિત છે. આવા પરમાર્થની પરિણતિ સિવાયની શ્રદ્ધા તે દ્રવ્ય-સમકિત.

શ્રી જિનવચનનો પરમાર્થ એટલે જીવ જીવનો સાચો સગો છે. સાચા તે સગપણને જીવંતપણે દીપાવવાનું એક માત્ર સ્થાન તે મોક્ષ છે. માટે જેમ બને તેમ તરત સંસાર સાથેના સગપણનો અંત આણીને મોક્ષમાં જવા માટેની આરાધના ભાવ-સમકિતવંત આત્માઓ કરે છે.

દ્રવ્ય-સમકિત ભાવ સમકિત લાવનારૂં હોઇને તેનું પણ તેના સ્થાને ઉપકારક મૂલ્ય છે. પણ દ્રવ્ય-સમકિતને જ ઉત્કૃષ્ટ યાને ભાવ-સમકિત માની લેવારૂપ મિથ્યાભિમાન સેવાય છે, તો ભાવ-સમકિતની પ્રાપ્તિ દૂર ધકેલાય છે.

આ સમકિતના બીજા ત્રણ પ્રકાર છે તે (૧) ઔપશમિક સમકિત, (૨) ક્ષાયોપશમિક સમકિત અને (૩) ક્ષાયિક સમકિતના નામે ઓળખાય છે.

ક્ષાયિક સમકિત આવ્યા પછી જતું નથી. મોક્ષ આપીને રહે છે.

ક્ષાયોપશમિક સમકિત અનેકવાર આવે છે, તેમજ જાય છે.

ઔપશમિક સમકિત એક ભવમાં બે વાર પ્રાપ્ત થાય છે.

સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ પછી જ શ્રી તીર્થંકર દેવોના ભવોની ગણત્રી શરૂ થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમકે ચરમ તીર્થંપતિ શ્રી મહાવીર પ્રભુજીના આત્માએ નયસારના ભવમાં મુનિ ભગવંતોને અપૂર્વ ઉલ્લાસપૂર્વક સુઝતો આહાર વહોરાવતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી હતી. એટલે શ્રી મહાવીર પ્રભુજીના ૨૭ ભવોમાં પહેલો ભવ નયસારનો છે.

આત્માને આત્મબોધની સ્પષ્ટ સ્પર્શના થવી, તે સમ્યગ્ દર્શનની તાત્ત્વિક વ્યાખ્યા છે.

શ્રી તીર્થંકર દેવોના આત્માને પ્રાપ્ત થતા સમ્યગ્ દર્શનને 'વરબોધિ' કહે છે.

'વરબોધિ' એટલે ખરેખર શ્રેષ્ઠ એવા આત્માના શ્રેષ્ઠત્વનો શ્રેષ્ઠ બોધ.

હું આત્મા છું, મારૂં સ્વરુપ શુદ્ધ છે, મારી અચિન્ત્ય શક્તિ છે. મારે જન્મ નથી, મારે મરણ નથી. મારે સંયોગ નથી, મારે વિયોગ નથી. દુઃખ સાથે મારે કોઈ નાતો નથી. મારા અસંખ્ય પ્રદેશો છે. તે પ્રત્યેક પ્રદેશમાં અનંત સુખ છે, તે સુખ સહજ છે, સ્વાભાવિક છે, માટે અક્ષય છે. મારી સત્તા અબાધિત છે. મને ભૂખ લાગતી નથી, મને ઉંઘ આવતી નથી, મને થાક લાગતો નથી. હું પૂર્ણાનંદમય છું, પૂર્ણ જ્ઞામમય છું, અનંત વીર્યમય છું.

નિશ્ચય નયની આ પ્રશસ્ત વિચારણા વડે બુદ્ધિ બંધાય છે, ત્યારે સમ્યક્ત્વનું અગાધ મહત્ત્વ પ્રતીત થાય છે. અને જે કાંઈ મિથ્યા છે, તેનાથી બુદ્ધિ ચલિત થતી નથી. પછી મરણ-કાળે સમાધિ રહે છે. માંદગીમાં સ્વસ્થતા રહે છે. નિંદા અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તુતિ વચ્ચે નિર્લેપ રહી શકાય છે. લાભ અને નુકસાન વચ્ચે એક સરખાં પરિણામ રહે છે.

તાત્પર્ય કે શુદ્ધ આત્માનો જે સ્વભાવ છે, તેનો યથાર્થ આસ્વાદ સમ્યગ્ દર્શન ગુણની પ્રાપ્તિ પછી અનુભવવા મળે છે.

એટલે જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે—

दंसण-भट्ठो भट्ठो दंसण-भट्ठस्स नत्थि निव्वाणं ।

અર્થાત્ દર્શનથી ભ્રષ્ટ થયેલો ખરેખર ભ્રષ્ટ છે. દર્શન ભ્રષ્ટ ને નિર્વાણની પ્રાપ્તિ થતી નથી.

માટે સમ્યગ્ દર્શનને શ્રી જિનશાસનમાં આગવું સ્થાન છે. તેને જ સર્વ ગુણોનો આધાર કહ્યો છે. તેના અભાવમાં ગુણ પણ દોષરૂપે પરિણમે છે.

સમ્યગ્ દર્શનના અભાવે સેવાતાં દાન-શીલ-તપ આદિ પણ અહંકારાદિનાં પોષક બને છે. જ્યારે સમ્યગ્ દૃષ્ટિ પૂર્વકનાં દાન-શીલ-તપ આદિ કર્મ વિનાશક બને છે.

સમ્યગ્ દૃષ્ટિ આત્માને દાનની રુચિ જાગે છે એટલે દાન આપતાં તેને અતિ આનંદ આવે છે. યાચકને તે પોતાનો ઉપકારી માને છે. ભલું થજો એનું કે મને ધનમુર્ચ્છા ઉતારવામાં સહાય કરી. આવી વિચારણા દાન દેતાં તેમજ દીધા પછી તે કરતો રહે છે.

'દર્શન' ની આગળ વપરાતો સમ્યગ્ શબ્દ ખરેખર મૂલ્યવાન છે, કહો કે અણમોલ છે.

આ સમ્યક્ શબ્દને શ્રી જિન શાસનના સારરૂપ 'સામ્ય'

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શબ્દ સાથે સીધો સંબંધ છે. આ 'સામ્ય' શબ્દ સમત્વ-ભાવની પ્રાપ્તિના સંદર્ભમાં છે. સમત્વભાવ, આત્માના સ્વભાવમાં સંદર્ભમાં છે.

એટલે આત્માને સ્વ–સ્વભાવમાં રાખનારા દર્શનને સમ્યક્ દર્શન કહે છે પરભાવની પરિણતિને મિથ્યા દર્શન કહે છે, મિથ્યાત્વ કહે છે.

આ સમ્યગ્ દર્શનના ૬૭ ભેદ નીચે પ્રમાણે છે.

ચાર સદ્દહણા (શ્રદ્ધા)

ત્રણ લિંગ એટલે સમક્તિને જણાવનારી નિશાનીઓ,

દશ પ્રકારનો વિનય.

સમકિતને નિર્મળ બનાવનારી ક્રિયાઓના ત્રણ ભેદ.

પાંચ ભેદ સમકિતને દૂષિત કરનારી પ્રવૃત્તિઓના છે.

આઠ પ્રભાવક. શ્રી જિનશાસનની પ્રભાવના કરનારા મહાપુરુષો.

પાંચ ભેદ સમક્તિના ભૂષણના છે.

૫ લક્ષણ સમકિતને ઓળખાવનારા ગુણોના છે.

૬ ભેદ સમકિતની યતનાના છે.

૬ ભેદ સમકિતના આગારના છે.

૬ ભેદ સમકિતને દઢ કરનારી ભાવનાઓના છે.

૬ પ્રકાર જીવ નિત્ય છે, વગેરે સ્થાનોના છે.

આ ૬૭ ભેદે સમકિતની આરાધનાં કરવામાં તમારે ઉદ્યમવંત થવું જોઇએ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'મિથ્યામતિનો સંગ ન કીજે' એ શાસ્ત્રીય ફરમાનનો મુખ્ય આશય મતિને આત્મપરિણતિવાન રાખવાનો છે.

હા, એક વાત છે કે જેમના આચારમાં પ્રગટ અનાર્યત્વ ઉછાળા મારતું હોય, તેમની સાથે સંબંધ દૃઢ બનાવવામાં વિવેક જાળવવો જોઇએ. છતાં માનસિક રીતે તેઓનું પણ કલ્યાણ ચિંતવવું જોઇએ.

ચતુર્વિધ શ્રી સંઘ તો શ્રી જિનેશ્વરદેવની જગતના જીવોને ધર્મ પમાડનારી બેનમુન સંસ્થા છે. અને એ સંસ્થાનું પ્રધાન કાર્ય ત્રિવિધે ધર્મની અરાધના કરીને જીવોને-ધર્માભિમુખ કરવા તે છે. તેમાંજ શાસનની પ્રભાવના છે, પરમ આત્મ સામર્થ્યની પ્રભાવના છે.

કર્મવશ જીવો તરફ દયાભાવ દાખવવો, તે ધર્મરસિક જીવનું લક્ષણ છે.

માતા પોતાના કામચોર પુત્ર તરફ નફરત નથી દાખવી શકતી, કેમકે તેવું તેનું વાત્સલ્ય છે. તેમ સમકિતી આત્મા ગમે તેવા દોષો વડે ઘેરાએલા જીવ તરફ પણ આત્મ દૃષ્ટિએ જ જુએ છે.

આત્મા પોતે સ્વભાવે નિર્મળ છે. તેથી તેના સર્વ ગુણો પણ નિર્મળ છે. તેથી દર્શન ગુણનો વર્ણ પણ શ્વેત છે.

વજ્રની દિવાલને અથડાએલી વસ્તુ પાછી પડે છે, પણ તે દિવાલની એક કાંકરી પણ ખેરવી શકતી નથી. આવી જ આત્મશ્રદ્ધાવાળો સમકિતી પણ કર્મોના ગમે તેવા હુમલા સામે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અડગ રહે છે, કારણ કે અચિંત્ય શક્તિશાળી આત્મામાં તે શ્વસતો હોય છે. તેના માટે આત્મા એ માત્ર જાણવાનો પદાર્થ નહિ, પણ જીવવાનો પદાર્થ હોય છે.

ચાંદની શ્વેત હોય છે, કુંદનું ફૂલ શ્વેત હોય છે, દૂધની ધારા શ્વેત હોય છે, તુષારબિંદુ શ્વેત હોય છે, મોતીની-માળા શ્વેત હોય છે, તેમ સમ્યગ્ દર્શનનો વર્ણ પણ શ્વેત કહ્યો છે એટલે તેની આરાધના પણ શ્વેત વર્ણે કરાય છે. તે આરાધનામાં આયંબિલ પણ શ્વેત વર્ણના ધાન્ય (ચોખા)નું થાય છે. તેમજ ઉપકરણો પણ શ્વેત વર્ણના રખાય છે.

આ સમ્યગ્ દર્શનની આરાધનામાં ૬૭ લોગસ્સનો કાઉસગ્ગ કરવો, ૬૭ પ્રદક્ષિણા દેવી, ૬૭ ખમાસણાં દેવાં, ૬૭ સાથિયા કરવા 'ૐ હ્રીઁ નમો દંસણસ્સ' પદની ૨૦ નવકારવાળી ગણવી.

આત્મા નવપદમય છે, માટે નવે પદોની આરાધનાથી આત્માની આરાધના થાય છે.

છઠ્ઠા સમ્યગ્ દર્શન પદને અસ્થિમજ્જાવત્ બનાવીને શ્રી તીર્થંકર નામ કર્મની નિકાચના કરનાર મહાસતી સુલસાનું મંગળકારી જીવનચરિત્ર નીચે મુજબ છે.

મગધ નામે દેશ. રાજગૃહી તેની પાટનગરી. મહારાજા શ્રેણિક તેના રાજવી. ન્યાયનિષ્ઠ આ રાજવી જૈન ધર્મમાં પૂરી-આસ્થાવાળા હતા.

આ રાજાના રથને ચલાવનારા સારથિનું નામ નાગ હતું. તેને સુલસા નામે ધર્મપત્ની હતી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુલસાના જીવનમાં સુશ્રાવિકાના શ્રેષ્ઠ ગુણો હતા. પરમાત્મા શ્રી મહાવીર પ્રભુજીએ પ્રકાશેલા ધર્મમાં તેમને સંપૂર્ણ આસ્થા હતી. તેમના પતિ નાગ સારથિ પણ ધર્મશ્રદ્ધાળુ હતા.

એક વાર ગુરુમુખે સ્વદારા સંતોષવ્રતનો મહિમા સાંભળીને નાગ સારથિએ બીજી પત્ની નહિ કરવાનો નિયમ અંગીકાર કર્યો.

નાગ, મહારાજ શ્રેણિકનો વિશ્વાસુ સારથિ હતો એટલે તેને ત્યાં સંપત્તિની છોળો ઉડતી હતી, પણ પોતાના પત્નીનો ખોળો સંતાન સૂનો હતો, તેનું તેને દુઃખ હતું.

એકવાર શેરીમાં રમતાં બાળકોને જોઈને તેને ઓછું આવ્યું. મારૂં ઘર પણ એકાદ પુત્રના કિલ્લોલવાળું હોય તો કેવું સારૂં ? આમ વિચારતો તે ઉદાસ ચહેરે ઘરમાં દાખલ થયો.

પતિના મનોભાવને પારખવામાં વિચક્ષણ સુલસાએ પુછયું, આપ આજે ઉદાસ કેમ છો ? શું કોઈએ આપનું અપમાન કર્યું ? શું મહારાજા કોઈ વાતે નારાજ થયા ?

પતિએ કહ્યું. મારી ઉદાસીનતાનું કારણ બીજું જ છે. સંતાન સૂનું આપણું ઘર મને ભારે ભારે લાગે છે. તે કારણે ઉદાસ છું.

ત્યારે સુલસાએ કહ્યું પુત્ર વગેરેની લાલસા પણ જીવને સહાયક નથી થતી, માટે આપ તેને છોડીને શ્રી જિનભક્તિમાં મન જોડો.

પણ જે આધ્યાત્મિક કક્ષા સુલસાની હતી, તે કક્ષા તેના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પતિની નહોતી, તેથી નાગ સારથિને પુત્ર પ્રાપ્તિની ઝંખના સતાવતી રહી.

આર્તધ્યાનમાં અટવાટા પતિના દુઃખે સુલસા પણ દુઃખી રહેવા લાગી પણ તેમની ધર્મનિષ્ઠા ઉચ્ચ પ્રકારની હતી એટલે તેનાથી પ્રેરાઇને તેમણે શ્રી જિનભકિતમાં અધિકાધિક સમય ગાળવાનું શરૂ કર્યું. ત્રિકાળ શ્રી જિનપૂજાનો રોજનો નિયમ બનાવી દીધો. તેવો જ ઉત્સાહ સાધુ ભગવંતો તેમજ સાધર્મિકોની ભક્તિમાં વધારી દીધો.

સુલસાની નિર્મળ ભકિતની સુવાસ ઠેઠ દેવલોક સુધી વિસ્તરી. દેવસભામાં ઇન્દ્ર મહારાજે સુલસાની નિર્મળ જિનભકિતની પુરી પ્રશંસા કરી.

એક દેવને આ પ્રશંસા વધુ પડતી લાગી, એટલે તે સુલસાની સુદૃઢ જિનભકિતની પરીક્ષા કરવા મનુષ્યલોકમાં આવ્યો.

સાધુનું રૂપ ધારણ કરીને તે દેવ સુલસાને ઘેર વહોરવા ગયો, 'ધર્મલાભ' કહીને ઘરમાં પ્રવેશ કર્યો.

'ધર્મલાભ' શબ્દ સાંભળીને સમ્યક્ત્વવંત શ્રેષ્ઠ શ્રાવિકાના ગુણોવાળાં સુલસા સતીએ ઘરકામ છોડીને તરત મુનિરાજને વંદન કર્યા અને લાભ આપવાની વિનંતી કરી.

સુપાત્રને ભાવથી દાન દેવું, તે સુપાત્ર ભક્તિનું લક્ષણ છે. તેનાથી આત્માની મુક્તિગમન યોગ્યતા પરિપકવ થાય છે. એ સત્યમાં દૃઢ આસ્થાવાળાં સુલસાસતી મુનિરાજ સન્મુખ બે હાથ જોડીને ઉભાં છે અને દાનના લાભની પ્રતીક્ષા કરી રહ્યાં છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સતીના મનોભાવ વાંચીને સાધુ રૂપધારી દેવે કહ્યું, મારી સાથે બીજા એક સાધુ છે. તે સંધિવાથી પીડાય છે. તે વ્યાધિને દૂર કરવા માટે અમારે લક્ષપાક તેલનો ખપ છે.

સુલસાએ કહ્યું મારે ત્યાં તે તેલ છે. હું હમણાં જ લાવું છું, એમ કહીને રસોડામાં જઇ તેલનો શીશો હાથમાં લીધો અને અતિ ઉત્સાહમાં તે હાથમાંથી સરકી ગયો. બધું તેલ ઢોળાઈ ગયું.

સમતલ ભૂમિ પર આમ તો પગ લપસે તેમ નહોતો, પણ સતીની ભક્તિની દૃઢતાની પરીક્ષા કરવા આવેલા દેવે સ્વશક્તિથી તે ભૂમિને લપસણી બનાવી હતી, તેથી સતીનો પગ લપસી ગયો.

અતિ કિંમતી તેલ ઢોળાઈ ગયું તેનો લેશ માત્ર રંજ આત્મ-પ્રજ્ઞાવંત સતીના મનમાં ન હોતો. તેમને તો સાધુ મુનિરાજને તેલ વહેંચવવાનો લાભ લેવો હતો, એટલે એ જ પ્રસન્નતાથી બીજો બાટલો લેવા ગયા. તે પણ પગ લપસવાથી ફૂટી ગયો. જરાય ખેદ પામ્યા સિવાય પોતાની પાસે જે ત્રીજો બાટલો હતો, તે લેવા ગયાં, તે પણ તે જ રીતે ફૂટી ગયો.

ત્યારે તેમના વદન પર વ્યથાની રેખા અંકિત થઇ. પણ તે વ્યથાનું કારણ અતિકિંમતી તેલ ઢોળાઈ ગયું, તે નહોતું. પરંતુ એક મુનિરાજ આજે મારા આંગણેથી વહોર્યા સિવાય પાછા ફરશે તે હતું.

સુલસાની આવી અવિચળ ભક્તિથી દેવ પ્રસન્ન થયો અને ઇચ્છિત માગવાનું કહ્યું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સતીએ કહ્યું દેવ-ગુરુ-ધર્મના પ્રભાવે હું સુખી છું. મારે તમારી પાસે કંઈ પણ માગવાનું હોય નહિ. કારણ કે પરમ સામર્થ્યવાન શ્રી જિનેશ્વરદેવની હું સેવિકા છું. તેમ છતાં મારા પતિદેવનો અજંપો ટાળવાના આશયથી હું આપની પાસે એક પુત્રની આશા રાખું છું. જો કે મને પુત્રની પ્રાપ્તિ થશે, તો તેનાથી મારા મનના ઉલ્લાસમાં કોઈ વૃદ્ધિ થવાની નથી પણ મારા પતિદેવનું મન ઉલ્લસિત થશે.

સુલસાની વાત સાંભળીને પ્રસન્ન થએલા દેવે બત્રીસ ગોળીઓ સુલસાને આપી અને કહ્યું કે આ ગોળીઓ લેવાથી તમે બત્રીસ પુત્રની માતા થશો.

ગોળીઓ આપીને દેવ વિદાય થયો.

ધર્મની આરાધનામાં પુત્ર પ્રાપ્તિની વિચારણા સતીને ડંખે છે. એકાંતમાં આત્મ સાખે ઉનાં આંસુ સારે છે.

છેવટે ગોળીઓ લેવાનો કાળ પાકયો ત્યારે સુલસાજીને વિચાર આવ્યો કે છૂટી-છૂટી એકેક ગોળી ખાઈને બત્રીસ વખત ગર્ભ ધારણ કરવો, તે તો ભારે વિડંબનાકારી ઘટના છે. માટે ચાલ એક સાથે જ ૩૨ ગોળીઓ ગળી જાવું કે જેથી હું બત્રીસ લક્ષણા એક પુત્રની માતા બનું.

ભવિતવ્યતાનો પ્રભાવ કેવો અજબ હોય છે, તે આ ઘટના સમજાવે છે. મહા સતીના ચિત્તને પણ તેને સ્વાનુકૂળ બનાવી દીધું અને તેમણે એક સાથે બત્રીસ ગોળીઓ ગળી લીધી. તેથી તેમને એક સાથે બત્રીસ ગર્ભને ધારણ કરવા પડયા. તેની વેદના અસહ્ય થઇ પડતાં સુલસાએ ગોળીઓ આપનારા તે દેવને યાદ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યા. દેવે આવીને કહ્યું ભાવિભાવ મિથ્યા થતો નથી, માટે હવે જિનભક્તિ વડે સમતા કેળવવી, એ જ તમારી પીડાને હળવી કરવાનો ઉપાય છે.

મોહનીય કર્મની સત્તા પણ કેવી ગજબ છે. તેનું ચિંતન કરતાં સુલસા સતીનું મન તે મહાશત્રુને જીતનારા શ્રી જિનરાજમાં એકદમ અડગ બન્યું. તેમણે યથાકાળે ૩૨ પુત્રનો જન્મ આપ્યો.

એકના સાંસા હતા ત્યાં ૩૨ પુત્રોના પારણા ઘરમાં બંધાતાં નાગ સારથિ હર્ષ ઘેલો બની ગયો.

નાગ સારથિએ તે સર્વને યોગ્ય વયે અશ્વવિદ્યાપૂર્ણ બનાવ્યા. તેમની યોગ્યતા જોઈને મહારાજા શ્રેણિકે તેમને પોતાનાં અંગરક્ષક બનાવ્યા.

ચેટક રાજાની સુપુત્રી ચેલ્લણાનું અપહરણ કરીને રાજગૃહી તરફ ઝડપથી પાછા ફરતા, મહારાજા શ્રેણિકને બચાવવા જતાં, આ ૩૨ વીર યુવાનો ચેટક રાજાના સેનાપતિ વીરાંગદના તીરથી ઘાયલ થઈને એક સાથે જ મૃત્યુ પામ્યા. કારણ કે તે બધાનું આયુષ્ય પણ એક સરખું હતું.

એક સાથે પોતાના ૩૨ પુત્રો મરણ પામતાં નાગ સારથિ દુઃખના દરિયામાં ડુબી ગયો. સુલસા સતી પણ કંઈક વ્યથિત થયાં.

તે સમયે મહારાજા શ્રેણિકના પાટવી પુત્ર તેમજ મહામંત્રી અભયકુમાર તેમને ઘેર ગયા અને દિલાસો દેતાં બોલ્યાં, હે પુણ્યશાળીઓ આપને ઉપદેશ આપવાની યોગ્યતા મારામાં નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે હું જાણું છું. તેમ છતાં મહારાજા પ્રત્યેની પોતાની વફાદારીનું જતન કરતાં તમારા સુપુત્રો સ્વર્ગવાસી થયા છે, એટલે મહારાજાના મુખ્ય મંત્રી તરીકે આપને આશ્વાસન આપવા આવવું તે મારી ફરજ છે. નગરીમાં તમારી ધર્મ શ્રદ્ધાની ભારોભાર પ્રશંસા થાય છે, તે પણ હું જાણું છું, એટલે હું તમને આ તકે દિલાસાથી વધુ કાંઇ આપવાની ધૃષ્ટતા ન જ કરી શકું, કારણ કે તત્ત્વને પચાવવામાં તમે શૂરાં છો.

શોકમગ્ન નાગ સારથિને માથે હાથ ફેરવતાં મહામંત્રીએ કહ્યું, શ્રી જિનશાસનમાં મૃત્યુ મહોત્સવ રૂપ મનાય છે, જન્મ શોકરૂપ મનાય છે, તે તમે જાણો જ છો. છતાં મૃત પુત્રોના શોકમાં ગરકાવ બનો છો, તે બરાબર નથી.

સ્વરૂપ રમણતાને પામેલાં હે મહા શ્રાવિકા ! હું આપને ઉપદેશ આપવાને બદલે આપની અવિચળ આત્મનિષ્ઠાને પ્રણામ કરું છું, એમ કહીને મહામંત્રીએ સુલસા સતીને પ્રણામ કર્યા.

શાસ્ત્રકાર ભગવંતોએ સુલસા મહાસતીના સમ્યગ્ દર્શન ગુણનાં ભારોભાર વખાણ કર્યાં છે, તેના મૂળમાં દેવાધિદેવ શ્રી મહાવીર પરમાત્માએ ધર્મષ્ઠિ અંબડ પરિવ્રાજક મારફત મહાસતીને કહેવરાવેલ ‘ધર્મલાભ’ છે.

દેવાધિદેવના શ્રી મુખે આ સંદેશો સાંભળીને અંબડ જેવો ધર્મનિષ્ઠ શ્રાવક પણ દિગ્મુઢ થઈ ગયો હતો, અને મહાસતી સર્વજ્ઞ પ્રરૂપિત ધર્મ સિવાય બીજા કશાને મન આપતાં નથી —એ હકીકતની કસોટી કરવા માટે તેણે રાજગૃહીમાં જઈને સ્વ વિદ્યાના બળે સ્વયં દેવાધિદેવ જેવું સ્વરૂપ ધારણ કરી, સમવ-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરણની રચના કરી, ધર્મોપદેશ શરુ કર્યો હતો. આખું નગર ત્યાં ઉમટયું હતું. જ્યારે મહાસતી ઘેર જ રહ્યાં હતાં. તેમને ઘેર રહેલાં જોઈને કોઇ બાઇએ ટકોર કરી કે, ભગવાન શ્રી મહાવીર સ્વામીજી નગરીમાં પધાર્યા છે, છતાં તમે તેમના દર્શને કેમ જતાં નથી?

જવાબ આપતાં મહાસતીએ કહ્યું, મારા આત્મેશ્વર નગરીમાં પધારે અને હું તેમના દર્શને ન જાઉં, તે બને જ નહિ, પરંતુ વીર પ્રભુ અત્યારે બીજે વિચારી રહ્યા છે અને અહિં આજે આપણી નગરીમાં આવેલ પુરુષ, તે પરમાત્મા શ્રી મહાવીર દેવ નથી પણ માયાધારી મહાવીર છે.

મહાસતીના આ વચનમાં કેટલો આત્મવિશ્વાસ ઝળકે છે, કેવી જિનભક્તિ ઝળહળે છે, કેવી પરમાત્મ પરાયણતા મધમધે છે? પછી શાસ્ત્રો તેમના તે ગુણને વખાણે તેમાં આશ્ચર્ય નહિ, પણ આનંદનો અનુભવ આપણને થવો જોઇએ.

અંબડ પરિવ્રાજક આખી દેશના સભામાં નજર ફેરવે છે, પણ મહાસતી સુલસા દેખાતાં નથી એટલે તેને થાય છે, કે શ્રી મહાવીર પરમાત્માએ તેમને કહેવરાવેલા ધર્મલાભને પાત્ર તે (મહાસતી) છે જ.

એટલે તે સભા સંકેલી લઈને જાતે મહાસતીને ત્યાં જઇને તેમને ખમાવે છે, તેમજ પ્રભુ શ્રી મહાવીરદેવે કહેવરાવેલા ધર્મલાભ કહીને તેમની અચળ જિનભક્તિની અનુમોદના કરે છે.

પ્રભુએ કહેવરાવેલા ધર્મલાભ સાંભળીને સુલસાજીની આંખમાં પ્રભુભક્તિની સ્મૃતિને પાવન કરતાં હર્ષાશ્રુ છલકાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંબડને સાચા સાધર્મિક બંધુ તરીકે સ્વીકારીને મહાસતી તેમની ભક્તિ કરે છે.

અંબડને ભાવભીની વિદાય આપ્યા પછી ધર્મમાં દૃઢ મન-વાળાં સુલસા મહાસતી શ્રી મહાવીર પ્રભુના ગુણોના સ્તવનામાં પરોવાયાં. પ્રભુગુણ ગાતાં-ગાતાં પ્રભુમય બનેલા તેમના મનમાં આનંદ પ્રગટયો. તેમના રૂંવાડે-રૂંવાડે પ્રભુ પ્રીતિની લહેર ફેલાઈ ગઈ. કર્મોની જંજીરોને તોડી નાખનારા ધર્મનો જબ્બર પ્રભાવ તેમના હૃદયને સ્પર્શ્યો. સાચા છે શ્રી જિનરાજ—એ સત્યમાં તેમની પ્રજ્ઞા સ્થિર થઈ ગઈ.

પરાકાષ્ઠાએ પહોંચેલી જિનભક્તિ એના અનન્ય ભક્તને ભગવાન બનાવવાની સંપૂર્ણ ક્ષમતા ધરાવે છે, એ વિધાન અનુ-સાર સુદૃઢ આત્મગુણ વાસિત મનવાળાં મહાસતી સુલસાએ તીર્થં-કર નામ કર્મની નિકાચના કરી.

શ્રી તીર્થંકર દેવની ભક્તિ જેમ-જેમ આત્માને સ્પર્શે છે, તેમ-તેમ આત્મા શ્રી તીર્થંકર દેવ સાથે અભેદ સાધે છે. ભેદના કારણભૂત કર્મોનો ધ્વંસ કરીને તે સ્વયં પ્રભુને પામે છે.

સમ્યગ્ દર્શન ગુણની પ્રાપ્તિ કરનારા આત્માને પર પદાર્થો તરફ રાગ ખૂબ ઓછો હોય છે. સર્વ આત્મા તરફ સ્નેહપરિણામ હોય છે.

ખરેખર ચાહવા જેવા આત્માને ધિક્કારવાની ધૃષ્ટતા, એ મિથ્યાદૃષ્ટિનો પરિપાક છે.

મિથ્યાદૃષ્ટિ એટલે ભાવ-અંધાપો. ભાવશૂન્ય પદાર્થને ભાવ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવો અને ભાવ ભરપૂર આત્માને અવગણવો—એ મિથ્યાદૃષ્ટિનું પ્રધાન લક્ષણ છે.

આપણે ખરેખર કેવા? સમ્યગ્‌દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ?

જો આપણને સકળ જીવલોકનું પરમહિત કરનારા શ્રી જિનરાજ અને તેમણે પ્રકાશેલા ધર્મમાં સંપૂર્ણ નિષ્ઠા હોય, તો આપણે સમ્યગ્‌દષ્ટિ.

પણ આ નિષ્ઠા ક્ષત્રિયને શસ્ત્રમાં હોય છે, તેના કરતા પણ ચઢીયાતા પ્રકારની હોવી જોઇએ. એટલે કે કોઈ આપણને ગમે તેવાં દુન્યવી પ્રલોભનો બતાવે, તો પણ આપણે શ્રી જિનને વફાદાર રહીએ, તેમના સર્વ શ્રેયસ્કર ધર્મને વફાદાર રહીએ, તેમના માર્ગે ચાલતા મહાત્માઓને વફાદાર રહીએ, સ્વાત્માને વફાદાર રહીએ, ત્યારે આપણી નિષ્ઠા નિર્મળ છે, એમ કહેવાય.

આત્મનિષ્ઠા બનાવનારા સમ્યગ્‌ દર્શનના મહા દાતાર શ્રી જિનરાજને હૃદયેશ્વર તરીકે ભજીશું, તો જ આપણાં હૃદયમાંથી સંસારનું ધ્યાન અલોપ થશે.

અનન્ય ભાવે શ્રી જિનભક્તિ કરતાં મહાસતી સુલસા અંતિમ કાળને અજવાળનારી શ્રેષ્ઠ ધર્મારાધના કરતાં સ્વર્ગવાસી થયાં.

આવતી ચોવીસીમાં આ ભરત ક્ષેત્રમાં તેઓ નિર્મમ નામના પંદરમાં શ્રી તીર્થંકર દેવ થશે.

નિંદા કરવી તો નિજ અવગુણોની કરવી, બાકી સર્વ-જીવોમાં અનુમોદના પાત્ર જે ગુણો છે, તેની અનુમોદના જ કરવી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવાના સ્વભાવવાળો પદાર્થ જાય, તો પણ આત્માને તેની પાછળ ન દોડાવવો.

સત્તાએ કરીને આત્મા જ પરમાત્મા છે.

પરમાત્માને આત્મા સોંપવાની દૃષ્ટિ પરમાત્માની ભક્તિ વડે ઉઘડે છે.

આત્માનો ઉપયોગ પરમાત્મા સિવાય અન્યને ન સોંપવો જોઇએ. સોંપીએ તો આત્માનો દુરૂપયોગ થાય.

માટે દેવ પાસે પુત્રની માંગણી કરતાં પણ મહાસતીનું હૈયું વલોવાઈ ગયું હતું.

આવા–આવા અનેક મહાન ગુણો સહાસતી સુલસાના જીવન રૂપી ગગનમાં–ગગનનાં તારાની જેમ ઝળહળે છે.

આ કથાના વાંચન–મનન દ્વારા આપણે તે ગુણોને આત્મ સાત્ કરીને આત્મસાત્ બનેલા મિથ્યાત્વાદિ અવગુણોને દૂર કરવામાં કૃતનિશ્ચયી બનીએ.

## છટ્ઠા દિવસની આરાધના

**પદ**–શ્રી સમ્યગ્ દર્શન.
**વર્ણ**–સફેદ, એક ધાન્ય તે ચોખાનું આયંબિલ.
**નવકારવાલી**–વીસ. ૐ હ્રીં નમો દંસણસ્સ
**પ્રદક્ષિણા તથા કાઉસ્સગ્ગ**–૬૭
**લોગસ્સ, સ્વસ્તિક**–૬૭
**ખમાસમણા**–૬૭

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ખમાસમણાનો દુહો :—

શમ-સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે;
દર્શન તેહીજ આતમા, શું હોય નામ ધરાવે રે. ૧
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્તલાઈ રે;
આતમધ્યાને આતમા ઋદ્ધિ મળે સવિ આઇ રે, વીર૦

## દર્શનપદના ૬૭ ગુણ

૧ પરમાર્થસંસ્તવરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૨ પરમાર્થજ્ઞાતૃસેવનરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૩ વ્યાપન્નદર્શનવર્જનરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૪ કુદર્શનવર્જનરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૫ શુશ્રુષારૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૬ ધર્મરાગરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૭ વૈયાવૃત્ત્યરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૮ અર્હદ્વિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૯ સિદ્ધવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૦ ચૈત્યવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૧ શ્રુતવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૨ ધર્મવિનયરૂપશ્રીસદ્દર્શન.ય નમઃ
૧૩ સાધુવર્ગવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૪ આચાર્યવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૫ ઉપાધ્યાયવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૬ પ્રવચનવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૭ દર્શનવિનયરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૮ 'સંસારે શ્રીજિનઃ સારઃ' ઇતિચિન્તનરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૧૯ 'સંસારેશ્રીજિનમતંસારમ્' ઇતિચિન્તનરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૨૦ 'સંસારે જિનમતસ્થિતશ્રીસાધ્વાદિસારમ્' ઇતિચિન્તનરૂપ શ્રીસદ્દર્શનાય નમઃ
૨૧ શંકાદૂષણરહિતાય શ્રીસદ્દર્શનાય નમઃ
૨૨ કાંક્ષાદૂષણરહિતાય શ્રીસદ્દર્શનાય નમઃ
૨૩ વિચિકિત્સાદૂષણરહિતાય શ્રીસદ્દર્શનાય નમઃ
૨૪ કુદૃષ્ટિપ્રશંસાદૂષણરહિતાય શ્રીસદ્દર્શનાય નમઃ
૨૫ તત્પરિચયદૂષણરહિતાય શ્રીસદ્દર્શનાય નમઃ
૨૬ પ્રવચનપ્રભાવકરૂપ શ્રીસદ્દર્શનાય નમઃ
૨૭ ધર્મકથાપ્રભાવકરૂપ શ્રીસદ્દર્શનાય નમઃ
૨૮ વાદિપ્રભાવકરૂપ શ્રીસદ્દર્શનાય નમઃ
૨૯ નૈમિત્તિકપ્રભાવકરૂપ શ્રીસદ્દર્શનાય નમઃ
૩૦ તપસ્વિપ્રભાવકરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૩૧ પ્રજ્ઞપ્ત્યાદિવિદ્યાભૃત્પ્રભાવકરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૩૨ ચૂર્ણાંજનાદિસિદ્ધપ્રભાવકરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૩૩ કવિપ્રભાવકરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૩૪ જિનશાસનને કૌશલ્યભૂષણરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૩૫ પ્રભાવનાભૂષણરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૩૬ તીર્થસેવાભૂષણરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૩૭ ધૈર્યભૂષણરૂપશ્રીસદ્દર્શનાય નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૮ જિનશાસને ભક્તિભૂષણરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૩૯ ઉપશમગુણરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૪૦ સંવેગગુણરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૪૧ નિર્વેદગુણરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૪૨ અનુકમ્પાગુણરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૪૩ આસ્તિકયગુણરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૪૪ પરતીર્થિકાદિવંદનવર્જનરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૪૫ પરતીર્થિકાદિનમસ્કારવર્જનરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૪૬ પરતીર્થિકાદિઆલાપવર્જનરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૪૭ પરતીર્થિકાદિસંલાપવર્જનરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૪૮ પરતીર્થિકાદિદાનવર્જનરૂપ શ્રીસદ્દર્શનાય નમઃ
૪૯ પરતીર્થિકાદિગન્ધપુષ્પાદિપ્રેષણવર્જનરૂપશ્રીસદ્દર્શનાય નમઃ
૫૦ રાજાભિયોગાકારયુક્તશ્રીસદ્દર્શનાય નમઃ
૫૧ ગણાભિયોગાકારયુક્તશ્રીસદ્દર્શનાય નમઃ
૫૨ બલાભિયોગાકારયુક્તશ્રીસદ્દર્શનાય નમઃ
૫૩ સુરાભિયોગાકારયુક્તશ્રીસદ્દર્શનાય નમઃ
૫૪ કાન્તારવૃત્યાકારયુક્તશ્રીસદ્દર્શનાય નમઃ
૫૫ ગુરુનિગ્રહાકારયુક્તશ્રીસદ્દર્શનાય નમઃ
૫૬ "સમ્યક્ત્વં ચારિત્રધર્મસ્ય મૂલમ્" ઇતિચિન્તનરૂપશ્રી સદ્દર્શનાય નમ;
૫૭ "સમ્યક્ત્વં ધર્મપુરસ્ય દ્વારમ્" ઇતિચિન્તનરૂપશ્રીસદ્દર્શ-નાય નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૮ "સમ્યક્ત્વં ધર્મસ્ય પ્રતિષ્ઠાનાધારઃ" ઇતિચિન્તનરૂપ શ્રીસદ્દર્શનાય નમઃ

૫૯ "સમ્યક્ત્વં ધર્મસ્યાધારઃ" ઇતિચિન્તનરૂપશ્રીસદ્દર્શનાય નમઃ

૬૦ "સમ્યક્ત્વં ધર્મસ્ય ભાજનમ્" ઇતિચિન્તનરૂપશ્રીસદ્દર્શનાય નમઃ

૬૧ "સમ્યક્ત્વં ધર્મસ્ય નિધિસન્નિભમ્" ઇતિચિન્તનરૂપ શ્રીસદ્દર્શનાય નમઃ

૬૨ "અસ્તિ જીવઃ" ઇતિશ્રદ્ધાનસ્થાનયુક્તશ્રીસદ્દર્શનાય નમઃ

૬૩ "સ ચ જીવો નિત્યઃ" ઇતિશ્રદ્ધાનસ્થાનયુક્તશ્રીસદ્દર્શનાય નમઃ

૬૪ "સ ચ જીવઃ કર્મ્માણિ કરોતિ" ઇતિશ્રદ્ધાનસ્થાનયુક્ત શ્રીસદ્દર્શનાય નમઃ

૬૫ "સ ચ જીવઃ સ્વકૃતકર્મ્માણિ વેદયતિ" ઇતિ શ્રદ્ધાસ્થાન-યુક્ત શ્રીસદ્દર્શનાય નમઃ

૬૬ "જીવસ્યાસ્તિ નિર્વાણમ્" ઇતિ શ્રદ્ધાનસ્થાનયુક્તશ્રીસદ્દર્શનાય નમઃ

૬૭ "અસ્તિ મોક્ષોપાયઃ" ઇતિ શ્રદ્ધાનસ્થાનયુક્તશ્રીસદ્દર્શનાય નમઃ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સમ્યગ્ જ્ઞાનપદનું સ્વરૂપ

सव्वण्णुपणीयागम – भणियाण जहट्ठियाण तत्ताणं ।
जो सुद्धो अवबोहो तं सन्नाणं मह पमाणं ॥
जीवाजीवाइपयत्थसत्थतत्तावबोहरूवं च ।
नाणं सव्वगुणाणं मूलं सिक्खेह विणयेण ॥

અર્થ : (હે ભવ્ય આત્માઓ !) સર્વજ્ઞ ભગવંતોએ પ્રરૂપેલા આગમમાં કહેવાયેલાં યથાસ્થિત તત્ત્વોના વિશુદ્ધ બોધરૂપ સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણભૂત છે. જીવ–અજીવાદિ પદાર્થોના સમુદાયના તાત્ત્વિક બોધરૂપ અને સર્વગુણોના મૂળરૂપ સમ્યગ્ જ્ઞાનને વિનયપૂર્વક ભણો.

પહેલાં સમ્યગ્ દર્શન, પછી સમ્યગ્ જ્ઞાન એ ક્રમ છે. સમ્યગ્ દર્શન સિવાય સમ્યગ્ જ્ઞાન હોય નહિ પોતાની પાસે પડેલી ચોપડીને જોવા માટે જેને આંખો હોય નહિ, એવો અંધજન તે ચોપડી વાંચી ન જ શકે, તેમ જેને તત્ત્વદૃષ્ટિ પ્રાપ્ત ન થઈ હોય તે—સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાને પ્રરૂપેલા—તત્ત્વોના યથાર્થ બોધને પામી ન શકે, સમજી ન શકે.

'પઢમં નાણં તઓ દયા' એ શાસ્ત્રવાક્ય ટાંકીને જેઓ જ્ઞાનનું જ સમર્થન કરે છે, તેઓને ચેતવતાં સર્વજ્ઞ ભગવંતો ફરમાવે છે કે, દયાની પરિણતિ માટે જ્ઞાન છે. જાણવા જેવા આત્માને નહિ જણાવનારું જ્ઞાન—એ જ્ઞાન નહિ, પણ મિથ્યા જ્ઞાન છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી જૈનદર્શન અનેકાન્તદર્શન છે, એટલે તેમાં જ્ઞાન ઉપર એકાંતે ભાર નથી.

જ્ઞાન એટલે કેવળ જાણવું તે, એટલો જ ટૂંકો તેનો અર્થ નથી, પણ જાણવા જેવા (જ્ઞેય) પદાર્થોને જાણવા, છોડવા જેવા (હેય) પદાર્થો કયા કયા છે, તે પણ બરાબર જાણી લેવું, તેમ જ ગ્રહણ કરવા યોગ્ય (ઉપાદેય) પદાર્થો કયા કયા છે, તે પણ બરાબર જાણી લેવું, તે જ્ઞાન પદાર્થનો અર્થ છે.

તત્ત્વો નવ છે.

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ.

તેમાં જીવ, પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષતત્ત્વ ઉપાદેય છે. પાપ, આશ્રવ અને બંધ હેય છે. જીવ અને અજીવ તત્ત્વ જ્ઞેય છે.

પાપને હેય માન્યા પછી પુણ્યકાર્યો માટે હૈયામાં હેત જગાડનારા જ્ઞાનને સમ્યગ્ જ્ઞાન કહે છે.

પુણ્યને ઉપાદેય માન્યા પછી, આચરણ પાપપુષ્ટિનું હોય, તો તે માન્યતા યથાર્થ ન ગણાય.

કહેવાય છે કે આજે દુનિયામાં ઘણું જ્ઞાન વધ્યું છે. હું તમોને પૂછું છું કે જ્ઞાન કયા પદાર્થોનું વધ્યું છે? છોડવા જેવા પદાર્થોનું કે અંગીકાર કરવા જેવા પદાર્થોનું? જો અંગીકાર કરવા જેવા—દાન, શીલ, તપ, ભાવ આદિ—પદાર્થોના ઉપકારક સ્વભાવનું જ્ઞાન દુનિયામાં વધ્યું હોત, તો આજે દુનિયાના જીવો ઓછા દુ:ખી હોત. પર પદાર્થો માટેના ઝઘડા લગભગ નાબૂદ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ ગયા હોત. પર ધન અને પર નારી સર્વત્ર સલામત હોત. પ્રત્યેક રાષ્ટ્રની પ્રજાના હૃદયમાં જીવદયાને આગવું સ્થાન હોત. દવાખાનાં ઓછાં થઈ ગયાં હોત. મનના રોગોને દૂર કરનારાં પવિત્ર સ્થાનો વધ્યાં હોત. પવિત્ર મહાત્માઓની સેવા પ્રત્યેક રાષ્ટ્રમાં અગ્રસ્થાને હોત.

અંધકારને પ્રકાશ કહી દેવા માત્રથી તે પ્રકાશ બનીને પ્રકાશ-ધર્મ બજાવી શકતો નથી. વસ્તુના સ્થૂલ સ્વરુપનું યથાર્થ દર્શન સ્થૂલ પ્રકાશથી થાય છે, તેમ વસ્તુના સમગ્ર સ્વરૂપનું યથાર્થ દર્શન સમ્યગ્ જ્ઞાનરૂપી પ્રકાશથી થાય છે.

વસ્તુના સમગ્ર સ્વરૂપનું યથાર્થ દર્શન થવાથી અર્થપૂર્ણ જીવન જીવી શકાય છે. અનર્થકારી પાપ–વ્યાપારમાંથી રુચિ તદ્દન મોળી પડી જાય છે.

**જેનાથી યથાર્થ આત્મબોધની પ્રાપ્તિ થાય તે સમ્યગ્જ્ઞાન.**

એક ચક્રવર્તીને છેતરનારને જે સજા થાય, તેના કરતાં વધુ સજા આત્માને છેતરવાથી થાય. કારણ કે ચક્રવર્તીની સત્તા કરતાં આત્માની સત્તા વિશેષ છે. આ આત્મસત્તાનો યથાર્થ બોધ સમ્યગ્ જ્ઞાનથી થાય છે.

જ્ઞાનાષ્ટકમાં પૂ. ઉપાધ્યાયજી ભગવંત શ્રી યશોવિજયજી મ૦ ફરમાવે છે કે :

मज्जत्यज्ञः किलाज्ञाने विष्टायामिव शूकरः ।
ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ॥१॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ** : જેમ ભૂંડ વિષ્ટામાં રાગ કરે છે, તેમ પદાર્થના સારાસારથી અજ્ઞ જીવ અજ્ઞાનમાં (મિથ્યા તત્ત્વમાં) રાચે છે. તેનાથી ઊલટું હંસ જેમ માન સરોવરમાં રાચે છે, તેમ જ્ઞાની જ્ઞાનમાં આનંદ અનુભવે છે.

**તત્ત્વતઃ જે પરાયું છે, તે પોતાનું માનવું અને જે પોતાનું છે, તેને પરાયું માનવું, તે અજ્ઞાન છે.**

કાયા, કામિની, કંચન, કુટુંબ વગેરે સંયોગથી મળેલા સર્વ પદાર્થો વિયોગ પામનાર છે. માટે તેને ખરેખર પોતાના માનીને તેમાં રાચવું, તે ભયાનક અજ્ઞાન છે.

સમ્યગ્ જ્ઞાનના પ્રકાશમાં સ્વ-પર પદાર્થનો વિવેક પ્રગટે છે. એટલે નીર-ક્ષીરદૃષ્ટિ ઊઘડે છે. નીરને જતું કરીને ક્ષીરને ગ્રહણ કરવારૂપ હંસદૃષ્ટિ ઊઘડે છે.

હંસદૃષ્ટિને આત્મદૃષ્ટિ કહે છે.

માટે જે જ્ઞાન આત્માને સ્વભાવની પ્રાપ્તિના સંસ્કારનું કારણ બને તે જ્ઞાન ઉપાદેય છે. કારણ કે, સ્વ-સ્વરૂપને જાણવું તે જ શ્રેષ્ઠતમ કાર્ય છે. પોતાના દ્રવ્યમાં, ગુણોમાં અને પર્યાયોમાં રમણતા કરવાની શ્રેષ્ઠતમ પ્રીતિ તેના કારણે પ્રગટે છે.

પર વસ્તુને પોતાની માનવી તે મમતા છે. આ મમતા મારક છે. શરીર છૂટવા છતાં ન છૂટે તેવી ચીકણી આ મમતા છે.

આ મમતાનો નાશ સમ્યગ્ જ્ઞાનથી થાય છે. એટલે સમતાની અનુભૂતિ થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમતા એટલે આત્માની મૂડી.

**સ=આત્મા; મતા=મૂડી.**

સમતાની અનુભૂતિ થવાથી આત્મા શરીર છોડતી વખતે પણ સ્વસ્થ રહે છે. સમાધિમાં રહે છે. છૂટવાના સ્વભાવવાળા શરીરની મમતા તેના મનમાં હોતી નથી; ત્યાં આત્મરતિ રહેલી હોય છે.

સમ્યગ્ જ્ઞાનના પાંચ પ્રકાર છે :

(૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન અને (૫) કેવળજ્ઞાન.

આ પાંચે જ્ઞાનો ઉપકારક હોવા છતાં, યથાર્થ સમજને સ્પર્શતું શ્રુતજ્ઞાન અપેક્ષા વિશેષે અધિક ઉપકારક છે. કારણ કે કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને અવધિજ્ઞાનીનાં વચનો પણ જીવો ઉપર શ્રુતરૂપે જ અસર પાડે છે.

બોલાયેલું વચન પહેલાં મતિને સ્પર્શે છે, પછી જેવી મતિ હોય છે, તેવી તેની પરિણતિ થાય છે.

પરિણતિ એટલે પ્રગટ આંતરઝોક.

વજનવાળું પલ્લું ઝુકેલું રહે છે, ખાલી પલ્લું દબેલું રહે છે, તેમ આત્મરતિવાળી મતિનો ઝોક આત્મા તરફ રહે છે; સંસારનું પલ્લું ખાલી રહે છે.

મનમાં સંસારનો ખાલીપો સર્જનાર પૂર્ણ આત્માનો સમ્યગ્ બોધ છે.

આત્મા સ્વભાવે પૂર્ણ છે, એમ બોલવા છતાં જ્યારે કોઈ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરવસ્તુનો વિયોગ થાય ત્યારે જો મનમાં રાગ-દ્વેષ પેદા થઈ જાય, તો સમજવું કે આત્માના પૂર્ણ સ્વરૂપનો યથાર્થ બોધ આપણને સમગ્રતયા સ્પર્શ્યો નથી. નહિંતર પર-વસ્તુના વિયોગે આપણને રાગ-દ્વેષ ન થાય.

એટલે, મતિને સુધરવાની ખાસ જરૂર છે.

**મતિ સુધરે તો પરિણતિ સુધરે છે. પરિણતિ સુધરે તો ગતિ સુધરે છે.**

ભૂંડને વિષ્ટામાં રાચતું જોઈને આપણને દુગંછા થાય છે. તે દુગંછા જો સમ્યગ્જ્ઞાનપૂર્વકની હોત, તો આપણે પણ કદી પરપદાર્થોરૂપી વિષ્ટામાં ન જ રાચીએ.

જે પોતે પોતા વડે પોતામાં પૂરેપૂરો સ્વસ્થ છે, તે જ પૂરેપૂરો સુખી છે. સુખની લાલસામાં પર-પદાર્થનો સંયોગ વાંચ્છવો, તે વધુ દુ:ખી થવાની નિશાની છે.

માટે કેવળજ્ઞાની ભગવંતો સર્વથા સુખી છે.

આ કેવળજ્ઞાન શબ્દ અદ્‌ભૂત છે. આત્મરોમાંચકારી છે.

કેવળજ્ઞાન એટલે ફક્ત પૂર્ણજ્ઞાન. પૂર્ણને પૂર્ણની પ્રાપ્તિ.

જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ નાશ થવાથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અત્મામાં કેવળજ્ઞાન તો છે જ. પણ તે જ્ઞાનાવરણીય કર્મ વડે ઢંકાયેલું છે. છતાં પૂરું ઢંકાયેલું હોતું નથી, માટે દરેક જીવને અંશથી જ્ઞાન હોય છે. તે જ્ઞાન સમ્યક્ પ્રકારનું પણ હોય છે, તેમ જ મિથ્યા પ્રકારનું પણ હોય છે.

પદાર્થનું દર્શન કરાવવું તે જ્ઞાનરૂપી દીપકનો ધર્મ છે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ જો દર્શન કરનારી આંખ નિર્મળ હોય છે, તો યથાર્થ દર્શન થાય છે. તે આંખ જો મલિન હોય છે તો અયથાર્થ દર્શન થાય છે. માટે એકનો એક પદાર્થ એક જીવને વૈરાગ્ય જગાડે છે, તો બીજા જીવને મોહ વધારે છે.

આ આત્મા નિર્મળ જ્ઞાન-સ્વરૂપ છે. અનંત દર્શનની જેમ અનંતજ્ઞાન એ આત્માનો ગુણ છે.

ચોખ્ખા દર્પણની જેમ આ જ્ઞાન પણ નિર્મળ છે. માટે પદાર્થ જેવો હોય છે, તેવું પ્રતિબિંબ દર્પણ પાડે છે, તેમ આ જ્ઞાન પણ રાગ-દ્વેષરહિતપણે વસ્તુ સ્વરૂપને પ્રકાશે છે, પણ દર્પણની જેમ તેનાથી નિર્લેપ રહે છે.

કસ્તૂરીમૃગની નાભિમાં જ કસ્તૂરી રહેલી હોય છે, છતાં અજ્ઞાનના કારણે તે મૃગ સુવાસ મેળવવા માટે દિન-રાત જંગલોમાં દોડયા કરે છે, પણ કયારેય તે પોતાની નાભિમાં જીવ પરોવતો નથી.

અનંતજ્ઞાનીઓ આ દાખલો આપીને સમજાવે છે, કે અનંત સુખદાયી જ્ઞાન તમારા આત્મામાં જ છે. તે આત્મા તમારા શરીરમાં છે. તેને જાણવા તથા માણવા માટે તમે તમારા નાભિપ્રદેશનું ધ્યાન કરો. તમને આત્માના સ્વભાવની આંશિક પણ અનુભૂતિ થશે જ. જે વસ્તુ જ્યાં છે, ત્યાં તેને શોધવી જોઈએ. જે જ્યાં નથી, ત્યાં તેને શોધવા પાછળ અબજો વર્ષો પસાર કરશો, તો પણ તે નહિ જ મળે.

સમ્યગ્જ્ઞાન પદાર્થ ઉપર ચિંતન કરશો, તો જ્ઞેય આત્મા જ આત્માનું ધ્યેય છે—એ શાસ્ત્ર વચનનું રહસ્ય સમજાશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા જ જ્ઞેય છે. આત્મા જ જ્ઞાતા છે. આત્મા જ જ્ઞાન છે.

**ઉપકારી મહર્ષિઓ ફરમાવે છે, કે અજ્ઞાન (જ્ઞાનાભાવ) કરતાં પણ વધુ ભયંકર મિથ્યાજ્ઞાન છે.**

આત્માનું અલ્પ પણ જ્ઞાન, આત્માને પૂર્ણજ્ઞાની બનાવનારું નીવડે છે. જ્યારે પર પદાર્થોનું સઘળું પણ જ્ઞાન આત્માને સહાયક નથી થતું, પણ આત્માને પીડાકારી નીવડે છે.

અગ્નિ સોનાને શુદ્ધ કરે છે, તેમ સમ્યગ્ જ્ઞાન બુદ્ધિને શુદ્ધ કરે છે.

સમ્યગ્દર્શન હોય છે, તો સમ્યગ્જ્ઞાન સમ્યક્ પ્રકારે સ્પર્શે છે.

જાણ્યું કે શરીર નાશવંત છે, લક્ષ્મી ચંચળ છે. આ જાણકારી સાચી હોવા છતાં, તેમાં દૃઢ આસ્થા રહેતી નથી, માટે જાણવું તેમાં અને સમ્યક્ પ્રકારે જાણવું તેમાં આસમાન–જમીનનું અંતર છે.

અગ્નિને અડવાથી અંગ દાઝે છે, એવું જ્ઞાન સમ્યક્ પ્રકારે સ્પર્શ્યું છે, માટે અગ્નિને અડતા નથી. જ્યારે આશ્રવના સેવનથી આત્મા દાઝે છે, એવું જ્ઞાન સમ્યક્ પ્રકારે સ્પર્શશે ત્યારે આશ્રવને પણ નહિ જ સેવીએ.

પરિણામ નહિ થયેલું ઉત્તમ પણ જ્ઞાન, નહિ પચેલા દૂધપાક જેવું છે. દૂધપાક નથી પચતો એટલે પેટને આફરો ચઢે છે, તેમ જ્ઞાન નથી પચતું એટલે મિથ્યાભિમાન વધે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જઠરાગ્નિ તેજ હોય છે, તો દૂધપાક પચી જાય છે, તેમ જ્ઞાનભૂખ ઊઘડી હોય છે, તો જ્ઞાન પચી જાય છે.

જ્ઞાનની ભૂખ ઉઘાડવા માટે શ્રી તીર્થંકર પરમાત્માના વચનની આરાધના કરવી પડે છે. શ્રી તીર્થંકર પરમાત્માની ત્રિવિધે બહુમાનપૂર્વક આરાધના કરતા મહાત્માઓની ભાવપૂર્વક સેવા કરવી પડે છે.

એક પણ માતૃકા અક્ષરની આશાતના થઈ જતાં હૃદયમાં પાશ્ચાત્તાપ જાગે, તો માનવું કે હું હવે સમ્યગ્ જ્ઞાનની આરાધના કરવાને લાયક બન્યો છું.

છાપાં, લખેલા કાગળ, શાસ્ત્રના ગ્રંથો વગેરેમાં જ્ઞાન છે. તેની આશાતના એ જ્ઞાનની આશાતના છે. અનંતજ્ઞાની આત્માનું અપમાન છે.

કિંમતી અલંકારોને જેમ જાળવીએ છીએ, તે જ રીતે જ્ઞાનના ગ્રન્થોને જાળવવા જોઇએ.

શ્રી પંચપ્રતિક્રમણ સૂત્રનું પુસ્તક એ સામાન્ય પુસ્તક નથી પણ શ્રી જિનેશ્વર દેવની વાણીના મહાસાગરનો એક ભાગ છે.

યોદ્ધો પોતાના શસ્ત્રની જે ઇજ્જત કરે છે, તેવી ઈજ્જત શ્રી જિનવાણીના અંગભૂત તમામ શાસ્ત્રોની કરવી જોઈએ. સમ્યગ્જ્ઞાનપદની આરાધના કરનારે તો આ બાબતમાં અધિક સજાગ રહેવું જોઈએ.

આજે આપણને આપણું અજ્ઞાન કેટલું ડંખે છે? આપણા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સતત સહવાસમાં રહેલા આત્માને પણ આપણે યથાર્થપણે નથી પિછાણતા, તે શું ઓછા ખેદની વાત છે?

જ્ઞાનીઓ કહે છે કે જાણવા જેવા આત્માને ન જાણ્યો, તો બધું જ્ઞાન ફોક છે, મિથ્યા છે, ભારરૂપ છે.

આત્માના ઘરનું જ્ઞાન સારામાં સારી રીતે પ્રાપ્ત કરવાની શ્રેષ્ઠ સામગ્રી, તેમ જ માનવનો ભવ પુણ્યયોગે મળ્યા છે, તેનો શ્રેષ્ઠ સદુપયોગ કરવાનો છે.

**શ્રેષ્ઠ વસ્તુનો શ્રેષ્ઠ પ્રકારે સદુપયોગ કરવો તે સદ્વિવેક છે. સદ્વિવેક સિવાય સદ્ગતિ પણ શક્ય નથી, તો પરમ ગતિની તો વાત જ શી?**

આત્મા વધુ ગમે છે કે પર-પદાર્થ? તે જાતને પૂછો, અને પછી વિચારો કે અનંત સંસારમાં અજ્ઞાનપણે ભમતાં આ જીવે કેટલાં શરીરો ધારણ કર્યાં અને કેટલાં છોડયાં? તો પરપદાર્થની મમતાને જરૂર આંચકો લાગશે.

સર્વ પર પદાર્થો વિયોગમાં પરિણમનારા છે. જ્યારે અનંત દર્શન, જ્ઞાન, ચારિત્ર અને વીર્ય તેમજ તેના અંગભૂત દયા, સ્નેહપરિણામ, કરુણા, મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ વગેરે સ્વ-પદાર્થો છે. માટે તેની મમતા જીવને તારનારી નીવડે છે. જીવના સમતા ગુણની પોષક નીવડે છે.

આ જ્ઞાનને વધારવાનું છે, અંગભૂત બનાવવાનું છે. આ જ્ઞાન એ કોઇ બહારની વસ્તુ નથી, પણ આત્માના જ ઘરનું છે, એટલે તેની પ્રાપ્તિ કરવાથી આત્મા સ્વસ્થ રહે છે; અસ્વસ્થ નથી બનતો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત, પિત્ત અને કફમાં વિકૃતિ જાગે છે, ત્યારે શરીરનું આરોગ્ય કથળે છે, તેમ સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં મિથ્યા પદાર્થોની મમતા ભળે છે, એટલે આત્માનું આરોગ્ય કથળે છે. ભાવ–નીરોગિતા ડહોળાય છે. આત્મા અસ્વસ્થ બને છે.

જાણવા જેવા આત્માનો યથાર્થ બોધ પ્રાપ્ત થવાથી જ છોડવા જેવા સંસારને છોડવાનું બળ આત્મામાં પ્રગટ થાય છે.

સંસાર છોડવા જેવો છે, તેનો અર્થ એ છે, કે રાગ–દ્વેષ છોડવા જેવા છે; હેય છે.

રાગ એટલે પુદ્ગલનો રાગ.

પુદ્ગલ એટલે ચેતન રહિત દ્રવ્યો.

જીવ એટલે મહામહિમાશાળી આત્મ–દ્રવ્ય.

સમ્યગ્ જ્ઞાનપદની આરાધના એટલે અનંત જ્ઞાન સ્વરૂપ આત્માની આરાધના.

નિર્મળ જ્ઞાનને દીપકની ઉપમા છે.

દીપશિખા સદા ઉર્ધ્વગામી રહે છે, તેમ સમ્યગ્ જ્ઞાનવંત આત્માનો પરિણામ પણ સદા ઉર્ધ્વમુખી હોય છે; સિદ્ધશિલા તરફ હોય છે.

સમ્યગ્જ્ઞાન સહજ પવિત્રતાનું દ્યોતક છે. પવિત્ર બનો અને તરો, એવો તેનો મર્મ છે.

પવિત્ર ત્યારે બનાય, જ્યારે મલિનતાનો નાશ થાય.

મલિનતાનો નાશ કરવામાં સમ્યગ્જ્ઞાન ધગધગતા અગ્નિનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામ કરે છે. આપણે યથાર્થ આરાધકભાવ વડે તેને આમંત્રીએ એટલી જ વાર છે.

મલિનતામાં મન રાખીને પવિત્ર નથી બનાતું.

પવિત્ર ત્યારે બનાય, જ્યારે મલિનતાનો નાશ થાય.

મેલા જળમાં સૂર્ય-ચન્દ્રનું-જેવું હોય છે, તેવું પ્રતિબિંબ નથી ઝીલાતું, તેમ મેલા મનમાં આત્માનું-જેવું જે તેવું સ્વરૂપ પરિણત નથી થતું.

માટે હરરોજ, રીઢા રોગથી મુક્ત થવા તલસતો રોગી જે ભાવપૂર્વક ઔષધનું સેવન કરે છે, તેવા ભાવપૂર્વક મન વડે આત્માને ઓળખાવનારા પરમાત્મા સેવવા જોઇએ. તેમના ગુણોની ગંગામાં મનને સ્નાન કરાવવું જોઇએ. શ્રીતીર્થંકર દેવો તેમ જ શાસન પ્રભાવક પુરુષોના જીવનચરિત્રનું વાંચન-શ્રવણ કરવું જોઈએ.

ગીતાર્થ ગુરુ ભગવંતના શ્રી મુખે જે ઉપદેશ સાંભળવા મળે છે, તેના મૂળમાં તેમના સચ્ચારિત્રનો પ્રભાવ હોય છે, એટલે તે ઉપદેશ આત્માને કર્મમળથી મુક્ત કરવામાં સચોટ સહાય કરે છે.

નિત્ય વ્યાખ્યાન સાંભળવા ઉપર જે ભાર ઉપકારી મહર્ષિઓએ મૂકયો છે, તેના મૂળમાં આત્માને આત્મભાવભાવિત કરવાનો હેતુ છે.

જાગેલો માણસ ઊંઘતા માણસને જગાડી શકે છે, તેમ આત્મભાવવાસિત આત્મા મોહગ્રસ્ત આત્માને-આત્મભાવવાસિત કરવામાં મહદ્ અંશે સફળ થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે, દરરોજ શ્રી જિનપૂજા તેમ શ્રી જિનવાણી શ્રવણ કરવી, તે મનના મેલને ધોવાનો શ્રેષ્ઠ ઇલાજ છે.

શ્રી જિનપૂજાના નિયમની જેમ નિત્ય-સ્વાધ્યાયનો નિયમ પણ રાખવો જોઈએ.

સ્વનું સંધાન પ્રાપ્ત કરવામાં સ્વાધ્યાય અગત્યનો ભાગ ભજવે છે.

સ્વાધ્યાય માટેનાં શાસ્ત્રો અને સૂત્રો આપણે ત્યાં ઘણાં છે. શ્રી નવકારનો જાપ એ પણ અભ્યંતર તપરૂપ સ્વાધ્યાયનો એક પ્રકાર છે. તે જ રીતે નવસ્મરણ, પંચસૂત્ર, વીતરાગસ્તોત્ર, અમૃતવેલની સજઝાય-એ બધાનો સ્વાધ્યાય પણ મનને આત્માના સ્વભાવમાં રુચિવાળું બનાવવામાં સહાયક થાય છે.

મૂળ વાત આત્માને જાણવા તેમ જ માણવાની છે. તે માટે કર્મના સર્જનમાત્રને ધર્મના શરણમાં ઝુકાવવાં પડે છે. ધર્મરૂપ આત્માને હવાલે કરવાં પડે છે. આત્માનો હવાલો પરમાત્માને સોંપવો પડે છે.

પરમાત્માને ભૂલશો તો આત્મા ભુલાઈ જશે. આત્માને ભૂલી જવાથી મનમાં સંસારનું જોર વધે છે. એટલે આત્માનો બોધ કરાવનારું જ્ઞાન સર્વ અપેક્ષાએ જરૂરી છે.

મિથ્યા વાદવિવાદ માટે વિદ્યા ભણવાની નથી. પણ વિદ્યમાન આત્મામાં રમણતા કેળવવા માટે ભણવાની છે.

શાસ્ત્રો કહે છે કે જેણે એક આત્માને જાણ્યો, તેણે સર્વ આત્માને જાણ્યા, કારણ કે ગુણથી બધા જીવદ્રવ્ય એક છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનને આત્મભાવવાસિત રાખવામાં સ્વાધ્યાય મોટો ઉપકારક ભાગ ભજવે છે. અહંજન્ય સર્વ વિચારોને દૂર કરવામાં તેમ જ સત્‌ના સર્વ ગુણોની ચિત્તમાં પ્રતિષ્ઠા કરવામાં સ્વાધ્યાય શ્રેષ્ઠ ભાગ ભજવે છે.

મતિજ્ઞાનના ઉત્કૃષ્ટ ૨૮ ભેદ છે.

શ્રુતજ્ઞાનના ૨૪ ભેદ છે.

અવધિજ્ઞાનના ૬ ભેદ છે.

મનઃપર્યવજ્ઞાનના ૨ ભેદ છે.

કેવળજ્ઞાન ભેદરહિત છે તેથી એક જ છે.

પાંચ ઇન્દ્રિયો અને મનદ્વારા થતા જ્ઞાનને મતિજ્ઞાન કહે છે.

સાંભળવાથી જે જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન છે.

ઇન્દ્રિયોની અપેક્ષા સિવાય રૂપી દ્રવ્યોનું અમુક મર્યાદા-વાળું જે જ્ઞાન થાય તેને અવધિજ્ઞાન કહે છે. અવધિ એટલે મર્યાદા.

અઢી દ્વિપમાં રહેલા મનવાળા જીવોના મનોગત ભાવને જાણનારું જ્ઞાન તે મનઃપર્યવ-જ્ઞાન છે.

ત્રણે કાળના સર્વ જીવોના સર્વપ્રકારના ભાવોને તેમજ લોકાલોકના સમગ્ર સ્વરૂપને પ્રત્યક્ષરૂપે જોનારું જ્ઞાન તે કેવળ-જ્ઞાન છે.

પ્રત્યેક પદાર્થ અનંત ધર્માત્મક છે. પદાર્થના એક ધર્મ ઉપર જ ભાર મૂકીને બીજા ધર્મોને અવગણવા એ એકાંતદૃષ્ટિ છે, એકાંત જ્ઞાન છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**એકાંતદષ્ટિ જીવને કદાગ્રહી બનાવે છે, અસદ્ આગ્રહી બનાવે છે, પૂર્વગ્રહવાસિત બનાવે છે, વસ્તુની સમગ્રતાના દર્શનથી વંચિત રાખે છે.**

શ્રી જિનેશ્વરદેવે પ્રરૂપેલો ધર્મ અનેકાન્તમય છે. માટે જિનધર્મનો આરાધક આત્મા ક્યારેય એકાન્તવાદમાં જકડાતો નથી, પણ પોતાના મનને બધે ખુલ્લું રાખે છે.

અનેકાન્તવાદની પરિણતિ અહિંસાના પાલનમાં સહાયક થાય છે. અર્થાત્ અનેકાન્તવાદી નિયમા અહિંસક હોય છે. કારણ કે તે મનથી પણ કોઈ જીવને દૂભવતો નથી. દૂભવી નથી શકતો, તેનું કારણ તથા પ્રકારની આત્મદષ્ટિ છે. અનેકાન્તદષ્ટિ અને આત્મદષ્ટિ એકાર્થક છે.

જ્યાં એકાન્ત ત્યાં રાગ-દ્વેષ, જ્યાં અનેકાન્ત ત્યાં રાગ-દ્વેષરહિત નિષ્પક્ષપાતપણું.

માટે વસ્તુના સમગ્ર સ્વરૂપનો બોધ કરાવનારા જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહ્યું છે.

પાંચે જ્ઞાનના કુલ ભેદ ૫૧ છે.

માટે સમ્યગ્જ્ઞાનપદની આરાધનામાં ૫૧ લોગસ્સનો કાઉસગ્ગ કરવો, ૫૧ પ્રદક્ષિણા દેવી, ૫૧ સાથિયા કરવા, ૫૧ ખમાસમણાં દેવાં, 'ૐ હ્રીઁ નમો નાણસ્સ', પદની ૨૦ નવકારવાળી ગણવી.

જ્ઞાનનો વર્ણ શ્વેત છે, માટે આયંબીલ ચોખાનું કરવું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન સ્વરૂપ આત્મામાં રમણતા કરવા માટે કુંદ, ઇન્દુ, તુષાર, ગો–ખીર વગેરે પદાર્થો જેવું જ્ઞાન કહ્યું છે. શ્રુતદેવતાને તે બધા પદાર્થોના ગુણધર્મની ઉપમાઓ છે.

મતિને શુદ્ધ કરવામાં શુભ્ર વર્ણના પદાર્થોનું ધ્યાન અગત્યનો ભાગ ભજવે છે.

સઘળા કાળા વિચારોનું સર્જન પુદ્ગલાસક્તિમાંથી થાય છે. સઘળા પવિત્ર વિચારોનું સર્જન સમ્યગ્ શ્રુતની આરાધનામાંથી થાય છે.

શ્રુતોપાસક એટલે આત્મોપાસક.

આત્મોપાસક એટલે આત્માની પાસે આસન માંડીને બેસનારો આત્મા.

આસન તે મન. મનને આત્મશ્રયી બનાવવાથી સંસારનો આશ્રય છૂટવા માંડે છે.

પ્રત્યેક માતૃકાક્ષર શ્રુતમય છે. માટે તેની આરાધના આત્માના અક્ષર સ્વરૂપને પમાડે છે.

તેવી આરાધના કરીને માસતુસ મુનિ ભગવંત આત્મકલ્યાણ સાધી ગયા. હવે તે કથા સાંભળો :

પાટલીપુરમાં ધાર્મિક ભાવનાવાળા બે ભાઇ રહેતા હતા. બંનેને સંસારની વાતોમાં ઓછો રસ હતો, આત્માની વાતોમાં વધુ રસ હતો.

એક વાર પાટલીપુરમાં ગીતાર્થ ગુરુ મહારાજ પધાર્યા.

૧૪

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંને ભાઈઓ તેમને વાંદવા ગયા. વિનયપૂર્વક વંદન કરીને બંને ગુરૂ મહારાજનો ધર્મોપદેશ સાંભળવા બેઠા.

ધર્મના ઉત્કૃષ્ટ મંગલમય સ્વરૂપ ઉપર વ્યાખ્યાન આપતાં ગુરૂ મહારાજે કહ્યું : અહિંસા. સંયમ અને તપરૂપ ત્રિવેણીમાં અહર્નિશ સ્નાન કરતા આત્માને દેવો પણ નમસ્કાર કરે છે. અહિંસાના પ્રભાવે જ જીવોને સમભાવે સહી શકાય છે. જીવોના અપરાધોને ખમી શકાય છે. જીવ-વાત્સલ્ય અખંડ રહે છે. સંયમના મહાન બળ વડે જ સુખો વચ્ચે નિર્લેપ રહી શકાય છે, અને તપ વડે દુ:ખો વચ્ચે સ્વસ્થ રહી શકાય છે. સઘળી અસદ્ ઇચ્છાઓને બાળી નાખવામાં તપ અગ્નિ સમાન છે. માટે, શ્રી જિનેશ્વરદેવે પ્રકાશેલા આ ધર્મને રૂડી રીતે આરાધીને અનંતા જીવો મોક્ષમાં ગયા છે. તેમ તમે પણ આ ધર્મની સમ્યક્ પ્રકારે આરાધના કરીને મોક્ષને પામવા ઉદ્યમી બનો.

ગુરુ-મહારાજના ધર્મવાસિત હૈયાનો ઉપદેશ સાંભળીને બંને ભાઈઓનાં હૃદયમાં વૈરાગ્યનો અગ્નિ પ્રગટયો. રાગને પાત્ર આત્મામાં બંનેને રાગ પ્રગટયો.

એટલે બંને ભાઈઓએ ગુરુ-મહારાજ પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી.

તમને થતું હશે કે દીક્ષા આટલી ઝડપે લઈ શકાય ખરી ? પણ સાચી બુદ્ધિમત્તા બળતા ઘર જેવા રાગ-દ્વેષાત્મક સંસારને મનમાંથી છોડી દઈને મન આત્માને હવાલે કરવામાં છે.

વીરપુરુષો આ પરાક્રમ તરત કરી શકે છે. કાયર માણસો-ને તે સમયે સંસારની માયા દબાવી દે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"ધર્મસ્ય ત્વરિતા ગતિઃ" નો મર્મ એ છે, કે ધર્મનાં સ્વ-પર હિતકર કાર્યોમાં પ્રમાદ કદી ન સેવવો.

એટલે બંને ભાઈઓએ તરત દીક્ષા લઈ લીધી.

દીક્ષા લઈને બંને મુનિવરોએ ગુરુ મહારાજ પાસે શાસ્ત્રાભ્યાસ શરૂ કર્યો.

બેમાંથી એક ભાઈ થોડા સમયમાં ગીતાર્થ થયા. કારણ કે તેમને જ્ઞાનાવરણીય કર્મનો સારો ક્ષયોપશમ હતો. આત્માના જ્ઞાનગુણ ઉપરના કર્મનું આવરણ પ્રમાણમાં પાતળું હતું. બીજા મુનિરાજને જ્ઞાનના આવરનારા કર્મનું ગાઢ આવરણ હતું, એટલે શાસ્ત્રાભ્યાસમાં ખાસ પ્રગતિ ન કરી શકયા.

ગીતાર્થ મુનિરાજ આચાર્ય બન્યા. પાંચસો સાધુઓના વડા બન્યા. સાધુઓ તેમની પાસે અનેક પ્રશ્નો લઈને આવવા લાગ્યા.

જતે દિવસે આચાર્ય મહારાજને ભણાવવાનું કાર્ય ભારરૂપ લાગ્યું. ગમે ત્યારે ગમે તે શિષ્યને શાસ્ત્રના પ્રશ્નનો જવાબ આપવાની જવાબદારી તેમને કંટાળાજનક લાગી.

એક પગથિયું ચૂકી જતાં ઉપર ચઢતો માણસ નીચે ગબડે છે, તેમ સાધુઓને ભણાવવાની જવાબદારી પાળવારૂપ પગથિયું ચૂકી જવાથી આચાર્ય મહારાજની વિચારધારા વધુ વિકૃત થઈ. મનોમન તેઓ વિચારવા લાગ્યા કે મારા કરતાં તો મારા ભાઈ-મુનિ વધુ સુખી છે. નથી તેમને માથે કોઈને ભણાવવાની જવાબદારી કે નથી પ્રશ્નોના જવાબ આપવાની જવાબદારી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રાભ્યાસ કરવો તેમજ કરાવવો તે પણ અભ્યંતર તપનો એક પ્રકાર છે. તેમ જાણવા છતાં અશુભ કર્મના ઉદયે જ્ઞાની આચાર્યદેવ ભણવા-ભણાવવાથી કંટાળી ગયા. કયારે તક મળે અને કયારે આ સ્થાન છોડી દઉં—એવા તુચ્છ વિચાર કરવા લાગ્યા.

એકવાર પોતાના સર્વ શિષ્યો ગોચરી આદિ કામે ઉપાશ્રય બહાર ગયા, ત્યારે તેમણે ઉપાશ્રય છોડી દીધો, અને બાગમાં જઇને મુક્તપણે ટહેલવા લાગ્યા.

વૃક્ષો, વેલીઓ, મંડપો વગેરેથી બાગ શોભતો હતો. સેંકડો નગરજનો વૃક્ષોની શીતળ છાયામાં આરામ કરતા હતા. તે જોઇને આચાર્ય મહારાજને વિચાર આવ્યો કે, પાનખર ઋતુમાં આ બાગમાં પંખીઓ પણ આવતાં નથી. અત્યારે વસંતઋતુ છે, માટે તે શોભે છે, તેમ જ નગરજનો અને પંખીઓ તેમાં નિરાંતે હરેફરે છે. જેમ બાગની શોભા વસંતઋતુથી છે, તેમ સાધુની શોભા ગુરુકુલવાસથી છે. ગુરુકુલવાસ છોડીને હું આવ્યો છું એટલે કોઈ મારા સામે જોતું પણ નથી. ધિક્કાર છે મને કે શ્રી જિનેશ્વરદેવે ઉપદેશેલા ધર્મની વિરાધના કરીને હું અહીં આવી ચઢયો. આ તો સાધુને અણછાજતું કૃત્ય છે. મારી પાસે ભણવા આવનારા તો એક અપેક્ષાએ મારા ઉપકારી છે. તેઓ જ મને સમ્યગ્ જ્ઞાનની આરાધનામાં પ્રગટપણે સહાયક થાય છે.

પોતે સેવેલા પ્રમાદની ગર્હા કરતા આચાર્ય મહારાજ પુનઃ ઉપાશ્રયે પાછા ફર્યા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે ક્યારેય કોઈ જીવને ધર્મમાં સહાયક થવામાં પ્રમાદ ન સેવશો. આંગળી ચીંધવી, તે પણ પુણ્યકાર્ય છે—એ સદા યાદ રાખજો. મળેલી કોઈ પણ પ્રકારની શક્તિનો મદ યા અપચો જીવને અશુભ કર્મ વડે બાંધે છે.

જ્ઞાની આચાર્યદેવે પોતાના અશુભ પરિણામનું મનથી પ્રાયશ્ચિત્ત કર્યું, છતાં પણ સેવાયેલા તે દુર્વિચારની ઊંડી અસરના કારણે તેમણે તીવ્ર જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું અને કાળ કરીને સ્વર્ગમાં ગયા. પણ સાથે તે અશુભ કર્મ પણ લેતા ગયા.

માટે ધર્મવિરુદ્ધનો અશુભ વિચાર આવે, ત્યારે જાણે શરીરે સર્પ વીંટળાયો હોય, તેમ તેને તરત જ દૂર કરી દેજો, નહિતર તેનું ઝેર આત્માને મૂર્છિત કરી દેશે.

સ્વર્ગનું આયુષ્ય પૂરું થતાં આચાર્ય દેવનો જીવ, એક ભરવાડને ત્યાં પુત્રપણે જન્મ્યો. પુત્ર પુખ્ત વયનો થયો એટલે ભરવાડે તેને કન્યા સાથે પરણાવ્યો. ત્રણેક વર્ષ બાદ તે ભરવાડ એક પુત્રીનો પિતા બન્યો. પ્રાકૃતિક વાતાવરણમાં ઊછરતી કન્યા યોગ્ય વયની થઈ એટલે તેનું સૌન્દર્ય દીપી ઊઠયું.

ગામના ભરવાડો પોતાનું ઘી વેચવા માટે શહેરમાં જતા હતા. એકવાર કેટલાક ભરવાડો પોત-પોતાનાં ગાડાં લઈને શહેરમાં ઘી વેચવા નીકળ્યા. તેમની સાથે આ ભરવાડ પણ પોતાનું ગાડું લઈને નીકળ્યો.

તેની સ્વરૂપવાન પુત્રી ગાડું હાંકતી હતી અને તે ગાડામાં બેસી વનની શોભા નિહાળતો હતો.

For Private and Personal Use Only

ગાડું ચલાવતી કન્યાને જોઇને બીજા ભરવાડો ઉન્માદે ચઢ્યા. ઉન્માદમાં તેમને રસ્તાનું ભાન ન રહ્યું. તેમનાં ગાડાં પણ તેમના મનની જેમ માર્ગભ્રષ્ટ થઈ ગયાં. ઘીના ગાડવા ઢોળાઈ ગયા.

કન્યાનો પિતા આ બનાવ જોઇને વ્યથિત થયો. બહારના રૂપની આ ઘેલછા તરફ તેને ધિક્કાર જાગ્યો.

પૂર્વભવના સચ્ચારિત્રનો આ પ્રભાવ હતો. સેવેલું પાપ પોતાને પરચો બતાવે છે, તેમ સેવેલો ધર્મ પણ પોતાનો પ્રભાવ બતાવે છે.

કંચન અને કામિનીઘેલા સંસાર તરફ ભરવાડને વૈરાગ્ય જાગ્યો. પોતાની પુત્રીને યોગ્ય વયના ભરવાડ યુવાન સાથે પરણાવીને તેણે સદ્ગુરુ પાસે દીક્ષા લીધી.

તમને પ્રશ્ન થશે કે ભરવાડને જૈન–સાધુનો સુયોગ શી રીતે થયો ?

નિસર્ગના મહાશાસનમાં જે વ્યક્તિ જેને યોગ્ય બને છે, તેનો સુયોગ થઈને રહે છે.

આ નિયમ અનુસાર ભરવાડના મનમાં સાચો વૈરાગ્યભાવ જાગૃત થતાં, તેને તેવા વૈરાગી સાધુ ભગવંતનો ભેટો થઈ ગયો. દીક્ષા લઇને તેણે શાસ્ત્રાભ્યાસ શરૂ કર્યો.

ભરવાડ મુનિ કેટલાંક શાસ્ત્રો બરાબર કંઠસ્થ કરી શકયા, પણ તે પછી આચાર્યના ભવમાં બાંધેલું જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવતાં તેમની સ્મરણશક્તિ સર્વથા કુંઠિત થઈ ગઈ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમે તેટલું ગોખવા છતાં, સૂત્રનું એક પદ પણ તેમને યાદ ન રહેવા લાગ્યું.

પૂરી મહેનત કરવા છતાં માણસને પેટ ભરવા જેટલી આવક નથી થતી, ત્યારે તે નિરાશ થઈ જાય છે, તેમ ઘણી મહેનત કરવા છતાં જ્ઞાન ન ચઢવાથી આ મુનિરાજ પણ નિરાશ થઇ ગયા. અને પોતાના ગુરુમહારાજને પૂછવા લાગ્યા; કે જ્ઞાનનો આ અંતરાય દૂર કરવાનો ઇલાજ હોય તે બતાવવાની કૃપા કરો.

ગુરુમહારાજે કહ્યું : જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનો સાથે અભદ્ર વ્યવહાર કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. જ્ઞાન એ આત્માનો ગુણ છે. તે ગુણનો ઘાત–અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવના વચનની વિરાધના કરવાથી, તેમ જ તે વચનને વફાદાર રહીને જીવતા મહાત્માઓનો અનાદર કરવાથી, તેમ જ જેમાં તે વચનો સંગ્રહાયેલાં છે, તે આગમશાસ્ત્રોની આશાતના કરવાથી થાય છે. પણ પોતે જાતે બાંધેલું કર્મ ઉદયમાં આવે ત્યારે વિવેકી આત્માઓ સમતાભાવે તેને વેદે છે, પણ વ્યર્થ સંતાપ નથી સેવતા, તેમ તમારે પણ તમારા આત્માએ કોઈ સમયે બાંધેલા જ્ઞાનાતંરાય બદલ ખેદ ન અનુભવવો જોઇએ, પણ તેને સમતાભાવપૂર્વક વેદવું જોઇએ, કે જેથી માઠો અનુબંધ ન પડે, પણ તે કર્મ ખરી પડે.

સમતાભાવમાં રહેવાનો શ્રેષ્ઠ ઉપાય રાગ અને દ્વેષ ન કરવા તે છે. હે મુનિરાજ! મહેનત કરવા છતાં તમને જ્ઞાન પ્રાપ્ત નથી થતું, તેનો કેવળ સંતાપ કરવાથી કામ નહિ સરે, પણ તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મરોગનો ઇલાજ કરવો પડશે. તમારા આત્માના હિતની ચિન્તા કરતાં તે ઇલાજ મને સ્ફૂર્યો છે. તેનો તમે–દુઃસાધ્ય વ્યાધિથી પીડાતો દર્દી જેમ ઔષધનું સેવન કરે તેમ સેવન કરજો.

હે ગુરુદેવ! કૃપા કરીને તે ઇલાજ મને તરત જણાવો!

શિષ્યના આત્માનું હિત ચિંતવતા ગુરુમહારાજે શાસ્ત્રીય તે ઇલાજ બતાવતાં કહ્યું: ઓછા વજનવાળા કિંમતી રત્ન જેવો તે ઇલાજ છે. તેને તમે બહુમાનપૂર્વક સેવજો. તમારા સમગ્ર મનમાં ઘુંટજો. છ અક્ષરના તે ઇલાજમાં આત્માને સાક્ષર બનાવવાની શક્તિ છે. તેનું નામ છે: 'મારુષ, માતુષ'

શિષ્યે આ મંત્રને આદરપૂર્વક ગ્રહણ કરીને તેનો નિત્યપાઠ શરૂ કર્યો.

મારુષ એટલે કોઇના ઉપર રોષ યા દ્વેષ ન કરવો તે.

માતુષ એટલે કોઇના ઉપર રાગ ન કરવો તે.

સકળ શાસ્ત્રોનો મર્મ આ મંત્રાક્ષરોમાં છે. રાગ–દ્વેષરહિત અવસ્થાની પ્રાપ્તિનો જે ઉપદેશ શાસ્ત્રોમાં છે, તેનો જ મર્મ આ વાકયમાં છે.

શિષ્યે 'મારુષ, માતુષ' નો જાપ શરૂ તો કર્યો, પણ જ્ઞાનના ક્ષયોપશમની મંદતાના કારણે મારુષ, માતુષમાંથી રુ અને તુ નીકળી ગયા અને તે માસતુષ બોલવા લાગ્યા. પણ તેના જાપ સમયે તેમનું પ્રણિધાન આત્માને રાગ–દ્વેષરહિત બનાવવાનું જ રહ્યું.

આ આત્મા ખરેખર જેવો છે, તેનું જ સ્મરણ–મનન અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાન આ વાકયમાં રહેલું છે. તેનો તે જ આશયપૂર્વક જાપ તેમજ ચિંતન અને મનન કરતા મુનિરાજ ધીમે ધીમે મોહનીય કર્મનો ક્ષય કરવા લાગ્યા. પણ માસતુષ પદના સતત ઉચ્ચારના કારણે દુનિયામાં 'માસતુષ' મુનિના નામે પ્રસિદ્ધ થયા.

એટલે સહવર્તી અનેક મુનિઓ પણ તેમને માસતુષ કહીને બોલાવવા લાગ્યા, પણ આ મુનિરાજ તો આત્માની રાગ-દ્વેષરહિત અવસ્થામાં રમણતા કરતા હતા. એટલે તેમને કોઈ તરફ દ્વેષ થતો નહોતો, તેમ જ તેમને ઉચિત રીતે આવકારનારા તરફ મિથ્યા રાગ પણ થતો નહોતો.

વિશુદ્ધ આત્માનું જે સ્વરૂપ છે, તેના સમ્યગ્ જ્ઞાનની પરિણતિ, શ્રી જિનોક્ત કોઈ પણ એક વચનની સમ્યક્ પ્રકારે આરાધના કરવાથી થાય છે, એ શાસ્ત્રવચનને સાર્થક કરનારા માસતુષ મુનિરાજ જૈનકથાનુયોગમાં અચળ સ્થાન ધરાવે છે. તે અવિચળ એવા શ્રી જિનવચન પ્રત્યેના રાગનો પ્રભાવ છે.

અખંડ બાર વર્ષ સુધી તપપૂર્વક 'મારુષ, માતુષ' નો જાપ કરતાં મુનિરાજનું મન રાગ-દ્વેષરહિત આત્માકારે પરિણમ્યું. એટલે મોહનીય આદિ ચારે ઘાતીકર્મનો સંપૂર્ણ ક્ષય થયો. મુનિરાજ કેવળજ્ઞાન પામ્યા.

તાત્પર્ય કે કોઈ પણ આત્મા સાચીનિષ્ઠાપૂર્વક શ્રી જિનોક્તધર્મની આરાધના કરે છે, તે અચૂક સર્વ કર્મોનો ક્ષય કરીને અક્ષયપદને પામે છે.

શ્રી જિનરાજના પ્રત્યેક વચનમાં શ્રી જિનરાજ જેટલી જ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમ તારક શક્તિ છે, એ સત્યમાં જરા પણ શંકા રહે છે ત્યાં સુધી આરાધના પ્રાણવંતી નથી બનતી.

સૂર્યના ઉષ્મા આપવાના ધર્મમાં શંકા નથી રાખતા, જળના તૃષા છીપાવવાના ધર્મમાં શંકા નથી રાખતા, તો એ સર્વ પદાર્થોને સ્વધર્મના પાલનમાં પ્રતિષ્ઠિત કરનારા શ્રી જિનેશ્વર-દેવના ધર્મમાં શંકા રાખીએ તે કેમ ચાલે ?

સૂર્ય, ચન્દ્ર, જળ આદિના ધર્મનો પ્રગટ અનુભવ થાય છે, તેમ શ્રી નિનેશ્વરદેવનો ધર્મ નિયમા જીવનું હિત કરે છે. આપણો ધર્મ તેને શરણે જવું તે છે.

માટે, શ્રી જિનરાજને અશરણશરણ કહ્યા છે; દુનિયામાં જેનું કોઈ સગું નથી, એવા જીવના પણ સાચા સગા કહ્યા છે.

एकमपि जिनवचनं निर्वाहको भवति (શ્રી જિનરાજનું એક વચન પણ એના અનન્ય શરણાગતને ભવસાગરથી પાર ઉતારે છે.) એ શાસ્ત્રવચનને યથાર્થ પુરવાર કરીને ભવસાગરના પારને પામેલા માસતુષ મુનિની આ કથાનો સાર એ છે કે—સર્વ પ્રકારના અંતરાયોનો અંત આણવાની પરમ શક્તિ શ્રી જિનેશ્વરદેવે ઉપદેશેલા ધર્મમાં છે.

આત્મા અનંત દર્શનમય છે તેમ અનંત જ્ઞાનમય પણ છે.

સૂર્યમાં અંધકાર નથી તેમ આત્મામાં અજ્ઞાનરૂપી અંધકાર નથી. અંધકારનો થતો અનુભવ એ તો કર્મોની પેદાશ છે. એ કર્મોનો સંપૂર્ણ નાશ, આત્માના અનંત જ્ઞાનમય સ્વરૂપની સમ્યગ્ આરાધનાથી પણ થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું ખરેખર જે નથી તેમાં મારી મતિ સ્થિર કરું એટલે હું ખરેખર જે છું, તેમાં સ્થિર મતિવાળો ન બની શકું. તેના પરિણામે અસ્થિર સંસારમાં અથડાઈને દુઃખી થતો રહું.

આ તત્ત્વદૃષ્ટિને સમ્યગ્દૃષ્ટિ કહે છે.

એટલે સમ્યગ્દૃષ્ટિને પામેલો આત્મા, સંસારમાં હોય છે ત્યારે પણ આત્મામાં રહેતો હોય છે.

આત્મા જ્ઞાનગુણથી વાસિત ચિત્તમાં રાગ-દ્વેષરૂપ સંસાર ઘર નથી કરી શકતો. તે આ કથા દ્વારા જાણ્યું.

આત્મા જેવો છે, તેવો હું ક્યારે બનું—એ ભાવના ભાવતાં ભાવતાં તદાકારે પરિણમીને સહુ વહેલા વહેલા સર્વ જીવ અભય-પ્રદ અભયપદને વરો !

## સાતમા દિવસની આરાધના

**પદ**-શ્રી જ્ઞાન.

**વર્ણ**-સફેદ, આયંબિલ એક ધાન્યનું તે ચોખાનું

**નવકારવલી**-વીસ. ૐ હ્રીં નમો નાણસ્સ

**કાઉસ્સગ્ગ-૫૧**

**લોગસ્સ, સ્વસ્તિક-૫૧**

**પ્રદક્ષિણા તથા ખમાસમણાં-૫૧**

### ખમાસમણનો દુહો—

જ્ઞાનાવરણીય જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે;
તો હુએ એહી જ આતમા, જ્ઞાન અબોધતા જાય રે;
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્તલાઈ રે;
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઇ રે; વીર૦૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જ્ઞાનપદના ૫૧ ગુણ.

૧ સ્પર્શનેન્દ્રિયવ્યંજનાગ્રહમતિજ્ઞાનાય નમઃ
૨ રસનેન્દ્રિયવ્યંજનાગ્રહમતિજ્ઞાનાય નમઃ
૩ ઘ્રાણેન્દ્રિયવ્યંજનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૪ શ્રોત્રેન્દ્રિયવ્યંજનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૫ સ્પર્શનેન્દ્રિય–અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૬ રસનેન્દ્રિય–અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૭ ઘ્રાણેન્દ્રિય–અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૮ ચક્ષુરિન્દ્રિય–અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૯ શ્રોત્રેન્દ્રિય–અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૧૦ માનસાર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૧૧ સ્પર્શેનેન્દ્રિય–ઇહામતિજ્ઞાનાય નમઃ
૧૨ રસનેન્દ્રિય–ઇહામતિજ્ઞાનાય નમઃ
૧૩ ઘ્રાણેન્દ્રિય–ઈહામતિજ્ઞાનાય નમઃ
૧૪ ચક્ષુરિન્દ્રિય–ઇહામતિજ્ઞાનાય નમઃ
૧૫ શ્રોત્રેન્દ્રિય–ઇહામતિજ્ઞાનાય નમઃ
૧૬ મન ઇહામતિજ્ઞાનાય નમઃ
૧૭ સ્પર્શનેન્દ્રિય–અપાયમતિજ્ઞાનાય નમઃ
૧૮ રસનેન્દ્રિય–અપાયમતિજ્ઞાનાય નમઃ
૧૯ ઘ્રાણેન્દ્રિય–અપાયમતિજ્ઞાનાય નમઃ
૨૦ ચક્ષુરિન્દ્રિય–અપાયમતિજ્ઞાનાય નમઃ
૨૧ શ્રોત્રેન્દ્રિય–અપાયમતિજ્ઞાનાય નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૨ મન અપાયમતિજ્ઞાનાય નમઃ
૨૩ સ્પર્શનેન્દ્રિય–ધારણામતિજ્ઞાનાય નમ।
૨૪ રસનેન્દ્રિય–ધારણામતિજ્ઞાનાય નમઃ
૨૫ ઘ્રાણેન્દ્રિય–ધારણામતિજ્ઞાનાય નમઃ
૨૬ ચક્ષુરિન્દ્રિય–ધારણામતિજ્ઞાનાય નમઃ
૨૭ શ્રોત્રેન્દ્રિય–ધારણામતિજ્ઞાનાય નમઃ
૨૮ મનોધારણામતિજ્ઞાનાય નમઃ
૨૯ અક્ષરશ્રુતજ્ઞાનાય નમઃ
૩૦ અનક્ષરશ્રુતજ્ઞાનાય નમઃ
૩૧ સંજ્ઞિશ્રુતજ્ઞાનાય નમઃ
૩૨ અસંજ્ઞિશ્રુતજ્ઞાનાય નમઃ
૩૩ સમ્યક્શ્રુતજ્ઞાનાય નમઃ
૩૪ મિથ્યાશ્રુતજ્ઞાનાય નમઃ
૩૫ સાદિશ્રુતજ્ઞાનાય નમઃ
૩૬ અનાદિશ્રુતજ્ઞાનાય નથઃ
૩૭ સપર્યવસિતશ્રુતજ્ઞાનાય નમઃ
૩૮ અપર્યવસિતશ્રુતજ્ઞાનાય નમઃ
૩૯ ગમિકશ્રુતજ્ઞાનાય નમઃ
૪૦ અગમિકશ્રુતજ્ઞાનાય નમઃ
૪૧ અંગપ્રવિષ્ટશ્રુતજ્ઞાનાય નમઃ
૪૨ અનંગપ્રવિષ્ટશ્રતજ્ઞાનાય નમઃ
૪૩ અનુગામિ–અવધિજ્ઞાનાય નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૪ અનનુગામિ–અવધિજ્ઞાનાય નમઃ

૪૫ વર્ધમાન–અવધિજ્ઞાનાય નમઃ

૪૬ હીયમાન–અવધિજ્ઞાનાય નમઃ


૪૭ પ્રતિપાતિ–અવધિજ્ઞાનાય નમઃ

૪૮ અપ્રતિપાતિ–અવધિજ્ઞાનાય નમઃ

૪૯ ઋજુમતિમનઃપર્યવજ્ઞાનાય નમઃ

૫૦ વિપુલમતિમનઃપર્યવજ્ઞાનાય નમઃ

૫૧ લોકાલોકપ્રકાશકકેવલજ્ઞાનાય નમઃ



For Private and Personal Use Only

# આઠમા ચારિત્રપદનું સ્વરૂપ

असुह किरियाण चाओ,
सुहासु किरियासु जो अ अपमाओ,
तं चारित्तं उत्तम–गुण जुत्तं पालह निरुत्तं.

**અર્થ** : (હે ભવ્ય જીવો!) અશુભ સર્વ ક્રિયાઓના ત્યાગરૂપ તથા શુભ સર્વ ક્રિયાઓમાં અપ્રમત્તપણા સ્વરૂપ ઉત્તમ ગુણયુક્ત ચારિત્રનું તમે નિરંતર પાલન કરો.

સમ્યગ્જ્ઞાનપદ પછી સમ્યક્ચારિત્રપદ છે. આ ક્રમ ગણતરીપૂર્વકનો છે.

વસ્તુ–સ્વરૂપનો યથાર્થ બોધ તે સમ્યગ્જ્ઞાન છે, અને તે જ્ઞાન મુજબના આચરણને સમ્યક્ ચારિત્ર કહે છે.

'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ' એ શ્રી જિનશાસનનું ટંકશાળી સૂત્ર છે.

ખાદ્યાખાદ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય વગેરેનો વિવેક સમ્યગ્જ્ઞાનના પ્રકાશમાં થાય છે. અને તે મુજબની ક્રિયા વડે આત્માર્થીપણાનું આચરણ શરૂ થાય છે.

સમ્યગ્જ્ઞાન વગરની ક્રિયા લક્ષ્ય વગરના પ્રવાસ જેવી છે અને ક્રિયાવગરનું જ્ઞાન પાંખ વગરના પંખી જેવું છે.

એક આંધળા અને એક લંગડાની વાત આવે છે. બંને એકલા પોતપોતાને સ્થાને અસહાય ઊભા છે. રસ્તો કઈ રીતે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાપવો તેની મૂંઝવણ અનુભવે છે. છેવટે બંનેએ એકબીજાના પૂરક બનવાનો નિર્ણય કર્યો અને તે નિર્ણય અનુસાર આંધળાએ લંગડાને પોતાની પીઠ પર ઊંચકી લીધો, અને પીઠ પર બેઠેલા લંગડાના માર્ગદર્શન અનુસાર આંધળો ચાલવા માંડયો. એટલે તે બંને જણા થોડા વખતમાં ઈષ્ટ સ્થાને પહોંચી ગયા.

આ વાતનો સાર એ છે, કે ક્રિયા વગરનું જ્ઞાન પગ વગરના લંગડા જેવું છે; જ્ઞાન વગરની ક્રિયા આંખ વગરના આંધળા જેવી છે.

યથાર્થ આચરણમાં પરિણત થતું જ્ઞાન, એ જ સમ્યગ્ જ્ઞાન છે. કારણ કે સમ્યગ્જ્ઞાનની સ્પર્શના થવાથી આત્માના હિતમાં જ આત્માર્થી સક્રિય બને છે. .

સમ્યગ્જ્ઞાનનો પાયો સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન ઊપર સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર નિર્ભર છે.

સમ્યગ્જ્ઞાન એટલે પાપવ્યાપારના ત્યાગનું જ્ઞાન. સમ્યક્ ચારિત્ર એટલે પાપવ્યાપારનો સદંતર ત્યાગ.

પાપ આત્માને સ્વભાવથી ભ્રષ્ટ કરે છે.

સ્વભાવથી ભ્રષ્ટ થવું એટલે ધર્મથી ભ્રષ્ટ થવું.

ધર્મ પરમ મંગલમય છે. કારણ કે તે આત્માના શુદ્ધ સ્વભાવરૂપ છે.

માટે આત્મસ્વભાવમાં રમણતા કરતા મહા સંતો સદા પ્રાતઃસ્મરણીય છે.

પરભાવરમણતા જેમ જેમ ઓછી થતી જાય છે, તેમ તેમ સ્વભાવરમણતા સમૃદ્ધ થતી જાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે પરભાવરમણતાને અશુભ ક્રિયા કહી છે. અશુભ ક્રિયામાંથી છૂટવા માટે શુભક્રિયા જરૂરી છે.

શુભમાં પ્રવૃત્ત આત્મા ભવિષ્યમાં શુદ્ધ થાય છે.

પ્રમાદને વશ થઈને જીવ પાપવ્યાપારમાં સક્રિય રહે છે-

એક છલાંગે માણસ ભોંયતળિયેથી મેડી ઉપર નથી પહોંચી શકતો, પણ ભોંયતળિયા અને મેડી વચ્ચે રહેલી નિસરણીની મદદથી મેડી ઉપર પહોંચી શકે છે, તેમ જીવ અશુભ વિચાર, વાણી અને વર્તનરૂપી ભોંયતળિયેથી સીધો જ શુદ્ધ વિચાર, વાણી અને વર્તનમય શુદ્ધ ચારિત્રના શિખરે નથી પહોંચી શકતો, પણ શુભ વિચાર, વાણી અને વર્તનરૂપ માધ્યમના સહારે ત્યાં પહોંચી શકે છે.

શુભ વિચારમાં પણ જેણે હજી પ્રવેશ નથી કર્યો, તેને શુદ્ધ વિચાર આવે શી રીતે ?

શુદ્ધ વિચાર એટલે રાગ-દ્વેષરહિત વિચાર. મન રાગ-દ્વેષથી સર્વથા મુક્ત થાય છે, ત્યારે શુદ્ધ વિચારરૂપ સમભાવમ સ્થિરતા આવે છે.

કોઈ જીવના રાગ-દ્વેષ એકાએક નિર્મૂળ થતા નથી, પણ ક્રમેક્રમે જ થાય છે. મૈત્રી આદિ શુભ ભાવો ભાવતાં ભાવત જ જીવ સર્વ જીવો સાથે સ્વતુલ્ય વ્યવહાર કરવારૂપ શુ આત્મસ્વભાવને પામે છે.

માટે મૈત્રી આદિ શુભ ભાવોને શુદ્ધ ચારિત્રરૂપી મહેલ• સોપાન કહ્યાં છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્ય-દયા પાળવામાં કાયર માણસ ભાવ-દયા પાળી શકતો નથી. તેમ શુભ ભાવને વિકૃત પરિણામ કહીને અવગણવાથી, શુદ્ધ આત્મસ્વભાવમાં રમણતારૂપ સચ્ચારિત્રના પાલન માટેની યોગ્યતા પ્રાપ્ત થતી નથી.

સંપૂર્ણ સચ્ચારિત્રનું પાલન કરવું, તે મીણના દાંતે લોઢાના ચણા ચાવવા જેવું અઘરું કામ છે.

બે ઘડીનું સામાયિક લઈને તેમાં આત્મમય બનીને કેટલી મિનિટ રહી શકાય છે? તે જાતને પૂછવાથી શુદ્ધ સ્વભાવમાં સ્થિર રહેવું, તે કેટલું અઘરું કાર્ય છે, તે સમજાઈ જશે.

આત્માનો પોતાનો જે સ્વભાવ છે. તેમાં જ ઉપયોગવંત રહેવું, તે શુદ્ધ સામાયિક છે, ભાવ-સામાયિક છે, તેવું સામાયિક હજારો દ્રવ્ય-સામાયિક કરતા કરતાં આવે છે.

**સામાયિકનું આવવું એટલે ચિત્તનું આત્માકારે પરિણમવું તે.**

એકાન્ત નિશ્ચયનો પક્ષ કરીને વ્યવહારમાર્ગની ઉપેક્ષા કરવાથી આત્માની અધિક અધોગતિ થાય છે.

માટે પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે ફરમાવ્યું છે, કે

**નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર;**
**પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર.**

તાત્પર્ય કે લક્ષ્યરૂપી આત્માને પામવા માટે ક્રિયારૂપ વ્યવહારમાર્ગ પર ચાલવાથી જ જીવ શિવ બની શકે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ આત્મા સ્વભાવે અનાહારી છે-એ શાસ્ત્રીય વિધાનને પકડીને જો આપણે આહારનો સદંતર ત્યાગ કરી દઇએ તો શું થાય ? ન આત્માને પામી શકીએ, ન જીવન ટકે. માટે શક્તિ મુજબ તપ કરીને આત્માને શુદ્ધ કરવાનું ફરમાન છે.

મન ચંગા તો કથરોટમે ગંગા, જેવી લોકોક્તિઓને આગળ કરી જીવવા જશો તો પસ્તાશો. કારણ કે આ લોકોક્તિ તો જેનું મન ચંગું છે, શુદ્ધ ભાવમય છે, તેમને જ લાગુ પડે છે.

પણ શાસનપતિ શ્રી જિનરાજે જીવોની અપાર કરુણાથી પ્રેરાઇને આવા કોઈ એકાન્તની પ્રરૂપણા કરી જ નથી.

માટે આ શાસનમાં ચૌદપૂર્વધરને પણ વ્યવહારમાર્ગનું પાલન કરવું પડે છે. તેમ જ શ્રી જિનરાજ સ્વયં તેનો યથાર્થ આદર કરે છે.

પાણી ઢાળ તરફ તરત ગતિ કરે છે, તેમ રાગ-દ્વેષયુક્ત મન હંમેશાં એવી છટકબારીઓ શોધતું ફરે છે, કે જેમાં કરવાનું કંઈ હોય નહિ અને છતાં દેખાવ સાધક તરીકેનો રાખી શકાય.

માટે જ્ઞાની ભગવંતોએ આચારને પ્રથમ ધર્મ કહ્યો છે.

આચાર એટલે સદાચાર.

સદાચાર એટલે આત્માના ગુણ વડે અલંકૃત આચાર.

આવો આચાર એ ચારિત્રનું અંગ છે.

માણસ અને પશુ વચ્ચેના આકારમાં જે ભેદ છે, તે

For Private and Personal Use Only

કર્મકૃત છે. પણ માણસ અને પશુ વચ્ચેના આચારમાં ભેદ પાડનાર તત્ત્વ તે સદાચાર છે.

જેના આચાર ઉપર સત્‌નો પ્રભાવ છે, તે સદાચારી છે. તે જ સચ્ચરિત્રવાન બની શકે છે.

પણ જો આકારે માણસ એવા માણસનું આચરણ પશુ જેવું હોય છે, તો તેને જ્ઞાનીઓ પશુ કરતાં પણ ઊતરતી કક્ષાનો ગણે છે.

પ્રગટ મન વગરનાં પશુ તાત્કાલીન ઈચ્છાને આધીન થઈને જીવે છે. જો તેવું જ વર્તન પ્રગટ મનવાળો મનુષ્ય પણ કરે તો તત્ત્વતઃ તેનામાં અને પશુમાં કોઈ તફાવત ન રહે.

સમ્યક્ ચારિત્રના વિશ્વવ્યાપી પ્રભાવને બરાબર સમજવા માટે માનવના આચાર અને પશુના આચાર વચ્ચેના તાત્ત્વિક ભેદને સમજવાની જરૂર હોવાથી અહીં તેની સ્પષ્ટતા કરી છે.

આત્માને શરીરના ધર્મના હવાલે કરવો, તે અધર્મ છે અને મન, ઇન્દ્રિયો વગેરેને આત્માના હવાલે કરવાં તે ધર્મ છે, તે બરાબર સમજી લેવાય તો સમ્યક્ચારિત્રનું સ્વરૂપ સમજવામાં મુશ્કેલી નહિ નડે.

સમ્યક્ ચારિત્રનો પ્રભાવ અચિન્ત્ય છે. સમ્યક્ચારિત્રનો પ્રભાવ એટલે ધર્મનો પ્રભાવ. ધર્મનો પ્રભાવ એટલે આત્માના શુદ્ધ સ્વભાવનો પ્રભાવ.

આપણે પત્રવ્યવહારમાં લખીએ છીએ કે, ધર્મના પ્રભાવે અત્રે મંગળવર્તે છે, તે એ હકીકતનું સમર્થન કરે છે, કે મંગળનું મૂળ ધર્મ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેક જણ પોતાના મંગળને ઇચ્છે છે. તેમ છતાં સર્વ જીવોનું મંગળ કરનારા ધર્મને ચાહનારા તેમ જ આરાધનારા સદા ઓછા હોય છે.

તેવું ચાહનારાઓમાં શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો આદ્ય સ્થાને છે. કારણકે તેઓ નિયમા ચારિત્રધર હોય છે. સર્વ પાપ-વ્યાપારથી મુક્ત હોય છે અને સર્વની અરતિને હરનાર સમભાવમાં મગ્ન હોય છે.

માટે સર્વના હિતના વિચારથી ધર્મનો પ્રારંભ, અને એકના ધર્મથી સર્વને લાભ—એ સૂત્ર અનંતજ્ઞાનીઓએ સ્થાપ્યું છે.

જેમ એક સૂર્ય ઘણા મોટા અંધકારને દૂર કરે છે, તેમ શ્રી જિનેશ્વરદેવે પ્રરૂપેલા ધર્મનો એક જ આરાધક અશુભ બળોને દૂર કરે છે.

લાખ મણ લાકડાંના મોટા ઢગલાને અંગારાનો એક કણ ભસ્મીભૂત કરી દે છે, તેમ સર્વ-વિરતિ ધર્મ અબજો વર્ષનાં કર્મોને ભસ્મીભૂત કરી દે છે.

સ્વાર્થનો પૂર્ણવિરામ તે સર્વ વિરતિપણું છે. આવો આત્મા પરમવિરામરૂપ મોક્ષપદને પામે છે.

જીવોને પૂર્ણવિરામ મળે, તે ઉત્તમ આશયથી શ્રી જિનેશ્વરદેવે બે માર્ગ બતાવ્યા છે :

(૧) દેશવિરતિ ચારિત્ર, (૨) સર્વવિરતિ ચારિત્ર.

મનને આત્માના ચરણમાં સ્થાપીને જીવન જીવવા માટે પરમાત્મા શ્રી જિનરાજની આજ્ઞાને અસ્થિમજ્જાવત્ બનાવવી પડે છે. ત્યારે જ સર્વવિરતિપણાનું યથાર્થ પાલન થઇ શકે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે, અગાઉ કહ્યું તેમ સર્વવિરતિપણાનો માર્ગ-ઉત્તમ હોવા છતાં—કઠણ છે.

એટલે, તે માર્ગ પર ચાલવાની અશક્તિવાળા આત્માઓ માટે શ્રી જિનેશ્વરદેવે દેશવિરતિધર્મ પ્રરૂપ્યો છે.

સમ્યક્ત્વ સહિત બાર વ્રતો ઉચ્ચરીને તેનું યથાર્થ પ્રકારે પાલન કરવાથી દેશવિરતિ ચારિત્ર પળાય છે.

તે બાર વ્રતો નીચે પ્રમાણે છે.

(૧) સ્થૂલ પ્રણાતિપાત વિરમણ વ્રત, (૨) સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત, (૩) સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત, (૪) સ્થૂલ મૈથુન વિરમણ વ્રત, (૫) સ્થૂલ પરિગ્રહ પરિમાણ વ્રત, (૬) દિશા પરિમાણ વ્રત, (૭) ભોગોપભોગ પરિમાણ વ્રત, (૮) અનર્થદંડ વિરમણ વ્રત, (૯) સામાયિક વ્રત, (૧૦) દેશાવકાશિક વ્રત, (૧૧) પૌષધોપવાસ વ્રત, (૧૨) અતિથિ સંવિભાગ વ્રત.

આ બારમાં પહેલાં પાંચ અણુવ્રતો ગણાય છે, પછીનાં ત્રણ ગુણવ્રત ગણાય છે અને છેલ્લાં ચાર શિક્ષાવ્રત ગણાય છે.

શ્રાવકનાં બારવ્રતોને નામે ઓળખાતાં આ વ્રતો પાળવાથી સ્વ તેમજ પરનું હિત થાય છે.

અંકુશ વગરનો હાથી અને લગામ વગરનો ઘોડો તેના ઉપર બેસનારને ગમે ત્યારે પછાડી નાખે છે, તેમ વ્રત-નિયમના અંકુશ વગરનું મન માનવીને ગમે ત્યારે દુર્વિચારની ખાઈમાં ફેંકી દે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિયમ વગરનું જીવન તે પશુ-જીવન. માનવનું જીવન નિયમના પાલન વડે જ શોભે.

વ્રત-નિયમને બંધન સમજીને તેની ઉપેક્ષા કરશો, તો આત્મા ક્યારેય ભવના બંધનમાંથી નહિ છૂટે.

જો સરિતા બે કાંઠાના બંધનને ફગાવી દે તો તેની શી દશા થાય? જો ખીલતી કળી ડાળીના બંધનને ફગાવી દે તો તેની શી દશા થાય? જો વીણા તારના બંધનને ફગાવી દે તો તેની શી દશા થાય?

તો સરિતા, સરિતા ન રહે. કળી ફૂલરૂપે વિકસી ન શકે. વીણા એક ખોખું બની જાય. તેમ નાના પણ વ્રત-નિયમ વગરનું જીવન દુર્ગંધભર્યા ખાબોચિયા જેવું બની જાય.

બંધન સિવાય મુક્તિ નથી, એ પણ એક સત્ય છે. તેને ધીરજપૂર્વક, વિવેકપૂર્વક સમજીને સ્વીકારવું પડશે.

**શાસ્ત્રો કહે છે કે સર્વ પ્રકારની પરતંત્રતાને હણવા માટે તમે ધર્મ-પારતંત્ર્ય સ્વીકારો, ગુરુ-પારતંત્ર્ય સ્વીકારો, આજ્ઞા-પારતંત્ર્ય સ્વીકારો.**

અમે નિયમ નહિ લઈએ, પણ મનથી નિયમનું પાલન કરીશું—એવી સમજ રાખવી તેમાં બુદ્ધિનો વિવેક નથી, પણ મિથ્યાત્વની પુષ્ટિ છે.

પુદ્ગલાસક્તિને નિયંત્રિત કરનારા નિયમો પાળવાથી જીવનનું નિયમન થાય છે, મનનું નિયમન થાય છે.

શ્રી જિનોક્ત પ્રત્યેક નિયમ, નિયમા સર્વકલ્યાણકારી છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભલે પછી તે નવકારસીના પચ્ચક્ખાણનો જ હોય, કારણ કે તે નિયમ પણ આત્માનું બહુમાન કરે છે.

વ્રત-નિયમ અંગીકાર કર્યા સિવાય કોઇ જીવ સંસારનું બહુમાન કરનારા મિથ્યાત્વના વમળમાંથી બહાર નીકળી શકતો નથી.

મન પવન જેવું છે. તેમ છતાં આકાશ તેને પોતામાં સમાવી શકે છે, તેમ સર્વહિતકર સમભાવ પણ મનને પોતામાં સમાવી લે છે.

સમભાવ સ્વભાવે સર્વહિતકર છે. તે જ શ્રી જિનશાસનનો સાર છે. સમ્યક્ ચારિત્રનો પ્રાણ છે. તે ભાવ-ચારિત્ર સ્વરૂપ છે.

સર્વ જીવોને ભાવ આપવો તે ભાવ-ચારિત્રનું લક્ષણ છે.

આત્મારૂપી ચંદનવૃક્ષને બાઝેલા કર્મોરૂપી સર્પોને દૂર કરનારા શ્રી જિનેશ્વરદેવરૂપ મોર મનમાં પધારે છે, એટલે ભાવ-ચારિત્રનો પરિણામ આવે છે.

પહેલાં દ્રવ્ય-ચારિત્ર, પછી ભાવ-ચારિત્ર એ ક્રમ છે.

વેષનું પણ આગવું મહત્ત્વ છે જ. તેને હસી કાઢવા માત્રથી તે મહત્ત્વ ઘટતું નથી.

ખાખી કપડાંવાળો સિપાઈ અને શ્વેત કપડાવાળા સાધુ બંનેને જોતાં મન ઉપર જુદી જુદી અસર થાય છે, તેનું કારણ વેષ જ છે.

શ્રી જિનેશ્વરદેવ પોતે જાણતા હોય છે કે આ મારો છેલ્લો ભવ છે, છેલ્લુ શરીર છે. આ શરીરને છોડીને આ આત્મા અશરીરી બનવાનો છે, તેમ છતાં તેઓ સ્થૂળ સઘળા સંબંધોનો ત્યાગ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને દીક્ષા ગ્રહણ કરે છે, તેમજ સાધુવેષ ધારણ કરે છે, તે હકીકત આ શાસનમાં વ્યવહાર તેમજ નિશ્ચય ઉભય નયનું જે મહત્ત્વ છે, તેનું પ્રતિપાદન કરે છે.

ચારિત્ર મોહનીય કર્મના ઉદયના કારણે સર્વવિરતિપણું અંગીકાર ન કરી શકાય, તે બનવા જોગ છે. તેમજ શ્રાવકનાં સઘળાં વ્રતો અંગીકાર ન કરી શકાય, તે પણ બનવા જોગ છે. પણ તેવા સર્વ વ્રતધારીઓની હાર્દિક અનુમોદના કરવારૂપ ધર્મની આરાધના તો કરવી જ જોઈએ.

સાધુ ઉંચા આસને બેસીને વ્યાખ્યાન આપે છે. વયમાં તેમના કરતાં મોટા અનેક ભાઈઓ બેઠા હોય છે, છતાં તેઓ પણ આદરપૂર્વક વ્યાખ્યાન સાંભળે છે, તે હકીકત આ શાસન ત્યાગપ્રધાન જીવનને બિરદાવે છે–તેનું પ્રતિપાદન કરે છે. આ આદર કેવળ ખોળિયાને અપાય છે એવું નથી, પણ તેમાં રહેલા આત્માના મહાવ્રતીપણાને ખાસ કરીને અપાય છે.

જૈન સાધુએ અખંડપણે પાળવાનાં પાંચ મહાવ્રતોનું સામાન્ય સ્વરૂપ તમે જાણો છો. એ પ્રત્યેક વ્રતમાં પરિપૂર્ણ આત્મસ્નેહ મઘમઘે છે. આત્માની સંપૂર્ણ શુદ્ધિ તેનાથી થાય છે.

શ્રી જિનેશ્વરદેવે પ્રમાદને જીવનો કટ્ટર શત્રુ કહ્યો છે. તેનાથી બચવા માટે ફરમાવ્યું છે, કે સમયે સમયનો ઉપયોગ આત્માને પરમાત્માના ઉપયોગમાં રાખવામાં કરો.

સ=આત્મા.

મય=તદ્રુપતા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે સમય સ-મયતામાં જાય છે, તે સમય લેખે છે. પર-મય બનવામાં જતો સમય જીવને ચાર ગતિરૂપ સંસારમાં રઝળાવે છે.

જયણા અને ઉપયોગ—એ બે શ્રી જિનશાસનના વિશ્વ-વિખ્યાત શબ્દો છે.

જયણા શબ્દ જીવનું જતન કરવાના સંદર્ભમાં છે.

ઉપયોગ શબ્દ મનને આત્માકારે પરિણમાવવાના સંદર્ભમાં છે.

માટે સમ્યક્ ચારિત્રવંત આત્મા જયણાપૂર્વક ઊઠે છે, જયણાપૂર્વક બેસે છે, જયણાપૂર્વક બોલે છે, તેમજ સંથારા ઉપર પડખું ફેરવતી વખતે ચરવાળાનો ઉપયોગ કરે છે.

પાપ-વ્યાપારની કોઈ પણ વાતમાં સાધુ રસ લે, એટલે ઉપયોગ ભ્રષ્ટ થઈ, ભાવ-ચારિત્રથી ભ્રષ્ટ થાય.

જયણા અને ઉપયોગને જીવાડવામાં મહાશૂરવીર એવા જૈન સાધુ ભગવંતોને વિશ્વના હિતના રક્ષક કહ્યા છે, તેમાં જરા પણ અતિશયોક્તિ નથી, પણ યથાર્થતાનું પ્રતિપાદન છે કારણ કે જયણા અને ઉપયોગપૂર્વક જીવવાથી આત્માના સ્વભાવનો પ્રભાવ સકળ વિશ્વના મંગળમાં કામ કરે છે.

જીવને જે ચાર શરણાં ખરેખર ઉપકારક છે, તેમાં એક શરણુ સાધુ ભગવંતનું પણ છે.

**આ સાધુ ભગવંતની સાધુતા સાધવાના મનોરથ જેને છે, તે શ્રાવક છે.**

સાધુ મહાવ્રતો પાળે છે, શ્રાવક અણુવ્રતો પાળે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે સાધુ સિદ્ધના ધ્યાનમાં રહે છે અને શ્રાવક સાધુના ધ્યાનમાં રહે છે.

સમ્યક્ ચારિત્રની આરાધના કરવાથી આત્માની આરાધના શરૂ થાય છે.

માટે જીવત એવું જીવો, કે જેમાં આત્માની વિરાધના ન થતી હોય, આત્માના ગુણોનો ઘાત ન થતો હોય, પરભાવનું બહુમાન ન થતું હોય, રાગ–દ્વેષનું પોષણ ન થતું હોય.

સચ્ચારિત્રનો પરિણામ નાનાં–મોટાં વ્રતનિયમોમાં મનને બાંધવાથી થાય છે.

આત્મા સ્વયં સચ્ચારિત્રમય છે. અસત્‌ની તેમાં પ્રતિષ્ઠા નથી.

એવું જ જીવન જેમનું છે, તે સચ્ચારિત્રવંત છે.

આત્મા અચિન્ત્ય શક્તિવાળો છે. શુદ્ધ તે શક્તિનું નામ ધર્મ છે. તે ધર્મનું જ નામ સમભાવ છે.

સમભાવ એટલે સંયોગ–વિયોગ વચ્ચે એકસરખાં પરિણામ.

ધર્મના આરાધકને શ્રી જિનાજ્ઞા જીવ જેવી વહાલી હોય છે. માટે આજ્ઞા સાપેક્ષપણે થતી ધર્મારાધના સંવર અને નિર્જરા સ્વરૂપ છે.

મૂળ વાત જીવને શિવ બનાવવાની છે. તે શિવપદની આરાધના માટેનું શ્રેષ્ઠ પદ—એ સમ્યક્ ચારિત્રપદ છે.

આ પદની પણ, બાકીનાં આઠ પદોની જેમ સિદ્ધચક્રમાં સ્થાપના છે. માટે સિદ્ધચક્રનું ધ્યાન કરવાથી પોતે આ પદમય છે—એવું ભાન તથા જ્ઞાન જીવને થાય છે અને રાજવીપદ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચક્રવતી'પદ, વાસુદેવપદ આદિ બધાં પદો સરવાળે છૂટી જનારાં છે, તેનો પણ બોધ થાય છે.

જીવને સ્વ-સ્વરૂપથી બેધ્યાન બનાવનારા પદાર્થોમાં કંચન અને કામિની મુખ્ય છે. શરીર છૂટવા છતાં આ બે પદાર્થોનો રાગ નથી છૂટતો. તે રાગ જીવને સંસારમાં રઝળાવે છે.

માટે, આ બે પદાર્થોનો રાગ ઘટાડવા માટે શ્રી વીતરાગ પરમાત્મા અને તેમના સાધુની ભક્તિ તેમજ સેવા કરવાનાં છે.

શરીરથી થતી ક્રિયા, એ ધર્મક્રિયા ત્યારે બને છે, જ્યારે તે ક્રિયા સમયે મન આત્મશુદ્ધિનું પક્ષકાર બને છે. શુદ્ધ આત્માના ઉપયોગવાળું બને છે.

માટે જ્ઞાનીઓએ ક્રિયાને કર્મ કહ્યું છે. અને ક્રિયા સમયે થતા મનના પરિણામ અનુસાર કર્મબંધ કહ્યો છે.

અશુભ કર્મનો બંધ જડ પદાર્થોના રાગથી બંધાય છે. શુભ કર્મોનો બંધ મૈત્રી આદિ શુભ ભાવપૂર્વક ક્રિયા કરવાથી પડે છે.

શુભ કર્મનો બંધ એ પણ એક પ્રકારનો બંધ છે—એમ કહીને તેની ઉપેક્ષા ન કરશો.

**મન મૈત્રી આદિ શુભ ભાવો વડે પુષ્ટ થયા પછી જ શુદ્ધ આત્મ-પરિણામી બનવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે.**

મોહનું કેવું પ્રચંડ પ્રભુત્વ આત્મા ઉપર છે, તે વિચારશો તો તમને તેને ક્ષીણ કરનારા મૈત્ર્યાદિ ભાવોનું ઉપકારક મૂલ્ય સમજાશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાત–દિવસ 'હું,' ને હું" ને જ આગળ રાખીને જીવનારા જીવોને 'તુ" નો વિચાર કોણ નથી કરવા દેતો? કહોકે મોહ; જાત પ્રત્યેનો ગાઢ રાગ, પુદ્ગલાસક્તિ. તેને એક ઝાટકે નાબૂદ કરવાની વાત અપેક્ષાએ સાચી હોવા છતાં, સર્વ જીવો માટે તે શક્ય નથી.

એટલે, શ્રી જિનેશ્વરદેવે સર્વ જીવોનું હિત ચિંતવવામાં જીવ પ્રવીણ બની શકે, તે હેતુને ધ્યાનમાં રાખીને ગુણસ્થાનક અનુસાર આરાધના કરવાનું ફરમાવ્યું છે.

શ્રાવક તેની કક્ષા અનુસાર ધર્મ આરાધે અને સાધુ તેની કક્ષા અનુસાર ધર્મ આરાધે, તેમાં શ્રી જિનાજ્ઞાનું બહુમાન છે.

જ્યાં જેટલા પ્રમાણમાં ધર્મની આરાધના છે, આત્માના શુદ્ધ સ્વભાવની આરાધના છે, ત્યાં તેટલા પ્રમાણમાં સચ્ચારિત્ર છે.

છતાં વેષની જરૂર એટલા માટે છે, કે શ્રી જિનેશ્વરદેવે પણ વેષ ધારણ કર્યો હતો. પોતે જાણતા હોય છે, કે આ ભવમાં જ મારો મોક્ષ છે, છતાં પણ વેષ ધારણ કરે છે.

મનમા પરિણામને સુધારવામાં તેમજ બગાડવામાં વેષનું પણ આગવું એક સ્થાન છે. વેષની તથા પ્રકારની અસરથી સર્વથા પર તો લોકોત્તર પુરુષો જ રહી શકે છે, બધા જીવો નહિ.

જીવો સાધુવેષ જોઇને પણ સાધુતા માટેના સંસ્કારને પામે—એવું કરુણાવંત ભગવંતોએ જોયું છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેષ બીજાને ઉપકારક છે, તેમ પોતાને પણ ઓછો ઉપકારક નથી.

સ્વધર્મથી ભ્રષ્ટ થયેલા સૈનિકનો ગણવેશ તરત પાછો લઈ લેવામાં આવે છે, તે હકીક્ત વેષનું મહત્ત્વ બતાવે છે.

વેષ સાધુનો હોય અને વિચાર શઠનો હોય, તો તે ખોટું. તેમ છતાં તે વેષ રાજર્ષિ પ્રસન્નચંદ્રને તારવામાં નિમિત્તભૂત બની ગયો, તેમ બીજાને પણ ઉપકારક નીવડે છે.

માટે વ્યવહારમાં બોલાય છે, કે દેશ છોડો તો પણ વેષ ન છોડશો.

મેં ધારણ કરેલા વેષની ઈજ્જત મારે કરવાની છે, એવું નહિ સમજતો સૈનિક સૈનિકધર્મ નથી બજાવી શકતો, સાધુ સાધુધર્મ નથી બજાવી શકતો.

ચારિત્રનું બીજું નામ સંયમ છે.

સંયમના ૧૭ ભેદ છે.

પાંચ આશ્રવનો ત્યાગ, પાંચ ઇન્દ્રિયોને વશમાં રાખવી, ચાર કષાયનો ત્યાગ કરવો અને ત્રણ ગુપ્તિનું પાલન કરવું.

અશુભ વિચાર–વાણી–વર્તનના સર્વ પ્રકારના હુમલાઓ ખાળવાની અદ્ભુત શક્તિ, આ પ્રકારના સંયમમાં છે.

મનનું આત્મામાં વિલીનીકરણ કરવાની અપૂર્વ પ્રીતિ આ રીતના સંયમ–પાલનથી પ્રગટે છે.

શ્રાવકને બાહ્યાભ્યંતર નિર્ગ્રંથતાના મનોરથ હોય છે. તેવા મનોરથ હોવા તે આત્મપ્રીતિની નિશાની છે. કારણ કે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા સ્વભાવે કરીને નિગ્રંથ છે, કોઇ ગ્રંથિ તેના શુદ્ધિ સ્વભાવને નથી.

એટલે ગ્રન્થિભેદનું અપાર મહત્ત્વ છે.

રેશમના દોરાની ગાંઠ કરતાં પણ આ ગ્રન્થિ વધુ જટિલ છે. હજારો શરીર અગ્નિમાં બળવા છતાં આત્મામાં નીર-ક્ષીર ન્યાયે મળી ગયેલી આ ગ્રન્થિ બળીને ખાખ થતી નથી.

તેને ખાખ કરવાની તાકાત નિર્ગ્રન્થતાની આગમાં છે. નિર્ગ્રન્થતાની આગ પરમ નિર્ગ્રન્થ પરમાત્માની ભક્તિથી પ્રગટે છે. નિર્ગ્રન્થ એવા મહાન આત્માઓની સેવા કરવાથી પ્રગટે છે.

સાચી નિર્ગ્રન્થતામાં મનનો નિવાસ તે જ સચ્ચારિત્ર છે.

જ્યારે કશું પણ થવાની ઇચ્છા—એ ગ્રન્થિ છે. એ જ ભવનું બીજ છે. વિદ્યમાન એવા આત્માને જીવવાને બદલે, નથી તે ઇચ્છાઓને જીવવાથી આત્મા ભુલાય છે, અને ભૂલવા જેવા વિષયો જીવંત બનીને આત્માને પોતાના કબજે લે છે. તેને જ જ્ઞાનીઓએ સંસાર-ભ્રમણ કહ્યું છે.

મનના ભમરાને પૂછો કે તને કયું ફૂલ ગમે છે. તમારા મનને વીતરાગનું ફૂલ ગમવું જોઇએ. ત્યાં જે સુવાસ છે તેમાં આત્માને ભવ-વાસમાંથી મુક્ત કરવાની તાકાત છે.

પરમાત્માના નિર્વ્યાજ સ્નેહનું જે મહાકાવ્ય, તે જ વીત-રાગતા છે, સચ્ચારિત્ર છે. સચ્ચિદાનંદમય સ્વરૂપની પ્રાપ્તિની પાકી પ્યાસ, તે જગાડે છે.

સચ્ચારિત્રપદનો વર્ણ ઉજ્જવળ છે. આત્મા ખરેખર જેવો છે, તેનું જ પ્રણિધાન આ વર્ણે તેની આરાધના કરવાથી રહે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પદની આરાધનામાં ૭૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો, ૭૦ પ્રદક્ષિણા દેવી, ૭૦ ખમાસમણાં દેવાં, ૭૦ સાથીઆ કરવા, 'ૐ હ્રીં નમો ચારિત્તસ્સ' પદની ૨૦ નવકારવાળી ગણવી.

આ ચારિત્રપદની આરાધના કરીને ભાવયતિ શ્રી શિવકુમારે કેવી રીતે આત્મ-કલ્યાણ સાધ્યું તે હવે સાંભળો :

પૃથ્વીતલને પાવન કરતા શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીજી વૈભારગિરિ પર પધાર્યા એટલે મહારાજા શ્રેણિક ખૂબ ઉત્સાહપૂર્વક ત્યાં પહોંચ્યા. પ્રભુને વિધિપૂર્વક વંદન કરીને દેશના સાંભળવા બેઠા.

પ્રભુજીની દેશના-સભામાં પશુ-પંખીઓની સાથે દેવ-દેવીઓ પણ આવે છે.

આ દેવોમાં અધિક કાન્તિવાળા એક દેવને જોઇને મહારાજા શ્રેણિકને તેનું જીવન જાણવાની ઇચ્છા થઈ. એટલે દેશના પૂરી થતાં શ્રેણિકે પ્રભુને વિનયપૂર્વક પૂછ્યું : હમણાં જે દેવ પોતાની ચાર દેવીઓ સાથે અહીંથી રવાના થયો તે અધિક કાન્તિવાળો છે, તેનું શું કારણ ?

સર્વજ્ઞ ભગવંતે કહ્યું : હે મહાનુભાવ ! એ વિદ્યુન્માલી નામનો દેવ છે. તેણે પૂર્વભવમાં બાર વર્ષ સુધી છઠ્ઠના તપના પારણે છઠ્ઠ કરીને ભાવ સાધુ તરીકેનું જીવન ગાળ્યું હતું. તેના પ્રભાવે તે અધિક કાન્તિવાળો છે.

એટલે શ્રેણિકને તે દેવના પૂર્વભવને જાણવાની ઇન્તેજારી થઈ. તેથી સર્વજ્ઞ પરમાત્માએ તે ભવનું વર્ણન કર્યું :

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે દેવનો આત્મા પૂર્વભવે પશ્ચિમ મહાવિદેહમાં આવેલ પુષ્કલાવતી નામની વિજયમાં આવેલી પુંડરીકિણી નગરીમાં વજ્રદત્ત ચક્રવર્તીની પટરાણી યશોધરાની કૂખે પુત્રપણે જન્મ્યો હતો.

યોગ્ય શિક્ષણ તથા સંસ્કાર વડે ઘડાયેલો કુમાર પુખ્ત વયનો થયો એટલે ચક્રવર્તીએ શીલ–સંસ્કાર સંપન્ન રાજકન્યા સાથે તેને પરણાવ્યો.

એક સાંજે કુમાર મહેલના ઝરૂખામાં બેસીને સંધ્યાની શોભા જોઇ રહ્યાં છે. ત્યાં થોડી વારમાં કાળાં વાદળાં ચઢી આવ્યાં, વીજળી ઝબકવા લાગી. જોરદાર પવન વાવા લાગ્યો. વરસાદ તૂટી પડે તેવું વાતાવરણ થઈ ગયું. પણ બીજી જ ક્ષણે પ્રતિકૂળ પવન વાતાં વાદળાં વિખેરાઈ ગયાં. દિશાઓ ચોખ્ખી થઈ ગઈ.

આ દૃશ્યથી કુમારના મનમાં વૈરાગ્ય પેદા થયો. સંસારનું સ્વરૂપ કેવું અસ્થિર છે, તે સ્પષ્ટપણે પ્રતીત થયું. ઘડી હર્ષ, ઘડી શોક, ઘડી લાભ, ઘડી નુકસાન વગેરે સ્વરૂપ સંસારમાંથી તેનું મન ઊઠી ગયું, અને જે પદાર્થ તે બધા દ્વન્દ્વોથી પર છે, તે આત્મામાં જઇ વસ્યું.

એટલે, તેણે એક ચક્રવર્તીના પાટવી પુત્રના વૈભવને હસતા મોંએ છોડી દઈને, હર્ષપૂર્વક દીક્ષા લીધી. પર–પદાર્થોનો ત્યાગ કરીને આત્માને અંગીકાર કરવાનાં મહાવ્રતો ઉચર્યાં.



For Private and Personal Use Only

ગુરુએ તેમનું નામ સાગરદત્ત રાખ્યું. ગુરુઆજ્ઞામાં રહીને સાધુપણું પાળતા મુનિને અવધિજ્ઞાનની પ્રાપ્તિ થઇ.

અનેક જીવોને ધર્મ પમાડતા સાગરદત્ત મુનિરાજ અપ્રમત્તપણે વિહાર કરતા એકવાર પુષ્કલાવતી વિજયમાં આવેલ વીતશોકા નગરીમાં પધાર્યા.

આ નગરમાં પદ્મરથ નામનો ન્યાયનિષ્ઠ રાજા રાજય કરતો હતો. તેને વનમાળા નામની પટરાણી હતી. રાણીએ યોગ્ય કાળે એક પુત્રને જન્મ આપ્યો.

પુત્રજન્મની ખુશાલીમાં રાજાએ મોટો મહોત્સવ કર્યો. પુત્રનું નામ શિવકુમાર રાખ્યું.

શિવકુમારમાં એના નામ પ્રમાણે ગુણો હતા. યોગ્ય વિદ્યાગુરુ પાસે અભ્યાસ કરતાં થોડાંક વર્ષોમાં તે ગણિત, ન્યાય, વ્યાકરણ, ગીત–કવિતા આદિ વિદ્યાઓમાં નિપુણ બન્યો.

જોનારને હર્ષ પમાડે તેવી શિવંકર આકૃતિવાળો પોતાનો પુત્ર પુખ્ત વયનો થયો એટલે પદ્મરથ રાજાએ તેને યોગ્ય કુળ અને સંસ્કારવાળી રાજકન્યાઓ સાથે પરણાવ્યો.

રસરહિતપણે સંસારમાં રહેલા શિવકુમારના સારા નસીબે વીતશોકા નગરીમાં પધારેલા મુનિરાજને જોવાની ઈચ્છા થઈ, તેથી તે તેમના દર્શને ગયો.

શિવકુમારને મુનિરાજ ગમી ગયા. પહેલી નજરે તે તેમના પ્રભાવ નીચે આવી ગયો, એટલો કૂણો એનો આત્મા હતો.

કુમારની યોગ્યતા અનુસાર સાગરદત્ત મુનિરાજે તેને ધર્મોપદેશ આપ્યો. તત્ત્વનું સ્વરૂપ સમજાવ્યું. જીવદયનો મર્મ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજાવ્યો. સંસાર શા માટે છોડવા જેવો છે અને સંયમ શા માટે સ્વીકારવા જેવો છે, તે બરાબર સમજાવ્યું.

વિનય ગુણવાળા શિવકુમારના મનમાં આ ઉપદેશ વસી ગયો. તેને ચારિત્ર લેવાની ભાવના થઈ.

રાજમહેલે પાછા ફરીને તેણે પોતાની આ ભાવના માતા-પિતાને જણાવી. પણ, તેમણે તેને દીક્ષા લેવાની રજા ન આપી.

પોતાના પુત્ર-પુત્રીને દીક્ષા લેવાની રજા આપવા બાબતમાં ઉદાસીનતા સેવવી—એ પણ ભવ પ્રત્યેના રાગની નિશાની છે.

પોતાનો પુત્ર યા પુત્રી સચ્ચારિત્રવંત બનીને જગતના જીવોને શાતાપ્રદ જીવન જીવે, તે સારું કે ઘરમાં રહીને રાગ-દ્વેષાદિ દોષોની પગચંપી કરે તે સારું? દીક્ષામાં દેવાધિદેવની આજ્ઞા પાળવાનો ધન્ય અવસર મળે છે. જ્યારે સંસારમાં મોહની ગુલામી કરવી પડે છે.

છતાં સંતાનો પ્રત્યેના એકદેશીય રાગને કારણે માતા-પિતા તેમને દીક્ષા લેવાની રજા આપવામાં ઊણાં ઊતરે છે. તેમ અહીં પણ રાજા-રાણીએ શિવકુમારને દીક્ષા લેવાની રજા ન આપી.

તેથી વૈરાગ્યવાસિત હૈયાવાળો શિવકુમાર ઘરમાં રહીને સાધુને છાજતું પવિત્ર જીવન જીવવા લાગ્યો. જળમાં નિર્લેપ રહેતા કમળની જેમ રાજમહેલની સમૃદ્ધિ વચ્ચે નિર્લેપ રહીને આત્માને આરાધવા લાગ્યો. હાથી, ઘોડા, ઝવેરાત અને ગુણરૂપ-વતી પત્નીઓમાં તેને રાગ ન રહ્યો. એવો વિશિષ્ટ તેનો વૈરાગ્ય હતો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈરાગ્ય વિકાસ પામે છે એટલે પૌદ્‌ગલિક રાગને નાસી જવું પડે છે.

પોતાનાં માતા-પિતા પ્રત્યે જરા પણ દ્વેષ રાખ્યા સિવાય શિવકુમાર ઘરમાં રહીને સાધુપણાના અંગભૂત તપપૂર્વક ધર્મની આરાધના કરવા લાગ્યો.

કુમારનું તપ-શૂરાતન જોઇને રાજારાણી સચિંત બન્યાં.

આ વાત તેમણે નગરીના એક દઢધર્મી શ્રાવકને કરી. અને કુમાર ભોજન લેતો થાય, તે રસ્તો શોધી કાઢવાનું કહ્યું.

શ્રાવકે વાત સાંભળીને રાજાને કહ્યું : આપ કુમારની ચિંતા છોડી દો. હું તેમને આહાર વાપરવા માટે સમજાવી શકીશ.

બીજા દિવસે શ્રાવક કુમારને મળવા માટે ગયા. શિવકુમાર સામાયિકમાં બેઠા હતા. એટલે તેની અદબ જાળવીને શ્રાવક એક સ્થાને શાંતભાવે ઊભા રહ્યા.

શિવકુમારે સામાયિક પાર્યું એટલે દઢધર્મી શ્રાવકે તેમને ઉચિત આદરપૂર્વક સુખશાતા પૂછી.

એટલે શિવકુમારે કહ્યું : હું તેવા સન્માનને પાત્ર નથી. હજી દીક્ષા લેવાનું મારું ભાગ્ય ઉઘડ્યું નથી.

તે સાંભળીને શ્રાવકે કહ્યું : તમારી સમગ્ર દિનચર્યા ભાવ-યતિપણાને અનુરૂપ છે. એવું તમારા પિતા પાસેથી જાણ્યા પછી મેં આપને સુખશાતા પૂછી છે.

પણ મને સાચી સુખશાતા ચારિત્ર ગ્રહણ કરીશ ત્યારે મળશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિવકુમારની ભાવનાની અનુમોદના કરીને દૃઢધર્મી શ્રાવક બોલ્યા : ભાગ્યશાળી ! સાંભળ્યું છે કે આપ આહાર નથી લેતા. તે જો સાચું હોય તો બરાબર ન ગણાય.

શિવકુમારે કહ્યું : અહીં મને નિર્દોષ આહાર નથી મળતો એટલે હું આહાર નથી લેતો.

શ્રાવકવર્ય બોલ્યા : નિર્દોષ આહારની વ્યવસ્થા હું કરીશ. પણ તમારે શરીર પાસેથી ધર્મનું કામ કઢાવવા માટે આહાર તો લેવો જોઇએ.

શિવકુમારે દૃઢધર્મીની વાત સ્વીકારી લીધી. દૃઢધર્મી તેમને પારણાના દિવસે નિર્દોષ આહાર મોકલવા લાગ્યા.

દોમદેમ સાહ્યબી પણ જેમના મનને આંબી ન શકી, જેમના હૃદયમાં સંસારનો રાગ પેદા ન કરી શકી, કામ જેમને અડી ન શકયો, તે સત્ત્વશાળી શિવકુમારે બાર વર્ષ સુધી છઠના પારણે છઠ કર્યા, અને ભાવ-યતિ જેવું જીવન વિતાવ્યું.

કથા પૂરી કરતાં શ્રમણ ભગવાને કહ્યું; કે આયુષ્ય પૂરું થતાં તે શિવકુમારનો આત્મા સમાધિપૂર્વક શરીર છોડીને વિદ્યુન્માલી નામના દેવ થયા, તે આ દેવ છે.

આવા ચારિત્રની પાત્રતા જિનભક્તિ દ્વારા આવે છે.

સાચી ભક્તિ એ સચ્ચારિત્રનું અંગ છે.

સાચી જિનભક્તિ એટલે શ્રી જિનરાજને પ્રિયતમ ગણીને આરાધવા તે.

For Private and Personal Use Only

ચારિત્રપદના વર્ણનમાં ચારિત્રનું, ચારિત્રના પ્રભાવનું, આત્મ-ચારિત્રનું, આત્માના શુદ્ધ સ્વભાવના પ્રભાવનું, સમભાવનું, પરમ સામાયિક યોગનું જે માર્મિક સ્વરૂપ છે, તેનો સાર એ છે કે,

ત્રિભુવનપતિ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા અસ્થિમજ્જાવત્ બનાવવી તે. રાજરાજેશ્વર ચેતનરાજનું પૂર્ણતયા જતન કરવું તે. શ્વાસોચ્છ્વાસને સમભાવ વડે રસવા તે. તેનો પ્રારંભ નાનાં મોટાં વ્રત-નિયમ લઈને, અણિશુદ્ધપણે તેનું પાલન કરવાથી થાય છે. વ્રત-નિયમ લેવાની વૃત્તિ, પંચમહાવ્રતધારી ભગવંતોની પુણ્ય-નિશ્રાનું પ્રેમપૂર્વક સેવન કરવાથી થાય છે.

આ વિશ્વમાં સાચો શૂરવીર તે છે, જે વિશ્વકાજે ઘરને સ્વેચ્છાએ-પ્રસન્નતાપૂર્વક છોડી શકે છે.

નાના ઘર અને નાનકડા કુટુંબનો ત્યાગ, અને મોટા ઘર અને મોટા કુટુંબનો સ્વીકાર, ભાગવતી દીક્ષા લેવાથી થાય છે.

આ શાસનમાં મુક્તિ પણ સ્વ-પર સાપેક્ષ છે, તો ચારિત્ર સ્વ-પર સાપેક્ષ હોય, તે સ્વભાવિક છે.

મતલબ કે એક આત્મા મુક્તિ પામે છે એટલે અનેક આત્માઓની મુક્તિનો માર્ગ મોકળો બને છે. તેમ એક આત્મા ચારિત્ર ગ્રહણ કરે છે, તેના પ્રભાવે અનેક આત્માઓ સચ્ચારિત્રની ભાવનાવાળા બને છે.

ચારિત્ર એ પૂર્ણ વીરત્વનો માર્ગ છે.

દેશવિરતિપણું એ મંદ વીરત્વનો માર્ગ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માર્ગાનુસારી એ વીરતાનો માર્ગ છે.

ત્રણ સંધ્યાએ સિદ્ધશિલાનું ધ્યાન કરવાથી સચ્ચારિત્રના પરિણામ પાકે છે. કાચી માટીના ઘડા જેવો સંસાર જીવને મૂંઝવી શકતો નથી.

આત્માને પૂર્ણપણે અપનાવવો તે શ્રેષ્ઠ સચ્ચારિત્ર છે.

દુનિયા અને દેવલોકના સુખના આશયપૂર્વક ચારિત્ર ગ્રહણ કરવું, તેમજ પાળવું, તે સોના સાટે સેવ ખરીદવા જેવો ખોટનો સોદો છે.

દેશ અને કાળના નામે વિશ્વહિતકર સાધુતાના જતનમાં શિથિલ બનવું, તે આજ્ઞા–દ્રોહ છે. કારણ કે આજ્ઞા કરનારા વિશ્વપતિ છે. એટલે તેમની આજ્ઞાનો દ્રોહ કરનારને ઘણી મોટી સજા ખમવી પડે છે,

આજ્ઞાની વિરાધના કરનાર સાધુને જે સજા થાય, તેના કરતાં ઓછી સજા આજ્ઞાનો દ્રોહ કરનાર શ્રાવકને થાય, કારણ કે સાધુનું પદ તેમજ જવાબદારી બંને ઉચ્ચ પ્રકારનાં છે, એટલે ઉંચે ચઢેલો જો ગબડે તો વધુ નીચે પડે, એ ન્યાયે આજ્ઞાદ્રોહી સાધુને વધુ સજા થાય

આ સજા એ નિસર્ગના મહાશાસનના અકાટ્ય ન્યાયનું અંગ છે.

ચારિત્રવંતને નિસર્ગનું મહાશાસન અર્થાત્ ધર્મ મહાસત્તા સદા અનુગ્રહરુપ સહાય કરે છે. તેમ તેનો અપલાપ કરનારને નિગ્રહરૂપ સજા કરે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમનાં ચારિત્ર નિર્મળ છે, તે શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોની ભક્તિ જેમ શ્રી નવકારથી થાય છે, તેમ શ્રી સિદ્ધચક્રથી પણ થાય છે.

સઘળી આરાધનાનો સાર નિર્મળ ચારિત્ર છે.

ચારિત્ર વિના મુક્તિ નહિ, એ શ્રી જૈનશાસનનું સૂત્ર છે.

લોકમાં ચારિત્રવંત પૂજાય છે.

મન-વચન-કાયાને આત્માનુકૂળ બનાવવાથી સચ્ચારિત્રવંત બનાય છે.

આત્માના શુદ્ધ સ્વભાવને ધર્મ કહે છે. તે ધર્મ જેનો પ્રાણ છે, તે સચ્ચારિત્રવંત છે. કારણ કે તેના ચરિત્રમાં ચોખ્ખા આત્માનું ચોખ્ખું ચિત્ર ઉપસે છે.

ભાવ-ચારિત્ર માટે દ્રવ્ય-ચારિત્ર જરૂરી છે, દ્રવ્ય-ચારિત્ર એ દેહ છે, તો ભાવ-ચારિત્ર એ આત્મા છે. બંનેનું પોતપોતાના સ્થાને એક સરખું મહત્ત્વ છે. બેમાંથી એકની પણ ઉપેક્ષા કરવાથી શ્રી જિનાજ્ઞાની વિરાધના થાય છે.

વાયુને વશ કરવાની શક્તિવાળા મહાપુરુષોએ પણ દ્રવ્ય-ચારિત્રની અવગણના નથી કરી. પણ તે અંગીકાર કરીને ભાવ-ચારિત્રવંત બન્યા છે.

આ ચારિત્રપદની આરાધના કરીને તમે પણ અક્ષય સુખના ભાગી બનો ! આત્માને નિર્મળ બનાવીને અખંડ શાન્તિ પ્રાપ્ત કરો ! શાશ્વત સુખના સ્વામી બનો !

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આઠમા દિવસની આરાધના

**પદ**–શ્રી ચારિત્ર
**વર્ણ**–સફેદ, આયંબિલ એક ધાન્ય ચોખાનું
**નવકારવાલી**–વીશ. ૐ હ્રીં નમો ચારિત્તસ્સ.
**કાઉસ્સગ્ગ**–૭૦ લોગસ્સ.
**સ્વસ્તિક**–૭૦
**પ્રદક્ષિણા તથા ખમાસમણાં**–૭૦

## ખમાસમણાનો દુહો—

જાણુ ચારિત્ર તે આતમા, નિજસ્વભાવમાં રમતો રે
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે.
વીર જિનેશ્વર ઉપદિશે, તમે સાંભળજો ચિત્ત લાઈરે
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર૦ ૧

## ચારિત્રપદના ૭૦ ગુણ.

૧ પ્રાણાતિપાતવિરમણરૂપચારિત્રાય નમઃ
૨ મૃષાવાદવિરમણરૂપચારિત્રાય નમઃ
૩ અદત્તાદાનવિરમણરૂપચારિત્રાય નમઃ
૪ મૈથુનવિરમણરૂપચારિત્રાય નમઃ
૫ પરિગ્રહવિરમણરૂપચારિત્રાય નમઃ
૬ ક્ષમાધર્મરૂપચારિત્રાય નનઃ
૭ આર્જવધર્મરૂપચારિત્રાય નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ મૃદુતાધર્મરૂપચારિત્રાય નમઃ
૯ મુક્તિધર્મરૂપચારિત્રાય નમઃ
૧૦ તપોધર્મરૂપચારિત્રાય નમઃ
૧૧ સંયમધર્મરૂપચારિત્રાય નમઃ
૧૨ સત્યધર્મરૂપચારિત્રાય નમઃ
૧૩ શૌચધર્મરૂપચારિત્રાય નમઃ
૧૪ અકિંચનધર્મરૂપચારિત્રાય નમઃ
૧૫ બ્રહ્મચર્યધર્મરૂપચારિત્રાય નમઃ
૧૬ પૃથ્વીરક્ષાસંયમચારિત્રાય નમઃ
૧૭ ઉદકરક્ષાસંયમચારિત્રાય નમઃ
૧૮ તેજોરક્ષાસંયમચારિત્રાય નમઃ
૧૯ વાયુરક્ષાસંયમચારિત્રાય નમઃ
૨૦ વનસ્પતિરક્ષાસંયમચારિત્રાય નમઃ
૨૧ દ્વીન્દ્રિયરક્ષાસંયમચારિત્રાય નમઃ
૨૨ ત્રીન્દ્રિયરક્ષાસંયમચારિત્રાય નમઃ
૨૩ ચતુરિન્દ્રિયરક્ષાસંયમચારિત્રાય નમઃ
૨૪ પંચેન્દ્રિરક્ષાસંયમચારિત્રાય નમઃ
૨૫ અજીવરક્ષાસંયમચારિત્રાય નમઃ
૨૬ પ્રેક્ષાસંયમચારિત્રાય નમઃ
૨૭ ઉત્પ્રેક્ષાસંયમચારિત્રાય નમઃ
૨૮ અતિરિક્તવસ્ત્રભક્તાદિપરિષ્ઠાપનત્યાગરૂપસંયમચારિત્રાય નમઃ
૨૯ પ્રમાર્જનરૂપસંયમચારિત્રાય નમઃ
૩૦ મનઃસંયમચારિત્રાય નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૧ વાક્સંયમચારિત્રાય નમઃ
૩૨ કાયસંયમચારિત્રાય નમઃ
૩૩ આચાર્યવૈયાવૃત્યરૂપસંયમચારિત્રાય નમઃ
૩૪ ઉપાધ્યાયવૈયાવૃત્યરૂપસંયમચારિત્રાય નમઃ
૩૫ તપસ્વિવૈયાવૃત્યરૂપસંયમચારિત્રાય નમઃ
૩૬ લઘુશિષ્યાદિવૈયાવૃત્યસંયમચારિત્રાય નમઃ
૩૭ ગ્લાનસાધુવૈયાવૃત્યરૂપસંયમચારિત્રાય નમઃ
૩૮ સાધુવૈયાવૃત્યરૂપસંયમચારિત્રાય નમઃ
૩૯ શ્રમણોપાસકવૈયાવૃત્યરૂપચારિત્રાય નમઃ
૪૦ સંઘવૈયાવૃત્યરૂપચારિત્રાય નમઃ
૪૧ કુલવૈયાવૃત્યરૂપચારિત્રાય નમઃ
૪૨ ગણવૈયાવૃત્યરૂપચારિત્રાય નમઃ
૪૩ પશુપણ્ડગાદિરહિતવસતિવસનબ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ
૪૪ સ્ત્રી હાસ્યાદિવિકથાવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ
૪૫ સ્ત્રી–આસનવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ
૪૬ સ્ત્રી–અઙ્ગોપાઙ્ગનિરીક્ષણવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ
૪૭ કુડ્યન્તરસ્થિતસ્ત્રીહાવભાવશ્રવણવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ
૪૮ પૂર્વસ્ત્રીસંભોગચિન્તનવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ
૪૯ અતિસરસઆહારવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ
૫૦ અતિઆહારકરણવર્જનબ્રહ્મગુપ્તિચારિત્રાય નમઃ
૫૧ અંગવિભૂષાવર્જનબ્રહ્મચારિત્રાય નમઃ
૫૨ અનશનતપોરૂપચારિત્રાય નમઃ
૫૩ ઔનોદર્યતપોરૂપચારિત્રાય નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૪ વૃત્તિસંક્ષેપતપોરૂપચારિત્રાય નમઃ
૫૫ રસત્યાગતપોરૂપચારિત્રાય નમઃ
૫૬ કાયક્લેશતપોરૂપચારિત્રાય નમઃ
૫૭ સંલેષણાતપોરૂપચારિત્રાય નમઃ
૫૮ પ્રાયશ્ચિત્તતપોરૂપચારિત્રાય નમઃ
૫૯ વિનયતપોરૂપચારિત્રાય નમઃ
૬૦ વૈયાવૃત્યતપોરૂપચારિત્રાય નમઃ
૬૧ સ્વાધ્યાયતપોરૂપચારિત્રાય નમઃ
૬૨ ધ્યાનતપોરૂપચારિત્રાય નમઃ
૬૩ કાયોત્સર્ગતપોરૂપચારિત્રાય નમઃ
૬૪ અનન્તજ્ઞાનસંયુક્તચારિત્રાય નમઃ
૬૫ અનન્તદર્શનસંયુક્તચારિત્રાય નમઃ
૬૬ અનન્તચારિત્રસંયુક્તચારિત્રાય નમઃ
૬૭ ક્રોધનિગ્રહકરણચારિત્રાય નમઃ
૬૮ માનનિગ્રહકરણચારિત્રાય નમઃ
૬૯ માયાનિગ્રહકરણચારિત્રાય નમઃ
૭૦ લોભનિગ્રહકરણચારિત્રાય નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી તપપદનું સ્વરૂપ

घणकम्मतमोभर-हरण-भाणुभूयं दुवालसंगधरं,
नवरमकसाय तावं, चरह सम्मं तवो कम्मं.

**અર્થ** : ( હે ભવ્ય જીવો ! ) ગાઢ કર્મ રૂપી અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન, બાર ભેદયુક્ત, કષાયરૂપ તાપથી રહિત તપપદનું તમે સમ્યગ્ પ્રકારે આરાધના કરો.

તપ, નવ પદોમાં છેલ્લું પદ છે.

આ તપને સૂર્યની ઉપમા છે. ગાઢ કર્મોને અંધકારની ઉપમા છે.

સૂર્ય અને અંધકાર એક-બીજાના પ્રતિપક્ષી છે. જ્યાં સૂર્ય હોય ત્યાં અંધકાર ન હોય, જ્યાં અંધકાર હોય ત્યાં સૂર્ય ન હોય.

અંધકાર તમોપ્રધાન જીવનને ગમે છે.

સત્ત્વપ્રધાન જીવનને પ્રકાશ ગમે છે.

માટે ચોર, ઠગ, લૂંટારા વગેરેને અંધકાર ગમે છે, કારણ કે અંધકારમાં કાળાં કૃત્યો કરવામાં તેમને ફાવટ આવે છે.

આ અંધકારપ્રીતિ કાળા મનમાંથી જન્મે છે. મનની કાળાશ મલિન વિચારોમાંથી જન્મે છે. મલિન વિચારો અશુભ કર્મોમાંથી પેદા થાય છે.

આ અશુભ કર્મોને બાળવામાં તપ અગ્નિ સમાન છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગ્નિ સોનાને શુદ્ધ કરે છે, તેમ તપ આત્માને શુદ્ધ કરે છે.

આ તપના મુખ્ય બાર પ્રકાર છે. તેમાં છ પ્રકાર બાહ્ય તપના છે, છ પ્રકાર અભ્યંતર તપના છે :

(૧) અનશન, (૨) ઉણોદરી, (૩) વૃત્તિસંક્ષેપ, (૪) રસત્યાગ, (૫) કાયક્લેશ અને (૬) સંલીનતા–એ બાહ્યતપના છ પ્રકાર છે.

અનશન તપમાં ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો પડે છે. એક દિવસના ઉપવાસનો પણ આ તપમાં સમાવેશ થાય છે.

જીવને વળગેલી આહાર સંજ્ઞાનો નાશ તપ કરવાથી થાય છે.

ખાવું એ જીવનો મૂળ સ્વભાવ નથી. જો જીવ સ્થૂલ આહાર વડે જ ટકતો હોત, તો તેનું નામ જીવ ન હોત, પણ પણ જડ હોત.

એકાસણું, આયંબિલ, નીવી એ પણ તપનાં અંગભૂત છે.

ભૂખ કરતાં ઓછું ખાવું તેણે ઉણોદરી કહે છે. પેટ ભરીને જમવાથી પ્રમાદ વધે છે, પાચનતંત્ર ઉપર પ્રતિકૂળ અસર પડે છે. સ્ફૂર્તિ ઓછી થાય છે, ચિત્ત ભારે બને છે.

ઉણોદરી–તપ એ વાસ્તવમાં આત્માના અનાહારી સ્વભાવને આરાધવાનું એક અંગ છે.

કહેવાય છે કે જેનો આહાર ઓછો, તેની ઊંઘ ઓછી. જેની ઊંઘ ઓછી છે, તે ભાગ્યશાળી છે.

ઊંઘ અને આહાર—એ બેમાં પ્રીતિ પશુને હોય માણસને નહિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વેચ્છાએ કષ્ટ વહોરીને કષ્ટકારી કર્મોનો નાશ કરવાનો તપ -એ એક શ્રેષ્ઠ ઉપાય છે.

ભૂખ કરતાં ઓછું ખાવું, એ બાહ્ય ઉણોદરી તપ છે. તેમ પરપદાર્થોની ઇચ્છાઓને ઓછી કરવી—એ અભ્યંતર ઉણોદરી તપ છે. પૂર્ણ એવા પરમાત્માને પામવા આ તપ સહાય કરે છે.

ઉણોદરી તપ પછી વૃત્તિસંક્ષેપ તપ છે.

વૃત્તિસંક્ષેપ એટલે ઓછા દ્રવ્યથી ચલાવવું તે બાહ્ય વૃત્તિસંક્ષેપ. અભ્યંતર વૃત્તિસંક્ષેપ એટલે સાંસારિક પ્રવૃત્તિઓ ઘટાડવી તે. સાંસારિક પ્રવૃત્તિઓ ઘટાડીને ધાર્મિક વૃત્તિ પ્રવૃત્તિઓ વધારવાની છે.

આ માનવભવ સંસારની સેવા માટે નથી, પણ પરમાત્માની ભક્તિ માટે છે. આત્માને શુદ્ધ કરવા માટે છે. આત્માની શુદ્ધિ ધાર્મિક વિચાર-વાણી-વર્તનથી થાય છે.

ધાર્મિક પ્રવૃત્તિ તેને કહે છે; જે પ્રવૃત્તિથી સ્વપરનું આત્મહિત થાય છે, અને ચિત્ત સ્વાધીન રહે છે.

આજે તમને કઈ પ્રવૃત્તિમાં અધિક રસ છે? ધન કમાવાની પ્રવૃત્તિમાં કે ધર્મ કમાવાની પ્રવૃત્તિમાં? તે તમારી જાતને પૂછો.

ધનનો આધાર પણ ધર્મ છે, એ કદી ન ભૂલશો.

પ્રત્યેક સાંસારિક પ્રવૃત્તિના મૂળમાં ઐહિક સુખ પ્રાપ્ત કરવાની વૃત્તિ રહેલી હોય છે. તે વૃત્તિ ઘટાડવાથી જીવનો સંસાર ઘટે છે. જીવનો સંસાર વધારનારાં કર્મો ઘટે છે, તેમજ નવાં અશુભ કર્મો બંધાતાં અટકે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહિર્ભ્રમણને ટાળવા માટે બહિર્વૃત્તિ ઘટાડવી જ જોઈએ, તો જ આત્માનું દર્શન થાય.

અંદર રહેલા આત્માનો યોગ અંતર્મુખ બનવાથી થાય છે. તેવો યોગ વૃત્તિસંક્ષેપરૂપ તપ તપવાથી પરિપક્વ થાય છે.

રસ-ત્યાગ એ પણ તપનો એક પ્રકાર છે.

રસ-ત્યાગ એટલે છ પ્રકારની વિગઈના રસનો ત્યાગ.

વિગઈ એટલે વિકૃતિ.

મનના પરિણામને વિકૃત કરવામાં દૂધ, ઘી, તેલ, ગોળ વગેરે પદાર્થોમાંનો રસ મહત્ત્વનો ભાગ ભજવે છે.

આયંબિલના તપ રસ-ત્યાગની પરાકાષ્ઠા છે. આ તપમાં છએ પ્રકારની વિગઈનો ત્યાગ થાય છે.

ચૈત્ર અને આસો માસના અજવાળિયા પક્ષમાં શાશ્વતી ઓળીઓ આવે છે, તેના મૂળમાં આત્માને નિર્વિકારી બનાવવાની પરમ કરુણા રહેલી છે.

આ દિવસોમાં પ્રકૃતિમાંથી એટલો બધો રસ ઝરે છે, કે મત પૂછો વાત! એટલે આ દિવસો દરમ્યાન અધિક રસકસવાળા પદાર્થો વાપરનારનું આરોગ્ય બગડે છે, તેમજ વિચારો પણ બગડે છે.

માટે પરમ તારક પરમાત્માએ આ દિવસોની શ્રેષ્ઠ પ્રકારની આરાધના આયંબિલના તપપૂર્વક કરવા ફરમાવી છે.

કર્મોનો તાપ આત્માને દઝાડે છે, સદ્‌વૃત્તિને દઝાડે છે. ધર્મનો તાપ કર્મોને બાળી નાંખે છે. અસદ્‌ વૃત્તિઓને નિર્મૂળ કરે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપ એ ધર્મના અંગભૂત છે.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં પણ અહિંસા, સંયમ અને તપોમય ધર્મને ઉત્કૃષ્ટ મંગળકારી કહ્યો છે.

અધર્મનો નાશ કરવો—એ મુખ્ય બાબત છે. અધર્મનો નાશ કરવામાં તપ, જાજ્વલ્યમાન સૂર્ય સમાન છે.

તેમાં રસ-ત્યાગરૂપ તપનું આગવું સ્થાન છે.

આ તપ કહે છે કે, સંસારમાંથી, પાપ-વ્યાપારમાંથી, ઐહિક ઇચ્છાઓમાંથી, પૌદ્ગલિક સુખોમાંથી રસ ઘટાડો અને આત્માને સરસ બનાવનારા તપમાં રસ વધારો.

તપનાં સર્વ પાસાંઓનો તટસ્થપણે અભ્યાસ કરવાથી, તે કેટલો આત્મોપકારી છે તે સમજાય છે.

માટે સ્વયં શ્રી તીર્થંકર દેવો પણ તપ કરે છે.

ખાઉં ખાઉં કરતી ઇન્દ્રિયોને અંકુશમાં રાખવા માટે જીવનમાં તપ ખૂબ ખૂબ જરૂરી છે.

એકને કેરી જોઈને મોંમાં પાણી છૂટે છે, બીજાની આંખ અશ્રુભીની થાય છે. તો તે બેમાં ચઢિયાતો કોણ? કેરીના રસનો ગુલામ કે આત્મરસિક આત્મા?

કહો કે આત્મરસિક જીવ જ સર્વકાળમાં ચઢિયાતો છે.

જેની સત્તાનો સૂર્ય કદી આથમતો નથી, તે આત્મરાજને ભુલાવનારા સઘળા રસો, તત્ત્વતઃ ઝેર કરતાં પણ ઘાતક છે.

મનને આત્મરસિક બનાવ્યા સિવાય કોઈ જીવની મુક્તિ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. મનને આત્મરસિક બનાવવા માટે પર-પદાર્થોમાંના રસના ત્યાગરૂપ તપનું વિધાન છે.

રસત્યાગરૂપ તપ પછી કાયક્લેશ નામનો તપ આવે છે.

આ તપ દેહભાવ, દેહમૂર્ચ્છા ઘટાડવા માટે છે. દેહભાવ ઘટાડીને આત્મભાવ જગાડવા માટે છે.

શરીરમાં મારાપણાની બુદ્ધિ, એ મિથ્યાત્વ છે.

મારું તેને કહેવાય છે, કે જે મરણ પછી સાથે રહે. જ્યારે શરીર તો નાશ પામવાના સ્વભાવવાળું છે. તેમાં જેને મારાપણાની બુદ્ધિ છે, તે આત્માર્થી નથી.

તપના આંતર-બાહ્ય સ્વરૂપના યથાર્થ અભ્યાસ સિવાય તપ વિષે ઘસાતું બોલવું તેમાં યથાર્થ બુદ્ધિમત્તા નથી.

આ સંસાર કષ્ટમય છે જ, અને તેનો નાશ સ્વેચ્છાએ કષ્ટ સ્વીકારવાથી થાય છે.

અનિચ્છાએ પણ કષ્ટ સ્વીકારવા તો પડે જ છે. પણ ત્યારે સમભાવ નથી રહેતો. જ્યારે સ્વેચ્છાએ કષ્ટ સ્વીકારવાથી સમભાવ જળવાય છે.

કષ્ટ એ અશુભ કર્મની પેદાશ છે. તેના તરફ અણગમો બતાવવાથી તેની અસર ઓછી થવાને બદલે વધે છે. પણ જો તેને સમભાવે સહવામાં આવે તો તે નવા કર્મબંધનું કારણ ન બનતાં પાકીને ખરી પડે છે.

તપ એ કાયાને કષ્ટ આપવાનો એક પ્રકાર ખરો, પણ તે સ્વેચ્છાએ સ્વીકારેલો માર્ગ હોવાથી મનને આનંદ મળે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યવહાર દૃષ્ટિએ જોવા જઈએ તો દુનિયામાં કોઈ કાર્ય કષ્ટ સિવાય થતું નથી દેખાતું. પણ ઇષ્ટની પ્રાપ્તિ માટે ઉઠાવવું પડતું કષ્ટ જીવને કષ્ટકારી લાગવાને બદલે ઇષ્ટ લાગે છે.

ઇષ્ટાનિષ્ટ વિવેક એ માનવીના જાગૃત જીવનનું લક્ષણ છે.

શરીરનું આરોગ્ય બગડે છે એટલે માણસ વૈદ્ય યા દાક્તર પાસે જાય છે. તેમજ તે જે પરહેજી પાળવાનું કહે છે તે તે પાળે છે, કારણ કે તેને નીરોગી બનવું છે.

જ્યારે શ્રી જિનેશ્વર દેવ, એ ભવરૂપી રોગના પરમ વૈદ્યરાજ છે. આત્માને સર્વ કર્મોરૂપી રોગથી મુક્ત કરવાના ઇલાજોના પ્રકાશક છે. તે ઇલાજોમાં તપને પણ આગવું સ્થાન છે. એ તપમાં કાયાને કષ્ટ આપવાની વાત પણ છે.

કાયાની માયા-મમતા બહુ મુશ્કેલીથી છૂટે છે. એ મમતા મારક છે. મનના પરિણામને બગાડનારી છે. આત્મપરિણતિને અટકાવનારી છે.

એટલે સાધુ જ્યારે કેશનો લોચ કરાવતા હોય, ત્યારે તેઓ પ્રણિધાન આત્માના પ્રત્યેક પ્રદેશમાંથી કર્મોરૂપી કેશનો લોચ કરવા તરફ રાખેલું છે, તો જ તે કાર્ય પીડાકારી મટીને આનંદમયી બની જાય છે.

પગમાં કાંટો ભોંકાય છે, તો માણસના મોંમાંથી ઓયકારો નીકળી જાય છે. તેમ મનમાં દુર્વિચારની શૂળ ભોંકાય ત્યારે પણ ઓયકારો નીકળે તો માનવું કે તે મનમાં આત્મા વસ્યો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. જો ઓયકારો ન નીકળે તો માનવું, હજી ત્યાં દેહભાવ જામીને પડયો છે.

આ દેહભાવનું બીજું નામ પુદ્ગલાશક્તિ છે. તે આત્માને અશક્ત બનાવે છે.

માટે આત્માની શક્તિને જગાડનારા તપમાં શૂરાતન કેળવવાનું ફરમાન છે.

**જે કાય-રત છે તે કાયર કહેવાય છે.**

**જે આત્મ-રત છે તે મહા શૂરવીર ગણાય છે.**

તપનું શૂરાતન આત્માની શુદ્ધિ કરે છે એટલે સાચો તપસ્વી આત્મ-રતિવાન હોય છે.

કાયાને કષ્ટ પહોંચે એટલે લમણે હાથ દઈને ચિંતા કરવી, તે આત્માર્થીને અણછાજતું કાર્ય છે. એવો બોધ કાયક્લેશરૂપી તપમાંથી ગ્રહણ કરવાનો છે.

સંલીનતા એ પણ તપનો એક પ્રકાર છે.

સંલીનતા એટલે અંગોપાંગ સંકોચીને રહેવું.

અંગોપાંગ સંકોચીને રહેવાથી જીવદયાનું વિશેષ પાલન થાય છે.

આ તપથી દેહ પર આત્માનું પ્રભુત્વ સ્થપાય છે.

આ તપમાં પ્રવીણ પુરુષો હાથપગ લાંબા કરતાં પહેલાં પણ ખૂબ વિચાર કરે છે. કારણ કે જીવોથી ભરેલા આ લોકમાં તેમ કરવાથી જીવોની વિરાધનારૂપ હિંસા થાય છે.

અંગોપાંગ સંકોચીને રહેવાની સાથે મનને સંકોચવાનો બોધ આ તપમાં રહેલો છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનને સંકોચવું એટલે આત્મ બાહ્ય પદાર્થોમાંથી પાછું વાળીને આત્માના ચરણમાં સ્થાપવું.

આમ લાંબા-પહોળા થઈને શું બેઠા છો, જરા સંકડાઇને બેસો તો અમને પણ બેસવાની જગ્યા મળે—પ્રવાસીઓ આમ બોલતા હોય છે તે તમે જાણો છો.

તાત્પર્ય, પરને સહાયભૂત થવારૂપ ધર્મનું પાલન સંલીનતારૂપી તપ પાળવાથી થાય છે.

સ્વની લંબાઈ-પહોળાઈ વધારવી તે મિથ્યાત્વ છે, માટે ત્યાજ્ય છે, અને તેથી જ સર્વ જીવોના હિતના વિચારપૂર્વક જીવવું તે ધર્મ ગણાય છે.

આ તપના મૂલમાં ક્ષુદ્ર સ્વાર્થવૃત્તિનો નાશ કરીને અલૌકિક પરમાર્થવૃત્તિને ખિલવવાનો ભાવ છે.

એક ધર્મશાળાના ઓરડામાં ૧૦ માણસો રહી શકે તેટલી જગ્યા હોવા છતાં, તેમાં પહેલા દાખલ થઇ ગયેલા ચાર માણસો પણ બાકીના ૭ માણસો માટે જગ્યા ન આપે, તે ઘટના દુઃખદ કહેવાય.

સંલીનતારૂપી તપ આવી સ્વાર્થવૃત્તિનો સમૂળ નાશ કરે છે.

૭ પ્રકારના બાહ્ય તપનું આ સ્વરૂપ બરાબર સમજીને તેનું શક્તિ મુજબ પાલન કરવાથી અભ્યંતર તપ માટેની યોગ્યતા પ્રગટ થાય છે.

(૧) પ્રાયશ્ચિત, (૨) વિનય, (૩) વૈયાવચ્ચ, (૪) સ્વાધ્યાય, (૫) ધ્યાન, (૬) કાર્યોત્સર્ગ એ ૭ પ્રકાર અભ્યંતર તપના છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાહ્ય તપમાં કર્મોરૂપી કાષ્ઠને બાળવાની જે શક્તિ છે તેના કરતાં ઘણી વધારે શક્તિ અભ્યંતર તપમાં છે.

પણ બાહ્ય તપ સિવાય અભ્યંતર તપની ભૂમિકા ભાગ્યે જ પ્રાપ્ત થાય છે.

બાહ્ય તપ અગ્નિ સમાન છે, તો અભ્યંતર તપ પ્રકાશ સમાન છે.

એટલે કયારે પણ બાહ્ય તપની ઉપેક્ષા ન કરશો. તો જ અભ્યંતર તપને લાયક બનશો.

પ્રાયશ્ચિત્ત એ અભ્યંતર તપનો એક પ્રકાર છે.

પ્રાયશ્ચિત પોતે કરેલા અપરાધનું લેવાનું છે.

દેવ-ગુરુ યા વડીલ સમક્ષ નિર્દંભપણે પોતાના પાપને પ્રકાશીને-જાહેર કરીને ફરીથી તેવું પાપ નહિ કરવારૂપ પ્રાય-શ્ચિત્ત લેવું તે કામ અસાધારણ ધર્મ-શૂરાતનવાળું છે.

કોઈ પણ સંયોગોમાં પાપ છાવરવા જેવું નથી. પાપ કરીને તેને છાવરવું તે મહાપાપ છે.

વિચારવાનું એ છે કે માણસ પોતે કરેલા પાપને શા માટે છાવરે છે? એટલા જ માટે ને કે લોકમાં તે પાપી ન ગણાય?

તો પાપી ગણાવું જીવને પસંદ નથી છતાં તે અશુભ કર્મોના ઉદયે પાપ કરે છે.

તે કર્મોને બાળનારી પ્રચંડ આગરૂપ પ્રાયશ્ચિત્ત છે. પણ, જો તે હૃદયપૂર્વકનું હોય તો. કપટના પટ વગરનું હોય તો.

હૃદયમાં જ્યારે પાપ માટેના પસ્તાવારૂપી અગ્નિ પ્રજ્વલિત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. ત્યારે જ અધિકારી ગુરુજન સમક્ષ ઉપસ્થિત થઈને માણસ સાચું પ્રાયશ્ચિત લઈને ફોરો-ફુલ બની શકે છે.

પ્રાયશ્ચિત્તનો તાત્ત્વિક અર્થ એ છે કે ચિત્તને ફરીથી તે પાપ સાથે કદી ન જોડવું તે.

બાહ્ય તપ વડે તપીને શુદ્ધ થયેલ મન આવું પ્રાયશ્ચિત્ત લઈ શકે છે. તેમજ લીધા પછી તેનું યથાર્થપણે પાલન પણ કરી શકે છે.

અંદર રહેલા ચેતનરાજને કોઈ પ્રકારની અશુદ્ધિમાં રુચિ હોતી નથી. એટલે પાપમાં રુચિવાળા આત્માથી ગણાતા નથી. છતાં કર્મવશાત્ તેઓ પાપ કરી બેસે છે. એટલે વિષ્ટાથી ખરડાયેલા શરીરવાળો તરત જ જળાશયમાં કૂદકો મારે છે, તેમ તેવા પાપભીરુ આત્માઓ હજાર કામ પડતાં મૂકીને અધિકારી ગુરુમહારાજ પાસે દોડી જાય છે. ત્યાં જઈને નિષ્કપટભાવે પોતાનું પાપ જાહેર કરે છે અને ફરીથી તેવું પાપ નહિ કરવાની પ્રતિજ્ઞા લે છે.

પૈસા ખોઈને પસ્તાનારા માણસોમાં પણ પાપ કરીને પસ્તાનારા માણસો બહુ ઓછા હોય છે. કારણ કે તેવી શુદ્ધ બુદ્ધિ બધાની હોતી નથી.

બુદ્ધિને શુદ્ધ કરવામાં બાહ્ય તપ મહત્વનો ભાગ ભજવે છે.

શરીરની શુદ્ધિ શુદ્ધ જળથી થાય છે, મલિન જળથી નથી થતી; તેમ બુદ્ધિની શુદ્ધિ પણ નીતિની કમાઈના શુદ્ધ દ્રવ્યથી થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે શુદ્ધ સોનાના ચાહકોની દુનિયામાં શુદ્ધ આત્માના ચાહકો સંખ્યામાં ઓછા હોય તો પણ સૂર્ય-ચંદ્ર સમાન ગણાયા છે.

પ્રત્યેક પાપ મારા મનને દઝાડે છે, એવું સ્પષ્ટ સંવેદન તપોમય જીવનમાં જાગે છે. માટે અભ્યંતર તપ માટે બાહ્ય તપ પણ જરૂરી છે.

પોતે કરેલા પાપનો બચાવ કરવો તે ધર્મમહાસત્તાનો મોટો અપરાધ છે.

અમર્યાદ સત્તાશાળી આત્માને કલંકિત કરનાર પાપનો પક્ષ કરનારને લૌકિક તેમ જ લોકોત્તર-ઉભય ન્યાયતંત્ર સજા જ કરે છે. તે એમ બતાવે છે કે વિશ્વમાં ક્યારે પણ પાપનું સામ્રાજ્ય હોઈ શકે નહિ, તો પછી આપણા જીવનમાં પાપનું સામ્રાજ્ય આપણે શા માટે સ્થાપવું જોઈએ.

તેનો બોધ પ્રાયશ્ચિતરૂપી તપની પાવનકારી જ્વાળાઓમાંથી પ્રગટે છે.

વિનય-ગુણને પણ અભ્યંતર તપના અંગભૂત કહ્યો છે.

અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીમાં આ ગુણ પૂર્ણપણે પ્રગટ્યો હતો. માટે તેઓ દેવાધિદેવ શ્રી મહાવીર પ્રભુજીની પરમ કરૂણાને પાત્ર બનીને તરી ગયા.

એક બાળક પણ સમજી શકે તેવી વાત પ્રભુમુખે સાંભળવામાં તેમને અપૂર્વ જે આનંદ આવતો હતો. તેના મૂળમાં આ વિનયરૂપી તપ હતો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિનય એટલે વડીલોનો આદર કરવો તે, ગુરુજનોનું બહુમાન કરવું તે, આત્મોપકારી પુરુષોને હૃદયપૂર્વક સત્કારવા તે.

માનરૂપી કષાય પાતળો પડે છે, ત્યારે વિનયરૂપી ગુણ મનમાં પ્રગટે છે.

માનવીને પજવવામાં વધુમાં વધુ ભાગ માન ભજવે છે.

ગૌતમસ્વામીજીને પણ એક કાળે આ કષાય પજવી ચૂકયો હતો. પણ, દેવાધિદેવના પરમવાત્સલ્યના પ્રભાવે તેનો ઉચ્છેદ થયો અને શ્રી ગૌતમસ્વામીજીને શ્રી મહાવીર પ્રભુ ખરેખર મહાન હોવાનું સત્ય સ્પર્શ્યું હતું.

અવિનય એટલે ઉદ્દંડતા; ઉદ્દંડતા એટલે એક પ્રકારની પશુતા.

માનવ-મનમાં પશુતાને પોષવાથી માનવભવનું અવમૂલ્યન થાય છે.

વિનયગુણ સહેજમાં આવતો નથી. તે ગુણને પ્રગટ કરવા માટે પ્રથમ પોતાનાં ઉપકારી માતા-પિતાની સેવા કરવી પડે છે અને તે જ રીતે વયોવૃદ્ધ જનોનો આદર કરવો પડે છે. જ્ઞાનવૃદ્ધ પુરુષોને સત્કારવા પડે છે. અનુભવવૃદ્ધ જનોને સન્માનવા પડે છે.

રૂપ, જાતિ, કુળ, લક્ષ્મી, બળ, વિદ્યા વગેરે આઠ પ્રકારના મદ પૈકી કોઈ એક પણ મદરૂપી મદિરાના પાન વડે ઉન્મત્ત બનેલા મનમા વિવેકરૂપી ગુણ ટકી શકતો નથી.

વિનયને પાણીની ઉપમા છે. એટલે વિવેકી આત્મા પાણીની જેમ ગમે તેના હૃદયમાં પ્રવેશ પામે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રો કહે છે કે 'વિનય મૂલો ધમ્મો.'

અર્થાત્ ધર્મનું મૂળ વિનય છે.

વિનય વડે જ પરને સ્વતુલ્ય ભાવ આપી શકાય છે. તેમ જ પરમ વિનયગુણસંપન્ન શ્રી જિનેશ્વરદેવને સ્વાધિક ભાવ આપ્યા સિવાય ચેન પડતું નથી.

વિનયરૂપી તપ વડે જીવન લીલુંછમ રહે છે. મન પવિત્ર રહે છે, અહંકાર કાબૂમાં રહે છે. '**વનો વેરીને વશ કરે**' એવી જે કહેવત છે, તેનો અર્થ એ છે કે વિનયરૂપી તપ વડે શત્રુના હૃદયને પણ જીતી શકાય છે.

ગુરૂના વિનય કરનાર શિષ્ય અલ્પકાળમાં શાસ્ત્ર મર્મજ્ઞ બની શકે છે.

વિનયિનું મન માખણના પિંડ જેવું મૃદુ હોય છે. માટે વિનયીની વાણી ઘી જેવી હોય છે.

નવાં કર્મોને રોકવામાં અને જૂનાં કર્મોને નાબૂદ કરવામાં વિનયિરૂપી તપ સૂક્ષ્મ અગ્નિનું કામ કરે છે.

વિનયી માન-અપમાનથી પર હોય છે, નિન્દા-સ્તુતિને સમ ગણે છે. કોઈપણ જીવને તુચ્છકારતો નથી. કોઇ જીવને તુચ્છકારવારૂપ તુચ્છવૃત્તિ તેના મનના કોઇ પ્રદેશમાં હોતી નથી.

સવારમાં ઉઠીને પોતાનાં માતા-પિતાને પ્રણામ કરવા, દેવ-ગુરુની ભક્તિ કરવી, દીન-દુઃખીની વહારે ધાવું, કોઇનું પણ દિલ-દુભાય એવાં કટુ વચન કદી પણ ન કાઢવાં—એ વિનય-રૂપી તપ તપતા આત્માનાં બાહ્ય લક્ષણો છે. અને સર્વ જીવો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરફ સ્નેહ-પરિણામ હોવો તે વિનયી આત્માનું અભ્યંતર લક્ષણ છે.

આજના કાળમાં ઠેર ઠેર અવિનયના વાયરા વાય છે. ત્યારે વિનય-ગુણની વધુ જરૂર છે. તમે બધા વિનયવંત બનીને આત્મવિજય કરનારા બનો!

વિનયરૂપી તપ પછી વૈયાવચ્ચરૂપી તપ છે.

પોતાના ઉપકારી ગુરુ, પૂ. આચાર્યદેવ, ઉપાધ્યાય ભગવંત વગેરેની ભાવપૂર્વક સેવા કરવી, તેને વૈયાવચ્ચ કહે છે.

દીક્ષાપર્યાયમાં પોતાનાથી નાના, પણ સાધુ મહારાજ બિમાર પડે એટલે તેમની સેવા કરવી તે પણ વૈયાવચ્ચ છે.

ગૃહસ્થીપણામાં પોતાનાં માતાપિતા તેમ જ વડીલોની સેવા કરવામાં તત્પર માણસો જતે દિવસે સાચા વૈયાવચ્ચી બની શકે છે.

વિનયગુણ વડે માનનું દાન થાય છે. તો વૈયાવચ્ચરૂપી તપ વડે અહંભાવનું વિસર્જન થાય છે.

પુત્ર પિતાના પગ દાબે, પુત્રી માતાના પગ દાબે, પુત્રવધૂ પોતાની સાસુની ચાકરી કરે—એ સંસ્કાર આ દેશની પ્રજાના જીવનમાં હતો. આજે તુચ્છ અહંને પોષનારા વાતાવરણના પ્રભાવે આ સંસ્કાર મોળો પડયો છે. માટે, ભણેલો કહેવાતો પુત્ર અભણ કહેવાતા પોતાના પિતાના પગ દાબતાં સંકોચાય છે, લાઘવતા અનુભવે છે. તેમાં પોતાના ગૌરવનો ભંગ સમજે છે.

પ્રગટ ઉપકારી માતાપિતાની સેવા-ચાકરી કરવામાં ઊણું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઊતરનારાં યુવક-યુવતીઓ પરમ ઉપકારી દેવ-ગુરૂની સેવ કરવામાં પ્રાયઃ પાછાં પડે છે.

સેવાધર્મનો પ્રભાવ ગહન છે. તેને સેવવાથી આત્મા કર્મોની સેવા કરવારૂપ ગુલામીમાંથી સદા માટે મુક્ત થવાની પાત્રતા પ્રાપ્ત કરે છે.

ઉપકારી ગુરુભગવંત આદિ મહાત્માઓનાં મળ-મૂત્ર પરઠવતાં સહેજ પણ દુર્ગંછા થાય, તેને પણ શાસ્ત્રે દોષ કહ્યો છે. ગુરુજનોની સેવાના પ્રત્યેક અવસરને વધાવી લેવો તે સાચો વૈયાવચ્ચરૂપી તપ છે.

અંગત સુખ-સગવડના ખ્યાલમાં ગળાડૂબ રહીને પોતાનાં માંદા માતા-પિતાને નોકરોની દયા પર છોડી દેવાં યા દવાખાને મોકલી દેવાં તે નર્યું અનાર્યત્વ છે.

'ઘરડા-ઘર'ની જે વાત વેગ પકડતી જાય છે, તેમ જ આ દેશમાં ઠેરઠેર વૃદ્ધાશ્રમો સ્થપાતા જાય છે, તે પુરવાર કરે છે કે આ દેશની પ્રજાના જીવનમાંથી વૈયાવચ્ચરૂપી ગુણ ઓસરતો જાય છે.

બીજા પાસે સેવા કરાવવામાં શૂરા અને કોઈની પણ સેવા કરવાની બાબતમાં અધૂરા એવા જનો, જીવનવિકાસ સાધવામાં સદંતર નિષ્ફળ નીવડે છે.

આપણે શ્રી જિનરાજના સેવકો છીએ, એટલે શ્રી જિનરાજની આજ્ઞાના એકનિષ્ઠ આરાધકોની સેવા કરવી તે આપણો ધર્મ છે.

For Private and Personal Use Only

નહિ સેવવા જેવા પદાર્થોની સેવા કરવાથી અને સેવવા જેવા પદાર્થોની ઉપેક્ષા કરવાથી સેવ્ય આત્માનું પતન થાય છે.

તમે કંચનની સેવા કરો, કામિનીની સેવા કરો, તમારી કાયાની સેવા કરો એટલે સ્વાભાવિકપણે સેવ્ય ત્યાગ, શીલ, આત્મા આદિની સેવા ઓછી ગમે.

સર્વકાળમાં સેવ્ય શ્રી જિનાજ્ઞાની ત્રિવિધે સેવા કરવાથી જ સેવ્ય આત્મા શુદ્ધ થાય છે. કાયા–કંચન આદિની સેવા કરવાથી આત્માનું હડહડતું અપમાન થાય છે.

ગુરુજનોની સેવા કરવાના પ્રસંગે થાક, કંટાળો, શરમ વગેરેનો અનુભવ થતો હોય, તો માનવું કે હૃદયમાં દયાની સરવાણી હજી બરાબર વહેતી થઇ નથી.

કૃતજ્ઞતા નામના મહાન ગુણની પ્રાપ્તિ વૈયાવચ્ચરૂપી તપ વડે જેટલી ઝડપથી થાય છે, તેટલી ઝડપથી બીજી રીતે ભાગ્યે જ થાય છે.

જીવ સેવ્ય છે, અજીવ સેવ્ય નથી. એ સૂત્રને અસ્થિમજ્જાવત્ બનાવવા માટે આપણે સહુએ જીવના પ્રિયતમ પ્રભુની સેવામાં, તેમના સેવકોની સેવામા આપણી શ્રેષ્ઠ શક્તિનો શ્રેષ્ઠ ભાવપૂર્વક સદુપયોગ કરવો જોઇએ.

સ્વાધ્યાયને પણ તપ કહ્યો છે.

વાંચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા–એ પાંચ તેના પ્રકાર છે.

સઘળાં શાસ્ત્રો જ્ઞાન સ્વરૂપ આત્માનાં સર્જન છે. એટલે શાસ્ત્રના સ્વાધ્યાયથી આત્મસાન્નિધ્ય કેળવાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર પદાર્થોના વિચારમાં રહેતા મનને આત્માના ઘરમાં પાછું વાળવામાં સ્વાધ્યાય સહાય કરે છે.

સ્વાધ્યાય શબ્દ મુખ્યત્વે સ્વ-અધ્યયનવાચી છે.

સ્વ-અધ્યયન એટલે આત્મભાવે ભણવો તે.

કોઈ જીવ સીધેસીધો આત્માભ્યાસી બની શકતો નથી, પણ આત્માના ગુણોથી સમૃદ્ધ શાસ્ત્રના અભ્યાસ, મનન અને ચિંતનથી તે ધીમે ધીમે આત્માભ્યાસી બની શકે છે.

પર પદાર્થોના અભ્યાસ અને ચિંતનથી થાક ચઢે છે. જ્યારે સ્વાધ્યાયથી સાચી વિશ્રાન્તિ મળે છે. કારણ કે તેમાં નિજ ઘરની પ્રાપ્તિ છે.

પર પદાર્થોની વિચારણામાં લીન મનવાળા ઉપવાસીને પણ શાસ્ત્રોએ દ્રવ્ય ઉપવાસી કહ્યો છે; સાચો ઉપવાસી યાને ભાવ-ઉપવાસી નથી કહ્યો.

ઉપવાસ આદિ તપ મનને આત્મભાવવાસિત કરવાના લક્ષ્યપૂર્વક કરવાનો છે.

આ લક્ષ્યની સિદ્ધિ સ્વાધ્યાયરૂપી તપ વડે થાય છે.

સર્વ પ્રકારના સ્વાધ્યાયમાં શ્રેષ્ઠ સ્વાધ્યાય શ્રી નવકારનો છે. તેમાં આત્મા પરમાત્મા સાથે વાતો કરતો થાય છે. પરમાત્માની હૂંફ આત્માને મળે છે.

શ્રી નવકારમાં જીવના શુદ્ધ સ્વરૂપનું મહાગાન છે. આ ગાનમાં એકતાન બનવાથી આત્મવીર્યની અપૂર્વ સ્ફુરણા થાય છે. તેના પ્રભાવે સંચિત કર્મોનો નાશ થાય છે. શુદ્ધ આત્મ-સત્તાનો પ્રભાવ જીવન ઉપર સ્થપાય છે.

For Private and Personal Use Only

શ્રી અરિહંતપદનો જાપ કરનાર પુણ્યાત્મા અરિહંતપદથી ઓછું ન જ વાંચ્છે.

સઘળાં સત્‌શાસ્ત્રોમાં-દૂધમાં રહેલા ઘીની જેમ આત્મા ઓતપ્રોત છે. એટલે કોઈ પણ સત્-શાસ્ત્ર યા તેની કોઈ એકાદ પણ ગાથાનો સ્વાધ્યાય મનમાંથી રાગ-દ્વેષરૂપી સંસારને દૂર કરીને આત્માને ત્યાં પ્રતિષ્ઠિત કરે છે.

લોગસ્સ, જગચિંતામણિ, નમુત્થુણં, ઉવસગ્ગહરં, જય વીયરાય તેમ જ શ્રી ભક્તામર સ્તોત્ર, શ્રી કલ્યાણમંદિર વગેરે સૂત્રો એ વૈખરી વાણીનાં ઝૂમખાં નથી, પણ અક્ષરબદ્ધ પરમાત્મ-સત્તાની શ્રેષ્ઠ કૃતિઓ છે. શુદ્ધ આત્મસ્નેહના પિંડ છે. તેમાં સૂતેલા ચેતનરાજને જગાડનારો મહા શંખનાદ છે. સર્વકર્મ ક્ષયકર ધર્મનો પ્રભાવ છે. સર્વમંગળકારી શુદ્ધ આત્મતત્ત્વનો સત્કાર છે.

વાતાનુકૂલિત રાજભવનોમાં પણ રોજ સફાઈ કરવી પડે પડે છે. જો તેમાં બેદરકારી રખાય છે તો ત્યાં પણ કચરો એકઠો થઈ જાય છે.

તે જ રીતે ગમે તેવા સમર્થ આરાધકને પણ દરરોજ સ્વાધ્યાય કરવાની શ્રી જિનાજ્ઞા છે. જો તેમાં પ્રમાદ સેવાય છે, તો મન કંઈક અંશે પણ મેલું બની જાય છે.

ઘરમાંથી દરરોજ કચરો કાઢવામાં કંટાળતા નથી, તો મનમાંથી કચરો કાઢવામાં કંટાળો, તે કેમ ચાલે?

ઘરને ચોખ્ખું રાખો છો તેમ મનને પણ ચોખ્ખું રાખો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘરમાંનો કચરો સાવરણીથી દૂર થાય છે, તેમ મનમાંનો કચરો સત્શાસ્ત્રોના સ્વાધ્યાયથી દૂર થાય છે

મનમાંથી રાગ-દ્વેષરૂપી કચરો દૂર થાય છે એટલે દૂર જણાતો આત્મા નિકટ બને છે, કારણ કે આત્મા આપણાથી જરા પણ દૂર નથી, પણ આપણે તેનાથી દૂર છીએ.

માટે, આત્માનો સતત સહવાસ પ્રાપ્ત કરવા માટે સ્વાધ્યાય-ભૂખ ખૂબ જગાડવી જોઈએ.

બધું જાણવા છતાં જો આત્માને ન જાણ્યો, તો તે બધી જાણકારી વ્યર્થ છે, એકડા વગરનાં મીંડા જેવી છે.

સર્વ આત્માઓ સ્વતુલ્ય છે, એ સત્યનો સ્પર્શ, સ્વના અધ્યયનમાં પરિણમતા સ્વાધ્યાય દ્વારા થાય છે.

કર્મકૃત ભેદની દીવાલોને ભેદનારી તત્ત્વદૃષ્ટિ સ્વાધ્યાય વડે ઊઘડે છે.

જે વ્યક્તિ જેટલો સમય સત્શાસ્ત્રોના સ્વાધ્યાયમાં ગાળે છે, યા સત્ પદાર્થના અધ્યયનમાં ગાળે છે, તેનું તેને કલ્પનાતીત વળતર મળે છે. કરોડો વર્ષોની મહેનતે પણ ક્ષીણ ન થાય, તેવાં ચીકણાં કર્મો-આ રીતના સ્વાધ્યાયથી બે ઘડીની અંદરના સમયમાં-નિર્મૂળ થઈ જાય છે.

સ્વાધ્યાયરુચિથી આત્મરુચિ કેળવાય છે. આત્મરુચિ કેળવાય છે એટલે આત્માની શુદ્ધિની રુચિ કેળવાય છે એટલે આત્માને અશુદ્ધ કરનારા રાગ-દ્વેષ આદિ દોષોના સેવનથી બચાય છે તેથી કર્મનિર્જરાની પ્રક્રિયા વેગવંત બને છે અને ક્રમે કરીને આખો આત્મા ઝળહળતો થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે દરરોજ સ્વાધ્યાય કરવાની ટેવ પાડો. ભોજન કરતાં અધિક પ્રેમ ભજનમાં કેળવો.

સ્વાધ્યાય વડે રસાયેલા ચિત્તને ધ્યાન લાગુ પડે છે. માટે આરાધનાના ક્રમમાં સ્વાધ્યાય પછી ધ્યાન છે.

ક્રમનો ભંગ કરીને ધ્યાન માટેના પ્રયત્નો કરવાથી આંતરિકશુદ્ધિ પ્રાપ્ત થતી નથી, એટલે એવું ધ્યાન ધ્યાનના વિષયભૂત ઠરતું નથી.

આત્મસ્નેહ અસ્થિમજ્જાવત્ બન્યા પછી આત્મધ્યાન શ્વાસ જેટલું સહજ બને છે.

ધ્યાન લાગ્યું આવતું નથી, પણ તેને યોગ્ય ભૂમિકાએ પહોંચવાથી આવે છે.

ધ્યાતાને ધ્યેય સ્વરૂપ બનાવે તેને ધ્યાન કહે છે.

ધ્યાતા તે આત્મા, ધ્યેય તે પરમાત્મા. તેને એકરૂપ બનાવનાર ધ્યાન છે.

પ્રલયના પ્રચંડ અગ્નિ જેવો ધ્યાનનો અગ્નિ સાતે ધાતુઓ તેમજ સૂક્ષ્મ કોષોની શુદ્ધિ પછી પ્રગટ થાય છે. તેમાં કર્મો બળી જાય છે.

અંતરાત્મભાવનું પરમાત્મભાવમાં સીધું વિલીનીકરણ ધ્યાન પરાકાષ્ઠાએ પહોંચતા થાય છે.

ધ્યાનની વિધિ પ્રક્રિયાઓ શાસ્ત્રોમાં છે. કલિકાલ સર્વજ્ઞ ભગવંત રચિત શ્રી યોગશાસ્ત્રમાં તેનું અનુભવગત વર્ણન છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યેયને પામવાની સંપૂર્ણ તાલાવેલી જ્યારે વ્યક્તિમાં ઉત્પન્ન થાય છે, ત્યારે જ ધ્યાન દશા આવે છે.

બગલાને શિખવવું નથી પડતું, કે માછલાનું ધ્યાન શી રીતે કરાય. વેપારીને શિખવવું નથી પડતું, કે ગ્રાહકનું ધ્યાન શી રીતે કરાય. કહેવાનું તાત્પર્ય એ છે, કે જીવને જે પદાર્થમાં ખરેખર રસ હોય છે, તેનું ધ્યાન તે તરત કરી શકે છે.

તમને રસ શેમાં છે? શ્રી જિનેશ્વરદેવમાં કે શ્રી જિનેશ્વરદેવે છોડેલા રાગ-દ્વેષમાં?

રાગ-દ્વેષમાં રસ હોય તો તેને છોડી દેજો કારણ કે તે રસના સેવનથી આત્મા સરસ નહિ પણ નિરસ પ્રતીત થાય છે અને સ્વાર્થ સરસ લાગે છે.

શ્રી જિનવાણીના અંગભૂત ધ્યાન તથા પરમ સામાયિકયોગ તે તે કક્ષાના જીવોને લાગુ પડતો હોવાની વાતો તર્ક તેમ જ ન્યાય સંગત છે. તેથી સમર્થ યોગી પુરુષો તેને આપનાવતા આવ્યા છે, તેમજ આજે પણ અપનાવે છે.

ધ્યાનદશામાં દેહભાવ છૂટી જાય છે, તેમ ચાલુ જીવન-વ્યવહારમાં પણ ધ્યાનદશા સ્વાભાવિકપણે આવે, તે સાચી ધ્યાનદશા છે.

દશા એ કોઈ ડગમગતા પાયાવાળા ખાટલા જેવી ચીજ નથી, કે બાહ્ય પરિસ્થિતિ અનુસાર પલટાતી રહે, પણ તે તો આત્માએ આત્મશુદ્ધિ અનુસાર પ્રાપ્ત કરેલી એક અવસ્થા છે.

તાત્પર્ય કે ધ્યાનનું મૂળ મનની શુદ્ધિ છે. વચનની શુદ્ધિ છે, અન્ય પ્રાણોની શુદ્ધિ છે, સૂક્ષ્મ કોષોની શુદ્ધિ છે. આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધિ શુદ્ધ જીવન જીવવાથી પ્રાપ્ત થાય છે. શુદ્ધ જીવન એટલે ધ્યાનપ્રધાનં જીવન, ન્યાય પ્રધાન જીવન.

શ્રી નવકાર અને લોગસ્સ એ ધ્યાનની કક્ષાએ લઈ જનારાં શ્રેષ્ઠ સૂત્રો છે.

શ્રી નવકારના જાપમાંથી કર્મનાશક તાપ જન્મે છે. શ્રી લોગસ્સના પાઠથી આત્માનો લોકાલોક પ્રકાશક સ્વરૂપ પ્રગટ થાય છે, કારણ કે તેમાં રહેલા ચોવીસે શ્રી તીર્થંકર ભગવંતો લોકાલોકપ્રકાશક કેવળજ્ઞાનના સ્વામી છે.

સઘળી એકાગ્રતા એક આત્માને અગ્રસ્થાને સ્થાપવા માટે હોવી જોઇએ. આત્મા જ આત્માનું ધ્યેય છે. આત્મા જ ધ્યાતા અને આત્મા જ આત્માનું ધ્યાન છે.

મેરો મન તુમ સાથે લીનો,
મીન વસે જ્યું જળમેં, હો જિનજી!

આ સ્તવન-પંક્તિ ધ્યાનને વરેલા ઉપાધ્યાયજી ભગવંતની છે.

પાણી બહાર માછલાની જેવી દશા થાય છે તેવી જ દશા પરમાત્માના ધ્યાનથી ભ્રષ્ટ થતાં થાય, ત્યારે સાચું ધ્યાન આવ્યું કહેવાય.

દવા લાગુ પડે છે એટલે દર્દ ઓછું થાય છે, તેમ પરમાત્માનું ધ્યાન લાગુ પડે છે એટલે આત્માનો કર્મરૂપી રોગ ઓછો થાય છે.

શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે જીવને અનાદિ કાળથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુદ્ગલનું ધ્યાન લાગુ પડેલું છે. એક માનવભવ જ તે ધ્યાનને તોડવા માટેની યોગ્યતા ધરાવે છે. પુદ્ગલના ધ્યાનનાં સ્થાને આત્માના ધ્યાનને આવવા માટે પરમાત્માનું ધ્યાન જરૂરી છે.

ધ્યાન ચાર પ્રકારનું છે :

(૧) આર્ત્તધ્યાન, (૨) રૌદ્રધ્યાન, (૩) ધર્મધ્યાન (૪) શુકલધ્યાન.

આર્ત્તધ્યા સ્વપીડા વિષયક છે.

રૌદ્રધ્યાન પરપીડા વિષયક છે.

અનિત્યાદિ બાર તથા મૈત્ર્યાદિ ચાર ભાવના

ધર્મધ્યાન વિષયક છે.

શુકલધ્યાન શુદ્ધ સ્વભાવવિષયક છે.

માટે પહેલાં બે ધ્યાન અશુભ છે, પછીનાં બે ધ્યાન શુભ છે.

શ્રી જિનરાજનું ધ્યાન ધરવાની ઉત્તમ જે સામગ્રી આપણને પ્રાપ્ત થઈ છે, તેનો તે જ દિશામાં સદુપયોગ કરવા માટે આપણે કટિબદ્ધ થવું જોઇએ.

કાયોત્સર્ગ તપ એ પણ અભ્યંતર તપનો એક પ્રકાર છે.

કર્મક્ષય કરવા માટે કાયાના સર્વ પ્રકારના વ્યાપારનો ત્યાગ કરવો તે બાહ્ય કાયોત્સર્ગ તપ છે. અને મનમાંથી કાયાને કાઢીને ત્યાં આત્માને સ્થાપવો તે અભ્યંતર કાર્યોત્સર્ગ તપ છે.

કાયોત્સર્ગ તપનાં પરિણામ લાવવામાં કાઉસગ્ગ ખાસ ભાગ ભજવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાઉસગ્ગમાં રહેલા મુનિવરના શરીરને એક હાથીએ સૂઢમાં પરોવ્યું છતાં તે મુનિરાજ વિચલિત ન થયા. આવા અનેક દાખલાઓ શાસ્ત્રોમાં છે, તે એમ બતાવે છે કે દેહભાવને વોસિરાવવાની શ્રેષ્ઠતમ કળા કાયોત્સર્ગ તપ વડે સિદ્ધ કરી શકાય છે.

આપણા દહેરાસરોમાં પણ કાઉસગ્ગમાં રહેલાં પ્રતિમાજીઓ હોય છે, કેટલાક તેમને કાઉસગ્ગીઆ પણ કહે છે. પણ જો તમે તે પ્રતિમાજીઓનાં ધ્યાનથી દર્શન કરશો તો તમને તેમાં આત્માનું એક ચક્રી સામ્રાજ્ય જોવા મળશે.

આખા વિશ્વનું સમગ્ર બળ પણ જેને ઉપયોગભ્રષ્ટ કરી શકતું નથી, તે આત્માના પરમ સામર્થ્યનું પ્રગટીકરણ કાયોત્સર્ગ તપમાં થાય છે.

માટે શાસ્ત્રકાર ભગવંતો આપણને ફરમાવે છે કે દરરોજ ૧૦-૨૦ લોગસ્સનો કાઉસગ્ગ કરો.

કાઉસગ્ગમાં શરીરમાં આત્માનું સામર્થ્ય સ્થાપવાનું છે. મનમાં આત્માને સ્થાપવાનો છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચાર પણ આત્માને લગતો રાખવાનો છે.

જે ઘરમાં દરરોજ વિધિ-બહુમાનપૂર્વક શ્રી નવકારનો જાપ થાય છે, તેમ જ લોગસ્સનો કાઉસગ્ગ થાય છે, તે ઘર કાળક્રમે મંગળનું ઘર બને છે. તે ઘરમાં રહેનારાનું મંગળ થાય છે. તેમ જ વિશ્વના મંગળમાં તે વાતાવરણ સક્રિય ભાગ ભજવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તટસ્થ રીતે વિચારતાં તપપ્રધાન ધર્મનો ઉપદેશ આપીને શ્રી જિનેશ્વરદેવે વિશ્વ ઉપર જે ઉપકાર કર્યો છે, તે અજોડ છે. માટે કૃતજ્ઞી આત્માઓ શ્રી જિનરાજની ભક્તિમાં નિજ સર્વસ્વ ન્યોછાવર કરવામાં અહોભાગ્ય સમજે છે.

હવે વિચારો કે, સવારના ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીના ૧૧ કલાકમાં તમે આહાર કેટલીવાર વાપરો છો અને કેટલા કલાક આહાર વાપરો છો ? અને કેટલા કલાક આહાર વાપર્યા સિવાય ગાળો છો ? તો તમને તપનો મહિમા તરત સમજાશે.

અગ્નિની પ્રગટ શક્તિનું દુનિયાને જ્ઞાન છે, જ્યારે શ્રી જિનવચનમાં નિષ્ઠાવાળા આત્માઓને તપની શક્તિ બાબતમાં જરા પણ સંદેહ હોતો નથી.

ગમે તેવા અંતરાયને તોડી નાખવાની પ્રચંડ શક્તિ તપમાં છે. એ જિનવચનમાં સચોટ શ્રદ્ધા હોવાના કારણે આપણે ત્યાં શાસન–સંઘ–તીર્થો વગેરે ઉપર આપત્તિ આવે છે ત્યારે શ્રી સંઘમાં તરત આયંબિલનો તપ શરૂ થાય છે અને તેનું ધાર્યું શુભ પરિણામ આવે છે.

સ્વેચ્છાએ, સહર્ષ કષ્ટને આમંત્રણ આપીને સમભાવે સહવાથી કર્મોની જબરદસ્ત નિર્જરા થાય છે.

કાંટાથી કાંટો નીકળે, હીરાથી હીરો કપાય છે, તેમ કષ્ટથી કષ્ટનો નાશ થાય છે. એ ન્યાયે પૂર્વકૃતકર્મો વર્તમાનમાં સ્વેચ્છાએ વિવિધ તપરૂપ કષ્ટ સહવાથી નાશ પામે છે. તેમજ નવાં કર્મો બંધાતાં નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જડનું ચેતન સાથેનું મિશ્રણ તે સંસાર છે. તેમાંથી જ જીવને સંસારમાં જન્મ-મરણ કરવાં પડે છે.

તપરૂપી અગ્નિ આત્મારૂપી સુવર્ણમાં મળી ગયેલા આ કર્મોરૂપી કચરાને બાળી નાખીને આત્માને શુદ્ધ બનાવવાનો સ્વધર્મ બજાવે છે.

તપમાં શરીરની સાથે મનને પણ તપાવવાનું છે. મનને પણ ઉપવાસી બનાવવાનું હોય છે: દુર્વિચારનો ખોરાક ખાધા કરે અને તન ઉપવાસી રહે તેને જ્ઞાનીઓએ યથાર્થ તપ કહ્યો નથી.

શાસ્ત્રોપદિષ્ટ તપ એ દીવો છે. જીવતું-જાગતું મંગળ છે. મનોવાંછિત પૂરનારું કલ્પવૃક્ષ છે. સર્વ વિઘ્નોને હરનારું અમોઘ શસ્ત્ર છે. સર્વ મંગળોને આકર્ષનારું પરમ બળ છે. કારણ કે તેમાં આત્મા કાર્યરત બને છે, સ્વભાસ્થ બને છે.

તાત્પર્ય કે પરભાવમાંથી છૂટીને સ્વભાવને જ આરોગવો તે તપનો મર્મ છે.

એ તપને શ્રી નવપદમાં સ્થાન છે, માટે આત્મામાં સ્થાન છે, કારણ કે શ્રી નવપદમય આત્માનું તે અભિન્ન અંગ છે. તેનું પ્રમાણ એ છે કે આત્મા સ્વભાવે શુદ્ધ તપસ્વી છે, અનાહારી છે.

કર્મનો રંગ કાળો છે, કારણ કે તે કાળા વિચારની પેદાશ છે.

તપરૂપી ધર્મનો રંગ શ્વેત છે, કારણ કે તે નિર્મળ અધ્યવસાયનું સર્જન છે.

For Private and Personal Use Only

માટે તપ-પદની આરાધના પણ શ્વેતવર્ણે કરવાની છે. શ્વેતવર્ણના ચોખાનું આયંબિલ તેમાં થાય છે.

તપપદની આરાધનામાં ૫૦ લોગસ્સનો કાઉસગ્ગ કરવો, ૫૦ ખમાસમણમાં દેવા, ૫૦ પ્રદક્ષિણા દેવી, 'ૐ હ્રીં નમો તવસ્સ' પદની ૨૦ નવકારવાળી ગણવી.

આ તપનો પ્રભાવ દર્શાવતી મહાસતી દમયંતીની કથા હવે સાંભળો :

કોશલા નગરીમાં નિષધ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને નળ અને કુબેર નામે બે પુત્રો હતા. નળ મોટો, કુબેર નાનો. રાજાએ પોતાના બન્ને પુત્રોને યોગ્ય રાજનીતિ, યુદ્ધનીતિ, અશ્વવિદ્યા વગેરેનું શિક્ષણ આપ્યું હતું.

આજ સમયે વિદર્ભમાં આવેલ કુંડનપુર નગરીમાં ભીમ રાજા રાજ્ય કરતો હતો. તેને દમયંતી નામની સુપુત્રી હતી.

દમયંતી પુખ્ત વયની થતાં ભીમ રાજાને તેનાં લગ્નની ચિંતા થવા લાગી, પણ તેને યોગ્ય પતિ ન મળવાથી રાજાએ સ્વયંવર રચ્યો.

સ્વયંવર એટલે એક જાતની સભા કે જેમાં આમંત્રિતો પૈકી કોઇ એક પુરુષની કન્યા સ્વયં પસંદગી કરીને તેના ગળામાં વરમાળા પહેરાવે.

ભીમ રાજાએ સ્વયંવરમાં આવવા માટે અનેક રાજાઓ તેમજ રાજકુમારોને આમંત્રણ મોકલ્યાં, તેમાં નિષધ રાજાના બંને પુત્રો-નળ અને કુબેરને પણ આમંત્ર્યા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વયંવરની નિર્ધારિત તિથિએ અનેક રાજાઓ તથા રાજકુમારોની સાથે નળ અને કુબેર પણ ઉપસ્થિત થયા.

સમય થતાં દમયંતી પોતાની દાસીઓ સાથે સ્વયંવર-મંડપમાં દાખલ થઈ. તેના વદનની કન્તિ જોઈને અનેક રાજકુમારો પ્રભાવિત થયા.

મંડપમાં ગોઠવેલાં આસનો પર બેઠેલા રાજાઓ પાસેથી દમયંતી પસાર થાય છે, તેમ તેમ તેની દાસી તે રાજાની ઓળખાણ દમયંતીને આપતી જાય છે. પણ, તેનું મન તે કોઈમાં ન ઠર્યું. એટલે આગળ વધતી તે જ્યાં નળ બેઠા હતા ત્યાં ગઈ. એકબીજાની આંખ મળતાં જ હૃદયે-હૃદયને ઓળખી લીધાં, અને દમયંતીએ નળકુમારના ગળામાં વરમાળા આરોપી.

આખી સભામાં એક કૃષ્ણરાજ સિવાય સહુએ આ પ્રસંગને હર્ષનાદ વડે વધાવી લીધો.

દમયંતીને પાત્ર હું છું; નળ નહિ—એમ બબડતા કૃષ્ણરાજે તલવાર ખેંચી. જન્મથી ઉત્તમ ચારિત્ર વડે વિભૂષિત દમયંતીએ શ્રી નવકાર ગણીને ત્યાં પાણી છાંટ્યું એટલે કૃષ્ણરાજનું વલણ ઢીલું પડી ગયું.

પછી ભીમરાજાએ વિધિપૂર્વક દમયંતીનાં લગ્ન નળકુમાર સાથે કરીને મોટી પહેરામણી આપી.

યોગ્ય દિવસે નળ દમયંતીને લઈને સ્વદેશ જવા નીકળ્યો. સાથે સેવકો, દાસ-દાસીઓ, હાથી-ઘોડા વગેરેનો મોટો રસાલો હતો.

રસ્તામાં રાત પડી એટલે માર્ગ ન સૂઝવા લાગ્યો. તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમયે દમયંતીએ પોતાના કપાળમાં રહેલા તેજસ્વી તિલક ઉપરનો પટ દૂર કરીને સર્વને દિવસ જેવા અજવાળાનો અનુભવ કરાવ્યો.

દમયંતીના કપાળ પર આ જન્મજાત તિલકના પ્રકાશમાં નળ વગેરેએ એક મુનિરાજને ધ્યાનમાં બેઠેલા જોયા. એક જંગલી હાથી તેમનાં શરીર સાથે પોતાની સૂંઢ ઘસી રહ્યો હતો. પણ મુનિરાજ તો આત્મમગ્ન હતા. મુનિરાજની આવી અડગતા જોઈને સહુ વિસ્મિત થયા.

મુનિરાજે કાઉસગ્ગ પાર્યો એટલે નળ વગેરેએ તેમને વિધિવત્ વંદન કરીને સુખશાતા પૂછી તથા દમયંતીના કપાળમાં તેજતિલકનું રહસ્ય જાણવાની ઈચ્છા વ્યક્ત કરી.

જ્ઞાનનો ઉપયોગ મૂકીને મુનિરાજે કહ્યું : પૂર્વભવમાં આ દમયંતીના જીવે ૫૦૦ આયંબિલની તપસ્યા ચઢતે પરિણામે કરી હતી તથા ભાવી તીર્થંકરદેવ શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમાનું શ્રેષ્ઠ દ્રવ્ય તથા ભાવપૂર્વક પૂજન કર્યું હતું અને પોતે કરેલા તપના ઉજમણા વખતે તેણે ભાવથી ચોવીસે તીર્થંકરદેવોની પ્રતિમાના ભાલે રત્નજડિત સુવર્ણનાં તિલકો ચઢાવ્યાં હતાં, તેના પ્રભાવે તેના લલાટમાં તેજ-તિલક છે.

મુનિરાજના શ્રીમુખે તપપૂર્વકની શ્રી જિનભક્તિનો પ્રભાવ સાંભળીને નળ વગેરે તેની ખૂબ અનુમોદના કરતા આગળ વધ્યા. જ્યારે સ્વસ્થતાની મૂર્તિ સમી દમયંતી ચઢિયાતી જિનભક્તિની ભાવના ભાવતી સહુની આગળ ચાલીને સહુને રસ્તો બતાવતી હતી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વય પાકતાં નિષધ રાજાએ રાજ્યગાદી ઉપર નળને બેસાડીને દીક્ષા લીધી. પ્રજાએ નળરાજાને વધાવી લીધા.

કુબેરથી નળનો વૈભવ ન ખમાણો. ગમે તે ભોગે રાજ્ય લેવાના નિર્ધારપૂર્વક, તે પોતાના મોટા ભાઈ નળરાજાની નબળાઇ શોધવા લાગ્યો. અને જેનામાં કોઇ એક પણ નબળાઈ ન હોય એવો મનુષ્ય આ દુનિયામાં ભાગ્યેજ હોય છે.

અનેક ગુણસંપન્ન નળમાં પણ જુગાર રમવારૂપ દૂષણ યાને નબળાઈ હતી.

નળની આ નબળાઇનો લાભ ઉઠાવીને કુબેરે તેમને જુગાર રમવા પ્રેર્યા. નળ તૈયાર થઈ ગયો. દાવના પાસા નાંખતાં પહેલાં બંને ભાઇઓ એ શરતથી બંધાણા, કે જે હારે તે રાજપાટ છોડીને પરદેશ ચાલ્યો જાય.

જુગારમાં નળરાજા હારી ગયા. શરત મુજબ તેમણે રાજ્ય છોડી દીધું અને પહેર્યાં કપડે દમયંતી સાથે પાટનગર છોડી દીધું.

સાત મહાવ્યસનોમાં એક જુગાર પણ છે. તે આર્ત તેમજ રૌદ્રધ્યાનનું ઘર હોવાથી સ્વપ્નમાં પણ તેને પડખે ન ચઢવાની હિતશિક્ષા ઉપકારી મહર્ષિઓએ ફરમાવી છે. માટે તમે તેનું પાલન કરશો તો ઘણો આત્મલાભ થશે.

સુલસા. ચંદનબાળા, મનોરમા, મયણરેહા વગેરે મહાસતીઓની જેમ દમયંતી પણ મહાસતી છે.

એટલે રાજ્ય છોડીને જંગલમાં પતિ સાથે જતાં તેમના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂંવાડામાં પણ ખેદ ન જાગ્યો. કારણ કે બધે તેમનું આત્મસત્ત્વ ઝગારા મારતું હતું.

પણ નળને પત્નીનો સાથ એ કારણે ખટકવા લાગ્યો કે મારી સાથે તે પણ દુઃખી થાય, તે ખોટું છે.

એટલે એક મધરાતે તે દમયંતીને જંગલમાં એકલાં મૂકીને ચૂપચાપ આગળ વધી ગયા. પોતે આગળ એકલા જાય છે–એવું લખાણ તેમણે દમયંતીના સાલ્લાના ગોક છેડે લખી દીધું.

આ ઘટના નળ કઠોર હૃદયના રાજા હોવાનું પુરવાર કરે તેવી છે. પણ દરેક ઘટનાને અનેક પાસાં હોય છે. તે બધાં પાસાંઓનો અભ્યાસ કર્યા પછી જ તત્સંબંધી વિધાન કરવાથી ન્યાય જળવાય છે. કોઈ વ્યક્તિને અન્યાય થતો નથી.

તેમ આ ઘટનાનાં સર્વ પાસાઓનો અભ્યાસ કરવાથી નળરાજા કઠોર હૃદયના નહિ, પણ કોમળ હૃદયના પુરવાર થાય છે. તેમને મહાસતી પ્રત્યે લાગણી હતી એટલે પોતાની સાથે રહીને તે પણ દુઃખી થાય, તે તેમના લાગણીસભર હૃદયથી ન ખમાણું. માટે અધીં રાતે તેમને એકલાં છોડી દીધાં.

પણ તેમને એકલાં છોડતાં પહેલાં પણ તેમને એટલે નળરાજાને મહાસતીના મહાસત્ત્વમાં પૂરો વિશ્વાસ વતો. જેમના લલાટમાં તેજ–તિલક હતું, તે મહાસતીને કોઈ માણસ પજવી શકે, એ શકય નથી—એમ પોતે દઢપણે માનતા હતા.

મહાસતી વહેલી પરોઢે જાગીને જુએ છે, તો પાસેની તૃણશય્યા ખાલી છે. ત્યાં પોતાના પતિ નથી. થોડીવાર રાહ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોવા છતાં નળ રાજા ન દેખાણા એટલે મહાસતીના હૃદયમાં વ્યથાનો સાગર ઊમટયો. હે નાથ! હે જીવન! ગયા કયાં?' એમ રડતાં મહાસતી વનમાં એકલાં ઝૂરે છે.

પણ બીજી જ ક્ષણે ધર્મવાસિત તેમના હૈયામાં સાચી સમજનો સૂર્ય ઊગે છે. તેના પ્રકાશમાં તેઓ કર્મના આ ખેલને જોઈને સ્વસ્થ બને છે અને એકાગ્રચિત્તે શ્રી અરિહંતનું સ્મરણ કરે છે.

સંપત્તિકાળે છકી જવું અને વિપત્તિકાળે દબી જવું, તે કાયરતા છે.

પતિના વિયોગનું કારણ પોતાનું કોઈ સમયનું તથા પ્રકારનું કર્મ છે—એમ વિચારતાં મહાસતી સ્વસ્થતાપૂર્વક વનવાટે ચાલવા લાગ્યાં.

થોડે દૂર જતાં તેમણે એક સાર્થવાહને લૂંટાતો જોયો. એક હુંકાર માત્રથી તેમને સાર્થવાહને લૂંટનારા ભીલોને ભગાડી દીધા.

આવો હુંકાર નાભિમાંથી નીકળે છે, તો જ તેની સચોટ અસર તત્કાળ થાય છે.

પોતાને બચાવનાર સતીનારીને પોતાની સગી બહેન જેવી સમજીને સાર્થવાહે તેમને પોતાની સાથે નિર્ભયપણે રહેવાની વિનંતી કરી.

પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીને દમયંતીએ સાર્થવાહની વિનંતીનો સ્વીકાર કર્યો. કેટલોક સમય સાર્થવાહની સાથે રહ્યા પછી ચોમાસું નજીક આવતાં મહાસતી તેનાથી છૂટા પડી ગયાં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોમાસુ શરૂ થતાં વનમાં ચાલવાનું મુશ્કેલ બન્યું. એટલે મહાસતીએ એક ગુફામાં આશ્રય લીધો. ગુફામાં એકાંત સાલવા લાગ્યું એટલે શ્રી શાંતિનાથ ભગવાનની મૂર્તિ બનાવીને તેમની પૂજા ભક્તિમાં મહાસતી સમય સાર્થક કરવા લાગ્યાં.

દમયંતીજીને વનમાં એકલાં છોડીને આગળ વધતા નળ-રાજાએ 'હે ઇક્ષ્વાકુકુલભૂષણ મને બચાવો, એવો આર્તનાદ સાંભળ્યો.

પરગજુ સ્વભાવના નળરાજા તરત તે દિશામાં ગયા અને અગ્નિમાં તરફડતા નાગને સાચવીને બહાર કાઢયો. તે નાગે નળને ડંખ દીધો, તેની અસરથી રાજાનું શરીર કાળું પડી ગયું.

તે જોઇને નળે નાગને કહ્યું : ભલાભાઈ તેં આ શું કર્યું ?

નાગ બોલ્યો : મેં જે કર્યું છે તે તારા ભલા માટે કર્યું છે. વાસ્તવમાં હું તારો પૂર્વભવનો પિતા છું. દેવલોકમાં દેવ બન્યો છું. અને તારા તરફના રાગને કારણે નાગનું રૂપ લઈને તને કરડયો છું. તારું રૂપ એટલા માટે બદલ્યું છે કે કોઈ તને ઓળખી ન શકે. તેમ છતાં લે, આ શ્રીફળ અને કરંડીઓ જ્યારે તારે તારું અસલી રૂપ ધારણ કરવું હોય, ત્યારે આ શ્રીફળમાંથી અલંકારો કાઢીને અને કરંડીઆમાંથી વસ્ત્રો કાઢીને ધારણ કરજે. એટલે તું અસલી નળરાજા બની જઈશ.

પછી નળ સુસુમારપુરીમાં જઈને ત્યાંના રાજાને ત્યાં રસોઈ કરવા રહે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મના પ્રભાવે વિઘ્નો વચ્ચે અડીખમ રહેતાં દમયંતીજી પોતાની માસીને ઘેર જાય છે.

તે અરસામાં દમયંતીને યશોદેવસૂરિ નામના આચાર્ય દેવનો સમાગમ થાય છે. તેમને વંદન કરીને તેણે પૂછયું કે મને પતિનો વિયોગ શાથી થયો છે?

આચાર્યદેવે જ્ઞાનબળે જોઇને કહ્યું, કે તું પૂર્વભવમાં મમ્મણનામે રાજાની વીરમતી નામે રાણી હતી. એકવાર તું રાજા સાથે પ્રવાસમાં નીકળી હતી. સામેથી આવતા સાધુને જોઇને અપશુકન થયા એમ માનીને તમે બંનેએ તે સાધુને બાર દિવસ સુધી રસ્તામાં જ રોકયા હતા. પાછળથી ભૂલ સમજાતાં તમે તેમને ખમાવીને માફી માગી હતી. પણ રોકી રાખ્યા તે અપરાધની સજારૂપે તને પતિનો વિયોગ થયો છે. નળને તારાથી વિખુટા પડવું પડયું છે. બાર વર્ષ પૂરાં થશે એટલે તને નળનો મેળાપ થશે.

માટે મહા મંગળકારી ધર્મના આરાધક સાધુ ભગવંતનું સદા બહુમાન કરજો.

નળ-દમયંતીના વિયોગને બાર વર્ષ પૂરાં થયાં એટલે પુનઃ એકબીજાનું મિલન થયું.

આ કથા દ્વારા એ કહેવાનું છે કે ચઢતે પરિણામે કરેલો તપ જરૂર ફળે છે. ગમે તેવાં વિઘ્નો વચ્ચે સગાભાઇની જેમ મદદ કરે છે. ગમે તેવા અંતરાયોને તોડી નાખે છે. ગમે તેવી ઉપાધિઓનો નાશ કરે છે. ગમે તેવા ભયંકર રોગને નાબૂદ કરે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજે જ તપ કર્યો અને આજે જ તે ન ફળ્યો એટલે તેમાં શક્તિ નથી, એવું ન માનશો. તપ જેવો શરૂ થાય છે, તેની સાથે જ ચીકણાં કર્મોને તપાવવાનો તેનો ધર્મ તે બજાવે છે. પણ તે કર્મો એકસાથે એક ક્ષણમાં જ નાબૂદ થઈ જવાં જોઇએ, એવું વલણ તો તેઓ જ ધરાવી શકે, જેઓ અખંડ તપસ્વી છે.

રોજ કેટલાં અશુભ કર્મો વડે આત્મા બંધાય છે, તેનો વિચાર કરશો તો તપ ખૂબ જરૂરી લાગશે. અને તપરૂપી ધર્મ બતાવનારા શ્રી જિનેશ્વરદેવ અતી ઉપકારી લાગશે.

કોઇપણ ક્ષણ તપ વગરની જાય છે તેને શાસ્ત્રોએ પાપ ક્ષણ કહી છે. માટે, સાધુઓ વિધિપૂર્વક પાણી વાપરીને પણ તરત જ ગુરુ યા વડીલ પાસે પચ્ચક્ખાણ લે છે અને આત્માના પક્ષમાં સ્થિર બને છે.

ખાવાનો સમય માંડ કલાકનો, નહિ ખાવાનો સમય ખાસા ત્રેવીસ કલાકનો. તો આ ત્રેવીસ કલાક તપના પચ્ચક્ખાણ-પૂર્વક વિચરવામાં હરકત શી ?

આહાર સંજ્ઞા ઉપર કાબૂ મેળવીને જ જીવ શિવપદને લાયક બને છે.

જ્યારે ભૂખ લાગે ત્યારે ખાવું—એ માન્યતા માનવીને પશુ બનાવનારી છે. ક્યારે ખાવું, ક્યારે ન ખાવું; શું ખાવું, શું ન ખાવું એનો વિવેક માનવને હોવો જ જોઈએ. ન હોય તો તેનામાં અને પશુમાં તત્ત્વતઃ કોઈ તફાવત રહેતો નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપ અને જપ વચ્ચે અનાદિસિદ્ધિ સંબંધ છે.

તપપૂર્વક થતો જપ અલ્પકાળમાં સુફળદાયી નીવડે છે.

તપ, સઘળાં કર્મોનો નાશ કરીને, અવિનાશી આત્માને કંચન જેવા શુદ્ધ બનાવવા માટે છે—એ જ આશયપૂર્વક કરવાનો છે. આત્મ-રતિ વગરનો તપ—એ યથાર્થ તપ નથી પણ કેવળ કાયકષ્ટ છે, એમ શાસ્ત્રો ફરમાવે છે.

શ્રી નવપદમાં પહેલાં અરિહંતપદ છે, છેલ્લુ તપપદ છે, તે સૂચક છે. તપનું શ્રી જિનશાસનમાં આગવું જે સ્થાન છે. તેનું દ્યોતક છે.

ખાંડ, કેરોસીન વગેરે મેળવવા માટે કલાકો સુધી લાઇનમાં ઊભા રહીને તપવું પડે છે, છતાં ભાગ્યે જ અણગમો વ્યક્ત થાય છે. જ્યારે પર્વના દિવસે દાદાની પૂજા માટે લાઇનમાં ઊભા રહેવું પડે છે, તો કંટાળો આવવાની વાતો થાય છે, તે સમજ-પૂર્વકની બાબત નથી.

આ નવપદની વિધિવત્ આરાધના કરીને આજ સુધીમાં અનંતા આત્માઓ સર્વકર્મનો સમૂળ ક્ષય કરીને અક્ષયપદને પામ્યા છે. તેમજ આજે પણ આ નવપદની આરાધના અખંડ પણે આપણે ત્યાં ચાલુ છે, તે એમ બતાવે છે કે આપણું તેમજ જગતના જીવોનું ભાવિ ઉજ્જવળ છે.

ઉપસંહારમાં જણાવવાનું કે આ સંસારરૂપી સાગર મહા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તોફાની છે તેનાથી બચાવવાની અમાપ શક્તિ શ્રીનવપદમાં છે; શ્રી નવપદમય શ્રી સિદ્ધિચક્રનાં યંત્રમાં છે. માટે ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તે હાલતમાં પણ તેની સાથેનો માનસિક સંબંધ દઢ પણે જાળવશો તો તમે તિર્વિઘ્ને ધર્મને આરાધી શકશો, તેમજ સર્વના હિતમાં સક્રિય ફાળો આપી શકશો.

આત્મા નવપદમય છે. માટે નવપદમાં આત્માને જોવાની ટેવ પાડજો, તો તમને તમારો આત્મા નવપદમય છે, તે જરૂર પ્રતીત થશે.

નવપદ એ આત્મ–બાહ્ય–પદાર્થ નથી જ, માટે જ તેના આરાધકને આત્મ–રમરણતા લાગુ પડે છે, પરમાત્મ–રમરણતાનો નાદ લાગે છે.

શાસ્ત્રો કહે છે કે આત્માના હિતની વાત સાંભળવાની પળને પોતાના જીવનની લાખેણી પળ સમજનારા વિવેકી આત્માઓ ગણુતરીના ભવોમાં લક્ષ–ચોર્યાસીના ફેરામાંથી મુક્ત થઇને સ્વ–લક્ષ્યને પામે છે, પરમ પદને પામે છે.

આહાર, નિદ્રા, ભય, મૈથુન, પરિગ્રહ આદિ સંજ્ઞાઓવાળા જીવનને જ યથાર્થ જીવન સમજીને જાળવતા રહેવું, તે આત્મ વિમુખતા સુચવે છે.

આ સંજ્ઞાઓના સખત સકંજામાંથી સર્વથા મુક્ત થવાના ભવ્ય પુરુષાર્થમાં રાચવું, તેમાં ધર્મ સામગ્રીયુક્ત માનવભવની સાર્થકતા છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નવમા દિવસની આરાધના

**પદ**–શ્રી તપ
**વર્ણ**–સફેદ, આયંબિલ એક ધાન્ય ચોખાનું
**નવકારવાલી**–વીસ. ૐ હ્રીં નમો તવસ્સ.
**કાઉસ્સગ્ગ**–૫૦ લોગસ્સ
**સ્વસ્તિક**–૫૦
**પ્રદક્ષિણા તથા ખમાસમણા**–૫૦

## ખમાસમણનો દુહો—

ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે;
તપ તે એહીજ આતમા, વર્તે નિજગુણ ભોગે રે.
વીરજિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો, ચિત્ત લાઇરે
આતમધ્યાને આતમા ઋદ્ધિ મળે સવિ આઇ રે. વીર૦

## તપપદના ૫૦ ગુણ

૧ યાવત્કથિકતપસે નમઃ
૨ ઇત્વરકથિકતપસે નમઃ
૩ બાહ્ય–ઔનોદર્યતપસે નમઃ
૪ અભ્યન્તર–ઔનોદર્યતપસે નમઃ
૫ દ્રવ્યતઃ–વૃત્તિસંક્ષેપતપસે નમઃ
૬ ક્ષેત્રતઃ–વૃત્તિસંક્ષેપતસે નમઃ
૭ કાલતઃ–વૃત્તિસંક્ષેતપસે નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ ભાવતઃ-વૃત્તિસંક્ષેપતપસે નમઃ
૯ કાયક્લેશતપસે નમઃ
૧૦ રસત્યાગતપસે નમઃ
૧૧ ઈન્દ્રિય-કષાય-યોગવિષયકસંલીનતાતપસે નમઃ
૧૨ સ્ત્રી-પશુ-પણ્ડગાદિવર્જિતસ્થાનાવસ્થિતતપસે નમઃ
૧૩ આલોચનાપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૪ પ્રતિક્રમણપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૫ મિશ્રપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૬ વિવેકપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૭ કાયોત્સર્ગપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૮ તપઃપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૧૯ છેદપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૨૦ મૂલપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૨૧ અનવસ્થિતપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૨૨ પારાંચિતપ્રાયશ્ચિત્તતપસે નમઃ
૨૩ જ્ઞાનવિનયરૂપતપસે નમઃ
૨૪ દર્શનવિનયરૂપતપસે નમઃ
૨૫ ચારિત્રવિનયરૂપતપસે નમઃ
૨૬ મનોવિનયરૂપતપસે નમઃ
૨૭ વચનવિનયરૂપતપસે નમઃ
૨૮ કાયવિનયરૂપતપસે નમઃ
૨૯ ઉપચારવિનયરૂપતપસે નમઃ
૩૦ આચાર્યવૈયાવૃત્યતપસે નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૧ ઉપાધ્યાયવૈયાવૃત્યતપસે નમઃ
૩૨ સાધુવૈયાવૃત્યતપસે નમઃ
૩૩ તપસ્વિવૈયાવૃત્યતપસે નમઃ
૩૪ લઘુશિષ્યાદિવૈયાવૃત્યતપસે નમઃ
૩૫ ગ્લાનસાધુવૈયાવૃત્યતપસે નમઃ
૩૬ શ્રમણોપાસકવૈયાવૃત્યતપસે નમઃ
૩૭ સંઘવૈયાવૃત્યતપસે નમઃ
૩૮ કુલવૈયાવૃત્યતપસે નમઃ
૩૯ ગણવૈયાવૃત્યતપસે નમઃ
૪૦ વાચનાતપસે નમઃ
૪૧ પૃચ્છનાતપસે નમઃ
૪૨ પરાવર્ત્તનાતપસે નમઃ
૪૩ અનુપ્રેક્ષાતપસે નમઃ
૪૪ ધર્મકથાતપસે નમઃ
૪૫ આર્ત્તધ્યાનનિવૃત્તિતપસે નમઃ
૪૬ રૌદ્રધ્યાનનિવૃત્તિતપસે નમઃ
૪૭ ધર્મધ્યાનચિન્તનતપસે નમઃ
૪૮ શુક્લધ્યાનચિન્તનતપસે નમઃ
૪૯ બાહ્યકાયોત્સર્ગ તપસે નમઃ
૫૦ અભ્યન્તરકાયોત્સર્ગતપસે નમઃ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપસંહાર

અનાદિ શાશ્વત ષડ્દ્રવ્ય મય શાશ્વત પદાર્થોવાળું આ જગત અસ્તિત્વ ધરાવે છે. તેમાં તે પ્રત્યેક પદાર્થના ધર્મો પણ શાશ્વત છે. પણ તેના પર્યાયો પલટાતા હોય છે, એ રીતે તે ઉત્પન્ન અને નાશવંત સ્વભાવવાળો છે. તેવી જ રીતે આત્માનાં પર્યાયો પલટાવાના સ્વભાવવાળા છે. પરંતુ તેનું સત્તારૂપ શાશ્વત સ્વરૂપ પ્રગટ થયા પછી તેના વિભાવ રૂપ પર્યાયો ઉત્પન્ન થતાં નથી. પ્રકૃતિ મહાસત્તાની સર્વ પ્રવૃત્તિ તે આત્માની શુદ્ધિનું જ કાર્ય કરે છે અને શુદ્ધિના કાર્યમાં સર્વ શ્રેષ્ઠ સાધના–આ નવપદ રૂપ સિદ્ધચક્રની આરાધના છે. જે સિદ્ધચક્ર પરમમંગલ છે, ઉત્તમ છે અને શરણ કરવા લાયક છે.

જગતમાં ચાર ચક્રો છે. ૧. ભવચક્ર ૨. સંસારચક્ર ૩. કાળચક્ર અને ૪. કર્મચક્ર આ ચારે ચક્રોનું ભેદન સિદ્ધચક્રની આરાધના દ્વારા થાય છે. માટે જ તેનું નામ સિદ્ધચક્ર (સાર્થક) રાખવામાં આવ્યું છે. લોકસ્થિતિ ભવસ્થિતિ, કાળસ્થિતિ અને કર્મસ્થિતિને–પરિપકવ બનાવવાની શક્તિ પણ આ નવપદરૂપ સિદ્ધચક્રમાં રહેલી છે. આવા આ સિદ્ધચક્રનું નામ પણ મંગળ છે, આકૃતિ પણ મંગળ છે. દ્રવ્ય પણ મંગળ છે. ભાવ પણ મંગળ છે. ચારે નિક્ષેપથી મંગળ એવા આ સિદ્ધચક્રની આરાધના આત્માના ભાવમંગળને ઉત્પન્ન કરે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવા આ નવપદ રૂપ સિદ્ધચક્રની આરાધના દ્વારા આ લોકમાં આરોગ્ય, સુખ અને અભિરતિને પ્રાપ્ત કરાય છે. પરલોકમાં સદ્‌ગતિ અને સમાધિને પ્રાપ્ત કરાય છે અને પંરપરાએ સિદ્ધિ ગતિને પ્રાપ્ત કરાય છે. જેવી રીતે મોક્ષના કારણરૂપ આ નવપદની આરાધના છે, તેવી જ રીતે સંસારના કારણ ભૂત બીજા નવપદ છે જે પાંચ-વિષય અને ચાર કષાય થઈને નવ છે. તેમજ કષાયના કારણ પણ હાસ્યાદિ છ ત્રણ વેદ મળી કુલ નવ નોકષાય છે. તેવી જ રીતે નોકષાયના કારણ ૧૮ પાપસ્થાનક છે. અને તે પાપના કારણ ૫ અવ્રત અને ૪ મિથ્યાત્વ આદિ છે. આ સર્વે સંસારના કારણોનો નાશ કરવાની શક્તિ આ નવપદની આરાધનામાં રહેલી છે અને તેની આરાધના દ્વારા આત્માની પ્રગતિનો પ્રારંભ થાય છે. નવપદની ભક્તિ નવ પ્રકારના પુણ્યનો સંચય કરાવે છે, નવતત્ત્વાદિનું જ્ઞાન પ્રાપ્ત કરાવે છે, નવ વાડયુક્ત બ્રહ્મચર્યવ્રત પાળવાની શક્તિનું સર્જન કરાવે છે. નવકલ્પી ઉગ્રવિહારી એવા મુનિધર્મની પ્રાપ્તિ કરાવે છે. અને અંતે નવ ક્ષાયિક ભાવના ધર્મને પ્રગટ કરાવે છે. આવા સર્વ શ્રેષ્ઠ આ નવપદ જીવનમાં અનાદિ કાળથી નવ પ્રકારના સંસારની આધીનતામાંથી છૂટકારો કરાવે છે અને આત્માને ગુણોરૂપી અલંકારોથી અલંકૃત કરે છે તે આ રીતે—

૧. અરિહતની ભક્તિથી સ્વાર્થમય સંસારનો નાશ થાય છે અને પરોપકારમય ધર્મની સિદ્ધિ થાય છે.

For Private and Personal Use Only

૨. સિદ્ધપદના ધ્યાનથી દુઃખમય સંસારનો નાશ થાય છે અને સુખમય આત્મ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

૩. આચાર્યપદની આરાધનાથી પાપમય સંસારનો નાશ થાય છે અને સદાચારમય ધર્મની પુષ્ટિ થાય છે.

૪. ઉપાધ્યાય પદની ઉપાસના દ્વારા અજ્ઞાનમય સંસારનો નાશ થાય છે અને જ્ઞાનમય પ્રકાશની જ્યોત પ્રગટે છે.

૫. સાધુપદની સાધનાથી વિષય-કષાય રૂપ સંસારનો ક્ષય થાય છે અને ત્યાગ અને ઉપશમમય ભાવનાની વૃદ્ધિ થાય છે.

૬. સમ્યગ્ દર્શનની આરાધનાથી દ્વેષમય સંસારનો નાશ થાય છે અને આત્મામાં પ્રેમ-વાત્સલ્ય અને કરૂણામય ધર્મની પ્રાપ્તિ થાય છે.

૭. સમ્યગ્જ્ઞાનની આરાધનાથી રાગમય સંસારનો નાશ થાય છે અને આત્મામાં વૈરાગ્યરૂપ વિશુદ્ધિ થાય છે.

૮. સમ્ક્ચારિત્રની આરાધના દ્વારા મોહમય સંસારનો નાશ થાય છે અને જીવનમાં યોગશુદ્ધિ અને આત્મસ્થિરતા રૂપ ધર્મની સિદ્ધિ થાય છે.

૯. તપ પદની આરાધના દ્વારા આસક્તિરૂપ સંસારનો નાશ થાય છે અને જીવનમાં અનાસકતભાવની પ્રાપ્તિ થાય છે અને આત્મા સર્વ ગતિઓનો છેદ કરી સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી આ સિદ્ધચક્રની આરાધના સર્વ પાપોનો પ્રણાશ કરે છે, સર્વ કર્મોનો નાશ કરે છે, સર્વ દુઃખોનું દહન કરે છે, સર્વ રોગોનો હ્રાસ કરે છે, સર્વ દુર્ગતિઓને દૂર કરે છે. અસમાધિને અદૃશ્ય કરે છે, આત્માના અનંત ગુણોને ગ્રહણ કરાવે છે, અનંત સુખોનું સર્જન કરે છે અને શાંતિ, સમાધિ તથા સિદ્ધિઓની પ્રાપ્તિ કરાવે છે.

આવા નવપદથી સુશોભિત આ સિદ્ધચક્રની આરાધના જીવનમાં શુદ્ધિ, તુષ્ટિ, પુષ્ટિ, ઋદ્ધિ અને સમૃદ્ધિઓનો સંયોગ કરાવે છે.

સિદ્ધચક્ર એ સંસાર સાગરને તરવા માટેની સ્ટીમર છે, રોગોનો નાશ કરવા માટે ધનવંતરી વૈદ્યનું ઔષધ છે, વિષય-કષાય રૂપી ઝેરનું નિવારણ કરવા માટે અમૃત છે અને તૃષ્ણા રૂપી તાપના નિવારણ માટે સુધારસ છે

ગણિતની દૃષ્ટિએ નવનો અંક શાશ્વત અને અખંડ છે: માટે નવપદમાં નવનો અંક પણ કોઈ વિશિષ્ટ કોટિનું સામર્થ્ય ધરાવે છે. નવના અંકમાં નવની સંખ્યા ભેળવવામાં આવે અથવા બાદ કરવામાં આવે અથવા ગુણાકાર કરવામાં આવે કે ભાગાકાર કરવામાં આવે તો પણ પોતાનું સ્વરૂપ અખંડ રાખે છે, તેવી જ રીતે સિદ્ધિચક્રની આરાધનામાં પણ તે અંકને પણ સારી રીતે જાળવવામાં આવ્યો છે. આ પદની આરાધના કરનાર પોતાના જીવનમાં આત્માના શાશ્વત સ્વરૂપને પ્રગટ કરે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી સિદ્ધચક્ર મહામંત્રમાં**

* જેની આકૃતિ કળશ સ્વરૂપ છે. જે પરમ મંગળમય છે.
* જેમાં મુખ્ય નવપદ છે.
* જેના વલય પણ નવ છે.
* જેના મૂળમાં નવ ગ્રહ છે.
* જેના કંઠમાં નવ નિધી છે.
* જેની પૂજા પણ નવ પ્રકારી છે.
* એવા અખંડ અંકમય નવપદની આરાધના આત્માની અખંડીતનાને સિદ્ધ કરાવે છે.

જેની આરાધના દ્વારા ચતુર્વિધ સંઘની આરાધના અને સાતે ક્ષેત્રની ભક્તિ થાય છે એવા મહાન આ સિદ્ધચક્રની આરાધનાથી....

સાત પ્રકારની શુદ્ધિ થાય છે.
સાત વ્યસનો દૂર થાય છે.
સાત ચક્રો ઉદ્દિપન્ન થાય છે.

સાત દર્શન સપ્તકનો ક્ષય–ઉપશમ–ક્ષયોપશમ થાય છે. સાતમું ગુણઠાણું પામી શકાય છે.

સાત નયોથી અને સપ્ત ભંગીથી સમ્યગ્જ્ઞાન થાય છે.

સાત રાજલોક વટાવી ચૌદ રાજલોકનું સામ્રાજ્ય પ્રાપ્ત થાય છે.

સાત ગતિઓનો અંત કરી આઠમી સિદ્ધિગતિને પ્રાપ્ત કરી શકાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સિદ્ધચક્રની વ્યુત્પત્તિ

સિ–દ–ધ–ચ–ક–ર : આ ૬ વર્ણો પણ વિશિષ્ટ કર્તવ્યને સૂચવે છે.

**સિ**....સિદ્ધિગતિ

**દ**....દયા–દમન–દાન

**ધ**....ધર્મની ઉપાસના, આરાધના અને સાધના દ્વારા

**ચ**....ચાર ગતિમાં ભ્રમણ કરાવનાર

**ક**....કર્મોને

**ર**....એ અગ્નિ બીજ છે તે (ધ્યાન રૂપી) અગ્નિ દ્વારા બાળીને ખાખ કરી શકાય છે.

આ સિદ્ધચક્ર આવું અપૂર્વ, અનુપમ, અનંત શક્તિવાન, અચિંત્ય ચિંતામણી, કલ્પવૃક્ષ, કામધેનુ અને પારસમણી સમાન છે. સર્વ પ્રકારના ઇચ્છિત ફળને આપનાર છે.

પરમાત્મશાસનમાં સર્વથી ઉત્તમ આરાધના ચારિત્રધર્મની બતાવી છે: તે ચારિત્ર દ્રવ્ય અને ભાવથી જે ભાગ્યશાળી આરાધે છે, તે ભવસાગર તરી જાય છે. બાહ્ય ચારિત્રમાં આત્મા પોતે સર્વ પદાર્થોનો ત્યાગ કરી વસ્ત્ર, પાત્ર, ઘર, ગાડી, વાડી, લાડી, નામ, ગામ, દેશ વિગેરે બધા બાહ્ય પદાર્થોના સંબંધોને છોડી અને નવા જ સંબંધોમાં જોડાય છે; છતાં જ્યાં સુધી આંતર સંબંધો છૂટતા નથી ત્યાં સુધી ભાવસંયમ સ્પર્શતું નથી. ભાવ ચારિત્ર માટે અંતર ગ્રંથીઓનો ત્યાગ કરી આંતર-શુદ્ધિ પૂર્વક આત્મા આત્મલક્ષી બની તેમાં તન્મય બને છે. ત્યારે તે નવપદ તથા એના અક્ષરોનું ધ્યાન પણ આત્મામાં અપૂર્વ સિદ્ધિઓનું સર્જન કરે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નવપદના 'ન' ના ધ્યાનથી :-**

નરક, નિગોદનો અંત થાય છે,

નર ગતિ પ્રાપ્ત થાય છે.

નિર્ગ્રંથતાની સાધના પ્રાપ્ત થાય છે.

નિર્વાણ પદની પ્રાપ્તિ કરાવે છે.

**'વ' ના ધ્યાનથી :-**

વિનય ગુણનું સર્જન થાય છે.

વિરતી ધર્મની પ્રાપ્તિ થાય છે.

વીતરાગ ભાવના સિદ્ધિ થાય છે.

**'પ' ના ધ્યાનથી :-**

પાપ-પુણ્યના સ્વરૂપનું જ્ઞાન થાય છે.

પ્રવ્રજ્યાની મહત્તા સમજાય છે.

પરમ પદની પ્રાપ્તિ થાય છે,

**'દ' ના ધ્યાનથી -**

દોષોનું દર્શન થાય છે.

દયા-દાન-દમની પ્રવૃત્તિ થાય છે.

દાસોઽહં બની સોઽહંની પ્રાપ્તિ થાય છે.

અને નવપદ સ્વરૂપ બનાય છે.

| | | | | |
|---|---|---|---|---|
| **'ન'** | સમ્યગ્ દર્શનનું | પ્રતીક | છે. | ( નમન ) |
| **'વ'** | ,, જ્ઞાનનું | ,, | ,, | ( વિવેક ) |
| **'પ'** | ,, ચારિત્રનું | ,, | ,, | ( પ્રવ્રજ્યા ) |
| **'દ'** | ,, તપનું | ,, | ,, | ( દમન ) |

**આ રીતે નવપદની** આરાધનાથી **સૌ નવપદમય બનીને** શાશ્વત સુખનાં ભોકતા બનો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only

Serving JinShasan
108776
gyanmandir@kobatirth.org

આવરણ - દીપક પ્રિન્ટરી - અમદાવાદ-૩૮૦ ૦૦૧